# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## ૧. રીંછડી અને તોરણિયા (બનાસકાંઠા જિલ્લો)


: અહેવાલ લેખન :

રાસ બિહારી લાલ

ભારતીબહેન દેસાઈ

સંપાદન

ઠા. ભા. નાયક



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

61

૧૯૮૦

# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## ૧. રીંછડી અને તોરણિયા (બનાસકાંઠા જિલ્લો)

**સંપાદન**

ઠા. ભા. નાયક

**અહેવાલ લેખન**

રાસ બિહારી લાલ

ભારતીબહેન દેસાઈ

**ક્ષેત્ર સંશોધન**

રાસ બિહારી લાલ

કનુભાઈ નાયક

મુસ્તાઅલી મસવી

ગૌરીશ પંડ્યા

સુમનભાઈ ચૌધરી

**કોષ્ટકીકરણ**

મુસ્તાઅલી મસવી

ગૌરીશ પંડ્યા

હરગોવિંદભાઈ પટેલ

ચંપકલાલ ચૌધરી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

61

૧૯૮૦

## અનુક્રમણિકા

પા.નં.

પ્રકરણ-૧ રોંછડી દસ વર્ષ પહેલાં ૧ થી પર

ગામની જમીન અને તેનો પ્રકાર

ગામની કુલ જમીન અને તેનો ઉપયોગ

આબોહવા

વરસાદ

તળાવ-કૂવા-નદી

મુખ્ય ધંધો

જમીન અને તેની માહિતી

ખેતીમાં મુખ્ય પાકો

સિંચાઇ, ખાતર, બિયારણ વગેરે અને ખેતી

જમીનની ખેડ અને ખાતર

બિયારણ

ખેતીના સાધનો

માથાદીઠ આવક

નિર્વાહ ખર્ચ

કપડાં

તમાકુ-દારૂ

મિલ્કત

દેવુ

પ્રકરણ:૨ તોરણીયા દસ વર્ષ પહેલા ૫૩ થી ૬૪

ગામની વસ્તી તથા કુટુંબો

વસતિ અને ખેતી નીચેની જમીન અને જમીનનો પ્રકાર

આબોહવા

વરસાદ

શિક્ષણ

મુખ્ય ધંધા

જમીન ધારણનું કદ
મુખ્ય પાક
વાવેતર પધ્ધતિ
સિંચાઇ
બિયારણ
ખાતર
ખેતી વિકાસ અને ધિરાણ
ખેતીના સાધનો
ખેતી ખર્ચ અને એકરદીઠ ઉત્પાદન
જમીનનું કદ અને એકરદીઠ ઉત્પાદન (૧૯૬૭-૬૮)
તોરણીયાના મુખ્ય અને ગૌણ ધંધા અને તેમાંથી થતી આવક
મજૂરી
પશુપાલન
નિર્વાહ ખર્ચ
ખોરાક પાછળની વસ્તુઓમાં થતો ખર્ચ
આવક પ્રમાણ ખર્ચનું પ્રમાણ
આવકના જૂથ પ્રમાણે કુટુંબ સંખ્યા
ઘરવખરીના અને શિકારના સાધનો
મિલ્કત
રહેઠાણ
દેવું
ખરીદ વેચાણ બજાર
તોરણીયા ગામના ગરાશિયા
ઘરની રચના
વાંસની વાડ
પહેરવેશ



ખોરાક અને પીણા
ભાષા
મહેમાનગતિ
કલા
કુટુંબવ્યવસ્થા
રીત-રિવાજો- જન્મ બાલ્યાવસ્થા
રજસ્વલા સ્ત્રી
પ્રસૂતિ
લગ્ન
સગાઇ કરવી
સગાઇ બાદ
જમણા જમવા જવું (લાડીનો ગોળ ખાવા જવું)
પીઠી ચોળવાનો વિધિ
માંડવો નચાવવો
જાન
સુપડુ નચાવવું
તોરણ સજના
કુલ્લી કરવી (દાંતણ કરવા જવું)
લગ્ન ક્ષેત્રની મર્યાદાઓ (નિષેધ)
છૂટાછેડા
પુનઃલગ્ન
મૃત્યુ
સગાઇ સંબંધો : ૧. લોહી પર આધારિત સંબંધ
૨. લગ્નો પર આધારિત સંબંધ
સગાઇસૂચક સંબંધો

સગાઇસંબંધની મર્યાદાઓ
મશ્કરીના સંબંધો
જાતિય સંબંધો
ધાર્મિક જીવન
દિવાળી
ઉત્તરાયણ
હોળી
નવરાત્રી
દેવદેવીઓ
કરકરી માતા
દેવરા
માતાની પૂજા
ભૈરવ
ડાકણ
પ્રકરણ-૩ રાંછડી-પરિવર્તન-દસ વર્ષ બાદ ૧૬૫ થી ૧૮૧
ભૌતિક પરિવર્તન
વસ્તી વિષયક પરિવર્તન
ભૌતિક સંસ્કૃતિમાં પરિવર્તન
આર્થિક પરિવર્તન
પ્રકરણ-૪ પરિવર્તનો: તોરણિયા – દસ વર્ષ બાદ ૧૮૨ થી ૧૯૭

## કોઠાના અનુક્રમણિકા

**રાંછડી:**

પ્રકરણ:૧


| અ.નં. | કોઠા નં. | વિષય | પાના નં. |
|---|---|---|---|
| ૧. | ૧ | છેલ્લા કેટલાક વર્ષના વરસાદના આંકડા (પાલનપુર) | ૫ |
| ૨. | ૨ | કામ કરતી અને ન કામ કરતી વસ્તીની ટકાવારી(રાજય, જિલ્લો, તાલુકો અને ગામ) | ૭ |
| ૩. | ૩ | ધંધાનું વર્ગીકરણ (રાજય-ગામ) | ૯ |
| ૪. | ૪ | ૫૦ કુટુંબોનું જમીન કદ પ્રમાણે વર્ગીકરણ | ૧૧ |
| ૫. | ૫ | ખેતીમાં મુખ્ય પાકોની વાવેતરની ટકાવારી (૧૯૬૬-૬૭) | ૧૨ |
| ૬. | ૬ | જમીનના કદ પ્રમાણે ધંધાવાર કુટુંબદીઠ આવક દર્શાવતો કોઠો | ૨૨ |
| ૭. | ૭ | પશુઓની જાત તથા તેની સંખ્યા દર્શાવતો કોઠો | ૨૬ |
| ૮. | ૮ | આવક જૂથ પ્રમાણે અને જમીનના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ | ૩૦ |
| ૯. | ૯ | અનાજ- અન્ય ખોરાકી પાછળ થતો ખર્ચ | ૩૨ |
| ૧૦. | ૧૦ | | ૩૫ |
| ૧૧. | ૧૧ | કુટુંબદીઠ આવક, ખર્ચ તથા દેવું | ૪૧ |
| ૧૨. | ૧૨ | વરવખરીની ચીજો ધરાવતો કુટુંબો | |
| ૧૩. | ૧૩ | જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ સરેરાશ મિલ્કત | ૪૫ |
| ૧૪. | ૧૪ | જમીનના કદ પ્રમાણે દેવું કુટુંબદીઠ | ૪૮ |
| ૧૫. | ૧૫ | આવક પ્રમાણે કુટુંબદીઠ દેવું | ૪૯ |

તોરણીયા:

પ્રકરણ: ૨


| અ.નં. | કોઠા નં. | વિષય | પાન નં. |
|---|---|---|---|
| ૧ | ૧ | જીલ્લા કેટલાક વર્ષના વરસાદના આંકડા | ૬૧ |
| ૨ | ૨ | કુલ વસતિમાં કામ કરતી વસતિ (ગામ, તાલુકો, જિલ્લો રાજ્ય) | ૬૬ |
| ૩ | ૩ | જમીનના કદ પ્રમાણે કુટુંબો અને જમીન વહેંચણી | ૭૦ |
| ૪ | ૪ | જમીનના કદ પ્રમાણે વ્યકિતદીઠ જમીનનું પ્રમાણ | ૭૧ |
| ૫ | ૫ | વર્ષમાં તોરણીયા ગામમાં પાકોનું થયેલ વાવેતર | ૭૫ |
| ૬ | ૬ | ખેતીના સાધનો | ૯૪ |
| ૭ | ૭ | જુદા જુદા પાકોનું જમીનના કદ પ્રમાણે એકરદીઠ ઉત્પાદન | ૯૯ |
| ૮ | ૮ | ગામ, જિલ્લો અને રાજ્યનું એકરદીઠ ઉત્પાદન | ૧૦૦ |
| ૯ | ૯ | જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ ધંધાવાર તથા માથાદીઠ આવક (રુપિયામાં) | ૧૦૧ |
| ૧૦ | ૧૦ | તોરણીયાનું પશુધન | ૧૦૭ |
| ૧૧ | ૧૧ | કુલ ખર્ચમાં ખોરાકી ચીજવસ્તુઓ પાછળ થતું | ૧૦૯ |
| ૧૨ | ૧૨ | ખોરાક પાછળનો કુટુંબદીઠ સરેરાશ ખર્ચ | ૧૧૧ |
| ૧૩ | ૧૩ | માથાદીઠ આવક અને ખર્ચ | ૧૧૬ |
| ૧૪ | ૧૪ | આવક કરતા વધુ ખર્ચવાળા કુટુંબો | ૧૧૭ |
| ૧૫ | ૧૫ | આવકના જૂથ પ્રમાણે કુટુંબસંખ્યા | ૧૧૮ |
| ૧૬ | ૧૬ | જમીનના કદ પ્રમાણે મિલ્કતનું વર્ગીકરણ | ૧૨૨ |
| ૧૭ | ૧૭ | ૫૯ કુટુંબોની 'કુટુંબના કદ' પ્રમાણેની સ્થિતિ | ૧૩૭ |




પ્રકરણ: ૩


| અ.નં. | કોઠા નં. | વિષય | પા. નં. |
|---|---|---|---|
| ૧ | ૧ | પ્રકારની દૃષ્ટિએ કુટુંબોનું વર્ગીકરણ (ટકાવારીમાં) | ૧૬૮ |
| ૨ | ૨ | કુટુંબના સભ્યોની સંખ્યા (ટકાવારીમાં) | ૧૬૯ |
| ૩ | ૩ | લગ્નવિષયક વહેંચણી(આંકડા ટકાવારીમાં) | ૧૭૧ |
| ૪ | ૪ | શિક્ષણ પ્રમાણે વસ્તી વહેંચણી | ૧૭૨ |
| ૫ | ૫ | જમીન ધારણ પ્રમાણે કુટુંબોની વહેંચણી | ૧૭૫ |
| ૬ | ૬ | દરેક કુટુંબદીઠ સરેરાશ જમીન | ૧૭૭ |
| ૭ | ૭ | જમીન ધારણ અને જમીન કદ પ્રમાણે કુટુંબદીઠ વહેંચણી | ૧૭૮ |
| ૮ | ૮ | જુદા જુદા કદ ધારણ પ્રમાણે કુટુંબની દેવા વિષયક પરિસ્થિતિ | ૧૮૦ |


પ્રકરણ: ૪


| અ.નં. | કોઠા નં. | વિષય | પાન નં. |
|---|---|---|---|
| ૧ | ૧ | કુટુંબના પ્રકાર પ્રમાણે વહેંચણી (આંકડા ટકાવારીમાં) | ૧૮૬ |
| ૨ | ૨ | કદ પ્રમાણે કુટુંબોની વહેંચણી(આંકડા ટકાવારીમાં) | ૧૮૭ |
| ૩ | ૩ | વૈવાહિક દરજ્જા પ્રમાણે પુરુષો અને સ્ત્રીઓની વહેંચણી (આંકડા ટકાવારીમાં) | ૧૮૮ |
| ૪ | ૪ | જમીન ધારણના કદ પ્રમાણે કુટુંબની વહેંચણી | ૧૯૨ |
| ૫ | ૫ | જુદા જુદા કદ પ્રમાણે કુટુંબોની કુલ જમીન | ૧૯૩ |

## પ્રકરણ - ૧

## રીંછડીના દસ વર્ષ પહેલાં

ગુજરાતની ઉત્તરે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં રીંછડી ગામ આવેલું છે. તાલુકાનું મુખ્ય મથક દાંતા અને જિલ્લાનું મુખ્ય મથક પાલનપુર છે. પાલનપુર એ અમદાવાદ દિલ્હી રેલ્વે માર્ગ પર આવેલું છે. પાલનપુરથી દાતાં અને દાંતાથી અંબાજીનો પાકો રસ્તો છે. અંબાજી એ ગુજરાતીઓનું પ્રખ્યાત યાત્રાનું ધામ છે. અને તે આરાસુરની ટેકરીઓમાં આવેલું છે. પસંદ કરેલ રીંછડી ગામ અંબાજીથી માત્ર બે માઇલ દૂર થાય. આ ગામ જવા માટે અંબાજીથી કોઇ પાકો રસ્તો નથી પણ જીપ જઇ શકે તેવો રસ્તો છે. ગામની સરહદ અંબાજી. કુંભારીયા વગેરે ગામો સાથે જ જોડાયેલી છે. રીંછડી ગામનું સૌથી નજીકનું રહેઠાણ અંબાજીથી ૧ થી ૧૧ માઇલ જેટલું થાય અને ત્યાં સુધી જીપ જઇ શકે ત્યારબાદ વચ્ચે અરવલ્લીની ટેકરીઓ આવેલી છે. તેથી કોઇ પણ વાહન લઇ જવું શકય નથી. ગામની અડધી વસતી ટેકરીઓની ઉત્તરે અને અડધી દક્ષિણ ભાગમાં વસે છે. ગામ રીંછડી અને ટેકરીઓની નીચે આવેલ વિસ્તારને ધાર તરીકે ઓળખવામાં આવે છે. ધારમાં જવા માટે માત્ર પગદંડી જ છે. શિયાળા ઉનાળામાં તો આ રસ્તે જવામાં ખાસ મુશ્કેલી રહેતી નથી પણ ચોમાસામાં આ પર્વતો પર ચઢાણ તથા ઉતરાણ ખૂબ જ મુશ્કેલ હોય છે. આથી ધારમાં વસતા કુટુંબોને અંબાજી જવા આવવામાં થોડી મુશ્કેલી રહે છે. રીંછડીમાં જવા માટે તો બીજો રસ્તો કુંભારીયાથી પણ છે. કુંભારીયા હિંમતનગર -અંબાજી રાજ્ય માર્ગ પર અંબાજીથી ૨ માઇલ દૂર આવેલું છે. કુંભારીયામાં જૈન દેરાસરો તથા મહાદેવનું શિવમંદીર આવેલું છે.

હાલ જ્યાં રીંછડી ગામ છે. ત્યાં પ્રથમ સખત જંગલ હશે અને માનવવસતિ ખૂબ જ ઓછી હશે એમ લાગે છે. ગુજરાત પ્રાંતનાં ઇતિહાસમાં અંબાજીના નજીકના વિસ્તારનું વર્ણન નીચે મુજબ આપવામાં આવ્યું છે. "અંબાજીનું મંદિર આરાસુરના ડુંગરમાં અરવલ્લીના પર્વતના ધારની નૈરૂત્યમાં આવેલું છે. આજુબાજુનો વિસ્તાર રળિયામણો તથા જંગલોથી છવાયેલો છે. આ એકાંત જગાએ સાંજનું અંધારૂં પડી રહે છે. અને જ્યાં ચિત્તા વાઘની બાંડ્યો આવી રહે છે. અને જંગલવાસીઓ તેમના નગ્ન સ્વરૂપે, કાળા રંગના ફરતા હોય છે, તેમજ તેમના કઠોર અને ખોખરા અવાજમાં નગારાં કોઇ છેટેના ગામમાં વાગતાં હોય છે. તે વખતે ત્યાં આવી ચડેલાં પરદેશી જનને તો આફ્રિકાની નાઇઝર નદીના કિનારાનો અને તે ઉપર ભટકતા હબસીઓના દેખાવનો ભાસ થયા વિના રહેતો નથી."

આથી આ પુસ્તકમાં અંબાજીના નજીકના વિસ્તારનું જે વર્ણન આપ્યું છે. તે પરથી કહી શકાય કે આ વિસ્તારમાં વસતા લોકોનો મુખ્ય ધંધો શિકાર તથા જંગલમાંથી મળતાં ફળ યા કંદમૂળ ખાઇ જીવવાનો હશે. જંગલો કપાવાથી અને વસતિમાં વધારો થવાથી તેમજ બીજા લોકોના સંસર્ગમાં આવવાથી ખેતીની શરૂઆત થઇ હશે અને પોશાકની પણ શરૂઆત કરી હશે. હાલમાં તો આ વિસ્તારમાં જંગલી પશુઓનો ખાસ ભય નથી, તથા ભીલ લોકો પણ ઉપર જે રીતે આલેખ્યા છે તે કરતાં તદ્દન જુદી સંસ્કૃતિમાં જોવા મળે છે.

## ગામની જમીન અને તેનો પ્રકાર

ગામની જમીન રેતાળ, તથા જલદી સૂકાઇ જાય તેવી છે. જમીનમાં ભેજ સંગ્રહવાની કરવાની શક્તિ બહુ ઓછી છે. આને કારણે પિયતની સગવડ વગર રવિ પાકની શક્યતા નથી. રીંછડી અને ધાર એ બેની જમીનમાં પણ તફાવત છે.



રીંછડીની જમીન કંઇક અંશે સપાટ તથા ફળદ્રુપ છે. જ્યારે ધારની જમીન ખૂબ જ ઢોળાવવાળી તથા ખડકાળ છે. આ જમીનમાં ધોવાણ ખૂબ જ વધારે થાય છે. વળી ધારની ખેતીની જમીન વચ્ચે જંગલ વિસ્તાર પણ આવેલો છે. આને કારણે ખેતીમાં ખરાબો પણ વેઠવાં પડે છે. રીંછડીના ઘણા ખરા વિસ્તારમાં આવી કોઇ મુશ્કેલી નથી. બીજું રીંછડી નીચાણવાળા ભાગમાં આવેલું હોવાથી ત્યાં કૂવા દ્વારા પાણી મેળવી શકાય છે. જ્યારે ધારને પ્રદેશ ઉંચાઇ પર હોવાથી તથા ખડકાળ હોવાથી કૂવા દ્વારા તે પાણી મેળવવાની મુશ્કેલી રહે છે. જો કે ધારમાં એક બે કૂવા થયા છે. પણ સિંચાઇ માટે ઉપયોગી થઇ શકે તેટલું પાણી તેમાં પણ ઉપલબ્ધ નથી. જ્યારે રીંછડીનાં ચારેક કૂવા તથા વાવ દ્વારા થોડી જમીનમાં સિંચાઇ કરવાની સગવડ છે. આમ એક જ ગામના આ બે વિભાગો વચ્ચેની જમીનમાં ફેર છે.

## ગામની કુલ જમીન અને તેનો ઉપયોગ

રીંછડી ગામનો કુલ વિસ્તાર ૧૬૭૯ એકરનો છે. જેમાં ૧૩૫૭ એકરનો (૮૦ ટકા) વિસ્તાર જંગલ નીચેનો છે. ખેતીના ઉપયોગમાં આવે તેવી જમીનનું પ્રમાણ ૩૧૬ - ૩૩ એકરનું છે. જેમાં આકારી બીન કબજાની જમીન ૬૯ - ૩૪ ગૂંઠા અને આકારી કબજાની જમીન ૨૪૬ - ૩૯ ગૂંઠા છે. આમ ગામના કુલ વિસ્તારમાંથી ખેતી માટેનો વિસ્તાર ખૂબ જ ઓછો છે. કુલ વિસ્તારમાંથી ખેડી શકાય તેવી જમીનનું પ્રમાણ માત્ર ૧૮.૯ ટકા છે. જ્યારે ૮૧.૧ ટકા જેટલો વિસ્તાર જંગલનો છે. આ જંગલ વિસ્તારમાં પણ મોટા ભાગનો વિસ્તાર પર્વતોનો છે કે જેમાં બિલકુલ વૃક્ષો નથી. જ્યારે જે વિસ્તાર સપાટ છે તેમાં પણ

ગીચ જંગલો આવેલાં નથી. એટલે તે સપાટ વિસ્તાર પણ જંગલ ખાતાના તાબામાં છે. પણ ખરેખર ત્યાં વૃક્ષોનું પ્રમાણ ખાસ નહી હોવાથી ઉજ્જડ પ્રદેશ જ છે. અહીંયા જંગલ ખાતુ જંગલ ઉછેરવાના પ્રયત્નો કરે છે પણ તેમાં પૂરતી સફળતા મળતી નથી જ્યારે આદિવાસી ખેડૂતો પોતાના નિર્વાહ માટે આ જમીન ખેડવા માગે છે. તો જંગલ ખાતા તરફથી તે જમીનો મળતી પણ નથી. કેટલાંક આદિવાસી ખેડૂતો આવી પડતર જમીન ખેડે તો તેમને આકરો દંડ ભરવો પડે છે. અને તેમનું વાવેતર લાદી દેવાય છે.

## આબોહવા

ઉત્તર ગુજરાતની આબોહવા ખૂબ વિષમ છે. ઉનાળામાં સખત ગરમી અને શિયાળામાં સખત ઠંડી પડે છે. રાત્રિ-દિવસના ઉષ્ણતામાન વચ્ચે ખૂબ તફાવત હોય છે. તેમાં પણ બનાસકાંઠા જિલ્લો રાજસ્થાનની સરહદે તથા કેટલોક પ્રદેશ કચ્છના રણની નજીકમાં આવેલો છે જેથી ત્યાં વધુ ગરમી અને ઠંડી પડે છે અને એ રીતે આબોહવા ખૂબ વિષમ છે. જો કે સૂકી આબોહવા આરોગ્ય માટે સારી ગણાય પણ ગરમીની ઋતુ ખૂબ લાંબી હોવાને કારણે કામ કરવા માટે આ આબોહવા ખૂબ અનુકુળ ગણી શકાય નહીં. જો કે રીંછડી અરવલ્લીની હારમાળામાં આવેલું છે અને જંગલ વિસ્તાર નજીકમાં હોવાથી ઉનાળામાં ગરમીનું પ્રમાણ સાધારણ ઓછું રહે છે. વળી હવા ખાવાનું સ્થળ આબુ પણ અહીંથી ખૂબ નજીકમાં છે. પણ એકંદરે ચોમાસાના ચાર મહિના બાદ કરતાં આબોહવા ખૂબ જ વિષમ હોય છે.

## વરસાદ

બનાસકાંઠામાં વરસાદની બાબતમાં પણ જૂદા જૂદા તાલુકાઓમાં ખૂબ જ અસમાનતા છે. થરાદ, વાવ, રાધનપુર, સમી વગેરે પ્રદેશોમાં વરસાદ ખૂબ જ ઓછો



પડે છે અને ઘણીવાર તો વરસાદનું પ્રમાણ નહીવત જ હોય છે. જ્યારે દાંતા અને પાલનપુર તાલુકાઓમાં વરસાદનું પ્રમાણ એકંદરે ઠીક હોય છે. આ બે તાલુકાઓને અછતમુક્ત વિસ્તારો તરીકે ઓળખવામાં આવે છે.

છેલ્લા કેટલાંક વર્ષોના વરસાદના આંકડા નીચે પ્રમાણે છે.

| વર્ષ | વરસાદ ઇંચમાં । પાલનપુર । |
|---|---|
| ૧૯૫૨ | ૨૬ |
| ૧૯૫૩ | ૨૪ |
| ૧૯૫૪ | ૩૩ |
| ૧૯૫૫ | ૨૩ |
| ૧૯૫૬ | ૬૧ |
| ૧૯૫૮ | ૧૫ |
| ૧૯૫૯ | ૪૭ |
| ૧૯૬૦ | ૧૮ |
| ૧૯૭૮ | ૧ |

ઉપરના આંકડા જોતાં જણાશે કે મોટે ભાગે વરસાદ ૨૦ ઇંચ કરતાં વધારે આ તાલુકાઓમાં પડે છે. અને તે વરસાદમાં હલકાં ધાન્યો, બાજરી, મકાઇ, કઠોર વગેરે ખેતીના પાકો સારી રીતે થઇ શકે છે. એટલે કે ત્યાંની ખેતી માટે અનુકુળ તેવો વરસાદ અહીં પડે છે. જો કે વરસાદની અનિયમિતતા તો ત્યાંપણ રહેલી છે. ૧૯૫૬ માં ૬૧ ઇંચ જ્યારે ૧૯૫૮ માં માત્ર ૧૫ ઇંચ વરસાદ થયો છે. આમ કોઇ વર્ષે સખત વરસાદ જ્યારે કોઇ વરસ ખૂબ જ ઓછો તેવું તો પાલનપુર વિસ્તારમાં પણ જોવા મળે છે. અને આ અનિયમિતતાને કારણે ખેતી પર પણ તેની વિપરીત અસરો જોવા મળે છે. અહીંની જમીનમાં ભેજ સંગ્રહવાની શક્તિ ખૂબ ઓછી હોવાથી તથા વરસાદનું પ્રમાણ પણ ઓછું હોવાને કારણે ડાંગર અથવા તેવા બીજા વધુ પાણી માગતા પાકોનું વાવેતર શક્ય નથી. જીલ્લામાં કુલ વાવેતર નીચેના વિસ્તારમાંથી માત્ર ૮.૨૨ ટકા વિસ્તારમાં જ

ડાંગરનું વાવેતર થાય છે. માટે પંચમહાલમાં આ પ્રમાણ ૨૩.૫૯ ટકા સાબરકાંઠામાં ૬.૯૦ ટકા અને ખેડામાં ૧૨.૯૭ ટકાનું છે. પંચમહાલ અને સાબરકાંઠા તે જે પછાત વિસ્તારો ગણાય છે. ત્યાં પણ ડાંગરનું વાવેતર બનાસકાંઠા કરતાં વધારે છે. બનાસકાંઠામાં ડાંગરનું વાવેતર ખૂબજ ઓછું હોવાનું કારણ રેતાળ જમીન,ઓછો વરસાદ અને સિંચાઇની સગવડોનો અભાવ ગણી શકાય.

તળાવ-કૂવા-નદી વગેરેની સગવડોની રીતે જોઇએ તો ગામમાં કુલ ૨૩ કૂવા છે. જેમાંથી પીવાના પાણી માટે છ જેટલાં કૂવા છે. તેમાંથી ચારેક કૂવા સિંચાઇ માટે પણ ઉપયોગમાં લેવાય છે. એક ખૂબ જ જુની વાવ છે અને તેનો પણ સિંચાઇ માટે તથા પીવાના પાણી માટે ઉપયોગ થાય છે. ગામમાં નદી નથી. ગામની વચ્ચે થઇને એક વહેળો (ઝરણું) પસાર થાય છે. આ ઝરણાની બન્ને બાજુ પર્વતની હારમાળા છે. આ ઝરણાનું પાણી રોકી રીંછડી ગામને છેડે એક મોટું સિંચાઇ માટેનું તળાવ બંધાવવાનું કામ ચાલી રહયું છે. આ કામ પુરૂ થયે રીંછડી તથા કુંભારીયા ગામને સિંચાઇનો લાભ મળશે. રીંછડી ગામમાં જે ધારનો વિભાગ છે. તે આનાથી કોઇ ફાયદો થશે નહીં. આ સિવાય બીજા કોઇ પાણી માટેના સાધનો ગામમાં ઉપલબ્ધ નથી. ધારમાં કેટલાંક ખેડૂતોએ કૂવા કરી સિંચાઇ માટેનો પ્રયત્ન કર્યો પણ તેમાં સફળતા મળી નથી. જ્યારે રીંછડીના ચારેક કૂવાઓ આ રીતે સફળ થાય છે. તળાવ જ્યારે પૂર્ણ થશે ત્યારે રવિ પાક લેવાની શકયતા રીંછડી ગામને મળશે. ત્યાં સુધી તો ખાસ જેમને કૂવાની સગવડ છે તથા સારા બળદ છે તેવા ખેડૂતો જ પોતાની થોડી જમીનમાં રવિપાક કરી શકશે.

અંબાજીમાં આજુબાજુ વિસ્તારમાં ખનિજ સંપત્તિ અંગેનું સંશોધન ચાલી રહયું છે. અને આ વિસ્તારમાંથી તાંબુ તથા અન્ય ધાતુઓ મળી આવવાની શકયતા રહેલી છે.



આ ધાતુઓ મળી આવે અને તેનું ખોદકામ શરૂ થાય તો આ વિસ્તારમાં વસતા લોકોને રોજગારી મળવાની શકયતા ઉભી થાય. અંબાજીના આજુબાજુના સમગ્ર વિસ્તારમાં આ ખનિજ સંપત્તિ મળવાની પુરતી શકયતાઓ રહેલી છે. હાલમાં રીંછડી ગામની નજીકમાં ભારત સરકારના જીઓલોજી ખાતાનો કેમ્પ છે. અને આ અંગે વિસ્તૃત સંશોધન કાર્ય કરે છે.

મૂખ્ય ધંધો

ગામનો મૂખ્ય ધંધો ખેતી છે. કુલ આવકમાંથી ૬૦ ટકા જેટલી આવક ખેતીના ધંધામાંથી મળે છે. જ્યારે ૪૦ ટકા આવક અન્ય ધંધાઓમાંથી મળે છે. દરેક કુટુંબ પાસે થોડીઘણી જમીન હોય છે. રીંછડીમાં ૫૧ કુટુંબોમાંથી ૫૦ કુટુંબો ખેતીનો ધંધો કરે છે અને વત્તી ઓછી જમીન ધરાવે છે. જ્યારે એક જ કુટુંબ જમીન વગરનું છે.

૧૯૬૧ની વસતિના આધારે ગામની કુલ વસતિ ૨૬૧ માણસો હતી જેમાંથી ૧૫૦ માણસો કામ કરતાં (workers) અને ૧૧૧ કામ નહિ કરતાં હતા. જેમાં નાના બાળકો, વિદ્યાર્થીઓ અને વૃધ્ધોનો સમાવેશ થાય. ૧૫૦ કામદારમાંથી ૯૩ પુરૂષો અને ૫૭ સ્ત્રીઓ હતી. કુલ વસતિમાંથી કામ કરતતી વસતિનું પ્રમાણ૫૭ ટકાનું આ પ્રમાણ દાંતા તાલુકામાં ૪૫.૪ ટકાનું, બનાસકાંઠા જિલ્લામાં ૪૫.૩ ટકાનું અને રાજ્યમાં ૪૧.૧ ટકાનું છે.

ટેબલ - ૧

કોઠો-૧

| | કામ કરતી વસતિની ટકાવારી | કામ ન કરતી વસતિની ટકવારી |
|---|---|---|
| (રાજ્ય) | ૪૧.૧ | ૫૮.૯ |
| (જિલ્લો બનાસકાંઠા) | ૪૫.૩ | ૫૪.૭ |
| (દાંતા) | ૪૫.૪ | ૫૪.૬ |
| (રીંછડી) | ૫૭.૪ | ૪૨.૬ |

કામ કરતી વસતિના પ્રમાણની ટકાવારી સૌથી વધારે રોંછડી ગામમાં છે. તાલુકા, જિલ્લા અને રાજ્યમાં આ ટકાવારીનું પ્રમાણ રોંછડી કરતા ઓછું છે. જીવનનિર્વાહ જેટલું મેળવવા માટેનો સાધનોની ખેંચ તથા કુદરતી સાધનોની અછતને કારણે રોંછડી ગામમાં જરુર કરતા વધારે માણસોને કામ કરવું પડે છે. અને વધારે માણસો કામમાં રોકાયેલા હોવા છતાં આવકો ખૂબ જ ઓછી પ્રાપ્ત થાય છે. જ્યારે રાજ્યમાં દર ૧૦૦ એ ૪૩ કામ કરતા નથી. છતાંયે પણ રાજ્યની માથાદીઠ આવક કરતા રોંછડીની માથાદીઠ આવક ખૂબ નીચી છે. આમ રાજ્યની માથાદીઠ આવક વધારે હોવાનું કારણ આ પલ [illegible] કરતા કેટલાક સારા જિલ્લાઓમાં આવક પ્રાપ્ત કરવામાં સાધનો પૂરતા છે અને તેની ફળદ્રુપતાને કારણે ઓછા માણસો દ્વારા પણ વધારે કામ લઇ શકાય છે. ખાસ કરીને રોંછડીમાં મોટાભાગના લોકો આજીવીકા માટે ખેતી ઉપર આધાર રાખે છે. અહીંની ખેતી માટેની જમીન કસ વગરની હોવાથી વધારે માણસો કામમાં રોકાય છતાં પણ વધારે આવક મેળવી શકાતી નથી. નર્કસ નામના અર્થશાસ્ત્રીના મત મુજબ તો આવા વધારાના માણસો કે જે ખેતીમાં રોકાયેલા છે, તેમને ખેતીમાંથી બીજા ધંધામાં વાળવામાં આવે તો પણ ખેતીની આવકમાં જરા પણ ઘટાડો થશે નહીં. જે વધારાના માણસો ખેતીના ધંધામાં રોકાયેલા છે તેમની સીમાન્ત ઉત્પાદન શકિત ( Marginal Production ) શૂન્ય છે આથી તે ત્યાં કામ કરે યા ન કરે તો પણ ખેતીના ઉત્પાદનમાં કોઇ ફેર પડવાનો નથી. આવા માણસોને બીજી જગ્યાએ રોજી આપવામાં આવે તો તે કુટુંબની અને તે રીતે સમસ્ત ગામની આવકમાં વધારો થાય પણ આ વિસ્તારમાં અન્ય વ્યવસાય (ગૃહ ઉદ્યોગ કે મોટા ઉદ્યોગો) નહિ હોવાથી વધારાના માણસને કયા રોજગારી આપવી તે પણ સવાલ છે. જેથી તે બધા ખેતીની ઉપર જ



આધાર રાખે છે અને એ રીતે ખેતી પરનું દબાણ વધતું જાય [illegible] જ્યારે તેના પ્રમાણમાં ખેતી પરની આવકો વધી શકતી નથી.

ટેબલ નં. ૧ માં આપણે રોંછડીમાં કામ કરતી વસતિની ટકાવારી તપાસી. હવે આ કામ કરતા લોકો કયા ધંધામાં રોકાયેલા છે તે ન સિએ. ૧૯૬૧ની વસતિ ગણતરીના આધારે જોઇએ તો કુલ કામ કરતી વસતિ નીચેના ધંધામાંથી રોજગારી મેળવે છે.

કોઠો-૩

| ધંધાનું નામ | કામ કરતી વસતિના (રોંછડી) ટકા | રાજ્યમાં કામ કરતી વસતિ ટકામાં |
|---|---|---|
| ખેતી | ૮૪.૬ | ૫૩.૩ |
| મજૂરી | ૦.૭ | ૧૪.૮ |
| ખાણ, પશુપાલન, શિકાર માછી વગેરેમાંથી | ૧૪.૦ | ૧.૨ |
| બાંધકામ | ૦.૭ | ૧.૧ |
| કુલ | ૧૦૦ | ૭૦.૩ |

રોંછડીમાં ૮૪.૬ ટકા લોકો ખેતીના ધંધામાંથી રોજગારી મેળવે છે. જ્યારે આ ટકાવારી જિલ્લામાં ૭૧.૫૧ ની અને રાજ્યમાં ૫૩.૩૨ ટકાની છે. રાજ્ય કરતાં જિલ્લામાં અને રોંછડીમાં ખેતીના ધંધામાંથી રોજગારી મેળવતા માણસોની સંખ્યા ખૂબ વધારે ગણાય. આમ હોવાનું મુખ્ય કારણ રાજ્યમાં ખેતી સિવાયના બીજા ધંધાઓ જેવા કે મોટા ઉદ્યોગ, નોકરી વાહનવ્યવહાર, બાંધકામ વગેરેના ધંધાઓમાં ૩૨ ટકા લોકો રોકાયેલા છે. જ્યારે આ બધા ધંધાઓમાં રોકાયેલાઓનું પ્રમાણ રોંછડીમાં માત્ર ૧૪.૭ ટકાનું જ છે. જેમાં ૧૪ ટકા તો માત્ર જંગલમજૂરી તથા શિકાર જેવા ધંધાઓમાં રોકાયેલા છે કે જેમાંથી મળતી આવકોનું પ્રમાણ ખૂબ જ મર્યાદિત છે. આ ધંધામાંથી મળતી આવકોનું પ્રમાણ મર્યાદિત હોવાનું કારણ સમૃદ્ધ જંગલોનો અભાવ ગણી શકાય. રોંછડીમાં ખેતમજૂરીમાં રોકાયેલાઓની ટકાવારી માત્ર ૦.૭ ટકા ની છે. જ્યારે આ પ્રમાણ રાજ્યમાં ૧૪.૭૭ ટકાનું છે. રોંછડીમાં ઓછી જમીન તથા જૂની ઢબની ખેતી અને માત્ર ખરીફ જ પાક લેવાનો હોવાથી દરેક માણસને પોતાની ખેતીના ધંધામાં પૂરતું કામ મળી શકતું નથી તો બીજા માણસોને તો મજૂરી આપી જ ક્યાથી શકે ? આ પરિસ્થિતિને કારણે ખેત મજૂરીમાં રોકાયેલાઓની ટકાવારી રોંછડીમાં ખૂબ જ ઓછી છે.

## જમીન અને તેની માલિકી

રોંછડી ગામનો કુલ વિસ્તાર અને તેનો ઉપયોગ આગળ જોઇ ગયા. ગામની ૧૯ ટકા જમીન ખેતી નીચે છે અને આ બધી જ જમીન માલિકીની છે. જો કે સરકારી બિનકબજાની જમીન થોડા પ્રમાણમાં છે પણ તે જમીન પણ પટ ભરી દીધા પછી ખેડૂતની માલીકીની થઇ જશે. ગામમાં ગણોત પદ્ધતિ નથી. ત્રણ ખેડૂતો પાસે માલિકીની



જમીન નથી પણ તેઓ જંગલ વિસ્તારની જમીન ખેડે છે અને તે બદલ કોઇ કોઇ વાર દંડ ભરે છે. જમીન ધરાવતા બધા કુટુંબો પાસે એકસરખી જમીન નથી. ખેતી નીચેની કુલ જમીનમાંથી મોટા ભાગની જમીનમાં ખરીફ વાવેતર કરવામાં આવે છે. જ્યારે સિંચાઇની સગવડતા હોય તેટલા કેટલાક ખેડૂતો રવિ વાવેતર પણ કરે છે. ગામમાં તપાસેલ ૫૧ કુટુંબોની કુલ જમીન ૩૦૦ એકર, ૧૮ ગુંઠા હતી. એટલે કે કુટુંબદીઠ સરેરાશ જમીનનું પ્રમાણ ૫ એકર, ૩૬ ગુંઠા થાય. ૫૧ કુટુંબમાંથી ૧ કુટુંબ જમીન વગરનું છે. એટલે ૫૦ કુટુંબો કે જેમની પાસે જમીન છે તેની સરેરાશ જમીન લગભગ ૬ એકર થાય.

### કોઠો-૪
### ૫૦ કુટુંબોનું જમીનના કદ પ્રમાણે વર્ગીકરણ

| જમીનનું | કુટુંબ સંખ્યા | કુલ જમીન એ. ગુંઠા | કદ પ્રમાણે સરેરાશ જમીન એ. ગુંઠા | કુલ કુટુંબો | કુલ જમીનના ટકા |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૦.થી ૨.૫ | ૧૦ | ૧૮-૩૧ | ૧-૩૫ | ૨૦ | ૬.૩ |
| ૨.૫ થી ૫ | ૧૯ | ૭૩-૦૩ | ૩-૩૪ | ૩૮ | ૨૪.૩ |
| ૫ થી ૭.૫ | ૮ | ૫૦-૨૪ | ૬-૧૩ | ૧૬ | ૧૬.૯ |
| ૭.૫ થી ૧૦ | ૬ | ૫૨-૦૯ | ૮૮-૨૮ | ૧૨ | ૧૭.૩ |
| ૧૦ થી ૧૫ | ૪ | ૪૮-૩૫ | ૧૨-૦૯ | ૮ | ૧૬.૩ |
| ૧૫ થી વધારે | ૩ | ૫૬-૩૬ | ૧૮-૩૯ | ૬ | ૧૮.૯ |
| કુલ | ૫૦ | ૩૦૦-૧૮ | ૬.૦૩ | ૧૦૦ ટકા | ૧૦૦ટકા |

કુટુંબો પાસે માત્ર ૬.૩ ટકા જમીન જ છે. આમ સરેરાશ જમીન ૬ એકર હોવા છતા મોટ ભાગના કુટુંબો પાસે તેની ઓછી જમીન છે. હલકી કક્ષાની જમીન તથા પિતની સગવડો નહીં હોવાથી ૨૦ એકર જેટલી જમીન પણ આર્થિક ઘટક માટે પૂરતી ગણી શકાય નહી જ્યારે અહીંનો બધા જ કુટુંબો પાસે તેનાથી ઓછી જમીન છે. વળી જે કુટુંબો પાસે વધારે જમીન છે તે બધા કુટુંબો ધાર વિભાગમાં આવેલા છે. અને ધાર વિભાગની જમીન આગળ જોયું તેમ ઢોળાવવાળી, ખડકાળ અને રોંછડી કરતા ઓછી ફળદ્રુપ છે જેને કારણે ખેતીમાંથી થતું ઉત્પાદન ઓછું હોય છે.

ખેતીમાં મુખ્ય પાકો (                    )

જિલ્લાનો મહત્વનો પાક બાજરીનો છે પણ દાંતા તાલુકાનો અને રોંછડીનો મહત્વનો પાક મકાઇનો છે. પર્વતના ઢોળાવવાળી જમીન મકાઇના પાક માટે વધુ અનુકુળ હોવાને કારણે સાબરકાંઠા, બનાસકાંઠા તથા પંચમહાલ જિલ્લાના પર્વતવાળા વિસ્તારોમાં મકાઇનું વાવેતર વધારે થાય છે. રોંછડીની પાકવારી નીચે પ્રમાણે છે.

કોઠો-૫

| ધાન્યનું નામ | કુલ વાવેતરના ટકા(૧૯૬૬-૬૭) |
|---|---|
| મકાઇ | ૫૫.૯ |
| હલકું ધાન્ય | ૧૦.૭ |
| તલ | ૧૧.૬ |



| ધાન્યનું નામ | કુલ વાવેતરના ટકા (૧૯૬૬-૬૭) |
|---|---|
| કોદોળ | ૩.૧ |
| ઘઉં | ૦.૬ |
| વરસાદ અનુકુળ નહીં હોવાથી પડતર | ૧૮.૧ |
| | ૧૦૦ ટકા |

ઉપરના કોઠામાં ૧૯૬૬-૬૭ના વર્ષની ગામની અનાજવારી આવેલી છે. તલ સિવાયના બધા જ પાકોનું વાવેતર ખાદ્ય પાકોનું છે. આ વર્ષમાં પડતર વિસ્તાર પણ વધારે છે. વરસાદ અનુકુળ ન હોવાથી ૧૮.૧ વિસ્તાર પડતર રહ્યો હતો. ઘઉંનું વાવેતર જે રવિ પાક ગણાય તે માત્ર કુલ વાવેતરના વિસ્તારના માત્ર ૦.૬ ટકા જ છે. એટલે કે દુબારી વાવેતરનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. એકરમાં જોઇએ માત્ર ૨ એકર જમીનમાં જ ઘઉંનું વાવેતર કરવામાં આવેલ છે. ૬૬.૬ ટકા નો વિસ્તાર તો મકાઇ અને હલકુ ધાન્ય જ રોકે છે. હલકા ધાન્યમાં બંટી, કુરી, સામણી, કોદરા વગેરે ધાન્યોનો સમાવેશ થાય છે. ગામમાં કપાસ, ડાંગર, વગેરે પાકોનું વાવેતર બિલકુલ થતું નથી. ચોમાસુ પાક લીધા બાદ જમીન પડતર જ હોય છે. કારણ જમીનમાં ભેજસંગ્રહની શકિત નહીં હોવાથી બિનપિતના પાકો રવિ મોસમમાં લઇ શકાતા નથી. તુલવારીમાં છેલ્લા દસ વર્ષમાં ખાસ ફેરફારો થયા હોય તેવું પણ તપાસ પરથી જાણવા મળ્યું નથી. આ ગામમાં ખરીફ પાકો સિવાય બીજા પાકોનું વાવેતર કરવાનું પણ હાલમાં વિશાળ પ્રમાણમાં શકય નથી. દાંતા તાલુકાના અને જોયેલ અન્ય ગામો કરતા આ ગામ ખેતી ક્ષેત્રે ખૂબ જ પછાત જણાયું. રોંછડીની તદ્દન બાજુમાં આવેલ ગામ કુંભારીયામાં શિયાળામાં

ઘઉ અને ચણાનું વાવેતર થાય છે. અને કૂવા દ્વારા પાણીની સગવડો પણ ઉભી કરવામાં આવી છે. તેવી જ રીતે હડાદ પટ્ટાના ગામો જેવા કે તોરણીયા, સણાલી, હડાદ, તથા અન્ય આ બાજુના ગામો કે જે દાતા તાલુકામાં જ આવેલા છે તે ગામની ખેતીમાં ફેરફારો જોવા મળે છે. મકાઇ, ઉપરાંત તલ, કપાસ, તુવેર, શાકભાજી વગેરે અન્ય પાકોનું વાવેતર કરે છે. આ ગામોમાં કૂવાઓ પણ સારા પ્રમાણમાં છે અને દરેક કૂવા દ્વારા બે યા તે કરતા વધુ એકર જમીનમાં સિંચાઇ કરે છે. કપાસના પાકને પણ એક-બે પાણી આપે છે. ખેતીમાં યોગ્ય સમયે પાણી, છાણીયું ખાતર, ખેડ વગેરે પણ સારી રીતે કરે છે અને શિયાળાની ઋતુમાં પણ આખો પટ્ટો લીલોતરીથી ભરપૂર હોય છે. જોકે આ બધા વિસ્તાર સપાટ છે. જ્યારે રોંછડીનો વિસ્તાર ખૂબ જ ડુંગરાળ છે.

## સિંચાઇ, ખાતર, બિયારણ વગેરે અને ખેતી

ખેતીના ઉત્પાદનમાં ઉપરના પરિબળોનું મહત્વ ઘણું જ વધારે છે. કુદરતી પરિબળોને બાદ કરતા ઉપરના દરેક પરિબળો ખેત ઉત્પાદન ઉપર મહત્વની અસર કરે છે. ગુજરાતીમાં કહેવત છે કે ખેડ, ખાતર અને પાણી કરમને લાવે તાણી. એટલે કે જમીન નબળી હોય તો પણ ઉપરની ત્રણ પ્રક્રિયા જરુરી પ્રમાણમાં પૂરી પાડવામાં આવે તો સારું ઉત્પાદન મેળવી શકાય છે. ખેતીમાં બીજું મહત્વનું પરિબળ સમયને ગણી શકાય. તેમાં પણ ખાસ કરીને વાવણીનો સમય ખૂબ જ મહત્ત્વનો ગણી શકાય. યોગ્ય સમયે કરેલ વાવેતર ખેતીમાં ખૂબ જ સારો ફાયદો કરે છે. જ્યારે તેથી વિરુદ્ધ થાય તો ઘણીવાર ખેતીમાં ખોટ પણ સહન કરવી પડે છે. રોંછડીમાં આદિવાસી ગરાસિયા ખેડૂતોમાં આળસનું પ્રમાણ વધારે છે. ખેતી એ એમની આજિવીકાનું



મહત્વનું સાધન હોવા છતાં તેના પ્રત્યે જે મહેનત, ખંત અને કાળજી રાખવી જોઇએ તે બિલકુલ રખાતી નથી. તેમની નબળી ખેતી માટે તેઓ કુદરત, સરકાર વગેરેને દોષ દે છે. જમીન, નબળી છે. સિંચાઇની સગવડ નથી વગેરે કારણો રજૂ કરે છે. પણ કોઇ એમ કહેવા તૈયાર નથી કે અમે પણ અમારી ખેતી માટે જે ધ્યાન આપવું જોઇએ તે આપી શકતા નથી. આળસને કારણે વરસાદની મોસમમાં પણ યોગ્ય સમયે વાવણી કરતા નથી. જ્યારે વાવણીનો સમય થાય ત્યારે તો તેમને ખેતરોમાં ખેડ કરવાનો સમય થાય છે અને જ્યારે પાક ઊગીને રોપણી દેવા લાયક થાય ત્યારે આ લોકો વાવણી કરતા હોય છે. આમ ઋતુની શરુઆતથી જ આળસ રાખે છે અને તેને કારણે પાછળથી ગમે તેટલી મહેનતના યોગ્ય ફળ મેળવી શકતા નથી.

સૌ પ્રથમ રોંછડીમાં સિંચાઇની સગવડ અને તેના ઉપયોગ અંગે વિચારીએ. તપાસ દરમ્યાન ગામમાં કુલ ૨૩ કૂવા હતા જેમાંથી ચાર કૂવા સિંચાઇના કામમાં ઉપયોગમાં આવી શકે તેવા હતા. બીજું એવું થાય છે અને તે વાવમાં પણ સારા પ્રમાણમાં પાણી છે આથી તેનો પણ સિંચાઇ માટે ઉપયોગ કરી શકાય. આ સિંચાઇના સાધનોમાંથી ઓછામાં ઓછું સહકારથી કામ કરે તો ૧૦ થી ૧૫ એકર જેટલી જમીનમાં સિંચાઇ કરી શકાય વળી અહીંયા શાકભાજીનું વાવેતર કરે તો નજીકમાં અંબાજીનું બજાર પણ મળી રહે અને સારા ભાવ મળે. વાહનખર્ચ તો તે માટે કંઇ કરબોજા ન પડે. શાકભાજીનું વાવેતર તો તેઓ કરતા જ નથી. બે ત્રણ ખેડૂતો થોડું ઘણું વાવેતર તો તેઓ કરતા જ નથી. એ ત્રણ ખેડૂતો થોડું ઘણું વાવેતર તો તેઓ કરતા જ નથી. બેત્રણ ખેડૂતો થોડું ઘણું વાવેતર કરે છે અને એ રીતે કૂવાનો ઉપયોગ કરે છે. સિંચાઇ માટે કૂવા સિવાય બીજું કોઇ આગળનું સાધન નથી. થોડા વખતમાં રોંછડીના કેટલાક ભાગને લાભ મળશે.

સાધનોનો મહત્તમ ઉપયોગ કરવાથી અણઆવડતને કારણે પાણીવાળા કૂવાઓનો પણ સિંચાઇ માટે ઉપયોગ કરી શકતા નથી. ખાસ કરીને કોશ જોડવા માટેનો સમય સવારના ૫ થી બપોરના આઠ નવ સુધીનો ગણાય. તે વખતે બળદ પણ સારું કામ આપી શકે અને વાતાવરણ પણ કામ કરવા માટે ઉત્સાહ પ્રેરે તેવું હોય. ગરાસિયા ખેડૂતો કે જે કૂવાનો ઉપયોગ કરે છે તે પણ બપોરના ૧૦ વાગે કોશ જોડે. એકાદ કલાક કામ કરે અને પછી બીજા દિવસ ઉપર મુલતવી રાખે. બીજા દિવસે વળી બહાર જવાનું થાય. યા ચાર જણા ભેગા થઇ અંબાજી જાય તો સિંચાઇ કરવાનું કા અધૂરું જ રહે અને યોગ્ય સમયના અંતરે પા-કને જે પાણી મળવું જોઇએ તે મળે ના

શિયાળુ પાક તો સિંચાઇના અભાવને કારણે ખૂબ જ ઓછા પ્રમાણમાં વપરાય છે. પણ ચોમાસુ પાક તો તદ્દન વરસાદ ઉપર જ આધાર રાખે છે. છેલ્લો વરસાદ ખેંચાય યા ન થાય તો ચોમાસુ પાકને બચાવવા માટેની પણ કોઇ સગવડ નથી અને જે કંઇ સગવડ છે (કૂવાઓની) તેનો પણ તે સમયે સાધનો નહિ હોવાથી ઉપયોગ ક ી શકતા નથી. આમ ચોમાસુ વાવેતર તો સંપૂર્ણપણે વરસાદ પર જ આધાર રાખે છે.

ગામમાં ઉનાળાની ઋતુમાં કોઇ પણ પ્રકારનું વાવેતર થતું નથી.

ખેતીમાં ખાસ કામનો સમય ચોમાસાના પ્રથમ ચાર માસ તથા શિયાળામાં બે એક મહિનાનો હોય છે. બાકીના સમયમાં મજૂરી તથા અન્ય કામ ચાલે છે.

સિંચાઇ પાછળ કોઇ પણ પ્રકારનું ખર્ચ કરવું પડતું નથી. કારણ કોશ દ્વારા સિંચાઇ કરવામાં આવે છે.

## જમીનનીખેડ અને ખાતર

ખેડ, ખાતર અને પાણીમાં રોંછડીમા પાણી અંગે શું વ્યવસ્થા છે તે તપાસી. ભાગ્યને સમૃધ્ધ કરનાર ત્રણ પરિબળોમાંથી મહત્વના પરિબળ પાણીની (સિંચાઇની) ખાસ સગવડ નથી. બીજુ પરિબળ જમીનની ખેડ છે. ખેડવાળી જમીન પોચી થાય છે અને તેમાં ભેજ સંગ્રહની શકિત વધે છે.તથા વરસાદનું પાણી વહી ન જતાં જમીનમા



શોષાઇ જાય છે. બીજુ પાક લઇ લીધા બાદ ખેતરને ખેડી રાખવામાં આવે તો સૂર્ય ગરમીથી તપીને તૈયાર થાય છે. તેથી નકામું ઘાસ પાકની સાથે વધારે પ્રમાણમાં ( ી નીકળતું નથી. ત્રીજુ જમીનમાં ખેડવાથી માટી ઉપર નીચે થાય છે. અને તેનાથી ૫ ફાયદો થાય છે. ખેડ કર્યા બાદ પાકને વાવ્યા પછી પણ રાંપડી ફેરવવાથી વાવેત ને ખૂબ જ લાભ થાય છે. રોંછડીમાં વાવેતર લીધા બાદ તરત જ ભાગ્યે જ કોઇ ખેડૂ પોતાની જમીનને ખેડી રાખે છે. મોટે ભાગે બધા જ ખેડૂતો વાવણીના સમયે જ એક ખેડ કરીને વાવણી કરી નાખે છે. વાવણી કર્યા બાદ રાંપડી દેવાનું કામ પણ અ જ ખેડૂતો કરતા હોય છે. પણ ખેતીના સાધનો પણ હલકી જાતનાં હોવાથી તથા બળદની જાત પણ નબળી હોવાને કારણે હળની સારી ખેડ થઇ શકતી નથી. ગામ કેટલીક જાતની જમીન તો ખડકાળ હોવાને કારણે ખેડ કરવામાં પણ મુશ્કેલી પડે . વળી જમીન સખત બની ગઇ હોય ત્યાં પણ વરસાદ વગર ખેડ કરી શકે તેવા હળ અને બળદ ગરાસિયા ખેડૂતો પાસે હોતા નથી. આ બધા કારણને લીધે જમીનને સારી ખે આપી શકાતી નથી. આળસ પણ આ માટેનું એક કારણ જણાવી શકાય. સારી ખેડ ી થતા કાયદાઓના જ્ઞાનનો અભાવ પણ તેમનામાં હોય છે એટલે કે આવી બાબતોની અજ્ઞાનતા તેમનામાં પ્રર્વતે છે. બીજાનું જોઇને શીખવાની વૃત્તિ કે જેને ડેમોસ્ટ્રેશન ઇ કટ કહેવાય છે તે પણ તેમનામાં જોવા મળતી નથી. તેને કારણે પણ યોગ્ય સમયે જમ ને ખેડવાનું કામ કરતા નથી. વૈશાખ મહીનાથી ખેડૂતો પોતાનીખેતીનું કામ શરુ કરે અને આ શરુઆત હળ દ્વારા ખેડ અને ગાડુ જોડીને ખેતરમાં ખાતર ભરવાના કા ી કરે. રોંછડીના ખેડૂતોનો આ વખતે તદ્દન આરામ અને આળસ અનુભવતા હોય છે. કાલની ચિંતા વગરની જિંદગીને કારણે કરવાનીટેવના અભાવને કારણે કાલનું કામ આજે કરવું અને આજનું કામ હાલ કરવું તેનાથી વિરુધ્ધ રીતે રોંછડીના ગરાસિયાઓ

કામ કરતા જોવા મળે છે. ખેડ કરવા માટે તેમને શાહુકાર કે સ. મંડળીની પાસે નાણા લેવા જવાનું હોતું નથી. કારણ માત્ર હળ અને બળદની જ તેમાં જરુર પડે અને તે તો તેમની પાસે હોય છે જ.

રાસાયણિક ખાતરનો ઉપયોગ રોંછડીમાં બિલકુલ ઉપયોગ થતો જ નથી. ના- ના અભાવે આવું ખાતર ખરીદતા નથી તેમ તેમનું માનવું છે. કેટલાક એમ પણ મા છે કે આવા ખાતરોથી ઉત્પાદન વધતું નથી, જમીન ખરાબ થાય છે અને ખોટું દેવું વધારવું પડે છે. રાસાયણિક ખાતરોથી થતા ફાયદાઓનો તેમને પૂરતો પરિચય હ સુધી થયો નથી. બાજુમાં કુંભારીયા ગામના બિનઆદિવાસી ખેડૂતો રાસાયણિક ખાત દ્વારા વધારે ઉત્પાદન લેતા થયા છે. છતાં પણ તેને અપનાવવાની તમન્ના કોઇ ખેડૂતને થઇ નથી. બીજુ સિંચાઇની સારી સગવડો હોય તેમજ તેનો ઉપયોગ કરી શકતા નથી. બીજું સિંચાઇની સારી સગવડો હોય તો જ તેનો ઉપયોગ ફાયદો આ આ ખેડૂતો પાસે તેવી સગવડો નહીં હોવાથી પણ તેનો ઉપયોગ કરી શકતા નથી. વળી રાસાયણિક ખાતર ખરીદવા માટે રોકડ પૈસા જોઇએ તે પણ જરુરના સમયે તેમની પાસે હોતા નથીઅને તેથી પણ રાસાયણિક ખાતરનો વપરાશ તેઓ કરતા ન .

બધા જ ખેડૂતો છાણીયા ખાતરનો ઉપયોગ કરે છે અને તે માટે તેમને કંઇ રોકડ કરવાનું હોતું નથી. કારણ દરેક ગરાસિયા ખેડૂત પાસે વધતા ઓછા પ્રમાણ ઢોર હોય છે. અને તેનું છાણ એકઠું કરી રાખે છે, યા રોજરોજનું પાસેના ખેતરમાં નાખે છે. આથી તેમને છાણીયું ખાતર ખરીદવું પડતું નથી. છાણીયું ખાતર તૈયાર કરવાની પધ્ધતિમાં કોઇ ફેરફાર થયો નથી. રોજનું છાણ (ગોબર) ઘરની પાછળ રાખી મૂકે યા ખેતરમાં નાખે છે. આને કારણ છાણ (ગોબર) સૂકાઇ જાય છે અને



તેમાંથી કેટલાક તત્વોનો નાશ થાય છે. બીજું જમીન સાથે સૂકાયેલું ખાતર જલદીથી ભળતું પણ નથી. આમાં ઉધઇ પણ ખૂબ થાય છે. અને આ ઉધઇની કીડીઓ પાછળથી પાકનો નાશ કરે છે. આમ છતાં દર વર્ષે પોતાની થોડી વધતી જમીનમાં તેઓ છાણીયા ખાતરનો ઉપયોગ કરે છે. ખાસ કરીને મકાઇ યા તલ જે જમીનમાં વાવવાના હોય તેમાં ખાતર નાખે છે. કેટલીક વાર ઘરની નજીકમાં જે ખેતર હોય તેમાં જ ખાતર નાખ્યા કરે છે આથી દૂર આવેલ ખેતરને કોઇ વાર ખાતરનો લાભ મળતો નથી.

## બિયારણ

રોંછડીના ખેડૂતોને ખાસ તો મકાઇના બિયારણની વધારે જરુર પડે છે. વળી મકાઇ મહત્વનો પાક હોવાથી તેનું બિયારણ ખૂબ જ મહત્વનું ગણી શકાય. ત્યાર બાદ તલ તથા અન્ય પાકોના બિયારણો ગણી શકાય. કેટલાક ખેડૂતો જરુર જેટલું બિયારણ સાચવી રાખે છે, જ્યારે કેટલાક ખેડૂતો વાવેતરના સમયે અંબાજીથી બિયારણ ખરીદીને યા તો શાખ ઉપર લાવીને વાવે છે. ઓછા ઉત્પાદનને કારણે જરુરી અનાજનું ઉત્પાદન થતું નથી અને તેને કારણે વાવેતર માટે બિયારણ સાચવી રાખવાની મુશ્કેલી રહે છે. જે ખેડૂતો બિયારણ રાખે છે તે પણ ખૂબ સારી રીતે સાચવી રાખતા નથી. તેમાં પણ ઘણી વાર સડી જવાથી બિયારણ બગડેલું હોય છે અને વાવ્યા બાદ કેટલાક છોડ તો ઉગી શકતા જ નથી. ખરીદીને લાવેલ બિયારણ પણ બહુ વિશ્વાસપાત્ર હોતું નથી. વળી આ રીતે લાવેલ બિયારણના વધુ ભાવ આપવા પડે છે.

મકાઇનું સુધરેલ બિયારણને વધુ ઉપજ આપતું બિયારણ કોઇ ખેડૂતો વાપરતા નથી. સરકારીએજન્સી દ્વારા મળતા બિયારણો પણ ખાસ કરીને કોઇ ખરીદતા નથી.

ઘઉનું બિયારણ પણ ચીલાચાલુ જ વાપરે છે. અને મકાઇનું બિયારણ પણ દેશી જ વાપરે છે. હાઇબ્રીડ બિયારણ અંગેની જાણકારી તેઓમાં હજુ પુરતી નથી. જે કોઇ થોડા લોકો જાણે છે તેમને પણ આ પ્રકારની બીના વાવેતરથી વધારો થશે કે કેમ તે અંગે પૂરતો વિશ્વાસ નથી. ખાસ નોંધપાત્ર વસ્તુ તો એ છે કે આ લોકો એવી માન્યતા ધરાવે છે કે સરકાર દ્વારા આપવામાં આવતી કોઇ પણ ચીજથી ફાયદો થતો નથી. આ માન્યતાને કારણે સરકારી તંત્ર દ્વારા આવો કોઇ પ્રયાર કરવામાં આવે કે પ્રયોગ કરવામાં આવે તો તેનાથી તેઓ દૂર ભાગે છે અને તેને સહકાર આપતા નથી.

સરકારે નીમેલ ગ્રામસેવક તથા ખેતી વિસ્તરણ અધિકારીએ અહિંયા ખેતીના વિકાસ અંગેનું કંઇ પણ ઉપયોગી કામ કર્યું હોય તેવું પ્રથમ નજરે દેખાઇ આવતું નથી. તપાસ થયા બાદ પણ તેનો લાભ લેતા કરવા માટે આ ખેડૂતોને વિશિષ્ટ પ્રકારની સગવડો આપવાની રહેશે અને તો જ તેનો ઉપયોગ આ લોકો કરી શકશે.

વાવવાની પધ્ધતિઓમાં છેલ્લા દસ વર્ષમાં નોંધપાત્ર ફેરફાર થયા નથી. ખેતરને ખેડીને તેમાં મકાઇનું વાવેતર કરે છે. તેમાં કેટલાક ચાસ પાડીને વાવેતર કરે છે, જ્યારે કેટલાક અનાજ ઓરીને વાવેતર કરી દે છે. ઓરવાની રીતમાં ખેતર ખેડી તેમાં અનાજ છૂટું વેરે છે અને તેના ઉપર સમાર ફેરવે છે. મકાઇ સાથે કઠોળનું પણ વાવેતર કરવામાં આવે છે. અને તલનું વાવેતર પણ કરે છે. ખેતનું ધોવાણ અટકાવવા પાળા બાંધવા યા તો શેરા કરી તેમાં ઘાસ ઉગાડી ધોવાણ અટકાવવાની બાબતમાં કોઇ પ્રયત્નો થયા નથી. પાકના વાવેતર પછી પણ તેની કોઇ પણ પ્રકારની કાળજી લેવામાં આવતી નથી. જીવજંતુઓ સામે રક્ષણ આપવા માટે કોઇ જ દવાઓનો ઉપયોગ



ગ કરતા નથી. ટૂંકમાં ખેતીના આધુનિકરણના જુદી જુદી ટેકનિકોમાંથી કોઇ પણ પ્રકારની ટેકનિકનો આદિવાસી ગરાસિયા ખેડૂતો ઉપયોગ કરતા નથી. એક બાજુ દેશમાં હરિયાળી ક્રાન્તિની વાતો ચાલી રહી છે ત્યારે અહિંયા હજુ જુના ઢબની ખેતી ચાલુ રહી છે અને નજિકના ભવિષ્યમાં તેમાં ઝડપી ફેરફાર થાય તેવા કોઇ ચિહ્નો દેખાતા નથી.

## ખેતીના સાધનો

ખેતીનું મુખ્ય સાધન હળ ગણી શકાય. લગભગ દરેક આદિવાસી ખેડૂત પાસે હળ હોય છે. મોટાભાગની ખેતી તો તેઓ હળ દ્વારા જ કરે છે. જો કે તેમનું હળ ખૂબ જ હલકી કક્ષાનું હોય છે. તેમાં રાખવામાં આવતી લોખંડની કોશને પણ ખૂબ ધાર દાર રાખતા નથી. વળી હળ ખૂબ હલકું હોય છે જેથી સારી ખેડ થઇ શકતી નથી. હળ તેઓ જાતે જ બનાવી લે છે, જ્યારે કોશ બજારથી ખરીદીને લાવે છે. હળ સિવાયના ખેતીનાં સાધનોમાં કરળ, સબાર, ગાડું તથા અન્ય નાના ઓજારો ગણી શકાય. કૂવો હોય અને સિંચાઇ કરતા હો તેવા ખેડૂતો પાસે કોશ તથા વરત અને રાશ પણ હોય છે. ગાડું રાખતા ખેડૂતોની સંખ્યા માત્ર એકની છે.

| સાધનનું નામ | સંખ્યા |
|---|---|
| હળ | ૬૦ |
| કરળ | ૩૪ |
| ગાડુ | ૧ |
| કોશ | ૪ |

આમ ખેડૂતોની સંખ્યા કરતા હળની સંખ્યા વધારે છે જ્યારે કરબની સંખ્યા ઓછી છે. ગાડુ તો માત્ર એક જ વ્યકિત પાસે છે. કિંમતની રીતે તપાસીએ તો ખેતીનાં સાધનો કુટુંબદીઠ રુ. ૭ ના છે, જે ખૂબ જ ઓછા ગણાય.

## ખેતી, ખેતખર્ચ અને તેની આવક

તપાસના વર્ષે (૧૯૬૭-૬૮) રોંછડી ગામમાં કુલ ૩૦૦ એકર જમીન વાવેતર હેઠળ હતી. જે જમીનમાં એકરદીઠ ૮૨.૯ રુ. ઉત્પાદન થયેલું જ્યારે એકરદીઠ ખેતી ખર્ચ રુ. ૧૧ નો હતો. આથી એકરદીઠ ખેતીની ચોખ્ખી આવક રુ.૭૧.૮ ની હતી.

કુલ ખેતખર્ચમાંથી ૩૧ ટકા ખર્ચ ખાતર પાછળ કરવામાં આવેલું જેમાંથી ૩૦.૪ ઘરનું (છાણીયું ખાતર) જ્યારે ૦.૬ ટકા છાણીયું ખાતર ખરીદીને વાપરવામાં આવ્યું હતું. બિયારણનું ખર્ચ સૌથી વધારે હતું. જે કુલ ખેતીના ખર્ચમાં ૫૬.૬ ટકા નું હતું. જેમાંથી ૨૯.૮ ટકા બિયારણ ખરીદીને વાપરેલ જ્યારે ૨૬.૮ બિયારણ ઘરનું હતું. ઘરમાંથી વાપરેલ બિયારણ કરતાં ખરીદીને વાપરેલ બિયારણની ટકાવારી વધારે હતી. મહેસૂલ પાછળ થતું ખર્ચ કુલ ખર્ચના ૧૧.૫ ટકા અને અન્ય ખર્ચ ૭.૯ ટકાનું હતું. ખેતીની આવક (એકરદીઠ), ખર્ચ તથા રોંછડીની ખેતી પધ્ધતિઓ એ આપણે જોયું હવે આપણે ખેતી સિવાયના મુખ્ય ધંધા અને તેમાંથી મળતી આવકો વિષે તપાસીએ.

ખેતીની એકરદીઠ આવક આપણે આગળ ઉપર જોઇ તથા હવે કુટુંબદીઠ આવક જોઇએ તો જણાશે કે સરેરાશ ૪૨૨.૨ રુ.ની આવક ખેતીમાંથી મળે છે. પરંતુ જમીન ધારણના કદ પ્રમાણે ખેતીમાંથી મળતી આવકોમાં ફેરફાર છે. ૦.૨.૫ એકર જમીન ધરાવતા કુટુંબોની કુટુંબદીઠ ખેતીની આવક ૨૦૫.૨ રુ. છે જ્યારે ૧૫ થી વધુ એકર



## કોઠો-૬

જમીનના કદ પ્રમાણે ધંધાવાર કુટુંબદીઠ આવક

દર્શાવતો કોઠો

| જમીનનું કદ | ખેસીની આવક | પશુ આવક | મજુરી | જાલ | અન્ય | કુલ કુટુંબદીઠ આવક | કુલ માથા દીઠ આવક |
|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૨૦૫.૨ | ૩૦.૭ | ૧૪૬.૨ | ૯૧.૦ | ૬૪.૦ | ૫૩૭.૧ | ૧૨૨.૧ |
| ૨.૫ થી ૫ | ૩૬૩.૦ | ૪૩.૨ | ૮૫.૧ | ૯૮.૭ | ૩૦.૫ | ૬૨૦.૫ | ૧૬૩.૮ |
| ૫ થી ૭.૫ | ૫૩૧.૯ | ૭૦.૬ | ૧૨૩.૭ | ૧૧૬.૩ | ૬૦.૦ | ૯૦૨.૫ | ૧૮૫.૧ |
| ૭.૫ થી ૧૦ | ૪૮૪.૨ | ૬૪.૧ | ૧૩૭.૫ | ૮૭.૫ | - | ૭૭૩.૩ | ૧૧૬.૦ |
| ૧૦ થી ૧૫ | ૬૯૯.૦ | ૩૬.૮ | ૧૧.૨ | ૯૨.૫ | - | ૮૩૯.૫ | ૧૭૬.૬ |
| ૧૫થી વધુ | ૮૭૯.૦ | ૧૧૬.૭ | ૮૦.૦ | ૯૬.૬ | - | ૧૧૭૨.૩ | ૧૯૫.૪ |
| જમીન વગરના | | | ૨૮૫.૦ | ૬૫.૦ | - | ૩૫૦.૦ | ૧૭૫.૦ |
| કુલ સરેરાશ | ૪૪૨.૪ | ૫૦.૫ | ૧૦૭.૧ | ૯૭.૪ | ૩૩.૩ | ૭૧૦.૭ | ૧૫૪.૯ |
| ટકા | ૫૯.૪ | ૭.૧ | ૧૫.૧ | ૧૩.૭ | ૪.૭ | ૧૦૦ | |

જમીન ધરાવતા કુટુંબોની ખેતીની આવક રુ. ૮૭૯ છે. તેટલા ગણી આવક ૧૫ થી વધારે એકર જમીન ધરાવતી કુટુંબો મેળવી શકતા નથી. સામાન્ય રીતે જેમ જેમ જમીનનું કદ વધતું જાય છે તેમ તેમ ખેતીમાંથી મળતી આવકો પણ વધતી જાય છે. પણ જેટલા પ્રમાણમાં જમીનનું કદ વધે છે તેટલા પ્રમાણમાં તે આવકો વધતી નથી.

બીજું ૭.૫ થી ૧૦ એકર જમીન ધરાવતા વર્ગમાં ૫ થી ૭.૫ એકર જમીન ધરાવતા ગ્રુપ કરતા ઓછી આવક છે. આમ થવાનુ મુખ્ય કારણ આ ગ્રુપમાંથી બે કુટુંબો જંગલ વિસ્તારની જમીનો ખેડે છે અને આ જમીન ઉપર માલીક હકક નહિ હોવાથી તથા કેળવાયેલી નહી હોવાથી તેમાંથી એકરદીઠ ઉપજ ઓછી મળે છે. વળી આ ગ્રુપમાંથી ૬ કુટુંબમાંથી ૪ કુટુંબો ધારમાં આવેલા છે અને ધારની જમીન રોંછડાની જમીન કરતા હલકી કક્ષાની હોવાથી ખેતીની આવક એકરદીઠ ઓછી આવે છે. અને આને કારણે ખેતીની સરેરાશ આવક ૭.૫ થી ૧૦ એકર જમીન ધરાવતા કદમાં બીજા કદના ખેડૂતો કરતા ઘટી જાય છે. કુલ આવકમાંથી ૫૯.૪ ટકા જેટલી આવકો ખેતીના ધંધામાંથી મળે છે. જ્યારે ૧૫.૧ આવક મજુરીના ધંધામાંથી મળે છે એટલે ખેતી પછીનો મુખ્ય ધંધો મજૂરીનો ગણી શકાય.

મજૂરીમાં ખાસ કરીને તો અછતગ્રસ્ત વિસ્તારોમાં શરુ કરવામાં આવેલ કામોમાં તથા અન્ય બાંધકામના કામોમાં મજૂરી મળે છે. ખાસ કરીને તપાસના વર્ષમાં ગામમાં તળાવના ખોદકામના કામમાં મજૂરીનું કામ મળેલું. અને મોટાભાગની મજૂરીની આવક તે ધંધામાંથી મળેલી. ખેતીમાં મજૂરી મળવાની ખાસ શકયતાઓ નથી કારણ કે દરેકને પોતાની ખેતીમાં પણ પૂરતું કામ મળી શકતું નથી જેને કારણે પૈસા ખરચીને ભાડેથી મજૂરો લાવી શકે તેવા કુટુંબો રોંછડામાં નથી. વળી સઘન ખેતી હોય તો પણ આ રીતે ખેતીમાં મજૂરની જરુર પડે. પણ રોંછડાની ખેતીનો તદ્દન પછાત છે. તેને કારણે પણ ખેતીમાં મજૂરી મળવાની શકયતાઓ નથી. જંગલ વિસ્તાર સમૃધ્ધ હોય તો ત્યાં સારી મજૂરી મળતી નથી. આને કારણે બાંધકામના કામોમાં મળતી મજુરી એક જ મહત્વનું મજૂરીનું સાધન ગણી શકાય. મજૂરીના ધંધામાંથી કુટુંબદીઠ ૧૦૭.૧ ની આવક મળે છે.



જે ખેતીમાંથી મળતી આવકના ૧/૪ ભાગ ગણાય. સૌથી વધારે મજૂરીની આવક જમીન વગરનું કુટુંબ કે જેનો મુખ્ય ધંધો મજુરી છે, તે મેળવે છે. ત્યાર બાદ ૦ થી ૨.૫ એકર જમીન ધરાવનાર કુટુંબોની સરેરાશ ૧૪૬.૨ રુ. ની મજુરીની આવક છે. ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા કુટુંબોમાં મજૂરીની આવક સૌથી ઓછી રુ. ૧.૨ ની છે.

મજૂરીના ધંધામાંથી મળતી આવકો નિયમિત હોતી નથી. આ આવકો કોઇ વરસે વધારે પ્રમાણમાં તો કોઇ વર્ષે ઓછા પ્રમાણમાં મળે. વળી આવી આવકોનું ઉપાર્જન કરવા ગામ બહાર પણ જવું પડે છે. જેમ કે કોઇ રસ્તાનું બાંધકામ થતું હોય અને ત્યાં મોટા પાયા પર માણસોને કામે રોકવાના હોય તો આવી મજૂરી માટે ગામ બહાર પણ જવું પડે. વળી આ રીતેની મજૂરી મોસમી હોય છે.

ત્રીજી મહત્વની આવક જંગલપેદાશોના વેચાણની છે. કુલ આવકના ૧૩.૭ ટકા આવક જંગલ પેદાશોમાંથી મળે છે. જંગલ પેદાશોમાં ખાસ કરીને લાકડાની ભારાઓ, ઘાસ, ગુંદર, મધ, પાંદડા (પતરાળા-પડીયા માટેના) વગેરેના વેચાણમાંથી આ આવકો પ્રાપ્ત થાય છે. આમાંથી સારી આવક મળવાનું કારણ નજીકમાં અંબાજીનું મોટું બજાર છે. અને આ બજારમાં કાયમ માટે આવી વસ્તુઓની ખૂબ માંગ હોય છે. આ માંગને કારણે સારા ભાવ પણ મળી રહે છે. લાકડાની ભારી તો રુ. ૧ અને ઘાસની ભારીના ૧૦ થી ૧૨ આના જેટલા મળે છે. લાકડાની અછત તથા ઘાસની અછતને કારણે આ રીતે વધારે પ્રમાણમાં વેચાણ કરી શકતા નથી. નહિ તો ખેતીના ધંધા કરતા પણ લાકડા અને ઘાસના વેચાણમાંથી સારી આવક મેળવી શકે. તેનું મુખ્ય કારણ અંબાજીનું બજાર જ ગણી શકાય. તે જ રીતે પતરાળા-પડીયા માટેના પાનનું વેચાણ પણ ચાલે

અને તેમાંથી પણ સારી આવક પ્રાપ્ત કરી શકે. ટૂંકમાં જંગલ પેદાશોના વેચાણ દ્વારા સારી આવક મેળવવાની પૂરતી શકયતાઓ છે. પણ તે માટે રીંછડીના વિસ્તારમાં જે સમૃધ્ધ જંગલ હોવું જોઇએ તેવું સમૃધ્ધ જંગલ નથી. બીજુ જંગલખાતાના વિસ્તારમાં આવેલ વૃક્ષો કાપીને લાકડાનું વેચાણ તો ચોરીછૂપીથી કરી શકાય તેમ છતાં જંગલખાતાના તાબાના વિસ્તારમાં પણ સમૃધ્ધ જંગલો નથી. જંગલમાંથી મળતી આવકનું પ્રમાણ સરેરાશ કુટુંબદીઠ રુ. ૯૭.૪ નું છે.

પશુના ધંધામાંથી થતા ઉત્પાદનનો વપરાશ અને વેચાણ એ આવકનું ચોથું મહત્વનું સાધન છે. કુલ આવકના ૭.૧ ટકા આવક અને સરેરાશ કુટુંબદીઠ ૫૦.૧ રુ.ની આવક આ ધંધામાંથી મળે છે. ૧૫ એકરથી વધારે જમીન ધરાવતા વર્ગમાં પશુના ધંધામાંથી થતી આવકનું પ્રમાણ કુટુંબદીઠ ૧૧૬.૭ રુ. નું છે. જ્યારે ૦.૯૫ એકર જમીન ધરાવતા વર્ગમાં આ ધંધામાંથી થતી આવકનું પ્રમાણ રુ.૩૦.૭ નુ છે. આ ધંધામાંથી થતી આવકને જમીનના કદ સાથે કોઇ ચોકકસ સંબંધ નથી. કારણ જમીનનું કદ વધતા આવક વધતી જતી નથી પણ જુદા જુદા કદમાં ગ્રુપમાં આ આવક વધે છે. પશુપાલનની આવકમાં દૂધ-ઘી નો વપરાશ તથા વેચાણ, નાના પશુનુ વેચાણ મરઘા તથા ઇંડાનો વપરાશ તથા વેચાણ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. દૂધ-ઘીની બાબતમાં દૂધાળા પ્રાણીઓની સંખ્યા તથા તેની જાત અને તેની માવજત અને ખોરાક ઉપર તેમાંથી થતા ઉત્પાદનનો આધાર છે. નાના પશુઓનું વેચાણ તો ભાગ્યે જ કોઇ કુટુંબમાં થતું હોય છે. અને મરઘાની સંખ્યાનું પ્રમાણ ગામમાં ખૂબ જ ઓછું છે. ગામમાં આવી પશુઓની સંખ્યા સૌ પ્રથમ તપાસીએ.



કોઠો-૭

પશુઓની જાત તથા તેની સંખ્યા દર્શાવતો કોઠો

| પશુનું નામ | સંખ્યા | કુટુંબદીઠ સરેરાશ |
|---|---|---|
| ગાય અને ભેંસ | ૯૨ | ૧.૯ |
| બળદ | ૯૭ | ૧.૮ |
| વાછરડાં અને પાડા-પાડીઓ | ૫૬ | ૧.૧ |
| ઘેટાં-બકરાં | ૧૭૯ | ૩.૫ |
| મરઘાં | ૪૩ | ૦.૮ |
| અન્ય | ૭ | ૦.૧૭ |
| | ૪૭૪ | ૯.૨૭ |

કુલ ગામમાં ૪૭૪ પશુઓની સંખ્યા છે એટલે કે કુટુંબદીઠ ૯.૩ ની સંખ્યા ગણાય. આમાં બળદ તો ખેતીકામ માટે ઉપયોગી ગણા પરંતુ તેમનું છાણ ખાતરની આવકમાં ગણાય. એટલે કે પશુઓની આવકમાં ખાતરની આવકનો પણ સમાવેશ થાય છે. એટલે બળદનો પણ આ આવકમાં થોડો હિસ્સો ગણી શકાય. દૂધ-ઘી આપતા પશુ જેવા કે ગાય, ભેંસ, તથા બકરાની સંખ્યા ઘણી મોટી છે. કુટુંબદીઠ સરેરાશ ૫.૩ ની સંખ્યા છે. આમાંથી ઘેટા બકરાનું દૂધ તો ખૂબ જ નજીવું હોય છે. કારણ તેમને કોઇ જાતનું દાણ આપવાનું હોતું નથી. તથા સારી જાતનું ઘાસ પણ આપવામાં આવતું નથી. વળી રીંછડીના ગરાસિયા બીજા આદિવાસીઓની મિલકતના સાધન તરીકે રાખે છે અને આને

કારણે પશુ રાખવાથી વર્ષે દહાડે કેટલી આવક થશે તેની ગણતરી કે વિચાર તેઓ કરતા નથી. વળી પશુઓ વધારે હોય તો તેમના સમાજમાં આદરને પાત્ર ગણાય અને તેના ઉપર પૈસા પણ મેળવી શકાય. વળી વધુ પશુઓ રાખવા પાછળ તેમને કોઇ પણ પ્રકાર-નો વિશિષ્ટ ખર્ચ કરવાનો રહેતો નથી. કારણ ઘરનું જે કંઇ ઘાસ હોય તે તેને નાખવાનું હોય છે. અને આખો દિવસ જંગલમાં ફરીને જે કંઇ ઘાસ મળે તે દ્વારા પશુઓ પેટ ભરી લે છે. જો કે તે માટે ઘરના એકાદ માણસને તેની સંભાળ રાખવા માટે રોકાયેલા રહેવું પડે છે. પણ આ માટે તો દરેક ઘરમાં એકાદ છોકરું કે વૃધ્ધ માણસ ફાજલ હોય છે જ.

આવકના જુદા જુદા મહત્વના સાધનોની ચર્ચા કરી તેમાં રહેલી મુશ્કેલીઓ તથા તેના વિકાસ માટેની તકોનો પણ આ ચર્ચામાં આપણે વિચાર કર્યો. ઉપરના ધંધામાંથી આવક સિવાય પણ અન્ય ધંધા જેવા કે, નોકરી, કોઇને ત્યાં કામ કરવા જવું વગેરે આવકો ગણી શકાય. રાંછડીમાં આવા ધંધામાંથી કુટુંબદીઠ સરેરાશ રુ. ૩૩.૩ ની આવક મળે છે. કુલ આવકના ૪.૭ ટકા આવકો આમાંથી મળે છે. જે કુટુંબોને આવા ધંધામાંથી આવક મળે છે તે કુટુંબોની આવક વધારે છે. ૫ થી ૭.૫ એકર જમીન ધરાવતા ગ્રુપમાં કુટુંબદીઠ રુ. ૬૦ ની અન્ય આવકો થાય છે અને તેને કારણે માથાદીઠ આવક આ વિભાગની વધારે છે.

### માથાદીઠ આવક

સરેરાશ કુટુંબદીઠ આવક જાણવાથી આર્થિક સ્થિતિનો તથા જીવનધોરણનો સ્પષ્ટ ખ્યાલ મળતો નથી જયારે માથાદીઠ આવક દ્વારા આ ખ્યાલ ખૂબ જ સ્પષ્ટ



રીતે મેળવી શકાય છે. સરેરાશ કુટુંબદીઠ આવક વધારે હોય પણ માથાદીઠ આવક ઓછી હોઇ શકે. રાંછડીમાં કુટુંબદીઠ સરેરાશ આવક રુ.૭૧૦.૭ ની અને માથાદીઠ આવક રુ. ૧૫૪.૯ ની છે. એટલે કે કુટુંબની રોજની માથાદીઠ આવક ૪૨ ન.પૈ. ન થઇ. આટલી ઓછી આવકમાં જીવનની મુખ્ય પ્રાથમિક જરુરીયાતો પણ પૂરતા પ્રમાણમાં મેળવવાની ઘણી જ મુશ્કેલી પડે. ૧૯૬૩ થી ૧૯૬૭ના વર્ષોની સરેરાશ કરીને ગણેલ ગુજરાતની માથાદીઠ આવક રુ.૪૬૨ અને ભારતની માથાદીઠ આવક રુ.૩૭૨ની છે. રાંછડીની માથાદીઠ આવક ગુજરાતની માથાદીઠ આવક કરતા ત્રીજા ભાગની છે. અને ભારતની માથાદીઠ આવક કરતા પણ ઘણી જ નીચી છે. આનો અર્થ એ થયો કે રાજ્યમાં કેટલાક ભાગોમાં માથાદીઠ આવક ઘણી જ વધારે છે. જયારે અન્ય કેટલાક ભાગોમાં આ આવકનું પ્રમાણ ખૂબ ઓછું છે.

રાંછડીની સરેરાશ આવક (માથાદીઠ) રુ. ૧૫૪.૯ ની છે પણ ૦. થી ૨.૫ એકર જમીન ધારણ કરતા કુટુંબોમાં માથાદીઠ આવક માત્ર રુ. ૧૨૨.૧ ની છે અને ૭.૫ થી ૧૦ એકર જમીન ધરાવતા ગ્રુપમાં કુટુંબની માથાદીઠ આવક માત્ર રુ. ૧૧૬ ની છે.

આવકના જૂથ પ્રમાણે અને જમીનના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણના કોઠા માટે જુઓ પાનુ ૩૦.

કોઠો-૮

આવકના જૂથ પ્રમાણે અને જમીનના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ

| આવક/જમીનનું કદ | એકર ૦ થી ૨.૫ | એકર ૨.૫ ૫ | એકર ૫ થી ૭.૫ | એકર ૭.૫ ૧૦ | એકર ૧૦ થી ૧૫ | એકર ૧૫ થી વધુ | એકર | જમીન વગર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨૫૦ | - | ૧ | - | - | - | - | | - | ૧ |
| ૨૫૦ થી ૫૦૦ | ૫ | ૪ | ૧ | - | ૧ | - | | ૧ | ૧૨ |
| ૫૦૦ થી ૭૫૦ | ૪ | ૧૨ | ૧ | ૨ | ૧ | ૧ | | - | ૨૧ |
| ૭૫૦ થી ૧૦૦૦ | - | ૧ | ૩ | ૪ | - | - | | - | ૮ |
| ૧૦૦૦થી વધુ | ૧ | ૧ | ૩ | - | ૨ | ૨ | | - | ૯ |
| કુલ | ૧૦ | ૧૯ | ૮ | ૬ | ૪ | ૩ | | ૧ | ૫૧ |



જમીન વગરનું એક કુટુંબ છે જે ૨૫૦ થી ૫૦૦ ની વચ્ચેના આવક ગ્રુપમાં આવે છે. મોટાભ ના કુટુંબો ૫૦૦ થી ૭૫૦ ની આવક ધારાવે છે. જ્યારે ૧૦૦૦ થી વધારે આવક ધરાવતા કુટુંબોની સંખ્યા માત્ર ૯ ની છે. ૧૫ થી વધારે એકર જમીન ધરાવતા ત્રણ કુટુંબોમાં બે કુટુંબોની આવક ૧૦૦૦ કરતા વધારે છે. જ્યારે એક કુટુંબની આવક ૫૦૦ થી ૭૫૦ ની વચ્ચે છે. ૦. થી ૨.૫ એકર જમીન ૫ કુટુંબો રુ.૫૦૦ કરતા ઓછી આવકો ધરાવે છે. જમીન વગરના કુટુંબને બાકાત રાખીને ટકાની રીતે જોઇએ તો ૪૨ ટકા કુટુંબોની આવક ૫૦૦ થી ૭૫૦ ના ગ્રુપમાં છે. જ્યારે ૧૮ ટકા કુટુંબો ૧૦૦૦ કરતા વધારે આવક મેળવે છે. ૧૦૦૦કરત ાવધારે આવકના ગ્રૂપમાં ૭.૫ થી ૧૦ એકર જમીન ધરાવનાર કુટુંબોમાંથી એક પણ કુટુંબનો સમાવેશ થતો નથી. જ્યારે ૭.૫ થી ઓછી જમીન ધરાવતા કુટુંબોની આવક રુ. ૧૦૦૦ કરતા વધારે છે. માત્ર ૨ ટકા કુટુંબોની આવક જ રુ. ૨૫૦ કરતા ઓછી છે. જમીનના કદ અને આવક ગ્રુપ વચ્ચે કોઇ વ્યવસ્થિત સંબંધ નથી અને તેનું મુખ્ય કારણ જમીનની આવક સિવાયની આવકોનું મહત્વ.

## નિર્વાહ ખર્ચ

રોંછડીના ગરાસિયાઓનું જીવન સામાન્ય રીતે ખૂબ સાદુ છે. ખોરાક અને તેમાં પણ ખાસ કરીને અનાજ (ધાન્ય) પાછળનું ખર્ચ એ નિર્વાહખર્ચમાં સૌથી વધારે મહત્વનું ખર્ચ છે. સાદી જીંદગીને કારણે તથા ઓછી આવકને કારણે ખોરાક પણ ખૂબ જ હલકી કક્ષાનો (બરછટ ધાન્યો) હોય છે. ખાસ કરીને મકાઇએ ખોરાકનું અગત્યનું ધાન છે. તેના રોટલા, રાબ, તથા અન્ય ચીજો બનાવીને ખાય છે. ઘઉં તથા ચોખાનો ઉપયોગ ભાગ્યે જ કરે છે. તહેવારમાં પણ મકાઇના લોટનું ચૂરમું બનાવે છે. તેમના કુલ ખર્ચના

કોઠો-૯

૫૭.૭ ટકા ખર્ચ અનાજ પાછળનું છે. અનાજ તથા અન્ય ખોરાકી વસ્તુઓ પાછળ ખર્ચ નીચે પ્રમાણે છે.

| વિગત | કુલ નિર્વાહ ખર્ચના ટકા | સરેરાશ કુટુંબ દીઠ |
|---|---|---|
| (૧) અનાજ | ૫૭.૭ | ૩૯૯.૯ |
| (૨) શાકભાજી | ૧.૮ | ૧૨.૬ |
| (૩) માંસ, ઈંડા વગેરે | ૧.૯ | ૧૨.૯ |
| (૪) દૂધ અને ઘી | ૪.૭ | ૩૨.૪ |
| (૫) ખાંડ | ૦.૮ | ૫.૪ |
| (૬) ગોળ | ૨.૬ | ૧૭.૬ |
| (૭) તેલ | ૨.૭ | ૧૭.૯ |
| (૮) ચા-કોફી | ૦.૯ | ૬.૧ |
| (૯) મસાલા | ૩.૪ | ૨૩.૧ |
| | ૭૬.૫ ટકા | ૫૨૭.૯ |

કુલ ખર્ચના ૭૬.૫ ટકા ખર્ચ તો માત્ર ખોરાકી ચીજ વસ્તુઓ પાછળ જ થાય છે. અને તેમાં પણ દૂધ-ઘી, શાકભાજી, ખાંડ, તેલ વગેરે મહત્વની ચીજવસ્તુઓ પાછળનું ખર્ચ તો ખૂબ જ ઓછું છે. શાકભાજી પાછળ થતો ખર્ચ માત્ર ૧.૮ ટકા છે જ્યારે સરેરાશ કુટુંબદીઠ તે ખર્ચ ૧૨.૬ રુ. નો છે. એટલે રોજનો કુટુંબદીઠ શાકભાજી પાછળનો ખર્ચ



૩.૩ ન.પૈ. છે. અનાજ પાછળ થતું ખર્ચ કુટુંબદીઠ સરેરાશ રુ.૩૯૯.૯ નું છે. એટલે કે રોજનું કુટુંબદીઠ ૧.૦૯ રુ.નું અનાજનું ખર્ચ થાય. દૂધ-ઘી પાછળ થતું ખર્ચ ૪.૭ ટકા છે પરંતુ આમાં ઘરનું દૂધ જ ખોરાકમાં વપરાશમાં આવે છે. ઘી તો ભાગ્યે જ કોઇ કુટુંબ પોતાના ખોરાકમાં વાપરે છે. વારતહેવારે પણ ઘી વાપરવામાં આવતું નથી. શાકભાજીમાં તેલની જરુર રહે છે પણ જ્યારે તેલ લાવવા માટે પૈસા ન હોય ત્યારે તે શાકભાજી પણ બાફીને બનાવે છે. આખા વર્ષનું તેલ પાછળનું ખર્ચ કુટુંબદીઠ માત્ર ૧૭.૯ રુ.નું છે. જે ખૂબ જ ઓછું ગણાય. ચા-કોફીનો વપરાશ બધા કુટુંબોમાં થતો નથી. આથી તે પાછળનો ખર્ચ ખૂબ ઓછો હોય છે. મસાલામાં, મરચુ, મીઠું અને લસણનો ઉપયોગ વધારે પ્રમાણમાં કરે છે. સારી જાતના મસાલા વાપરતા નથી, (જેવા કે ધાણા જીરુ મરી વગેરે) દરરોજ મકાઇના રોટલા સાથે મરચાની ચટણી હોય જ. ખાસ કરીને દળેલુ મરચુ વાપરતા નથી. પણ આખા મરચા, મીઠુ અને લસણને ભેગા કરી રોજેરોજ જરુર જેટલા વાટી તેની ચટણી બનાવે છે અને તે દાળશાકમાં પણ નાખે છે.

માંસાહારી ખરા પણ માંસ મોંઘુ પડતું હોવાને કારણે રોજના ખોરાકમાં માંસનો ઉપયોગ કરતા નથી. વારતહેવારે યા તો કોઇ બાધા માનતા હોય ત્યારે જ માંસનો ઉપયોગ કરે છે. મરઘાની સંખ્યા ખૂબ ઓછી હોવાથી ઈંડા તથા મરઘા પણ ખોરાકમાં જવલ્લેજ હોય છે. નજીકના વિસ્તારમાં માછલા પકડવાની કોઇ સગવડ નહી હોવાથી માછલીનો પણ ખોરાક તરીકે ઉપયોગ કરતા નથી.

ખાંડ કરતા ગોળનો ઉપયોગ વધારે કરે છે. તેનું મુખ્ય કારણ ખાંડ રેશનીંગમાં મળે છે અને એકી સાથે લેવી પડે છે, તે માટેના પૈસા એકી સાથે તેમની પાસે હોતા નથી. જ્યારે ગોળનો વપરાશ જ્યારે જરુર પડે ત્યારે તે પૂરતો જ લાવીને કરે છે. આથી ગોળ

કરતા રેશનિંગમાં મળતી ખાંડ સસ્તી હોવા છતાં તેઓ વધારે પ્રમાણમાં ગોળનો ઉપયોગ કરે છે.

નિર્વાહખર્ચ ઉપરથી જીવનધોરણનો સ્પષ્ટ ખ્યાલ મેળવી શકાય છે. કુલ ખર્ચમાં ખોરાક પાછળ ના ખર્ચની ટકાવારી ઓછી હોય અને અન્ય ચીજો પાછળની ખર્ચની ટકાવારી વધારે હોય તો જીવનધોરણ ઉંચું છે તેમ અર્થશાસ્ત્રની પરિભાષામાં કહી શકાય અને તેમાં પણ ખોરાક પાછળ થતા કુલ ખર્ચમાંથી દૂધ, ઘી, ખાંડ, તેલ, શાકભાજી વગેરે પાછળનું ખર્ચ વધારે હોય તો જીવનધોરણ ઉંચું છે એમ કહી શકાય. આ અને અન્ય રીતે તપાસતા રોહિડાના ગરાસિયાઓનું જીવનધોરણ ખૂબ જ નીચું ગણી શકાય. (ટેબલ માટે જુઓ પાન નં. ૩૫)

જમીનના કદ પ્રમાણે તથા આવકગ્રુપ પ્રમાણે ખોરાક પાછળની વસ્તુઓનું ખર્ચ તપાસીએ તો જણાશે કે અનાજ પાછળનું સૌથી વધારે ખર્ચ ૧૦ એકરથી વધુ જમીન ધરાવતા વર્ગમાં થાય છે. જે કુલ નિર્વાહખર્ચના ૬૮.૧ ટકા નું છે. આ વર્ગનું ખોરાક પાછળ થતું કુલ ખર્ચ ૮૩.૨ ટકાનું છે. શાકભાજી, માંસ વગેરે પાછળ થતો ખર્ચ દરેક ગ્રુપમાં લગભગ સરખો છે. અને આ ખર્ચ કુલ નિર્વાહખર્ચના ૧.૫ થી ૨ જેટલો થાય છે. દૂધ-ઘી પાછળનું ખર્ચ સૌથી વધારે ૫ થી ૭.૫ એકર જમીન ધરાવતા ગ્રુપમાં આવે છે જે કુલ નિર્વાહખર્ચના ૫.૫ ટકા છે. ખોરાકી અન્ય ચીજવસ્તુઓ પાછળ થતા ખર્ચના ટકાવારીમાં ખાસ ફેર નથી.

આવકના કદ પ્રમાણે તપાસીએ તો ૦ થી ૨૫૦ ની આવક ધરાવતા કુટુંબોનું માંસ, દૂધ-ઘી, ખાંડ, ચા, કોફી વગેરે પાછળનું ખર્ચ બિલકુલ નથી. જ્યારે બીજા આવક ગ્રુપોમાં વધતું જતું ઓછું આ ચીજવસ્તુઓ પાછળનું ખર્ચ થયેલું છે.

 કોઠો-૧૦

Sizewise household expenditure for famil

| size | ખોરાક | શાકભાજી | માંસ-ઈંડા | દૂધ-ઘી | ખાંડ | ગોળ | તેલ | ચા-કોફી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૨૯૬.૭ | ૧૦.૦ | ૧૧.૭ | ૨૦.૦ | ૩.૪ | ૧૩.૯ | ૧૮.૨ | ૪.૯ | ૫૨૦.૮ |
| ૨.૫થી૫ | ૩૩૫.૯ | ૧૧.૨ | ૧૨.૬ | ૨૯.૭ | ૪.૭ | ૧૬.૯ | ૧૬.૩ | ૭.૨ | ૬૩૨.૪ |
| ૫થી૭.૫ | ૪૮૦.૦ | ૧૩.૭ | ૧૧.૦ | ૪૨.૫ | ૮.૮ | ૧૭.૪ | ૧૯.૯ | ૪.૪ | ૭૭૭.૩ |
| ૭.૫થી ૧૦ | ૪૯૬.૫ | ૧૬.૨ | ૧૪.૭ | ૪૨.૫ | ૮.૮ | ૨૩.૨ | ૨૨.૮ | ૭.૦ | ૮૯૨.૧ |
| ૧૦થી ૧૫ | ૫૪૩.૨ | ૧૭.૬ | ૧૦.૦ | ૪૦.૫ | ૨.૭ | ૧૭.૬ | ૯.૭ | ૪.૨ | ૭૬૮.૨ |
| ૧૫થી વધુ | ૬૦૪.૭ | ૧૬.૬ | ૨૬.૬ | ૪૩.૩ | ૬.૭ | ૨૫.૦ | ૨૪.૦ | ૧૦.૭ | ૯૭૭.૭ |
| જમીન વગર | ૨૩૫.૦ | ૫.૦ | ૧૦.૦ | ૫.૦ | - | ૧૫.૦ | ૧૨.૦ | - | ૩૫૪.૦ |
| કુલ | ૩૯૯.૯ | ૧૨.૬ | ૧૨.૯ | ૩૨.૪ | ૫.૪ | ૧૭.૬ | ૧૭.૯ | ૬.૧ | ૬૬૧.૪ |

## SIZE WISE HOUSEHOLD EXPENDITURE PER FAMILY

| Size | મસાલા | બીડી-તમાકુ | બળતણ | શિક્ષણ | કપડા-જોડા | સામાજિક-ધાર્મિક | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦થી ૨.૫ | ૨૦.૦ | ૧૭.૦ | ૪.૪ | - | ૮૬.૭ | ૩.૫ | ૧૦.૪ | ૫૨૦.૮ |
| ૨.૫થી ૫ | ૨૩.૪ | ૨૩.૭ | ૬.૬ | ૦.૧ | ૯૬.૩ | ૭.૫ | ૪૦.૩ | ૬૩૨.૪ |
| ૫ થી ૭.૫ | ૨૫.૦ | ૨૫.૬ | ૮.૪ | ૬.૫ | ૧૦૫.૦ | ૨.૫ | ૬.૬ | ૭૭૭.૩ |
| ૭.૫ થી ૧૦ | ૨૭.૫ | ૨.૧ | ૬.૦ | - | ૧૨૫.૦ | ૫૫.૮ | ૧૭.૦ | ૮૯૨.૧ |
| ૧૦ થી ૧૫ | ૧૮.૨ | ૧૪.૭ | ૬.૬ | - | ૯૮.૭ | ૭.૫ | ૭.૦ | ૭૯૮.૨ |
| ૧૫ થી વધારે | ૨૬.૭ | ૨૬.૭ | ૧૦.૦ | - | ૧૩૫.૦ | ૬.૬ | ૧૫.૦ | ૯૭૭.૭ |
| જમીન વગર | ૨૦.૦ | ૧૫.૦ | ૨.૦ | - | ૩૦.૦ | - | ૫.૦ | ૩૫૪.૦ |
| કુલ | ૨૩.૧ | ૨૨.૬ | ૬.૪ | ૧.૧ | ૧૦૦.૪ | ૧૧.૪ | ૨૧.૭ | ૬૯૧.૫ |



| | ખોરાક | શાકભાજી | માંસ-ઈંડા | દૂધ-ઘી | ખાંડ | ગોળ | તેલ | ચા-કોફી | કુલ (ટકા) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૫૭.૧ | ૧.૯ | ૨.૨ | ૩.૮ | ૦.૭ | ૨.૭ | ૩.૫ | ૦.૯ | ૧૦૦ |
| ૨.૫ થી ૫ | ૫૩.૧ | ૧.૮ | ૨.૦ | ૪.૭ | ૦.૭ | ૨.૭ | ૨.૬ | ૧.૧ | ૧૦૦ |
| ૫ થી ૭.૫ | ૬૧.૭ | ૧.૮ | ૧.૪ | ૫.૫ | ૧.૧ | ૨.૨ | ૨.૬ | ૦.૬ | ૧૦૦ |
| ૭.૫ થી ૧૦ | ૫૫.૬ | ૧.૮ | ૧.૬ | ૪.૯ | ૧.૦ | ૨.૬ | ૨.૫ | ૦.૮ | ૧૦૦ |
| ૧૦ થી ૧૫ | ૬૮.૧ | ૨.૨ | ૧.૩ | ૫.૧ | ૦.૩ | ૨.૨ | ૧.૨ | ૦.૫ | ૧૦૦ |
| ૧૫ થી વધારે | ૬૧.૮ | ૧.૭ | ૨.૭ | ૪.૪ | ૦.૭ | ૨.૬ | ૨.૫ | ૧.૧ | ૧૦૦ |
| જમીન વગર | | ૧.૬ | ૨.૮ | ૧.૪ | - | ૪.૨ | ૩.૪ | - | ૧૦૦ |
| કુલ | ૫૭.૮ | ૧.૮ | ૧.૯ | ૪.૭ | ૦.૮ | ૨.૬ | ૨.૬ | ૦.૯ | ૧૦૦ |

| | મસાલા | બીડી-તમાકુ | બળતણ | શિક્ષણ | કપડાં-જોડા | સામાજિક-ધાર્મિક | અન્ય | કુલ (ટકામાં) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૩.૮ | ૩.૩ | ૦.૮ | - | ૧૬.૬ | ૦.૭ | ૨.૦ | ૧૦૦ |
| ૨.૫ થી ૫ | ૩.૭ | ૩.૮ | ૧.૦ | - | ૧૫.૨ | ૧.૨ | ૬.૪ | ૧૦૦ |
| ૫ થી ૭.૫ | ૩.૨ | ૩.૩ | ૧.૧ | ૦.૮ | ૧૩.૫ | ૦.૩ | ૦.૯ | ૧૦૦ |
| ૭.૫ થી ૧૦ | ૩.૦ | ૩.૩ | ૦.૭ | - | ૧૪.૦ | ૬.૩ | ૧.૮ | ૧૦૦ |
| ૧૦ થી ૧૫ | ૨.૩ | ૧.૮ | ૦.૮ | - | ૧૨.૪ | ૦.૯ | ૦.૯ | ૧૦૦ |
| ૧૫ થી વધુ | ૨.૭ | ૨.૭ | ૧.૦ | - | ૧૩.૯ | ૦.૭ | ૧.૫ | ૧૦૦ |
| જમીન વગર | ૫.૬ | ૪.૨ | ૩.૯ | - | ૮.૫ | - | ૧.૪ | ૧૦૦ |
| કુલ | ૩.૪ | ૩.૩ | ૦.૯ | ૦.૧ | ૧૪.૪ | ૧.૭ | ૩.૧ | ૧૦૦ |



## કપડાં

નિર્વાહ ખર્ચમાં ખોરાક પછી મહત્વની જરુરિયાત કપડાંની ગણી શકાય. પહેલાં ગરાસિયા આદિવાસીઓ કયા કયાથી ચલાવતા હશે તે અંગે કોઇ ચોક્કસ ખ્યાલ મળ્યા નથી. પણ હાલમાં ગરાસિયા કુટુંબોમાં કપડાં પાછળનો ખર્ચ વધવા પામ્યો છે. અને તેમાં પણ સ્ત્રીઓ પાછળ થતો કપડાંનો ખર્ચ વધારે છે. પુરુષો પણ ટૂંકી બાયનું ખમીસ, ટૂંકી પોતડી તથા માથે લૂગડાનો કકડો બાંધતા થયા છે. બાળકોને ઓછાં કપડાં હોય તો ચાલે. બધાની રીતે તપાસીએ તો રોંછડીમાં કપડા પાછળ થતો ખર્ચ કુલ નિર્વાહ-ખર્ચના ૧૪.૪ ટકા નો છે. એટલે કે કુલ ખર્ચનો ૧/૭ ભાગનો ખર્ચ કપડાં પાછળ થાય છે. એટલે કે રુ.માં તપાસીએ તો કુટુંબદીઠ સરેરાશ રુ.૧૦૦.૪ નો છે. એટલે કે કુલ ખર્ચનો ૧/૭ ભાગનો ખર્ચ કપડા પાછળ થાય છે. અનાજ પછીનું મહત્વનું ખર્ચ કપડાનું છે. ભીલ આદિવાસી (ખાસ કરીને દાહોદ) તથા નાયકા (દેવગઢબારીયા) કરતા ગરાસિયાઓનો કપડાં પાછળનો ખર્ચ વધારે છે. તેનું મુખ્ય કારણ તેમની સ્ત્રીઓનો પોશાક જ ગણી શકાય. વળી અંબાજી સાથેના રોજના સહેવાસને કારણે પણ તેમની સ્ત્રીઓનો પહેરવેશ ઉપર અસર થઇ છે, અને તેને કારણે પણ કપડાં પાછળનો ખર્ચ પ્રમાણમાં વધારે થાય છે.

## તમાકુ-દારુ

દારુ પાછળ થતું ખર્ચ ચોક્કસપણે જાણવા મળતું નથી. જ્યારે તમાકુ પાછળ થતું ખર્ચ જાણી શકાય છે. રોંછડીમાં કુલ ખર્ચના ૩.૩ ટકા જેટલો ખર્ચ તમાકુ પાછળ કરવામાં આવે છે. એટલે કે કુટુંબદીઠ સરેરાશ રુ.૨૨.૧ નો ખર્ચ, શાકભાજી

માંસ, ઇંડા, ખાંડ, ગોળ, તેલ, ચા વગેરે પાછળ થતા ખર્ચ કરતા વધારે છે.

બળતણ– દિવાસળી પાછળ થતો ખર્ચ કુટુંબદીઠ માત્ર ૬.૪ રૂ. નો છે. આનું મુખ્ય કારણ બળતણ પાછળ તો તેમને કોઇ ખર્ચ કરવો પડતો નથી. જ્યારે દિવાસળી માટે કેરોસીનનો ખર્ચ કરવો પડે છે. બળતણ માટેના લાકડા તો જંગલમાંથી જરુર પૂરતા મળી રહે છે.

શિક્ષણની પાછળ થતો ખર્ચ સૌથી ઓછો છે. કુટુંબદીઠ માત્ર રૂ.૧.૧ નો ખર્ચ શિક્ષણ પાછળ હોય છે. એટલે કે કુલ નિર્વાહ ખર્ચના ૦.૧ ટકાનો ખર્ચ શિક્ષણ પાછળ કરવામાં આવે છે. શિક્ષણ પાછળ ખર્ચ નહિ થવાનું કારણ ગામમાં શિક્ષણ લેતા બાળકોનું પ્રમાણ ખૂબ જ નજિવું છે. ગામમાં ચાર ધોરણની શાળા છે. પણ ભાગ્યે જ કોઇ બાળક શિક્ષણમાં માટે શાળામાં જતું હોય. વધુ અભ્યાસ માટે અંબાજીમાં બધી જ સગવડ છે પણ ચાર ધોરણનો અભ્યાસ જ કરાવી શકાય તેમ ન હોય તો પછી વધારે અભ્યાસની તો વાત જ કયા કરવી. ૧૯૭૧ના સેન્સસ પ્રમાણે કુલ ૨૬૧ની વસ્તીમાંથી લખી-વાંચી શકે તેવા માણસોની સંખ્યા ૧૦ હતી, એટલે કે કુલ વસતિના ૪ ટકા જેટલી વસતિ લખી વાંચી શકતી હતી. અંબાજી તદ્દન નજિક હોવા છતાં પણ તેનો યોગ્ય લાભ રોંછડીના ગરાસિયાઓ લઇ શકયા નથી.

દવાદારુ, સાબુ, દિવાસળી, તથા અન્ય ખર્ચ, કુલ ખર્ચના ૩.૧ ટકાનું છે. જ્યારે સામાજિક–ધાર્મિક ખર્ચ, કુલ ખર્ચના ૧.૭ ટકા છે. સામાજિક ખર્ચનો આધાર તો જે તે વર્ષમાં થયેલ લગ્નો પર આધાર રાખે છે. વર્ષ સારું હોય તો આવા પ્રસંગો વધારે થાય. અને ખર્ચ વધારે આવે, વર્ષ નબળું હોય તો આ ખર્ચનું પ્રમાણ ઓછું હોય યા ન પણ હોય.



ટૂંકમાં કુટુંબની રોજની માથાદીઠ આવક ૪૨ ન.પૈ. ની અને માથાદીઠ નિર્વાહ-ખર્ચ ૪૧.૨ ન.પૈ.નું છે. એટલે કે આવક જેટલો જ નિર્વાહખર્ચ છે. આવકનું સાધન મર્યાદિત હોઇ સ્વાભાવિક રીતે જ જીવનધોરણ નીચું છે.

આપણે જોયું તેમ રોંછડીમાં નિર્વાહખર્ચમાં ખોરાક તથા કપડા પાછળનું ખર્ચ મહત્વનું છે, જ્યારે શિક્ષણ, મનોરંજન, દવા, વાહનવ્યવહાર, બળતણ, દિવાસળી, વગેરે પાછળ થતું ખર્ચ બિલકુલ નથી. યા તો ખૂબ જ ઓછું છે. આ જ બતાવે છે કે રોંછડીનું જીવનધોરણ ખૂબ જ નીચું છે.

<u>કોઠો-૧૧</u>

કુટુંબદીઠ આવક, ખર્ચ તથા દેવું

| જમીનનું કદ (એકરમાં) | કુલ આવક (રૂ.) | નિર્વાહખર્ચ (રૂ.) | કુલ દેવું (રૂ.) |
|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૫૩૭.૧ | ૫૨૦.૮ | ૮૦.૦૦ |
| ૨.૫ થી ૫.૦ | ૬૨૦.૫ | ૬૩૨.૪ | ૧૩૩.૦૦ |
| ૫.૦ થી ૭.૫ | ૯૦૨.૫ | ૭૭૭.૩ | ૧૭૪.૦૦ |
| ૭.૫ થી ૧૦.૦ | ૭૭૩.૩ | ૮૯૨.૧ | ૨૨૦.૦ |
| ૧૦.૦ થી ૧૫.૦ | ૮૩૯.૫ | ૭૯૮.૨ | ૨૬૩.૩૦ |
| ૧૫ થી વધારે | ૧૧૭૨.૩ | | ૨૫૬.૫૦ |
| જમીન વગરના | ૩૫૦.૦ | ૩૫૪.૦ | ૧૬૦.૦૦ |
| કુલ સરેરાશ | ૭૧૦.૭ | ૬૯૧.૫ | ૧૮૬.૬૦ |

કુલ સરેરાશ કુટુંબદીઠ આવક રુ.૭૧૦.૭ ની છે. જ્યારે કુટુંબદીઠ સરેરાશ નિર્વાહખર્ચ રુ.૬૯૧.૫ નું છે. એટલે કે આવક કરતા કુટુંબદીઠ નિર્વાહખર્ચ રુ.૧૯.૨ નું છે. જો કે બધા જ કુટુંબોમાં આવક કરતા તે ઓછું છે, તેવું નથી. સરેરાશ કુટુંબદીઠ દેવું રુ.૮૬.૬ નું છે. આમ સરેરાશ કુટુંબદીઠ આવક કરતા ૧/૪ ભાગનું કુટુંબદીઠ દેવુ છે. દેવા અંગે વિસ્તૃત માહિતી પાછળ જોઇશું.

રોછડીના ગરાસિયાઓનું નિર્વાહખર્ચ આગળ આપણે જોઇ ગયા અને તેના પરથી તેમના જીવનધોરણનો ખ્યાલ મેળવ્યો, હવે તેમની ઘરવખરીની ચીજો અંગેની માહિતી જોઇએ.

<u>કોઠો-૧૨</u>

ઘરવખરીની ચીજો ધરાવતા કુટુંબો (ટકામાં)

| વાસણ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કલાઇ | એલ્યુમીનીઅમ | પિત્તળ | તાંબુ | માટી | કાંસુ | અન્ય ધાતુ |
| ૩૭.૨ | ૬૨.૭ | ૮૪.૩ | ૪.૦ | ૧૦૦ | ૩૩.૩ | ૧૩.૭ |

ઉપરનું ટેબલ જોતાં જણાય છે કે દરેક કુટુંબમાં થોડા વધતા પ્રમાણમાં ધાતુના વાસણો હોય છે. એટલે કે સંખ્યાની રીતે જોઇએ તો ધાતુના વાસણો ખૂબ ઓછા હોય છે. પિત્તળ જેવી ધાતુના વાસણો ૮૪.૩ ટકા કુટુંબો ધરાવે છે, જ્યારે કલાઇ, એલ્યુમીનીઅમ અને કાંસુ અનુક્રમે ૩૭.૨ ટકા, ૬૨.૭ ટકા અને ૩૩.૩ ટકા કુટુંબો ધરાવે છે. માટીના વાસણો દરેક કુટુંબ પાસે છે અને આ વાસણો એ તેમનું મહત્વનું ઘરવખરીનું સાધન છે. માટીના વાસણો પાણી ભરવા માટે, રસોઇ કરવા માટે તથા તૈયાર થયેલ રસોઇ ખાવા



માટે વપરાતા હોય છે. બીજી ધાતુના વાસણોની સંખ્યા એટલી નજીવી હોય છે કે ઉપરના બધા કામમાં તેનો ઉપયોગ થઇ શકતો નથી. ધાતુના વાસણોમાં એકાદ તપેલી, પવાલુ, મોટો થાળી, વાટકો મુખ્ય ગણાવી શકાય. સ્ટીલ જેવી અગત્યની ધાતુઓ તથા પોલીસ કરેલ પિત્તળનો ઉપયોગ ગામમાં કોઇ પણ કુટુંબમાં થતો નથી. પિત્તળ વાપરનાર કુટુંબોની સંખ્યા ખૂબ વધારે છે. પણ તેમાંથી કોઇ પણ કુટુંબ પાસે પૂરતા પ્રમાણમાં પિત્તળના વાસણો નથી. ટૂંકમાં હજુ પણ આદિવાસી ગરાસિયા મોટેભાગે માટીના વાસણો પર જ આધાર રાખે છે. આ વાસણોની ખરીદી તેઓ અંબાજીમાંથી કરે છે. તેની પાછળ વધારે મૂડીરોકાણ કરવું પડતું નથી. પિત્તળની એક થાળી લાવવા રુ. ૧૦ યા તેના કરતા વધારે ખર્ચ કરવો પડે. ત્યારે તેટલા રુપિયામાં તો વર્ષ પૂરતા માટીના વાસણો આવી જાય.

ઘરવખરીમાં વાસણ પછી મહત્વનું સાધન ખાટલા તથા પથારી (ગાદલાં, રજાઇ, ચોરસા વગેરે) ગણી શકાય. કારણ દિવસનો મોટો ભાગ આરામ માટે પથારીમાં વિતાવવાનો હોય છે. કોઇ પણ કુટુંબ પાસે માટીના યા લાખંડના પલંગ નથી. બધા જ કુટુંબો પાસે વાકડાના કાથી ભરેલ ખાટલા હોય છે. કોઇ પણ કુટુંબ ખાટલા વગર નથી. કેટલાક કુટુંબોમાં એકાદ સારું ગાદલું રજાઇ તથા ચારસો પણ રાખવામાં આવે છે. આનો ઉપયોગ વાર-તહેવારે કે કોઇ મહેમાન-પરોણો આવે ત્યારે જ કરવામાં આવે છે. નહિ તો ખાટલામાં સામાન્ય ગોદડી પાથરી સૂઇ જાય છે. (ફાટી ગયેલ કપડામાંથી બનાવેલ) દરેક કુટુંબ પાસે પૂરતા પ્રમાણમાં ખાટલા હોતા નથી, એટલે ઘરનો વડો યા તો છોકરાઓ ખાટલામાં સૂવે, અને સ્ત્રીઓ ભોંય પર પથારી કરીને સૂઇ રહે છે.

રાંછડીમાં ટેબલ, ખુરશી, કબાટ યા અન્ય લાકડા કે લોખંડનું ફર્નીચર કોઇ પણ કુટુંબ પાસે નથી. તેમ જ રેડિયો, સીવવાનો સંચો, માછલા પકડવાની જાળ, સાયકલ, પ્રાયમસ, બેટરી, પેટી જેવી ચીજવસ્તુઓ પણ કોઇપણ કુટુંબ પાસે નથી. એક કુટુંબ પાસે કાંડા-ઘડિયાળ છે, ૫ કુટુંબો પાસે બંદુક છે, ૧૨ કુટુંબો પાસે કાનસ છે, જ્યારે ૧૬ કુટુંબો ચીમની રાખે છે. ગામમાં કોઇ પણ કુટુંબ પાસે પેટ્રોમેક્ષ નથી. ૫૧ કુટુંબોમાંથી ૮ કુટુંબો પાસે તો અનાજ દળવા માટેની ઘંટી પણ નથી. આમ તેમના જીવન માટે ખૂબ જ મહત્વની અને જરુરી ગણી શકાય તેવી ચીજવસ્તુઓ પણ દરેક કુટુંબ પાસે નથી. બેટરી ખૂબ જ આવશ્યકતા આવા વિસ્તારમાં ગણી શકાય, પણ આગળ જોયું તેમ તે એક પણ કુટુંબ પાસે નથી.

તેમની ઘરવખરીમાં થોડાં માટીના તથા ધાતુના વાસણ, એકાદ બે ખાટલા તથા પથારી, ઘંટી, દીવો વિગેરે ગણી શકાય.

## મિલ્કત

કોઇ પણ સમાજ, કુટુંબ યા વ્યક્તિ માટે મિલ્કત બહુ જ મહત્વની વસ્તુ છે. જમીન, ઘર, ઘરેણા તથા અન્ય ચીજવસ્તુઓમાં મૂડીરોકાણ કરી મિલ્કતોનું સર્જન કરવામાં આવે છે. રાંછડીના ગરાસિયાઓ કે જેમનું જીવન ખૂબ જ સાદુ છે અને આવક પણ ખૂબ ઓછી છે, તેમની પણ જુદા જુદા પ્રકારની મિલકતો છે. જેમાં સૌથી વધારે મહત્વની મિલ્કત જમીન ગણાવી શકાય. જમીન એ ઉત્પાદકીય મિલ્કત છે. તેવી જ રીતે પશુ અને ખેતીના સાધનો પણ ઉત્પાદકીય મિલ્કત ગણી શકાય. સૌથી પ્રથમ તેમની મિલ્કતના સાધનો અને કુટુંબદીઠ કેટલી મિલ્કત છે તે તપાસીએ.



### જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ સરેરાશ મિલ્કત
### કોઠો-૧૩

| જમીનનું કદ | જમીન | મકાન, | પશુ | ખેતીના સાધનો (કૂવા સાથે) | ઝાડ | ઘરવખરી | દાગીના અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૯૮૫.૦ | ૮૬૦.૦ | ૫૮૩.૦ | ૨૫૫.૬ | ૧૫૬.૦ | ૯૦.૦ | ૧૮૪.૦ | ૩૧૧૪.૦ |
| ૨.૫ થી ૫ | ૧૫૬૦.૫ | ૮૦૯.૨ | ૭૩૦.૪ | ૨૬૭.૪ | ૨૧૮.૫ | ૧૦૫.૩ | ૧૯૭.૧ | ૩૮૮૮.૪ |
| ૫ થી ૭.૫ | ૩૩૧૦.૦ | ૧૦૭૫.૦ | ૧૧૯૫.૦ | ૭૮૦.૬ | ૧૭૫.૬ | ૧૨૪.૧ | ૨૬૮.૪ | ૬૯૨૮.૭ |
| ૭.૫ થી ૧૦ | ૩૪૬૬.૬ | ૧૦૫૦.૦ | ૧૧૫૭.૬ | ૧૨૩૭.૬ | ૨૪૧.૬ | ૧૫૧.૮ | ૩૨૨.૫ | ૭૬૨૭.૭ |
| ૧૦થી ૧૫ | ૫૮૭૫.૦ | ૫૩૭.૫ | ૧૨૯૪.૫ | ૯૯૫.૭ | ૨૮૮.૭ | ૧૦૭.૫ | ૨૧૧.૫ | ૯૩૧૦.૦ |
| ૧૫થી વધારે | ૯૨૫૦.૦ | ૧૮૩૩.૩ | ૨૬૧૩.૩ | ૫૮૧.૭ | ૩૨૩.૩ | ૨૪૬.૦ | ૭૪૭.૦ | ૧૫૫૯૪.૬ |
| જમીન વગર | - | ૫૦૦.૦ | - | - | - | ૭૪.૦ | ૫૦.૦ | ૬૨૪.૦ |
| કુલ | ૨૭૦૬.૪ | ૯૨૨.૦ | ૯૬૫.૩ | ૫૩૦.૧ | ૨૦૯.૮ | ૧૧૮.૫ | ૨૫૧.૧ | ૫૭૦૩.૨ |
| ટકા | ૪૭.૫ | ૧૬.૧ | ૧૬.૯ | ૯.૩ | ૩.૭ | ૨.૧ | ૪.૪ | ૧૦૦ |

કુલ મિલકતમાં ૪૭.૫ ટકા મિલ્કત તો માત્ર જમીનની છે. જે વેચીને આવક મેળવી શકાતી નથી. સરેરાશ કુટુંબદીઠ જમીનની કિંમત ૨૭૦૬.૪ રુ.ની છે. કુટુંબ-દીઠ ૬ એકર જમીન છે. એટલે એકરદીઠ જમીનની કિંમત આશરે રુ. ૪૫૧ થાય. જમીનના કદ પ્રમાણે જોઇએ તો જેમ જેમ કદ વધે છે તેમ તેમ કુટુંબદીઠ જમીનની મિલ્કત વધતી જાય છે. અને તેનું મુખ્ય કારણ દરેક કદમાં જમીનમાં વધારો થવાનું છે. જમીન એ મિલકતનું મહત્વનું સાધન હોવાને કારણે ૧૫ એકરથી વધારે જમીન ધરાવતા કુટુંબની કુટુંબદીઠ કુલ સરેરાશ મિલકત રુ. ૧૫૫૯૪.૯ ની છે. જેમાં ૬૦ ટકા જેટલી મિલ્કતતો માત્ર જમીનન જ છે. વિકસિત પ્રદેશોમાં યા તો જે વિભાગમાં જીવનધોરણ ઉંચું હોય તેવા પ્રદેશોમાં જમીન અને ઘરની મિલ્કતનું પ્રમાણ સામાન્ય રીતે સમાન હોય છે. કારણ જમીનની આવક અને તેમાંથી થતી બચતનું મૂડીરોકાણ શરુઆતમાં મકાનો પાછળ કરવામાં આવે છે. રોંછડીમાં કુલ મિલકતના ૧૬.૧ ટકા મિલકત જ મકાનોની છે. આ રીતે મકાનોની કક્ષા ખૂબ જ સામાન્ય ગણી શકાય. મકાનોની સ્થિતિ અંગેનો ચોકકસ ખ્યાલ તો મકાનોના પ્રકારના વર્ગીકરણ દ્વારા જ જાણી શકાય. કુટુંબદીઠ મકાનની મિલ્કત સરેરાશ રુ.૯૨૨ ની છે. જમીનની મિલ્કત કરતા ઘરની મિલ્કત ૧/૩ ભાગની કહી શકાય.

મકાન કરતા પશુની મિલ્કત થોડી વધારે છે. કુટુંબદીઠ સરેરાશ ૯૬૫.૩ રુ. ની કિંમતના પશુઓ છે. એટલે કે કુલ મિલ્કતના ૧૬.૯ ટકા પશુધન છે. પશુઓની સંખ્યા રોંછડીમાં વધારે છે કુલ ૧૮૯. તો ગાય, ભેંસ અને બળદ જ છે. તેનું મહત્વનું કારણ જ્યારે જ્યારે પૈસાની જરુર ઉભી થાય ત્યારે ઢોરવેચીને પૈસા મેળવે છે. ઢોર સિવાય બીજું કોઇ એવું સાધન એમની પાસે નથી કે જે દ્વારા



પૈસા મેળવી શકે. જો કે પશુની જાત ખૂબ હલકી કક્ષાની હોવાથી પશુની સંખ્યા વધારે હોવા છતાં તેની કુલ કિંમત પ્રમાણમાં ઘણી ઓછી છે. પશુની સૌથી વધારે મિલ્કત ૧૫ એકરથી વધુ જમીન ધરાવતા કુટુંબો પાસે છે. જ્યારે ૦. થી ૨.૫ એકર જમીન ધરાવતા કુટુંબો પાસે પશુની મિલ્કત સૌથી ઓછી છે.

ખેતીના સાધનોમી કુટુબદીઠ કિંમત રુ.૫૩૦.૧ છે. પરંતુ તેમાં કૂવાની કિંમત વધારે છે. કૂવા સિવાયના ખેતીના સાધનોની મિલ્કત રુ.૧૦૦ (કુટુંબદીઠ) કતા પણ ઓછી છે. વળી આ મિલ્કત વેચીન તેની કિંમત જેટલા પૈસા મેળવી શકાતા નથી. કુલ મિલ્કતના ૯.૩ ટકા મિલ્કત ખેતીના સાધનોની છે.

ઘરવખરીની મિલ્કત કુટુંબદીઠ ૧૧૮.૫ ની છે. અને કુલ મિલ્કતના ૨.૧ ટકા મિલ્કત તેની થાય છે. દાગીના અને ચીજવસ્તુઓની મિલ્કત ૪.૪ ટકા અને વૃક્ષની મિલ્કત ૩.૭ ટકાની છે. સૌથી ઓછી મિલ્કત જમીન વગરનું કુટુંબ ધરાવે છે. જે રુ. ૬૨૪ ની છે. તેની પાસે ઘર, ઘરવખરીની ચીજો અને દાગીના સિવાયની બીજી કોઇ મિલ્કત નથી.

રોંછડીમા આદિવાસીઓની જુદી જુદી મિલ્કતોમાંથી ખૂબ જ મહત્વની મિલ્કત કે જેના વેચાણથી પૈસા મેળવી શકાય છે, તેવી મિલ્કતની વસ્તુઓમાં પશુ તથા દાગીના ગણી શકાય. કારણ જમીન તો કાયદેસર તેઓ વેચી શકતા નથી. જ્યારે ઘરના વેચાણ દ્વારા પણ પૈસા મેળવી શકાતા નથી. પશુ એક એવી મિલ્કત છે કે જ્યારે જરુર ઉભી થાય ત્યારે તેના ઉંપર ગીરો મૂકીને અથવા તો વેચીને પૈસા મેળવી શકાય. લગ્ન કે અન્ય તહેવારોમાં પણ રોકડ નાણાની સગવડ ન હોય તો નાણાને બદલે વસ્તુ આપીને ચલાવી શકે છે.

કોઠો-૧૫

આવક પ્રમાણે કુટુંબદીઠ દેવુ (            )

| | સાધન | | | | હેતુ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આવક ગ્રુપ | રોકડ | વસ્તુમાં | શાહુકાર | સ.મંડળી | ઘરખર્ચ | સામાજિક | ખેતી | મૂડીરોકાણ | અન્ય | કુલ |
| ૦ થી ૨૫૦ | - | ૩૦.૦ | ૩૦.૦ | - | ૩૦.૦ | - | - | - | - | ૩૦.૦ |
| ૨૫૧-૫૦૦ | ૫૫.૨ | ૯૧.૨ | ૧૪૬.૪ | - | ૧૨૯.૮ | ૧૬.૬ | - | - | - | ૧૪૬.૪ |
| ૫૦૧-૭૫૦ | ૫૮.૩ | ૧૧૫.૫ | ૧૬૯.૪ | ૩.૪ | ૧૬૧.૪ | ૮.૦ | ૪.૪ | - | - | ૧૬૯.૪ |
| ૭૫૧-૧૦૦૦ | ૭૬.૯ | ૧૬૪.૯ | ૨૪૧.૮ | - | ૧૭૩.૧ | - | - | - | - | ૨૪૧.૮ |
| ૧૦૦૦થી વધુ | ૬૨.૫ | ૧૭૭.૫ | ૨૪૦.૦ | ૧.૭ | ૧૭૭.૫ | ૬૨.૫ | - | = | - | ૨૪૦.૦ |
| કુલ | ૬૦.૧ | ૧૨૧.૫ | ૧૮૪.૯ | ૦.૯ | ૧૫૫.૩ | ૧૭.૯ | ૧.૭ | - | ૧૧.૭ | ૧૮૬.૬ |
| ટકા | ૩૨.૨ | ૬૭.૮ | ૯૯.૧ | ૦.૯ | ૮૩.૨ | ૯.૬ | ૦.૯ | - | ૬.૩ | |



કોઠો-૧૪

જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ દેવુ (            )

| | સાધન | | | | હેતુ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જમીનનું કદ | રોકડ | વસ્તુમાં | શાહુકાર | સ.મંડળી | ઘરખર્ચ | સામાજિક | ખેતી | મૂડી રોકાણ | અન્ય | કુલ |
| ૦ થી ૨.૫ | ૩૩ | ૧૦.૦ | ૧૩૩ | - | ૧૧૮.૫ | ૧૪.૫ | - | - | - | ૧૩૩ |
| ૨.૫ થી ૫ | ૬૦.૪ | ૧૧૩.૬ | ૧૭૪.૦ | - | ૧૪૩.૪ | - | - | - | ૩૦.૬ | ૧૭૪.૦ |
| ૫ થી ૭.૫ | ૧૦૮.૩ | ૧૧૧.૭ | ૨૨૦.૦ | - | ૧૩૬.૭ | ૮૩.૩ | - | - | - | ૨૨૦.૦ |
| ૭.૫ થી ૧૦ | ૫૫.૦ | ૨૦૮.૩ | ૨૬૩.૩ | - | ૨૬૩.૩ | - | - | - | - | ૨૬૩.૩ |
| ૧૦ થી ૧૫ | ૯૫.૦ | ૧૫૭.૫ | ૨૩૨.૫ | ૨૦.૦ | ૧૮૨.૫ | ૫૦.૦ | ૨૦.૦ | - | - | ૨૫૨.૫ |
| ૧૫ થી વધારે | - | ૧૬૦.૦ | ૧૬૦.૦ | - | ૧૬૦.૦ | - | - | - | - | ૧૬૦.૦ |
| જમીન વગર | ૫૦.૦ | ૩૦.૦ | ૮૦.૦ | - | ૮૦.૦ | - | - | - | - | ૮૦.૦ |
| કુલ | ૬૦.૧ | ૧૨૧.૫ | ૧૮૪.૯ | ૧.૭ | ૧૫૫.૩ | ૧૭.૯ | ૧.૭ | - | ૧૧.૭ | ૧૮૬.૬ |
| ટકા | ૩૨.૨ | ૬૭.૮ | ૯૯.૧ | ૦.૯ | ૮૩.૨ | ૯.૬ | ૦.૯ | - | ૬.૩ | ૧૦૦ |

## દેવુ

સામાન્ય રીતે એવી માન્યતા છે કે જંગલ વિસ્તારોમાં રહેતા લોકોનું જીવન ખૂબ જ સાદું તથા જરુરિયાતો ખૂબ ઓછી હોવાને કારણે તેમને દેવું કરવાની ખાસ જરૂર રહેતી નથી અને જો કોઇ દેવું હોય તો તે ખૂબ જ ઓછું હોય છે.

રીંછડીના આદિવાસીઓના દેવા અંગેની ચોકકસ માહિતી મેળવવામાં ઘણી મુશ્કેલીઓ રહેલી છે. સામાન્યતઃ તો એમ લાગે કે આટલી ઓછી જરુરિયાતોથી જીવન જીવતી પ્રજાને વળી દેવું કરવાની જરુર પણ શા માટે ઉભી થાય ? તો એમ પણ થાય કે આટલી ઓછી આવક મેળવનાર પ્રજા દેવા વિના જીવી પણ કેવી રીતે શકે. રીંછડીના તપાસમાંથી દેવાઓની જે કંઇ વિગતો મળી છે તે અંગેની આંકડાકીય માહિતી આગળ કોઠામાં આપેલી છે.

પાન ૪૮ અને ૪૯ ઉપર રીંછડીના ગરાસિયાઓના દેવા અંગેની માહિતી આપવામાં આવી છે. પ્રથમ ટેબલમાં જમીનના કદ પ્રમાણે દેવાની માહિતી અને બીજા ટેબલમા આવકના કદ પ્રમાણે દેવાની માહિતી રજૂ કરી છે.

કુલ દેવામાંથી ૬૭.૮ ટકા દેવુ અને ૩૨.૨ ટકા દેવુ રોકડ સ્વરૂપમાં કરેલ છે. આ ઉપરથી કહી શકાય છે કે હજુ પણ મોટાભાગનું દેવું રોકડમાં સ્વરૂપમાં કરવાની ટેવ પડી નથી. મોટે ભાગે તેઓ શાહુકારને ત્યાંથી જરુરી ચીજવસ્તુઓ ઉધાર લાવે છે. પોતાના શાહુકાર પાસે જે ચીજવસ્તુઓ ન મળતી હોય તે ખરીદવા માટે જ તેમને દેવું કરવું પડે છે.



દેવુ કઇ કઇ એજન્સીઓ દ્વારા કરે છે તે હકીકતમાં આ વસ્તુ સ્પષ્ટ જાણવા મળશે. સરકાર તથા સંબંધીઓ પાસેથી તેમને બિલકુલ શાખ મળતી નથી. સહકારી મંડળી હાલમાં કોઇને (રીંછડીમાં) શાખ આપતી નથી. એટલે એક માત્ર શાહુકાર જ તેમની નાણા અંગેની જરુરિયાત પૂરી પાડે છે. સહકારી મંડળી ફડચામાં જવાથી આ ગામમાં તેનું કાર્યક્ષેત્ર રહ્યું નથી. વળી ગામના લોકોને શાહુકાર પ્રત્યે જે વિશ્વાસ છે અને તેની પાસેથી શાખ લેવામાં જે અનુકુળતા છે તેવી અનુકુળતા સહકારી મંડળી કે બીજી કોઇ સરકારી એજન્સીમાં નથી તેમ તેઓ માને છે. શાહુકારને પસંદ કરવાનું મુખ્ય કારણ શાહુકાર એ માત્ર નાણા ધિરનાર વ્યકિત જ નથી પણ સાથે સાથે તે, તે વિસ્તારનો જાણીતો વેપારી છે. તેમને જરુરી ચીજવસ્તુ જેવી કે મીઠું, કેરોસીન, તેલ મસાલા, કાપડ, વગેરે તેમને ત્યાંથી ઉધાર સ્વરૂપમાં મળી રહે છે. જયારે સહકારી મંડળી પાસેથી આ લાભ મળતો નથી. ઘણા લાંબા સમયથી શાહુકાર પાસેથી લે-મુક કરતા હોવાથી તેનામાં વિશ્વાસ પણ પેદા થાય છે. અને કોઇ પણ કામ માટે શાહુકાર પાસેથી શાખ પૂરી પાડવામાં આવતી હોય છે. આ બધા કારણોને લીધે રીંછડીમાં હજુ પણ શાહુકારની પકડ વધારે પ્રમાણમાં રહી છે. કુલ દેવાના ૯૯.૧ ટકા દેવુ તો શાહુકારનું જ છે. આ પરથી શાહુકારના વર્ચસ્વનો સ્હેજે ખ્યાલ આવી શકશે. વ્યાજના દર અંગે તો ખૂબ ચોકકસ માહિતી ઉપલબ્ધ નથી. પણ મોટે ભાગે શાહુકાર ચીજવસ્તુઓ ઉપર જ ભાવ ચડાવીને વેચાણ કરતા હોય છે.

દેવાનો હેતુ જોઇશું તો જણાશે કે મોટા ભાગનું દેવુ બિનઉત્પાદકીય દેવુ છે. કુલ દેવાના ૦.૯ ટકા ખેતી માટે કરવામાં આવ્યું છે. મૂડીરોકાણ પાછળ કોઇપણ જાતનું દેવુ થયું નથી. ૮૩.૨ ટકા દેવુ તો નિર્વાહખર્ચ પાછળ જ કરવામાં આવ્યુ છે.

સરેરાશ કુટુંબદીઠ દેવુ રુ. ૧૮૬.૬ નું છે. જ્યારે વધુમાં વધુ કુટુંબદીઠ દેવુ ૭.૫ થી ૧૦ એકર જમીન ધરાવતા વર્ગમાં રુ.૨૬૩.૩ નું છે.

આવકનાં જૂથ પ્રમાણે દેવુ તપાસીએ તો જેમ જેમ આવકનું ગ્રુપ વધતું જાય છે, તેમ તેમ કુટુંબદીઠ દેવાનું પ્રમાણ પણ વધે છે. જોકે છેલ્લા બે આવક ગ્રુપના કુટુંબદીઠ દેવા વચ્ચે ખાસ ફેર પડતો નથી.



## પ્રકરણ – ૨

### તોરણીયા દસ વર્ષ પહેલાં

તોરણીયા ગામ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં આવેલું બનાસકાંઠા જિલ્લો ગુજરાતની ઉત્તરે આવેલો સરહદી જિલ્લો છે. તેમાં પણ દાંતા તાલુકો રાજસ્થાન રાજ્યની સરહદે આવેલો છે. આખા તાલુકાનો મોટા ભાગ વિસ્તાર પર્વતો અને જંગલોથી છવાયેલો છે. તાલુકાના કુલ ભૌગોલિક વિસ્તારના ૧૯ [illegible] ટકા વિસ્તારમાં જ ખેતી થાય છે. આનું મુખ્ય કારણ તાલુકાનો મોટા ભાગનો વિસ્તાર અરવલ્લીની હારમાળાથી છવાયેલો છે. જ્યાં સપાટ પ્રદેશ હોય ત્યાં જ ખેતી કરી શકાય છે. આ તાલુકામાં આવા સપાટ યા તો ઓછા ઢોળાવવાળા વિસ્તારનું પ્રમાણ ખૂબ જ ઓછું હોવાને કારણે મોટા ભાગનો વિસ્તાર ખેતી માટે ઉપયોગી નથી. ગુજરાતના કુલ ભૌગોલિક વિસ્તારમાંથી ૫૨.૨૨ ટકા વિસ્તાર ખેતી માટે ઉપયોગી છે. જ્યારે બનાસકાંઠા જિલ્લામાં ખેતી હેઠળનો વિસ્તાર ૬૦.૪૫ ટકાનો છે. આ રીતે જોઇએ તો દાંતા તાલુકામાં ખેતી નીચેનો વિસ્તાર ખૂબ જ ઓછો ગણી શકાય. ડાંગ કે જે તાલુકો જંગલોથી છવાયેલો છે ત્યાં પણ ખેતી નીચેનો વિસ્તાર દાંતા કરતા વધારે છે. તાલુકાની દર ચો.માઇલે વસતિ ૧૮૬ માણસોની છે. જિલ્લામાં આ પ્રમાણ ૨[illegible]નું અને રાજ્યમાં ૨૯૦ નું છે. એટલે કે રાજ્ય અને જિલ્લા કરતા દાંતા તાલુકાની દર ચો.માઇલે વસતિ ખૂબ જ ઓછી છે. આદિવાસી વસતિ ધરાવતા સમગ્ર તાલુકાઓમાં અને ડેડિયાપાડા અને ડાંગને બાદ કરતા દર ચોરસમાઇલે ઓછી વસતિ ધરાવતો તાલુકો દાંતા છે. દાંતામાં દર ચોરસમાઇલે વસતિનું પ્રમાણ ઓછું હોવાનું મુખ્ય કારણ તાલુકામાં ખેતી નીચેનો વિસ્તાર ખૂબ જ ઓછો છે. ખેડૂત દીઠ સરેરાશ વાવેતરની ચોખ્ખી જમીનનું પ્રમાણ માત્ર ૧.૬૪ એકરનું છે. વળી બીજા કોઇ ગૃહ ઉદ્યોગો કે ખેતીની

સંપત્તિ પણ નહીં હોવાથી ખેતી સિવાયના ધંધામાં આજિવિકા મળે તેમ નથી. આને કારણે દર ચોરસમાઈલે વસતિનું પ્રમાણ દાંતા તાલુકામાં ઓછું છે. તાલુકામાં કુલ કામ કરતી વસતિનું પ્રમાણ ૪૫.૪ ટકાનું છે. પણ કુલ આદિવાસી વસતિમાંથી કામ કરતી આદિવાસી વસતિનું પ્રમાણ ૫૧.૨૧ ટકાનું છે. જો કે ગુજરાતમાં કુલ આદિવાસી વસતિમાંથી કામ કરતી આદિવાસી વસતિની ટકાવારી ૫૪.૩૪ ની છે. એટલે કે ગુજરાતના કામ કરતા આદિવાસી કરતા દાંતામાં કામ કરતી આદિવાસીની ટકાવારી ઓછી છે. આનું મુખ્ય કારણ દાંતામાં ખેતી હેઠળની જમીન ખૂબ જ ઓછી છે તે છે. તેથી વધારે માણસોને ખેતીમાં કામ મળી શકતું નથી. બીજું જંગલ વિસ્તારમાં મજૂરી કામ તથા અન્ય મજૂરી કામો પણ વિશાળ પ્રમાણમાં મળી રહેતા નથી. આને કારણે કામ કરતી વસતિની ટકાવારી ગુજરાતની સરખામણીમાં તાલુકામાં ઓછી છે. દાંતામાં આદિવાસી પ્રજાનું જીવન ધોરણ ઉચું છે. માટે ઓછા માણસો કામ કરે છે, તેવું નથી. પરંતુ મુખ્ય કારણ તો રોજગારીની તકોનો અભાવ અને તેને કારણે આદિવાસી વસતિમાં કામ કરતી વસતિનું પ્રમાણ રાજય કરતા દાંતામાં નીચું છે. દાંતા તાલુકાની કુલ કામ કરતી વસતિમાંથી ૮૧ ટકા વસતિ ખેતીના ધંધામાં રોકાયેલી છે. જયારે ૨.૪૪ ટકા વસતિ ખેતમજૂરીના ધંધામાં રોકાયેલી છે. ટૂંકમાં તાલુકાની કુલ કામ કરતી વસતિમાંથી ૮૩.૪ ટકા વસતિ તો માત્ર ખેતીના ધંધા ઉપર જ આધાર રાખે છે. બાકીની કામ કરતી વસતિ ગૃહઉધોગ, નોકરી, બાંધકામ વગેરે બીજા ધંધાઓમાં જોડાયેલી છે. તાલુકામાં શિક્ષીત વસતિનું પ્રમાણ માત્ર ૯.૦૫ ટકાનું છે. ગુજરાતની ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષિત વસતિનું પ્રમાણ ૨૪.૯ ટકાનું છે. આમ રાજયની સરખામણીમાં આ તાલુકામાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. તાલુકાની કુલ વસતિમાં ૪૨.૪ ટકા વસતિ આદિવાસી છે. આમ ઓછી ખેતીની જમીન, ખેતી એ જ મુખ્ય



શિક્ષણમાં ખૂબ જ પછાત એવા દાંતા તાલુકાના તોરણીયા ગામના ગરાસિયાઓની આર્થિક સ્થિતિ તપાસીએ.

તોરણીયા ગામ હડાડ પટ્ટામાં આવેલું છે. હડાડ અંબાજી અમદાવાદ (વાયા હિંમતનગર) માર્ગ ઉપર અંબાજીથી ૧૦ માઇલને અંતરે આવેલું છે. હડાડ એ આ વિસ્તારનું મોટુ ગામ ગણાય છે. અને આને કારણે હડાડની આજુબાજુના વિસ્તાર હડાડ પટ્ટાના નામે ઓળખાય છે. દાંતા તાલુકામાં ૧૦૦૦ થી વધુ વસતિ ધરાવતા પાંચગામો છે. જેમાં હડાડનો સમાવેશ થાય છે. હડાડમાં ઠાકરડા, મુસલમાન, વાણિયા, કુંભાર વગેરેની મુખ્ય વસતિ છે. આદિવાસી વસતિનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. ગામમાં જૈન મંદિર પણ છે. અમદાવાદ અંબાજી માર્ગ ઉપર આવેલું હોવાથી બસ વ્યવહારની ઉત્તમ સગવડ આ ગામને મળે છે. વળી ગામ ઉપર બધી જ એકસપ્રેસ બસો પણ ઉભી રહે છે. તોરણીયા જવા માટે હડાડથી ચાલતા જવું પડે છે. ગામ સુધી એપ્રોચ રોડ છે. રસ્તામાં નદી આવે છે. પણ નદીમાં ચોમાસાની ઋતુ સિવાય બિલકુલ પાણી હોતું નથી. નદી ઉપર કોઇ પુલ કે નાળું બાંધેલ નથી. ચોમાસાની ઋતુ સિવાય અંબાજીથી દાંતા બસ સર્વિસ છે. જેનું બસ સ્ટેન્ડ તોરણીયાથી એકાદ ફર્લાન્ગ દૂર છે. આ બસનો લાભ તાલુકાના ઘણાં ગામોને મળે છે. દિવસમાં માત્ર એક જ સમયે માર્ગ ઉપર બસ ચાલે છે. આ સિવાય હડાડથી તો ગુજરાતના કોઇપણ ભાગમાં જવા માટે બસની ખૂબ જ ઝડપી સગવડો છે. ગામથી નજીકનું રેલ્વે સ્ટેશન આબુ રોડ છે. જે રાજસ્થાનમાં આવેલું છે. પોસ્ટ ઓફીસ, પોલીસ સ્ટેશન, એકથી સાત ધોરણની શાળા, સરકારી દવાખાનું અને ચીજવસ્તુની ખરીદી-વેચાણનું બાજાર, સહકારી સ્ટોર તથા સસ્તા અનાજની દુકાન વગેરે હડાડમાં આવેલું છે. તોરણીયા ગામના આદિવાસીઓને આ બધી જ સગવડો નજીકના

નજીકના હડાદ ગામમાંથી મળી રહે છે. આ વિસ્તારમાં કામ કરતા તલાટી અને ગ્રામ-સેવકો પણ હડાદમાં રહેતા હોય છે. તોરણીયા ગામના ગ્રામસેવકનું મુખ્ય મથક હડાદ જ છે. આશ્રમ શાળા ત્યાંથી ૩ માઇલ દૂર આવેલ ચણાલી ગામમાં આવેલી છે.

તોરણીયા ગામની સરહદે તાલુકાના જુદા જુદા ગામો આવેલા છે. જેમાં ઉત્તરે રાળધર અને સંતલપુર, દક્ષિણમાં આવલોઇ, પૂર્વમાં નવાવાસ અને પશ્ચિમે મીરાંવાસ ગામો આવેલા છે. રાળધર અને તોરણીયા ગામની વચ્ચે થઇને મીરાવાસ તરફ પર જવાનો રસ્તો છે. અસલમાં ઉપર જણાવેલ ગામો એ તોરણીયા ગામના ફળિયા હતા. પરંતુ સ્વતંત્રતા પછી ઉપરના ગામો રેવન્યુની રીતે જુદા છે. જો કે ઉપરના બધા જ ગામના લોકો પોતાના ગામને તોરણીયાના નામથી જ ઓળખે છે. અને રાળધર, મીરાવાસ વગેરે ગામના ફળિયા છે, તેમ માને છે. અમેજ્યારે સૌ પ્રથમ હડાદથી તોરણીયા જતા હતા ત્યારે લોકોને સૌ પ્રથમ રાળધર ગામની શરુઆત થાય છે. અમે ગામના લોકોને પૂછ્યું કે, આ કયું ગામ છે ? તો બધા જ લોકોએ જવાબ આપેલ કે તોરણીયા ગામ છે. તેવી જ રીતે સંતલપુર ગામમાં પણ એ જ અનુભવ થયેલો. વહીવટી દૃષ્ટિએ આ બધા ગામો અલગ થયા હોવા છતાં એક જ ગામ હોવાને કારણે તથા ખૂબ નજીક નજીક હોવાને કારણે અને સામાજિક સંબંધો ખૂબ જ ઘનિષ્ટ હોવાને કારણે બધા જ ગામો એ તોરણીયાના પરાં યા ફળિયાં જેવા લાગે છે.

## ગામની વસ્તી તથા કુટુંબો

૧૯૭૧ના સેન્સસ પ્રમાણે ગામની કુલ વસતિ ૩૩૭ની હતી જેમાં ૧૮૧ પુરુષ અને ૧૫૬ સ્ત્રીઓ હતી. પુરુષ વસ્તી કરતા સ્ત્રી વસ્તીનું પ્રમાણ ગામમાં ખૂબ જ ઓછું હતું.



તે વખતે કુલ સંખ્યા ૫૯ ની હતી. કુટુંબનું સરેરાશ કદ ૫.૭ નું હતું. હાલમાં ગામની કુલ વસતિ ૪૪૯ ની છે. એટલે કે ૧૯૭૧ કરતા ૧૯૭૮માં ગામની વસતિમાં ૧૧૨નો વધારો થયો છે. એટલે કે આઠ વર્ષમાં ગામની વસતિમાં ૩૩ ટકાનો વધારો થયો છે. સરેરાશ વસતિ વધારાનો વાર્ષિક દર ૪ ટકા કરતા પણ વધુ છે. ગુજરાત અને દેશના વસ્તી વધારાના દર કરતાં તોરણીયા ગામમાં છેલ્લા આઠ વર્ષમાં વસતિનો જે દર રહ્યો છે તે ખૂબ જ વધારે ગણી શકાય. તપાસ સમયે ગામમાં નવ વર્ષથી નીચેના બાળકોની સંખ્યા ૧૫૭ ની હતી. એટલે કે નવ વર્ષમાં ગામમાં ૧૫૭ કરતા વધારે બાળકોનો જન્મ થયો હોવો જોઇએ. જેમાંથી મરણ પામેલાં બાદ જતા ચોખ્ખો વધારો ૧૧૨નો રહેવા પામ્યો હશે. ૧૯૫૮થી ૧૯૬૮ના દશકામાં ગામ કુટુંબોમાં થયેલા પરિવર્તન પરથી ચોક્કસ ખ્યાલ આવશે કે વસતિમાં કઇ કઇ જગ્યાએ ફેરફાર થયા છે.

| | | |
|---|---|---|
| | ગામની વસતિ (૧૯૫૮માં) | ૩૦૯ |
| + | ૧૯૫૮થી ૧૯૬૮ના દસકામાં નવા જન્મેલ | ૧૫૮ |
| | | ૪૬૭ |
| + | પુત્રના લગ્નથી પત્ની તરીકે આવનાર કે ઘર જમાઇ આવવાથી થયેલ વધારો | ૨૪ |
| + | ૧૯૫૮ થી ૧૯૬૮ના દસકામાં મૃત્યુ પામેલ | ૨૧ |
| | | ૪૭૦ |
| + | પુત્રીના લગ્નને કારણે યા ઘર જમાઇ તરીકે બહાર જવાને કારણે થયેલ ઘટાડો | ૨૧ |
| | | ૪૪૯ |

ઉપર જોયું તે પ્રમાણે ૧૯૫૮માં ગામની વસતિ ૩૦૯ ની હતી. તેમાં નવા જન્મને કારણે તથા પત્ની તરીકે નવી સ્ત્રી આવવાથી અને ઘર જમાઇ તરીકે બહારથી આવીને વસવાથી ૧૮૨નો વધારો થયો. જેનાથી અવસાન થવાથી, પુત્રીઓના લગ્નને કારણે તથા ઘર જમાઇ તરીકે ગામમાંથી છોકરા બહાર જવાને કારણે વસતિમાં ૪૨નો ઘટાડો થયો અને કુલ વસતિ ૪૪૯ ની રહી. બહારથી આવેલ તથા ગામમાંથી ગયેલ પ્રમાણમાં ખાસ તફાવત નથી. પરંતુ મૃત્યુદર કરતા જન્મદર વધારે હોવાને કારણે છેલ્લા દસ વર્ષમાં વસતિમાં ૧૪૦નો વધારો થયો છે. કુટુંબનું કદ પણ આને કારણે ખૂબ વધવા પામ્યું છે. કુટુંબની સંખ્યા ૫૯ અને વસતિ ૪૪૯ની એટલે સરેરાશ કુટુંબનું કદ ૭.૬ નું થયું છે.

## વસતિ અને ખેતી નીચેની જમીન તથા જમીનનો પ્રકાર

૧૯૬૧ની વસતિ ગણતરી પ્રમાણે ગામની કુલ રકબો ૭૧૫ એકર ૧૦ ગુંઠાનો છે. આમાંથી તપાસ સમયે ખેતી નીચેની જમીન ૩૧૫ એકર હતી. એટલે કે ગામના કુલ વિસ્તારના ૪૪ ટકા વિસ્તાર ખેડાણ નીચે હતો અને બાકીનો વિસ્તાર પર્વતોનો તથા ખેતી ન થઇ શકે તેવો હતો. આગળ જોયું તેમ દાંતા તાલુકામાં કુલ વિસ્તારના માત્ર ૧૭.૪ ટકા વિસ્તાર જ ખેતી માટે અનુકુળ છે. આમ દાંતા તાલુકામાં ખેતી નીચેના વિસ્તારનું જે પ્રમાણ છે તેના કરતા તોરણીયા ગામમાં ખેતી નીચેનો વિસ્તાર સારો કહી શકાય. તોરણીયામાં આમ હોવાનું કારણ ગામનો કેટલોક ભાગ તદ્દન સપાટ છે. અને આ સપાટ ભાગ ખેતી માટે અનુકુળ છે. ગામની બે બાજુ ટેકરીઓ આવેલી છે. અને આ ટેકરીઓ ઉપર ગામના લોકોનો વસવાટ છે. જ્યારે જે સપાટ ભાગ



છે ત્યાં ખેતી કરવામાં આવે છે. વળી અહીંયા અરવલ્લીની હારમાળા તૂટક તૂટક છે, અને ઉંચાઇ પણ ખૂબ જ ઓછી છે. હડાદથી તોરણીયા અને તોરણીયાથી સણાલીનો આખો વિભાગ તદ્દન સપાટ છે અને તેની ચારે બાજુ અરવલ્લીની હારમાળા આવેલી છે. આ હારમાળાની વચ્ચે જે ભાગ આવે છે તે બધી જ ખેતી માટે ઉપયોગી છે. અને આથી આ વિસ્તારમાં કુલ વિસ્તારમાંથી ખેતી નીચેના વિસ્તારનું પ્રમાણ વધારે છે.

ગામમાં મુખ્યત્વે બેગડિયા અને બુંબડિયા ગોત્રની વસતિ છે. બંનેના ફળિયા અલગ છે. બેગડીયા ફળિયું એક જ જથ્થામાં વસવાટ કરે છે. ત્યારે બંબુડીયા કુટુંબો બેગડિયા ફળિયાની સામેની ટેકરીઓ પર છૂટક છૂટક ઘર બાંધીને રહે છે. બેગડિયા કુટુંબોની ખેતીની જમીન તદ્દન સપાટ છે, જ્યારે કેટલાંક બંબડિયા કુટુંબોની જમીન થોડી ઢોળાવવાળી છે. ખાસ કરીને ગામના પટેલ તથા તેમના અન્ય ભાઇઓની ઘણી ખરી જમીન ઢોળાવવાળી છે. આમ છતાં પણ એકંદરે ગામની મોટા ભાગની ખેતી નીચેની જમીન તદ્દન સપાટ ગણી શકાય. જમીનની વચ્ચે વચ્ચે નાની ટેકરીઓ આવેલી છે. પણ તેને કારણે ખેતીને કંઇ નુકશાન થતું નથી.

ગામની જમીન ગોરાડુ તથા રેતાળ છે. જમીનમાં પથ્થરનું પ્રમાણ બિલકુલ નથી. જો કે જમીન પાતળી હોવાને કારણે તેમાં ભેજ સંગ્રહની શકિત ખૂબ જ ઓછી છે. તેમ ત્યાંના ખેડૂતોનું માનવું છે. આને કારણે ઓછા પાણીથી થતા પાક જ પકવી શકાય છે. ડાંગર, શાકભાજી, યા બાગાયતની ખેતી તો સિંચાઇના સગવડ સિવાય શકય નથી.

ગામની જમીનની માલિકી ગામના ખેડૂતોની જ છે. અને ગામમાં ગણોતથી ખેતી યા ભાડે કે ભાગેથી ખેતી થતી નથી. કારણ દરેક કુટુંબ પાસે ખૂબ જ ઓછી

જમીન હોવાથી તે જાતે જ પોતાની જમીન ખેડે છે. જેની પાસે ખેડાણના સાધનો યા બળદ ન હોય તેવા ખેડૂતો ભાગે ખેતી કરાવે છે. ગામની જમીનની કિંમત એકરદીઠ સરેરાશ રુ.૮૪૦/- ની છે. પણ અમુક જમીનની કિંમત એકરે રુ.૧૦૦૦ કરતા પણ વધુ છે. ખાસ કરીને જે ખેડૂતો પાસે પિયતનું સાધન હોય યા જે જમીન પર કૂવો હોય તેવી જમીનની એકર દીઠ કિંમત રૂ. ૧૦૦૦ કરતા વધારે ગણી શકાય. જો કે ગામમાં જમીન ખરીદ વેચાણનો બનાવ ભાગ્યે જ બનતો હોય છે. સરકારી કાયદાને લીધે તથા જમીન એ જ આજિવિકાનું સાધન હોવાને લીધે લોકો પોતાની જમીન વેચવા તૈયાર થતા હોતા નથી. જમીનની કિંમતની રીતે જોઇએ તો તોરણીયાગામની જમીનને મીરાંવાસાના તળાવનો ખૂબ જ સારો લાભ મળે છે. આથી પણ ગામની જમીનની કિંમત વધારે ગણી શકાય.

ઉપર કહ્યું કે જમીનમાં ભેજ સંગ્રહની શકિત ખૂબ ઓછી છે અને ગામની જમીન ખૂબ જ પાતળી છે. આ વાત આ વિસ્તારના ઘણો ખેડૂતો પાસેથી જાણવા મળી. આ બાબતની ચોકકસ ખાતરી તો આ વિભાગની જુદી જુદી જમીનની તપાસ કરી તેના પરિણામ ઉપરથી જ કહી શકાય.

અગાળ જોયું તેમ દાંતા તાલુકામાં ખેડૂત દીઠ ખેડાણ જમીનનું ચોખ્ખુ પ્રમાણ સરેરાશ ૧.૬૪ એકરનું છે. તોરણીયા ગામમાં ૫૯ કુટુંબો છે. અને કુટુંબદીઠ જમીનનું પ્રમાણ ૫ એકર ૧૩ ગુંઠા થાય. આમ કુટુંબદીઠ જમીનનું પ્રમાણ તાલુકાના કુટુંબદીઠ જમીનના પ્રમાણ કરતા વધારે છે. પણ વ્યકિતદીઠ જમીનનું પ્રમાણ તપાસીએ તો ખૂબ જ ઓછુ આવે છે. ગામની કુલ ખેડાણ જમીન ૩૧૫ એકર છે. અને કુલ વસતિ ૪૪૯ની છે. એટલે વ્યકિત દીઠ સરેરાશ ૦.૨૮ ગુંઠા આવે છે.



## આબોહવા

ગુજરાતમાં ઉત્તર ગુજરાતની આબોહવા ખૂબ જ વિષમ છે અને તેમાં પણ બનાસકાંઠા જિલ્લો અને તેનો કેટલોક ભાગ રાજસ્થાનની સરહદે જોડાયેલો છે, આ જિલ્લાના કેટલાક તાલુકાઓમાં સખત ગરમી તથા સખત ઠંડી પડે છે. દાંતા તાલુકામાં પણ આબોહવા ખૂબ જ વિષમ છે. જોકે જે ભાગમાં જંગલો આવેલા છે ત્યાં ઉનાળામાં ઉષ્ણતામાનમાં ઠકક હોય છે. તોરણીયા ગામમાં શિયાળાની ઋતુમાં સખત ઠંડી પડે છે અને ઉનાળામાં સખત ગરમી પડે છે. ચોમાસાની ઋતુમાં પણ વરસાદ વગરના દિવસોમાં બફારો ખૂબ જ રહે છે. જોકે ગામની આબોહવા આરોગ્ય માટે ખૂબ અનુકુળ છે. કારણ સૂકી આબોહવાને કારણે શારીરિક સ્વાસ્થ્ય પણ ખૂબ સારું રહે છે. જોકે ઉનાળામાં બપોરે સખત ગરમીને કારણે સખત લૂ વાય છે. અને તેને કારણે ઘરમાં પણ શાંતિથી આરામ લઇ શકાતો નથી. ઝાડ ખૂબ નાના હોવાથી અને ચારે બાજુ ખુલ્લો વિસ્તાર હોવાથી લૂથી ચમણા બાળી નાખે તેવો તાપ પડતો હોય છે. સાંજે જો કે ખુલ્લામાં સુવાની સગવડતા હોય છે. અને તેથી રાત્રે ગરમીમાંથી મુકિત મળી શકે છે. શિયાળામાં સખત ઠંડીને કારણે સવારમાં વહેલા બહાર નીકળવું મુશ્કેલ બને છે. અને રાત્રે પણ ઠંડો પવન ફૂંકાતો હોય છે. તેમના ઘરોને બારણા નહીં હોવાથી તથા ઊંચી ટેકરી પર આવેલ હોવાથી આ ઠંડા પવનોથી રક્ષણ મેળવી શકાતું નથી. જો કે તેઓ તો આ પ્રકારની ગરમી અને ઠંડીથી ટેવાયેલા હોય છે. જેને કારણે ખાસ મુશ્કેલી ભોગવવી પડતી નથી. અમે જ્યારે ઠંડીની ઋતુમાં ત્યાં મુકામ કરેલો ત્યારે અમારી પાસે ઓઢવાનું જે સાધન હતું તે સાધનમાંથી ઠંડીમાં અમે અમારું રક્ષણ કરી શકયા ન હતા અને મોડી રાતના તો સખત ઠંડીને કારણે નિરાંતે ઉંઘ પણ લઇ શકતા નહીં. જ્યારે અમે રહેતા

હતા તે જ મકાનમાં તે ઘરનાં માણસો માત્ર તદ્દન પાતળી ચાદર કે ધોતીયું ઓઢીને સૂઇ શકતા હતા અને છતાં પણ તેમને ઠંડીની કંઇઅસર નહોતી થતી અને નિરાંતથી સવાર સુધી ઉંઘી શકતા.

## વરસાદ

વરસાદની બાબતમાં સમગ્ર ભારતમાં અને તે જ રીતે ગુજરાતમાં ખૂબ જ અનિયમિતતા પ્રવર્તે છે. બનાસકાંઠા જિલ્લાનો જે ભાગ કચ્છના રણની સરહદે આવેલી છે ત્યાં તો દર વર્ષે વરસાદની સખત ખેંચ રહે છે. જ્યારે દાંતા તથા પાલનપુર તાલુકામાં વરસાદ સરેરાશ ૨૦ થી ૨૫ ઈંચ જેટલો આવે છે. આ બે તાલુકાઓને અછતમુકત વિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે. આ તાલુકામાં અરવલ્લીની હારમાળા તથા જંગલો હોવાને કારણે વરસાદનું પ્રમાણ સારું રહે છે. છેલ્લા કેટલાક વર્ષોના વરસાદના આંકડા નીચે પ્રમાણે છે.

કોઠો-૧

| વર્ષ | વરસાદ (ઈંચમાં -પાલનપુર) |
|---|---|
| ૧૯૫૨ | ૨૬ |
| ૧૯૫૩ | ૨૪ |
| ૧૯૫૪ | ૩૩ |
| ૧૯૫૫ | ૨૩ |
| ૧૯૫૬ | ૬૧ |
| ૧૯૫૮ | ૧૫ |
| ૧૯૫૯ | ૪૭ |



| | |
|---|---|
| ૧૯૬૦ | ૧૮ |

જો કે દાંતા તાલુકામાં વરસાદના આંકડા વધુયોગ્ય ગણાય. સામાન્ય રીતે ઉપરના આંકડા જોતાં જણાશે કે ૨૦ ઈંચ કરતા વધારે વરસાદ આ તાલુકાઓમાં પડે છે અને આટલા વરસાદમાં હલકા ધાન્ય, બાજરી, મકાઇ, કઠોળ વગેરે ખેતીના પાકો સારી રીતે થઇ શકે છે. જોકે, ૧૯૭૦માં માત્ર ૧૮ ઈંચ જ વરસાદ નોંધાયો છે. જ્યારે ૧૯૫૬ માં ૬૧ ઈંચ જેટલો ભારે વરસાદ આ તાલુકાઓમાં થયો છે. ડાંગરની ખેતી માટે અહિંની જમીન અનુકૂળ નથી. અને વરસાદ પણ તે માટે અનુકૂળ નથી. આ કારણે આ જિલ્લામાં કુલ વાવેતર નીચેના વિસ્તારમાંથી માત્ર ૦.૨૨ ટકા વિસ્તારમાં જ ડાંગરનું વાવેતર કરવામાં આવે છે. પંચમહાલ અને સાબરકાંઠા જિલ્લાઓ કરતાં પણ બનાસકાંઠા જિલ્લામાં ડાંગરનું વાવેતર ઓછું થાય છે. તેનું મુખ્ય કારણ ઓછો વરસાદ, સિંચાઇની સગવડતાઓનો અભાવ, જિલ્લાનો એક ભાગ કે જેની જમીન રેતાળ જ્યારે બીજો ભાગ કે જેની જમીન પર્વતની હારમાળાથી છવાયેલી. તપાસના ગામ તોરણીયામાં કુલ વાવેતરનો વિસ્તાર ૩૯૦ એકરનો હતો. જ્યારે ડાંગરના વાવેતર નીચેનો વિસ્તાર માત્ર ૨.૫ એકર જ હતો.

તોરણીયામાં સામાન્ય રીતે બે કુટુંબદીઠ એક કુવાનું પ્રમાણ છે. તપાસ વખતે ગામમાં કુલ કૂવાની સંખ્યા ૨૬ની હતી. ગામમાં મોટા ભાગના કૂવા છેલ્લા પાંચેક વર્ષમાં જ થયા છે. હજુ પણ ગામમાં નવા કૂવા ખોદવાનું કામ ચાલુ જ છે. ગામના લોકો વરસાદની અનિયમિતતાને કારણે કૂવાની કિંમત સમજતા થયા છે. ગામમાં ત્રણ કૂવા ખૂબ જ જૂના વખતના છે. જેમાંથી એક કૂવો પાકો બાંધેલો છે અને જેમાં સારા પ્રમાણમાં પાણી છે. ઓઇલ એન્જિન દ્વારા આ કૂવાથી ૨૦ થી ૨૫ એકર જેટલી

જમીનમાં સિંચાઇની સગવડ કરી શકાય તેમ છે. ખરા ઉનાળામાં પણ આ કૂવામાંથી પાણી સૂકાતું નથી. આ સિવાય બીજા કૂવાઓથી પણ બે થી ત્રણ એકર જેટલી જમીનમાં સિંચાઇની સગવડ કરી શકાય તેમ છે. કૂવા કરતા પણ વધુ મહત્વનું સિંચાઇનું સાધન છે. ગામ માટે તળાવ ગણી શકાય. ચોમાસામાં સારો વરસાદ હોય તો તળાવના પાણીથી તોરણી । ગામની બધી જ જમીનમાં શિયાળું વાવેતર કરી શકાય છે. તળાવ ગામની ઉપરવાસમાં આવેલું હોવાથી અને જમીનનો ઢાળ એક જ તરફનો હોવાથી ગામની બધી જ જમીનમાં તળાવનું પાણી કરી શકે છે. પાછળથી જો વરસાદ ખેંચાય તો પણ તળાવના પાણી દ્વારા ચોમાસું પાક બચાવી શકાય છે. ગામની નજીકમાં થઇને નદી પસાર થાય છે. પરંતુ ચોમાસા સિવાય તેમાં પાણી હોતું નથી. વળી આ નદીનો ઢાળ પણ અવળો હોવાથી તોરણીયા ગામ માટે તેના પાણીનો ઉપયોગ શકય નથી. મીરાંવાસાનું તળાવ કે જે તોરણીયા ગામની જમીનની સિંચાઇ માટે ખૂબ મહત્વનું છે. આ તળાવને જાહેર બાંધકામ ખાતા તરફથી બે વર્ષ પહેલા ઉંડું કરાવેલ છે. આથી સારો વરસાદ હોય તો તેમાં પહેલાં કરતા વધારે પાણી રહી શકે અને વધુ જમીનને તે તળાવથી સિંચાઇનો લાભ મળે.

અન્ય કુદરતી સંપત્તિનો લાભ ગામને બિલકુલ નથી. કારણ કોઇ મહત્વની ખનિજ સંપત્તિ ગામ યા નજીકના વિસ્તારમાંથી મળતી નથી. પર્વતો પણ જંગલ વિનાના સૂકા છે. આને કારણે જંગલ ઉત્પાદનમાંથી પણ સાધારણ આવકો જ મેળવી શકાય છે.



## શિક્ષણ

હાલમાં ગામમાં ૪ ધોરણની પ્રાથમિક શાળા છે. ગામના આગેવાન શ્રી રમણભાઇ બેંગડીયાના રહેઠાણની બાજુમાં આ શાળાનું મકાન છે. આ મકાન અરજણભાઇની માલિકીનું છે. મકાનના આગળના ભાગમાં શાળા ચાલે છે, જ્યારે બીજા ખંડમાં અરજણભાઇનો દિકરો વસવાટ કરે છે. અમારા તપાસના સમય દરમિયાન શાળામાં શિક્ષકની હાજરી ખૂબ જ અનિયમિત હતી. છોકરાઓ પણ સમયસર હાજર રહેતા નહીં. શિક્ષક નજીકના ગામમાંથી આવ-જા કરે છે. ૧૯૬૧ના સેન્સસ પ્રમાણે ગામની કુલ વસતિમાંથી (૩૩૭) માત્ર ૧૩ વ્યકિતઓ શિક્ષીત હતી. આમાંથી કોઇપણ વ્યકિત સાત ધોરણથી વધુ અભ્યાસ કર્યો હોય તેવી નહોતી. કુલ વસતિના ૪ ટકા શિક્ષિત વસતિ ૧૯૬૧માં તોરણીયામાં હતી. સમસ્ત ગુજરાતની શિક્ષિત વસતિની સરખામણીમાં અને આદિવાસી શિક્ષિત વસતિનું પ્રમાણ ખૂબ જ ઓછું ગણાય. આ વિસ્તારમાં શિક્ષણ માટે નજિકમાં જ સણાલીની આશ્રમશાળા આવેલી છે. પરંતુ ગામનું ચાર ધોરણનું શિક્ષણ પૂરું કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા જ હાલમાં ખૂબ ઓછી છે. તેથી આગળ અભ્યાસમાં જતાં વિદ્યાર્થીઓનું પ્રમાણ નહિવત્ છે. ખરાબ આર્થિક પરિસ્થિતિને કારણે તથા શિક્ષણની પૂરતી સગવડોના અભાવે અહીંયા શિક્ષણનો યોગ્ય વિકાસ થયો નથી.

## મુખ્ય ધંધા

ગામનો મુખ્ય ધંધો ખેતીનો છે. ૧૯૬૧ના સેન્સસ પ્રમાણે કામ કરતા બધા જ સભ્યો ખેતીના ધંધામાં રોકાયેલા હતા. તપાસ સમયે પણ ગામના બધા જ કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતીનો જ છે. ગામના બધા જ કુટુંબો થોડી ઘણી જમીન ધરાવે છે. ગામની

કુલ આવકના ૭૪ ટકા જેટલી આવક ખેતીના ધંધામાંથી મળે છે. બાકીની આવક અન્ય ગૌણ ધંધા જેવા કે પશુપાલન, મજૂરી, ખેતમજૂરી વગેરેમાંથી મળે છે.

૧૯૬૧ના સેન્સસ પ્રમાણે ગામની કુલ ૩૩૭ની વસતિમાંથી ૧૯૬ કામ કરતી અને ૧૪૭ કામ ન કરતી વ્યક્તિઓ હતી. કુલ વસતિના ૫૮.૨ ટકા વસતિ કામ કરતી અને ૪૧.૮ ટકા વસતિ કામ વગરની હતી. કામ વગરની વસતિમાં બાળકો, પ્રૌઢો તથા અશક્ત વ્યક્તિઓનો સમાવેશ થાય છે. તપાસ વખતે ગામના ૧૦૦ ટકા કુટુંબોનો ધંધો ખેતીનો છે. જ્યારે બનાસકાંઠા જિલ્લામાં ખેતીના સાધનો માં-ધંધામાં રોકાયેલી વસતિની ટકાવારી ૭૧.૫ ની છે. કામ કરતી વસતિની ટકાવારીની દ્રષ્ટિએ તપાસીએ તો ગામમાં આપ્રમાણ ઘણુ વધારે છે. ગામ, દાંતા તાલુકો, બનાસકાંઠા જિલ્લો અને રાજ્યમાં આવેલી કુલ વસતિમાં કામ કરતી વસતિનું પ્રમાણ નીચે પ્રમાણે છે.

કોઠો-૨

| | કુલ વસતિમાં કામ કરતી વસતિ (ટકામાં) |
|---|---|
| ગામ | ૫૮.૨ |
| તાલુકો | ૪૫.૪ |
| જિલ્લો | ૪૫.૩ |
| રાજ્ય | ૪૧.૧ |

ગામમાં કામ કરતી વસતિની ટકાવારી વધારે હોવાનું કારણ કમાવા માટેનું એકમાત્ર સાધન ખેતી છે. આ ધંધામાં બારે માસ પૂરતા પ્રમાણમાં કામ મળતું નથી. આથી ખેતી સિવાયના અન્ય ગૌણ ધંધાઓમાં પણ મજૂરી કરવી પડે છે. વળી ખેતીના ધંધામાં પણ ઘરના કામ કરી શકે તેવા બધાં જ સભ્યો કંઇને કંઇ પ્રકારનું કામ કરતા



હોય છે. આને કારણે રાજ્ય ... કરતા તોરણીયા ગામમાં કામ કરતી વસતિનું ટકાવારી વધારે છે. તેમની ઓછામાં ઓછી જીવન જરુરીયાતની વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે પણ શક્ય તે કામ ધંધામાં પ્રવૃત્ત કરવા પડે છે. ગામમાં આટલી મોટી સંખ્યામાં કામ કરતી વ્યક્તિઓ હોવા છતાં તેમની માથાદીઠ આવકની રીતે તપાસીએ તો આ પ્રમાણ રાજ્યની માથાદીઠ આવકોના પ્રમાણમાં ઘણી નીચી છે. કામ કરતી કોઇપણ વ્યક્તિને બારે મહિના પૂરો સમય કામ મળતું નથી અથવા તેવું ભાગ્યે જ બને છે. ઉનાળાના દિવસોમાં તો તદ્દન કામ ધંધા વિના બેસી રહેવું પડતું હોય છે. જ્યારે શિયાળામાં પણ કેટલોક સમય કામ ધંધા વિનાનો હોય છે. ચોમાસુ મોડુ-વહેલું શરુ થાય તો તે ઋતુમાં પણ વરસાદની શરુઆત સુધી કોઇ પણ પ્રકારનું કામ મળતું નથી. આમ અર્ધબેકારીને પરિણામે માથાદીઠ આવકનું પ્રમાણ તોરણીયામાં નીચું છે.

કુલ કામ કરતી વસતિમાં ૫૪.૫ ટકા પુરુષ વસતિ અને ૪૫.૫ ટકા સ્ત્રીઓનું પ્રમાણ છે. આમ પુરુષોની સાથે સાથે સ્ત્રી પણ કામ કરતી હોવાનું પ્રમાણ સારા પ્રમાણમાં છે. બધી જ સ્ત્રીઓ ખેતીના ધંધામાં કામ કરે છે. એટલે જ્યારે જ્યારે ખેતીના ધંધામાં એક કરતા વધારે વ્યક્તિની જરુર પડે ત્યારે સ્ત્રીઓ પણ મદદરૂપ થતી હોય છે. જેમકે, વાવણી, કાપણી, સિંચાઇ, પાક લેવાના સમયે, નિંદામણમાં, કપાસ વીણવામાં, આ બધા કામોમાં સ્ત્રીઓ મદદ કરતી હોવાથી તેમનો પણ કામ કરતી વસતિમાં સમાવેશ કરવામાં આવે છે. પણ ખરેખર તો વર્ષના કુલ દિવસોમાં આ પ્રકારના કામના દિવસોનું પ્રમાણ ખૂબ ઓછું છે. તેથી સ્ત્રીઓની રોજગારી તો ખૂબ જ ઓછા સમયની રોજગારી ગણી શકાય. જોકે કોઇ વખત મજૂરીના કામો મળી આવે તો સ્ત્રીઓ તેવાં કામો માટે જતી હોય છે. પશુ માટે ઘાસચારો લાવવાનું કામ પણ સ્ત્રીઓ કરે છે.

આ વિસ્તારમાં જાલ વિસ્તાર નહીં હોવાથી તથા અન્ય કોઇ કામ આવે તેવી પ્રવૃત્તિ ઉનાળાની મોસમમાં નહીં હોવાને કારણે ગામમાંથી કામ કરી શકે તેવા મોટા ભાગના લોકોને કામ વગરના બેસી રહેવું પડે છે. આ વિસ્તારમાં જે કાંઇ કામો શરુ થાય છે તે પણ વિસ્તારના સમગ્ર લોકોને કામ આપી શકે તેવા હોતા નથી. વળી આવા કામો દર વર્ષે નિયમિત મળી આવતા નથી. અમારી તપાસ સમયે (શિયાળામાં) ગામમાં ઘણા કુટુંબોના યુવાન છોકરા તથા સ્ત્રીઓ કામ વગર આળસમાં સમય પસાર કરતા હતા. સરકાર દ્વારા કોઇ કામ શરુ કરવામાં આવે તો રોજગારી મેળવી આવક મેળવી શકાય તે માટે તેઓ આતુર હતા. કોઇ અમલદાર આવે તો સૌ પ્રથમ તો એમને એમ જ થાય કે આપણા વિસ્તારમાં કામ શરુ કરવાના હશે માટે અમલદાર ખબર કરવા આવ્યા હશે. આમ કામ ક્યારે મળે તેની કાગને ડોળે રાહ જોઇ રહ્યા હતા, અને આવું તો દર વર્ષે બનતું હોય છે.

ખાસ નોંધવાપાત્ર હકિકત તો એ છે કે, સ્વરાજ્ય પ્રાપ્ત કર્યાને બાવીસ વર્ષો વીત્યા બાદ ગામમાં ધંધાકીય પરિવર્તન બિલકુલ થયું નથી. આજથી વીસ વર્ષ પહેલાં પણ ગામમાં બધા જ લોકો ખેતી ઉપર આધાર રાખતા હતા અને આજે પણ જીવન જીવવા માટેનો મુખ્ય ધંધો ખેતી જ રહ્યો છે. ગામમાંથી નોકરી, વેપાર, વાહન-વ્યવહાર, કે બાંધકામમાં કામ કરતું એક પણ કુટુંબ નથી. ગામમાં બે દુકાનો છે, પણ બંને વેપારીઓ બહારથી આવીને આ ગામમાં વેપાર માટે વસેલા છે.



## જમીન ધારણનું કદ

ગામનો કુલ વિસ્તાર ૭૧૫ એકરનો છે. જેમાં ખેતી માટેની જમીન ૪૪ ટકા છે. બાકીનો વિસ્તાર નાના મોટા ડુંગરોનો છે. આ વિસ્તાર ખેડાણ નીચે લાવવો શકય નથી. આજુબાજુના ગામોમાં પણ આ રીતે ખેતીને માટે ઉપયોગમાં લાવી શકે તેવી પડતર જમીનનું પ્રમાણ બિલકુલ નથી. આને કારણે હયાત ખેતીની જમીન જ ખેતી કરવાનું મુખ્ય સાધન ગણી શકાય. ગામની કુલ ૩૧૫ એકર ખેતી નીચેની જમીન ૫૯ કુટુંબો વચ્ચે વહેંચાયેલી છે. આમાં કેટલાક કુટુંબો પાસે વધારે જમીન છે તો કેટલાક કુટુંબો પાસે ઓછી જમીન છે. જુદા જુદા કુટુંબો પ્રમાણે ખેડાણ જમીનની વહેંચણી કેવી રીતે થઇ છે તે કોઠા-૧ માં આપેલ છે. (જુઓ પાન નં. ૧૮)

જમીનના કદ પ્રમાણે જુદા જુદા કદની જમીન ધરાવતા કુટુંબોમાં ૨.૫ થી ૫.૦ એકર જમીન ધરાવતા કુટુંબોની સંખ્યા સૌથી વધારે છે. કુલ કુટુંબોના ૫૨.૫ ટકા કુટુંબો તેમાં આવે છે. અને આ ૫૨.૫ ટકા કુટુંબો કુલ ખેડાણ જમીનના ૩૬.૬ ટકા જમીન ધરાવે છે. એટલે કે જેટલા ટકા કુટુંબો આ કદમાં આવે છે, તેટલા ટકા જમીન આ કુટુંબો ધરાવતા નથી, પણ ઓછા ટકા જમીન ધરાવે છે. ૦.૦ થી ૨.૫ એકર જમીન ધરાવતા વિભાગમાં ૧૦.૧ ટકા કુટુંબો છે અને કુલ ખેડાણ જમીનના માત્ર ૩.૮ ટકા જમીન ધરાવે છે. આથી વિરુદ્ધ ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા વિભાગમાં ૮.૫ ટકા કુટુંબોનો સમાવેશ થાય છે, જ્યારે કુલ જમીનના ૨૦ ટકા જમીન આ કુટુંબો ધરાવે છે. ૧૦ થી ૧૫ એકરના ગ્રુપમાં જેટલા ટકા કુટુંબો છે તેનાથી વધારે ટકા જમીન આ કુટુંબો ધરાવે છે. કહેવાનું એટલું જ કે ઓછી જમીન ધરાવતા

### કોઠો-૩

### જમીનના કદ પ્રમાણે કુટુંબો અને જમીનની વહેંચણી

| જમીનનું કદ (એકરમાં) | કુટુંબ સંખ્યા | કુલ જમીન એ. ગુંઠા | કદ પ્રમાણે કુટુંબદીઠ સરેરાશ જમીન એ. ગુંઠા | કુલ કુટુંબ માંથી ટકા | કુલ જમીન-ના ટકા |
|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૬ | ૧૨.૦૫ | ૨.૦૦ | ૧૦.૧ | ૩.૮ |
| ૨.૫ થી ૫ | ૩૧ | ૧૧૫.૧૨ | ૩.૨૮ | ૫૨.૫ | ૩૬.૬ |
| ૫. થી ૭.૫ | ૯ | ૫૬.૦૨ | ૬.૦૯ | ૧૫.૩ | ૧૭.૯ |
| ૭.૫ થી ૧૦ | ૮ | ૬૮.૨૧ | ૮.૨૨ | ૧૩.૬ | ૨૧.૭ |
| ૧૦ થી ૧૫ | ૫ | ૬૩.૦૩ | ૧૨.૨૪ | ૮.૫ | ૨૦.૦ |
| ૧૫ થી વધારે | - | - | - | - | - |
| કુલ | ૫૯ | ૩૧૫.૦૩ | ૫.૧૩ | ૧૦૦ | ૧૦૦ |



કુટુંબોની સંખ્યા વધારે છે. સમગ્ર રીતે જોઇએ તો ગામના બધા જ કુટુંબો ૧૫ એકર કરતા ઓછી જમીન ધરાવે છે. કુટુંબના કદ સાથે આ જમીન તપાસીએ તો ચોકકસ ખ્યાલ આવે કે વ્યકિતદીઠ જમીનનું પ્રમાણ કેટલું નીચું છે. આગળના ટેબલમાં (કોઠા નં.૧ માં) જોયું તો કુટુંબદીઠ જમીનનું પ્રમાણ ૫ એકર ૧૩ ગુંઠાનું છે, પણ વ્યકિતદીઠ આ પ્રમાણ ઘણું નીચું આવે છે. જેનાચેના કોઠા નં.૨ પરથી જોઇ શકાય છે.

### કોઠો-૪

### જમીનના કદ પ્રમાણે વ્યકિતદીઠ જમીનનું પ્રમાણ

| જમીનનું કદ (એકરમાં) | કુલ વસતિ | કુલ જમીન એકર ગુંઠા | વ્યકિતદીઠ સરેરાશ જમીન |
|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૪૫ | ૧૨.૦૫ | ૦.૧૧ |
| ૨.૫ થી ૫ | ૨૧૪ | ૧૧૫.૧૨ | ૦.૨૨ |
| ૫ થી ૭.૫ | ૫૦ | ૫૬.૦૨ | ૧.૦૫ |
| ૭.૫ થી ૧૦ | ૭૮ | ૬૮.૨૧ | ૦.૩૫ |
| ૧૦ થી ૧૫ | ૬૨ | ૬૩.૦૩ | ૧.૦૧ |
| ૧૫ થી વધારે | - | - | - |
| કુલ | ૪૪૯ | ૩૧૫.૦૩ | ૦.૨૮ |

તોરણીયા ગામની વ્યકિતદીઠ સરેરાશ જમીનનું પ્રમાણ માત્ર ૦.૨૮ એકરનું છે. આગળ કોઠા-૧ માં કુટુંબદીઠ જમીનનું પ્રમાણ ૫ એકર ૧૩ ગુંઠા હતું. વળી કોઠા-૧ માં જુદા જુદા જમીનના કદમાં જેમ જેમ કદ વધતું જતું હતુ, તેમ તેમ કુટુંબદીઠ સરેરાશ જમીનનું પ્રમાણ પણ વધતું હતું. ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવનાર કુટુંબોમાં કુટુંબદીઠ જમીનનું પ્રમાણ ૧૨ એકર ૨૪ ગુંઠા હતું. જ્યારે તે જ વિભાગમાં વ્યકિતદીઠ જમીનનું પ્રમાણ માત્ર ૧ એકર અને ૧ ગુંઠાનું છે. આમ ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા કુટુંબોમાં પણ વ્યકિતદીઠ જમીનનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. ૫ થી ૧૦ એકર જમીન ધરાવતા કુટુંબોમાં કુટુંબદીઠ સરેરાશ જમીનમાં ઘણો તફાવત જોવા મળે છે. જ્યારે વ્યકિતદીઠ સરેરાશ જમીનના પ્રમાણમાં ખાસ તફાવત નથી. ૦.૦ થી ૨.૫ એકર જમીન ધરાવતા વિભાગમાં વ્યકિતદીઠ જમીનનું પ્રમાણ માત્ર ૧૧ ગુંઠા છે. આ પ્રમાણ ઘણું જ ઓછું ગણાય. ૧૧ ગુંઠા જમીનમાંથી એક વ્યકિતને વાર્ષિક પ્રાથમિક જરુરીયાતો પૂરી પાડવા માટેનું ઉત્પાદન ખેતીની નવી ટેકનિકો દ્વારા પણ શકય નથી અથવા તો શકય બનાવી શકાય કે કેમ ? તે એક સવાલ છે. જો આ શકય ન હોય તો, આવી અસંખ્ય વ્યકિતઓ કે જેના જીવનનો આધાર માત્ર ખેતી જ છે અને ખેતી માટે જમીનનું પ્રમાણ ખૂબ ઓછું છે તેમના માટે પૂરક ધંધા દ્વારા તેમની આવકો વધારવા માટે કંઇક કરવું જ રહ્યું !

૫ એકરથી વધુ જમીન ધરાવતું એક પણ કુટુંબ તોરણીયા ગામમાં નથી. ગામમાં ૫ એકરથી ઓછી જમીન ધરાવતા કુટુંબો ૬૨.૬ ટકા છે. જ્યારે ૧૦ એકરથી વધુ જમીન ધરાવતા કુટુંબો ૮.૫ ટકા છે. દાંતા તાલુકામાં ૧૦ એકરથી વધુ જમીન ધરાવતા કુટુંબો ૯.૨ ટકા છે. એટલે કે તાલુકા અને તોરણીયા ગામમાં ૧૦ એકરથી



વધુ જમીન ધરાવતા કુટુંબોની ટકાવારી ખૂબ ઓછી છે. અને આનુ કારણ ખેતી નીચેની ખેડાણ જમીનનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. ગુજરાત રાજ્યમાં ૧૦ એકરથી વધુ જમીન ધરાવતા કુટુંબો ૪૦.૬૧ ટકા છે, જ્યારે બનાસકાંઠા જિલ્લામાં આ પ્રમાણ ૫૫.૩૯ ટકાનું છે. બનાસકાંઠામાં આ પ્રમાણ વધારે હોવાનું કારણ તેના તાલુકાઓમાં જમીનનું કુટુંબદીઠ પ્રમાણ વધારે છે. અને કુલ વિસ્તારમાં ખેતી લાયક જમીનનું પ્રમાણ પણ વધારે છે. ગુજરાતમાં પણ દર ચોરસમાઇલે વસતિનું પ્રમાણ દાંતા તાલુકા કરતા વધુ હોવા છતાં ૧૦ એકરથી વધુ જમીન ધરાવતા કુટુંબોની ટકાવારી વધારે છે. તેનું કારણ કુલ ભૌગોલિક વિસ્તારમાંથી ખેતી નીચેનો વિસ્તાર વિસ્તારનું પ્રમાણ દાંતા તાલુકા કરતા વધારે છે તે ગણી શકાય છે.

બધી જ જમીન વ્યકિતગત માલિકીની છે. અને જમીનની સખત અછતને કારણે આદિવાસી લોકો પોતાની જમીનનુંવેચાણ કરતા નથી. કોઇ આદિવાસી કુટુંબને ખેતી માટે નવી જમીન ખરીદવી હોય તો તે મળી શકતી પણ નથી. કારણ દરેક ખેતી કરતા કુટુંબ પાસે જરુર કરતા ઓછી જમીન છે. તેમની પાસેના હયાત જમીનના ટુકડાઓમાં ઘણા જ ભાગીદારો હોય છે. દા.ત. ૨ એકરનો એક ટુકડો હોય અને તે પાંચ ભાઇઓનો સહિયારો હોય તો તેના પાંચ ભાગ કરી દરેક પોતપોતાના ભાગમાં આવેલ ટુકડાઓમાં ખેતી કરે છે. અને શિયાળુ વાવેતર પાંચે જણ ભાગમાં કરી કુલ ઉત્પાદન સરખે ભાગે વહેંચી લે છે.

સરકારે કાયદો કરી જમીનનું ખંડ વિભાજન અને ઉપવિભાજન અટકાવવા માટે પ્રયત્નો કર્યા છે. પરંતુ મિલ્કતની વહેંચણીમાં જમીનની પણ વહેંચણી થતી હોય છે અને તે દ્વારા જમીનના વિભાજનની પ્રક્રિયા ચાલુ જ રહી છે. સરકારી પત્રક ઉપર આ

વિભાજન જોઇ શકાતું નથી. કારણ તેમાં તો ફકત મુખ્ય ખાતેદારના જ નામે જમીન ચાલતી હોય છે. પરંતે તે ખાતેદારના બીજા ત્રણ-ચાર ભાઇ હોય યા દિકરા હોય તો તેઓ પણ તે જ જમીનમાં પોતાનો ભાગે આવતી જમીન લઇને ખેતી કરતા હોય છે. અને આ રીતે વાસ્તવમાં જમીનનું ઉપવિભાજન જોવા મળે છે.

અમારી તપાસ વખતે અમે ગામના જે કુટુંબના ઘરમાં રહેતા હતા, તે કુટુંબના વડાને બીજા પણ એક ભાઇ છે. આ બંને પાસે પાંચ વીઘા જમીન હતી. એક ભાઇને પાંચ દિકરા હોવાથી પાંચ વીઘા જમીનની વહેંચણી કરી દરેકને એક એક વીઘો જમીન આપવી પડી. જ્યારે બીજા ભાઇ કે જેના ઘરમાં અમે રહેતા હતા તેમને એક જ દિકરો હોવાથી તેમની જમીનનું વિભાજન ન થતાં પાંચ વીઘા જમીન રહી શકી. પ્રથમ કુટુંબ કે જેમાં એક ખેડૂતના પાંચ ખેડૂત થયા અને જમીનનું પ્રમાણ ૧/૫ ભાગનું થઇ ગયું, તેની પાસે ખેતીનાં સાધનો રાખવાની પણ શકિત રહી નહીં કે સિંચાઇ માટેનું કોઇ સાધન ઉભું કરવાની તમન્ના પણ રહી નહીં. જ્યારે બીજા કુટુંબની આર્થિક સ્થિતિમાં જમીન વધારે હોવાને કારણે સુધારો થયો. આજે તેણે એક નવું ઘર બંધાવ્યુ છે. પોતાની જમીનમાં કૂવો ખોદાવ્યો છે અને કપાસ તથા શાકભાજીનું વાવેતર કરે છે. ઘેર ભેંસ રાખે છે, તથા બીજા પણ કેટલાંક પશુઓ રાખે છે. ઘરમાં સારા ખાટલા તથા રુના ગાદલાં પણ તેની પાસે છે. જ્યારે પ્રથમ કુટુંબ પાસે ઓઢવા માટેની ગોદડી પણ નથી. અને એક ગોદડીમાં ત્રણ જણ ટુંટીયું વાળીને સૂએ છે. (આ બે કુટુંબો તોરણીયાની પાસેનું ગામ રાળઘર કે જ્યાં અમે રહેતા હતા ત્યાંના છે) આ રીતે અન્ય કુટુંબોમાં પણ મિલ્કતની વહેંચણીની સાથે સાથે જમીનના ટુકડાઓ અને ઘટાડો થતો જાય છે. ત્યાં પરિસ્થિતિ કફોડી બનતી જાય છે.



મુખ્ય પાક

બનાસકાંઠા જિલ્લામાં મુખ્ય પાક બાજરીનો છે. ખાસ કરીને ઉત્તર ગુજરાતનો મહત્વનો પાક પણ બાજરીનો જ છે. પરંતુ દાંતા તાલુકામાં મુખ્ય પાક મકાઇનો છે. મકાઇની સાથે કઠોળની ખેતી કરવામાં આવે છે. તોરણીયા ગામમાં પણ મુખ્ય વાવેતર મકાઇનું થાય છે. ગામમાં સિંચાઇની સગવડતાને લીધે શિયાળુ ખેતી પણ થોડા પ્રમાણમાં કરવામાં આવે છે. તપાસના વર્ષમાં તોરણીયા ગામમાં નીચેના પાકોનું વાવેતર થયેલ.

કોઠો-૫

| પાકનું નામ | વાવેતરનો વિસ્તાર (તપાસેલ કુટુંબના આધારે (એકરગુંઠામાં) | વાવેતરનો વિસ્તાર ટકામાં |
|---|---|---|
| મકાઇ | ૨૧૮.૧૯ | ૫૫.૮ |
| ઘઉ | ૬૭.૨૮ | ૧૭.૩ |
| કપાસ | ૨૫.૧૦ | ૬.૪ |
| ચણા | ૧૭.૦૧ | ૪.૩ |
| તલ | ૧૯.૨૩ | ૫.૧ |
| હલકા ધાન્ય | ૩૦.૦૮ | ૭.૬ |
| કઠોળ | ૪.૩૭ | ૧.૩ |
| ડાંગર | ૨.૨૨ | ૦.૮ |
| શાકભાજી | ૦.૧૧ | ૦.૧ |
| જુવાર | ૫.૦૦ | ૧.૩ |
| કુલ | ૩૯૦.૩૯ | ૧૦૦.૦ |

(વિશેષ વિગત માટે તોરણીયા ગામની ૧૯૬૧, ૬૬ અને ૧૯૬૭ની તુલવારીની માહિતી પાછળ આપી છે, તે તપાસો.)

તાલુકામાં ખેતી નીચેનો વિસ્તાર ૩૧૫ એકર અને ૩ ગુંઠા હતો. જેમાંથી ર એકર અને ૩ ગુંઠા જમીન પડતર હતી. આથી વાવેતર હેઠળનો ચોખ્ખો વિસ્તાર ૩૧ર એકર અને ૧ર ગુંઠા ગણાય. કુલ વાવેતર હેઠળનો વિસ્તાર ૩૯૦ એકર અને ૩૯ ગુંઠા હતો. આથી દુબારા વાવેતરનો વિસાર ૭૮ એકર-ર૮ ગુંઠા ગણાય. આમ ગામમાં દુબારી વિસ્તારનું પ્રમાણ સારું ગણાય. જોકે તપાસના વર્ષે ગામમાં વરસાદની અછ-ને કારણે તળાવમાં પાણી ઓછું હતું અને જેને કારણે શિયાળુ વાવેતર વધારે પ્રમાણમાં થઇ શકયું ન હતું. જો ચોમાસું ખૂબ સારું હોય તો દુબારી વાવેતર હેઠળનો વિસ્તાર વધી શકે તેવી શકયતાઓ છે. વળી છેલ્લા થોડાક વર્ષોમાં કૂવાનું પ્રમાણ પણ વધ્યું છે. આથી પણ દુબારી વાવેતર નીચેના વિસ્તારનું પ્રમાણ વધવાની ઘણી શકયતાઓ રહેલી છે. તપાસના વર્ષમાં વાવેતર નીચેના ચોખ્ખા વિસ્તારના ર૫.૩ ટકા વિસ્તારમાં દુબારી વાવેતર કરવામાં આવ્યું હતું. દુબારી વાવેતર એ સિંચાઇની નીચેનો વિસ્તાર પણ ગણી શકાય. કારણ શિયાળુ વાવેતર તળાવ યા કૂવા દ્વારા સિંચાઇ કરીને જ કરી શકાય છે.

ગામમાં તુલવારીમાં પણ જુદા જુદા ધાન્યોનું તથા રોકડિયા પાકોનું વાવેતર વધતા ઓછા પ્રમાણમાં થાય છે. છેલ્લા કેટલાક વર્ષથી કપાસના પાકનું વાવેતર પણ ગામમાં થવા લાગ્યું છે. અને કેટલાક ખેડૂતો શિયાળામાં કપાસને એક બે પાણી પણ આપે છે. પહેલા ચણાનું વાવેતર વધુ પ્રમાણમાં કરવામાં આવતું, પરંતુ કૂવાની સગવડ વધવાથી ચણાનું વાવેતર ઘટયું અને તેને બદલે ઘઉંનું વાવેતર વધવા લાગ્યું છે.



કોઠા નં.૩ જોતાં જણાશે કે ગામનો મહત્વનો પાક મકાઇનો છે અને કુલ વાવેતર નીચેના વિસ્તારમાંથી ૫૫.૮ ટકા વિસ્તારમાં તે પાકનું વાવેતર કરવામાં આવે છે. બીજો મહત્વનો પાક ઘઉંનો ગણી શકાય. જે કુલ વાવેતરના વિસ્તારના ૧૭.૩ ટકા વિસ્તારમાં કરવામાં આવે છે. રોકડીયા પાકોમાં તલ, કઠોળ, ચણા વગેરે ગણી શકાય. કપાસના વાવેતરની તો હજુ શરુઆત છે. અને સિંચાઇની સગવડ ધરાવતા ખેડૂતો જ કપાસનું વાવેતર કરે છે. હલકા ધાન્યોમાં કોદરા, બાવટો, બંટી વગેરેનું વાવેતર કરે છે. હલકા શાકભાજીનું વાવેતર તો ઘર પૂરતું જ કરવામાં આવે છે. બજારમાં વેચાણ માટે શાકભાજીનું વાવેતર હજુ થતું નથી. ગામના બેત્રણ ખેડૂતો ડાંગર-નું વાવેતર પણ કરે છે. પણ ગામના આર્થિક પાયાની રીતે વિચારતા મકાઇ, ઘઉં અને કપાસ મહત્વના પાક ગણી શકાય.

## વાવેતર પધ્ધતિ

સામાન્ય રીતે આદિવાસી વિસ્તારોમાં વાવેતરની પધ્ધતિઓ ખૂબ જ પછાત હોય છે. નવી નવી ખેતીની પધ્ધતિઓનો વિકાસ થતો જાય છે, અને તેનો અમલ સપાટ પ્રદેશોમાં વસતા બિનઆદિવાસી લોકોમાં જેટલો ઝડપથી થાય છે તેટલો ઝડપી અમલ આદિવાસી વિસ્તારોમાં થતો નથી. તોરણીયામાં પણ કંઇક અંશે આવું જ કહી શકાય. ગામમાં મકાઇ, એ જ મહત્વનો પાક રહ્યો છે અને પ્રથમ પણ આ જ પાક મહત્વનો હતો. મકાઇનું વાવેતર ગામનો દરેક ખેડૂત વધારે-ઓછા પ્રમાણમાં કરે છે. કારણ કે તે ખોરાક મેળવવા માટેનો મહત્વનો પાક છે. આ પાકની વાવણીમાં સૌ પ્રથમ તેઓ જમીનને ખેડી નાખે છે, ત્યાર બાદ તેમાં મકાઇ ઓરે છે, ચાસ થી નાખે છે. ત્યારબાદ

ખેડેલ ખેતર ઉપર સમાર ફેરવે છે. આમ મકાઇનું વાવેતર થઇ જાય છે. મકાઇની સાથે સાથે તુવેર, કપાસ કે તલ જેવા પાકોનું પણ વાવેતર કરવામાં આવે છે. આ રીતના વાવેતરમાં એક ચાસ મકાઇનો અને એક ચાસ અન્ય પાકનો હોય છે. તેમની માન્યતા પ્રમાણે મકાઇનો પાક વહેલો ઉતરી જાય છે. અને તેની કાપણી બાદ જ તે ખેતરમાં પાછળથી કપાસનો પાક પણ લઇ શકાય છે. પણ આ રીતે વાવેતર કરવાથી શરુઆતમાં કપાસનો છોડ યોગ્ય વૃધ્ધિ પામી શકતો નથી. વળી વર્ષ સારું હોય તો મકાઇનો છોડ ખૂબ જ ઝડપથી વધી જાય છે અને ચોમાસા દરમ્યિાન કપાસના છોડને નુકશાન પહોંચાડે છે.

કપાસની વાવણીમાં ખાસ કરીને મકાઇને જેમ ચાસથી વાવે છે તેમ કપાસને પણ વાવે છે. તેનું રોપીને વાવેતર કરવામાં આવતું નથી. રોપીને વાવેતર કરવામાં આવે તો બે છોડ વચ્ચે ગાળો (જગ્યા) રહે છે અને તેને કારણે છોડ સારી રીતે વૃધ્ધિ પામી શકે છે. તેઓના મતે આ રીતે કપાસની વાવણી કરવાથી ખેતરમાં ખૂબ જ જમીન ખાલી રહે છે અને કપાસના છોડ ખૂબ ઓછા રહે છે. આથી વધારે ઉત્પાદન મેળવી શકાતું નથી.

કપાસના પાકની સાથે સાથે તલનું વાવેતર પણ અહીં કરવામાં આવે છે. દિવાળી સમયે તલનો પાક તૈયાર થઇ જાય છે અને ત્યાર બાદ કપાસનો ઉતાર શરુ થાય છે. આ બંને પાક સાથે વાવવાથી કોઇપણ પાકને ખાસ નુકશાન થતું નથી. અને બંને રોકડીયા તથા સારા ભાવો આપતા પાકોના વાવેતર દ્વારા સારી આવક મેળવી શકાય છે, તેમ તેઓ માને છે.



કપાસનું તથા મકાઇનું વાવેતર આગળ જણાવ્યા પ્રમાણે કરે છે. તેને કારણે વાવેતરની સાથે ખૂબ પમાણમાં ઘાસ ઉગી નીકળે છે તે નીંદવામાં મુશ્કેલી રહે છે. વળી કપાસના પાકને તો વાવરંવાર રાપડીની જરુર રહે છે, પરંતુ આ વાવેતરમાં આડી ઉભી રાપડી દેવી શક્ય બનતી નથી.

શિયાળુ પાકોમાં ઘઉ, ચણા એ મહત્વના પાકો ગણાવી શકાય. આ બંને પાકોનું વાવેતર ગામમાં વધતા ઓછા પ્રમાણમાં કરવામાં આવે છે. થોડા વર્ષોથી ગામમાં ઘઉનું વાવેતર સારા પ્રમાણમાં થવા લાગ્યું છે. અને ચણાનું વાવેતર ઘટવા પામ્યું છે. ચણાને ઓછા પાણીની જરુર રહે છે. પહેલા માત્ર તળાવના પાણી પર જ આધાર રાખવો પડતો હતો. હવે તો કૂવાઓની સગવડ વધવાથી પાણીના પૂરવઠાની નિશ્ચિતતા વધી છે અને તેને કારણે ઘઉનું વાવેતર પણ શક્ય બન્યું છે.

આ બન્ને પાકોનું વાવેતર દિવાળીથી દેવદિવાળી (કારતક સુદ એકથી પુનમ સુધી) વચ્ચેના ગાળામાં કરે છે. ઘઉનું વાવેતર કરતા પહેલા ખેતરને પાણીને ઓળવે છે. ત્યાર બાદ તેમાં ખેડ કરે છે. કોઇ ખેડૂત એક કરતા વધારે ખેડ કરે છે, તો કોઇ માત્ર એક જ ખેડ કરે છે. કેટલાક માત્ર રાંપડીની ખેડ કરે છે, તો કેટલાક હળની ખેડ કરે છે. ખેડ કર્યા બાદ ઘઉનું બિયારણ ખેતરમાં ઓરે છે. ત્યાર બાદ કરાથી ખેડ કરે છે અને પછી જમીન ઉપર સમાર ફેરવે છે. વાવેતર બાદ ચોથા પાંચમા દિવસે ખેતરમાં ક્યારાઓ બનાવે છે અને વાવેતરના ૧૫ દિવસ બાદ પાણી આપે છે. પછી નિયમીતપણે ૧૫ દિવસ પાણી આપવુ પડે છે. આ રીતે આઠ-થી દસ પાણી ઘઉના પાકને આપવું પડે છે. ઘઉનું વાવેતર પણ ચાસથી કરતા

નથી. જેને કારણે નિંદામણીની મુશ્કેલી રહે છે, અને ઘણીવાર ઘઉંના છોડ કરતા ખેતરમાં ઘાસનું પ્રમાણ વધી જાય છે અને જેને કારણે ઘઉંના છોડની યોગ્ય વૃધ્ધિ થઇ શકતી નથી.

ચણાનું વાવેતર કોરી જમીનમાં કરે છે.અને પછી તેને પાણી આપે છે. ચણાને ત્રણથી ચાર વખત પાણી આપવું પડે છે. પણ જો છેલ્લો વરસાદ ખૂબ સારો હોય તો ઝાકળના ભેજથી પણ ચણાનો પાક થઇ શકે છે. પાછળથી એક બે પાણી આપવાની જરુર રહે છે. ખાસ કરીને ચણાના છોડ નાના હોવાથી તેની વૃધ્ધિમાં ઘાસ ખૂબ રુકાવટ કરે છે. અમારી તપાસ સમયે ગામના ચણાના ખેતરોમાં ચણાના છોડ કરતા ઘાસનું પ્રમાણ વધારે હતું. આ ઘાસ છોડને રુકાવટ રુપ હોવા છતાં તે નિંદવાની મહેનત ભાગ્યે જ કોઇ કુટુંબમાં થતી હશે.

ચોમાસાની શરુઆતથી હોળી સુધી ખેતીના જુદા જુદા કામો ગામમાં ચાલતા હોય છે. પણ આ કામો બધા જ કુટુંબોમાં હોતા નથી. મોટાભાગના કુટુંબોનો ચોમાસુ ખેતી બાદ કોઇ ખેતીનું કામ રહેતું નથી. જ્યારે જે કુટુંબોમાં શિયાળુ પાકનું વાવેતર કરવામાં આવે છે તેમને હોળી સુધી કામ ધંધો રહે છે. હોળીથી વરસાદની શરુઆત સુધી ખેતીની પ્રવૃત્તિ તદ્દન બંધ થઇ જાય છે. ફરીથી ચોમાસુ શરુ થતા ખેતીની મોસમ શરુ થાય છે.



## સિંચાઇ

અગાળ ઉપર ગામમાં સિંચાઇના સાધનો અંગેની માહિતી તપાસી. દાંતા તાલુકામાં કૂવા, તળાવ તથા સાધનો દ્વારા સિંચાઇની સગવડો સારા પ્રમાણમાં ઉપલબ્ધ છે. તોરણીયામાં પણ સિંચાઇની સગવડો સારી છે. જો વરસાદ ખૂબ સારો હોય તો મીરાવાસના તળાવમાં સારા પ્રમાણમાં પાણી એકઠું થાય છે, અને તે પાણી દ્વારા તોરણીયા ગામની બધી જ જમીનમાં શિયાળુ પાક લઇ શકાય છે. અને ચોમાસામાં વરસાદની ખેંચ હોય તો મીરાંવાસાના તળાવ દ્વારા ચોમાસુ પાક બચાવી શકાય છે. અને કૂવાની સગવડ દ્વારા ખેડૂતો શિયાળામાં પણ મિશ્ર વાવેતર કરી શકે છે. મીરાંવાસના તળાવ દ્વારા આજ સુધી સિંચાઇનો ટેકસ લેવાતો ન હતો. પરંતુ ચાલુ વર્ષથી સિંચાઇ વેરો શરુ કરેલ છે. આનું કારણ તળાવ પીડબલ્યુડી ખાતાને સોંપેલ છે અને તે ખાતાએ બે વર્ષ પહેલા તળાવમાં પાણી નો સારા પ્રમાણમાં સંગ્રહ થાય તે માટે ખર્ચ કરેલ છે, (ઉંડુ કરાવેલ છે).

તળાવના પાણીથી ખાસ કરીને કપાસ, ઘઉં તથા ચણાના પાકને લાભ થાય છે. તળાવના પાણીનો લાભ ખાસ તોરણીયા ગામની જમીનને જ મળે છે. કારણ તોરણીયાનો ઉપરવાસમાં તળાવ આવેલું છે. જ્યારે તોરણીયાની જમીન નીચાણમાં છે. અને એક જ ઢાળની અને ખૂબ જ સપાટ જમીન છે, જેને લીધે ગામની બધી જ જમીનમાં ખૂબ સારી રીતે પાણી ફરી શકે છે. અને જે સમયે તપાસ માટે ગયા હતા તે વર્ષે ચોમાસામાં વરસાદ ઓછો હોવાને કારણે પાણી ન હતું. આથી શિયાળુ વાવેતર કૂવામાંથી કરવામાં આવેલ.

ગામમાં કૂવાની સંખ્યા પણ છેલ્લા પાંચ-સાત વર્ષમાં વધવા પામી છે. તપાસ વખતે ગામમાં ૨૫ કૂવા હતા. તેમાંથી દરેક કૂવાઓ તો સિંચાઇ કામમાં ઉપયોગમાં લેવાતા હતા. ગામ સિવાય આજુબાજુના ગામોમાં પણ કૂવાનું પ્રમાણ વધારે છે અને આખો વિસ્તાર શિયાળામાં પણ ખૂબ જ હરીયાળો લાગે છે.

કૂવાના પિયતની સગવડને કારણે દરેક ખેડૂત જરુરી મરચા, શાકભાજી વગેરેનુ વાવેતર કરે છે. કપાસના પાકને પણ પાણી આપે છે અને આ રીતે કપાસના પાકનો વધારે ઉતાર લેવામા પ્રયત્નો કરે છે. ગામમાં સવાર, બપોર યા સાંજે કોઇને કોઇ જગ્યાએ તો કરતો જ હોય. કૂવામાં પાણી વધારે પ્રમાણમાં હોતા નથી પણ સામાન્ય રીતે એક કૂવાથી બે ત્રણ એકર જેટલી જમીનને સિંચાઇ પૂરી પાડી શકાય છે.

આ વિભાગમાં તથા ગામમાં કૂવાનું મહત્વ લોકો સમજતા થયા છે. તેનું મુખ્ય કારણ આજીવીકાનું એક માત્ર સાધન ખેતી છે. અને ખેતીના વિકાસ માટે પાણી એ ખૂબ જ આવશ્યક વસ્તુ છે. પાણી દ્વારા તેઓ એક કરતા વધારે પાકો લઇ શકે છે. અને તે દ્વારા વધુ આવકો મેળવી શકે છે, અને સારું જીવનધોરણ પ્રાપ્ત કરી શકે. આ સિવાય તાત્કાલિક જીવનધોરણ ઉંચું આવે તેવો બીજો કોઇ ઉપાય તોરણીયા ગામ માટે નથી. અને આને કારણે જે ખાતેદારો પાસે કૂવા નથી તેઓ પણ ઉનાળામાં જાતમજૂરીથી કૂવા કરે છે. (ગામમાં હાલમાં કેટલાક કૂવાના ખોદકામ ચાલુ છે).



કૂવાને કારણે ભીંડ તથા ચણાની ખેતી સમૃધ્ધ બની છે અને આનો વધુ લાભ મળે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ છે. બીજા ખેડૂતો કે જેની પાસે પિયતનું સાધન નથી, તે પણ કૂવો કરી પિયતનું સાધન ઉભું કરવા માટે મહેનત કરી રહ્યા છે.

ગામનો એક ખેડૂત કે જે છેલ્લા બાર મહિનાથી કૂવો ખોદવા માટે સખત પરિશ્રમ કરી રહ્યો છે, નસીબ તેને યારી આપતું નથી. પરંતુ તે તથા તેની પત્ની જાત પરિશ્રમથી નિરાશ થયા સિવાય કૂવો ખોદી જમીનને સિંચાઇ નીચે લાવવા માટે અવિરત પ્રયત્નો કરી રહયા છે. તેને પોતાના ખેતરમાં બે જગ્યાએ કુવા માટે ખોદકામ કર્યું. એક જગ્યાએ છ થી સાત ફૂટ ખોદયા પછી પથ્થર નીકળ્યો. જયારે બીજી જગ્યાએ પણ તેટલું ખોદયા પછી પથ્થર નીકળ્યો. અને તેણે હવે ત્રીજી જગ્યાએ કૂવો ખોદવાની શરુઆત કરી છે. અને દસેક ફૂટનો ખોદકામ કર્યું છે. આ વખતે પત્થર નહીં નીકળે અને કૂવામાંથી પાણી થશે તેવી તેને શ્રધ્ધા છે. અન્ય કેટલાક કુટુંબોમાં પણ આ રીતે કૂવા ખોદવાનું કામ ચાલતું હતું. સામાન્ય પથ્થર આવે તો સુરંગથી પણ તોડી પોતાનું કામ પૂરું કરવાના ગામના ખેડૂતોનો ઉત્સાહછે. આ રીતે સુરંગ તૂટતા ગામના એક નવયુવાન ખેડૂતનું અવસાન પણ થયું છે. છતાં પણ કૂવા કરવાની ભૂખ ગામમાં જે જાગી છે તેને કારણે થોડા વખત પછી આ ગામમાં હાલ કરતા પણ દૂબારી પાકોનો વિસ્તાર વધશે. તથા પાકના માળખામાં પણ ફેરફાર થશે.

કૂવા પ્રત્યેના ઉત્સાહનું બીજું મહત્વનું કારણ એ પણ ગણી શકાય કે, આ વિસ્તારમાં તાલુકા બ્લોક તરફથી કૂવા માટે તગાવી તથા યોગ્ય મુદતમાં કૂવો પૂરો કરવામાં આવે તો સબસીડી આપવામાં આવે છે.

ગામમાં ચારેક કૂવાઓ જૂના છે અને તે કૂવાઓ પાકા બાંધેલા છે. આ કૂવાઓમાં પાણી પણ સારા પ્રમાણમાં છે. કૂવાઓની પહોળાઇ તથા ઉંડાઇ પણ વધારે છે. આ કૂવાઓ ઉપર એન્જિન મૂકવામાં આવે તો ૨૦ થી ૩૦ એકર જેટલી જમીનમાં એન્જિન દ્વારા સિંચાઇ કરી શકાય. આ સિવાયના બીજા કૂવાઓમાં એન્જિન મૂકવામાં આવે તો બે કલાક જેટલું પાણી ચાલે અને ત્યાર બાદ ફરીથી બીજા દિવસે તે કૂવાનો ઉપયોગ કરી શકાય. આમ મોટા ભાગના કૂવાઓમાં એન્જિન દ્વારા સિંચાઇ શકય નથી. પણ કોસથી સિંચાઇ કરી શકાય.

કોસથી પણ આખો દિવસ ચલાવી શકાય તેટલું પાણી હોતું નથી. એટલે સવારમાં બે ત્રણ કલાક અને સાંજના બે કલાક કોસ ચલાવવામાં આવે છે.

કૂવા દ્વારા કરવામાં આવતી સિંચાઇમાં કોસનો ઉપયોગ કરવામાં આવે છે. આ કોસનો ઉપરનો ભાગ લોખંડની અને ગોળ આકારનો હોય છે. જ્યારે નીચેનો ભાગ ચામડાનો હોય છે. કેટલાક કૂવાઓ કે જેની પહોળાઇ વધુ હોય ત્યાં એક સાથે બે કોસ પણ જોડે છે. બધા ખેડૂતો કૂવા ઉપર પાકા થાળા તથા કૂંડી બનાવતા નથી. કેટલીક જગ્યાએ પાણી લઇ જવા માટે તાડના ભૂંગળા ગોઠવે છે. અવળા ઢાળ ઉપર પાણી ચડાવવા માટે પણ આ ભૂંગળાનો ઉપયોગ થાય છે.

હાલમાં તો ખેડૂતો જે કૂવાઓમાં સારા પાણી છે ત્યાં મશીન મૂકાવી ભાડે પાણી લે છે. આવા ભાડેથી મશીન રાખનાર હડાડના પંચાલ લોકો છે. આ લોકો જ્યા જ્યા સારા કૂવા હોય ત્યાં પોતાનું એન્જિન લઇ જાય છે અને કલાકના રુ.૪ ભાડુ લે છે. આ રીતે સિંચાઇ કરવાથી એક જ દિવસમાં બે થી ત્રણ એકર જેટલી



જમીનમાં સિંચાઇ કરી શકાય છે. જો કે આ રીતે સિંચાઇનો પાક જે કૂવામાં સારા પાણી હોય ત્યાં જ કરી શકાય છે.

## બિયારણ

સિંચાઇ પછી મહત્વનું સાધન બિયારણ ગણી શકાય. સારા તથા વધુ ઉપજ આપતા બિયારણો દ્વારા દેશી બિયારણો કરતા વધારે ઉત્પાદન મેળવી શકાય છે. અને આવા બિયારણો પ્રતિકૂળ આબોહવામાં પણ સારી રીતે ટકી શકે છે. બિયારણની સાથે સાથે સિંચાઇ, ખાતર વગેરેની આવશ્યકતા પણ છે. તોરણીયામાં સિંચાઇની સગવડો તો છે જ અને તેને કારણે હાઇબ્રીડ મકાઇ તથા એન.પી ઘઉંનું વાવેતર આ વિસ્તારમાં શકય બનાવી શકાય અને તે દ્વારા એકરદીઠ વધુ ઉપજ મેળવી ખેડૂતોની આવકો વધારી શકાય.

તોરણીયાના મહત્વના પાકોમાં મકાઇ, ઘઉ, ચણા, તલ અને કપાસ ગણી શકાય. આમાંથી મકાઇ, ઘઉ અને કપાસના બિયારણ અંગેના અનેક સંશોધનો થયા છે. આ સંશોધનોનો ફેલાવો હજુ સુધી આદિવાસી વિસ્તારોમાં થયેલ જોવા મળતો નથી. આ ખેડૂતો તો પોતાની જૂની ઢબ પ્રમાણે દેશી બિયારણોનું વાવેતર કરી જે કંઇ ઉત્પાદન થાય છે તે સ્વીકારે છે.

મકાઇનો પાક કુલ વાવેતર વિસ્તારના અડધા કરતા પણ વધુ ભાગમાં કરવામાં આવે છે. અને તેમના આર્થિક માળખામાં તેનું મહત્વ પણ ઘણું જ વધારે છે. રોજિંદી ખોરાકની જરુરીયાત તેઓ મકાઇના પાક દ્વારા મેળવી શકે છે. આમ મકાઇના પાકનું ખૂબ જ વધારે મહત્વ હોવા છતાં તેનું વધારે ઉત્પાદન (વાવેતર)

લેવા માટે સારી જાતના બિયારણો વાપરવાની સુઝ તોરણીયાના આદિવાસીઓમાં હજુ સુધી આવી નથી. મકાઇનું બિયારણ દેશી જ વાપરે છે. આમાં પણ સફેદ અને પીળી મકાઇ એમ બે જાતો છે. પીળી મકાઇ કરતા સફેદ મકાઇ ખાવામાં વધારે સ્વાદિષ્ટ હોય છે. બંનેના ભાવોમાં પણ ખાસ ફેર હોતો નથી. તથા ઉત્પાદનમાં પણ ખાસ ફેર પડતો નથી. આ વિભાગમાં બંને પ્રકારની મકાઇનું વાવેતર કરવામાં આવે છે. હાઇબ્રીડ મકાઇના બિયારણ વિષે તેમને ખ્યાલ નથી. વળી ખેતીની આવી સુધારાવાદી રીતભાતો પ્રત્યે તેમને ખાસ વિશ્વાસ પણ નથી. અંધશ્રધ્ધા તથા જડ માન્યતાઓને કારણે આવા બિયારણો તેઓ ઝડપથી વાપરતા નથી. બીજુ તેઓ મકાઇનું જે દેશી બિયારણ વાપરે છે તે પણ માવજત કરીને તૈયાર કરેલ હોતું નથી. કેટલાક ખેડૂતો જરુર જેટલું બિયારણ સાચવી રાખતા હોય છે જ્યારે જેણે બિયારણ સાચવ્યું ન હોય તેવા ખેડૂતો વાવણી સમયે હડાડથી ખરીદી લાવે છે.

બિયારણ વાવતી વખતે સડેલા દાણા બિયારણમાંથી વીણીને સારુ બિયારણ રાખતા નથી. છેલ્લી પળે જેવું બિયારણ હોય તેવું ખરું. આ રીતે જમીનમાં નાખેલ બિયારણ યોગ્ય જવાબ આપતું નથી. વળી ખેડ બરોબર નહીં કરવાથી વાવેતરની સાથે સાથે ઘાસ પણ ઊગી નીકળે છે, અને તેને લીધે પણ વાવેતરનો ઝડપી વિકાસ થઇ શકતો નથી.

બિયારણની વાવણી સમયે અનુકુળ આબોહવા કે વરસાદ છે કે નહીં તે પણ તેમની ખેતીમાં મહત્વનું નથી. આને કારણે સખત વરસાદમાં વાવેતર કરવાથી ખેતર સખત બની જાય છે અને તેમાં કરેલ વાવેતર ઊગી શકતું નથી.



ઘઉંના વાવેતર માટે પણ હડાડના વેપારીઓ પાસેથી જરુરી બિયારણ ખરીદે છે. યા તો ગામના કોઇ ખેડૂત પાસેથી બિયારણ લાવે છે. બિયારણ રોકડેથી ખરીદે તો પણ આ વખતે વધારે ભાવ આપવો પડે છે. જ્યારે ઉધાર લાવે તો ફસલ સમયે બેવડું યા તે કરતા વધારે અનાજ પરત કરવું પડે છે. કેટલીક વાર તો ત્રેવડુ અનાજ પણ પરત કરવું પડે છે. અને સાથે સાથે બીજી કિંમત જેટલી રકમ પર વ્યાજ આપવું પડે છે.

ખેતીમાં સારા બિયારણનું જેટલું મહત્વ છે તેટલું જ મહત્વ યોગ્ય રીતે તેના વાવેતરનું છે. હલકી કક્ષાના ખેતીના સાધનોને કારણે જમીનમાં સારી ખેડ થતી નથી. વળી શિયાળુ યા ચોમાસુ પાક લીધા બાદ તરત જ જમીનને ખેડવી જોઇએ પરંતુ તેઓ ચોમાસુ વરસાદ થયા પછી જમીનને ખેડે છે. આને કારણે જમીનને તાપ મળતો નથી. વળી વાવતી વખતે કેટલાક દાણા જમીનમાં ઉંડે જતા નથી અને તેને કારણે પક્ષીઓ તે ચણી જાય છે. ઊગતી વખતે પણ અનાજના અંકૂર પક્ષીઓ કોતરી નાખે છે અને તેને કારણે શરુઆતથી જ વાવેતર નબળું હોય છે.

પાક ઊગી નીકળતાની સાથે જ જમીનમાંથી અનેક પ્રકારની નાની મોટી જીવાતની ઉત્પત્તિ થતી હોય છે. આ જીવત એટલી મોટી સંખ્યામાં હોય છે કે એકી સાથે ખૂબ વિશાળ પ્રમાણમાં વાવેતરનો નાશ કરે છે અને વાવેતર નકામું બનાવે છે. આવા જંતુઓમાં કાતરા, ઇયળ વગેરે મહત્વના ગણી શકાય. આ જંતુઓના નાશ માટે જુદા જુદા પ્રકારની દવાઓનું વેચાણ થતું હોય છે. પરંતુ તે દવાઓના જ્ઞાનના અભાવે તેનો ઉપયોગ કરતા નથી. અને તેને કારણે ઊગીને તૈયાર થયેલ વાવેતર

નિષ્ફળ જાય છે. અને ફરીથી બિયારણ લાવી વાવેતર કરવું પડે છે.

ટૂંકમાં સુધરેલા બિયારણોના જ્ઞાનના અભાવે તથા તે દ્વારા થતા ફાયદાઓથી અજાણ એવા તોરણીયા ગામના ખેડૂતો સંપૂર્ણ પ્રમાણમાં દેશી બિયારણોનું વાવેતર કરે છે. અને તેને પરિણામે તેમના ખેતી દેશી બિયારણોથી થતા ગેરલાભ (ઓછુ ઉત્પાદન, અયોગ્ય છોડ વૃધ્ધિ, પ્રતિકુળ આબોહવામાં ટકવાની અશકિત) નો ભોગ બને છે. અને તેને પરિણામે એકરદીઠ ઓછું ઉત્પાદન, ઓછી આવક અને નીચુ જીવનધોરણ ચાલુ રહે છે.

## ખા ત ર

ખાતરોમાં પણ રાસાયણિક ખાતર, કંપોસ્ટ ખાતર, લીલોપાવારા યા ખોળ. જેવા ખાતરોનો બિલકુલ ઉપયોગ થતો નથી. તેમની માન્યતા પ્રમાણે આ બધા ખાતરોની અમારે બિલકુલ જરુર પડતી નથી. ઓછી જમીનની લીધે માત્ર છાણિયુ ખાતર જ તેમનીજમીન માટે પૂરતુ હોય છે. આ ખાતર એકસમય નાખવાથી ત્રણ પાક સુધી જમીનનો કસ જળવાઇ રહે છે અને દર ત્રણ વર્ષે યા ત્રણ પાક પછી ફરીથી થોડું છાણિયુ ખાતર તેઓ પોતાના ખેતરમાં નાખે છે.

આમ છતાં પણ તેઓમાંથી ઘણા ખેડૂતો પણ રાસાયણિક ખાતરોની ઇચ્છા ધરાવે છે, પરંતે તે માટે રોકડ નાણાની ખેંચને કારણે આ ખાતર વાતરતાનથી. વળી આ ખાતર વાપરવાથી જમીન એકાદ વખત પૂરતું સારું ઉત્પાદન આપે છે પણ પછીથી તે જ જમીનમાં બીજો પાક લેવા માટે ફરીથી આવા ખાતરની જરુર પડે છે. રાસાયણિક ખાતરનોવપરાશ કરી તે દ્વારા થતા લાભથી પરિચિત ન થાય



ત્યાં સુધી તેઓ ખાતરોના ઉપયોગનો સાચો ખ્યાલ તેમને આવવાનો નથી. માત્ર આ ખાતરો સારા છે તે રીતના પ્રચારથી પણ ખેડૂતો આ ખાતરો અપનાવશે નહિ. આ માટે તો દરેક ગામમાં એકાદ ખેડૂતની થોડી જમીન ઉપર આ ખાતરોનો યોગ્ય ઉપયોગ કરી તે દ્વારા થતું ઉત્પાદન નજરોનજર આદિવાસી ખેડૂતોને બતાવવું જોઇએ. અને આમ થાય તો તરત જ તે ખાતર વાપર્યા સિવાય થયેલ ઉત્પાદન અને ખાતર વાપરવાથી થયેલ ઉત્પાદનની સરખામણી કરતા થશે અને તેમાંનો સારો ફાયદો મળતો હશે તો બીજી મુશ્કેલીઓ હોવા છતાં તે જરુરથી રાસાયણીક ખાતર વાપરતો થશે. હજુ સુધી તોરણીયા ગામમાં રાસાયણિક ખાતરના વપરાશ અંગેનો એકાદ આવો પ્રયોગ થયો નથી. સરકારી ખેતીવાડી ખાતુ તેમાં પણ ગ્રામ કક્ષાએ કામ કરતા ખેતી વિકાસ અધિકારી, ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી વગેરેએ હાઇબ્રીડ બીજ, રાસાયણિક ખાતર સિંચાઇ વગેરેથી થતાં ફાયદાઓ ગામે ગામ પ્રયોગો દ્વારા બતાવવા જોઇએ. આ માટે દરેક ગામમાં એકાદ એકર જમીનના થોડા ભાગમાં બધા સાધનો વાપરીને વાવેતર કરવું અને થોડા ભાગમાં આદિવાસીઓ જે પધ્ધતિએ ખેતી કરે છે તે પધ્ધતિ પ્રમાણે વાવેતર કરવું. પછીગામના ખેડૂતોને આ ખેતર ઉપર લાવી પ્રત્યક્ષ રીતે આ બન્ને વાવેતરોને થોડા થોડા અંતરે બતાવવા જોઇએ. અને જયારે પાક તૈયાર થાય ત્યારે પણ આ પ્રયોગાત્મક ખેતર પર લાવી આ બંનેની ફસલમાં રહેલો તફાવત બતાવવો જોઇએ. ત્યાર બાદ બંને ફસલના થોડા થોડા ડુંડા લઇ તેમાંથી થતું ઉત્પાદન અને તે ઉત્પાદનમાં રહેલ તફાવત પણ નજરોનજર બતાવવો જોઇએ. જો થોડો સમય આ પ્રમાણે કરવામાં આવે તો આદિવાસીખેડૂતો પણ ખેતીની બધી નવી ટેકનિકો અપનાવતા થશે. અને સિંચાઇની હયાત શકિતનો પૂરો ઉપયોગ કરશે.

અને જ્યાં જેવી સગવડ નહીં હોય ત્યાં એવી સગવડો ઉભી કરીને પણ નવી ટેકનિકો અપનાવશે. આની ડેમોસ્ટ્રેશન અસરો પણ સારા પ્રમાણમાં ઉભી થશે. અને એક વખત આ અસરો ઉભી થશે તો છેવટે તેના સારા પરિણામો અવશ્ય આવશે.

એક બીજી વસ્તુ ખાસ ખ્યાલમાં રાખવા જેવી છે કે આ સાધનોનો વ્યવસ્થિત ઉપયોગ કરતા તેમને શીખવાડવું પડશે. જો આ વસ્તુ નહીં શિખવાય તો તેઓ આનો ઉપયોગ કરશે પણ તેના યોગ્ય ફાયદાઓ જાણશે નહીં. અને એમ થશે તો ફરીથી રાસાયણિક ખાતરો તથા ખેતીની અન્ય નવી ટેકનિકના ઉપયોગ તરફ વાળવા ખૂબ જ મુશ્કેલ પડશે. હાઇબ્રીડ બિયારણની બાબતમાં આ વસ્તુનો ખૂબ જ ખ્યાલ રાખવાની આવશ્યકતા છે.

## ખેતી વિકાસ અને ધિરાણ

ગામમાં આદિવાસીઓની પરિસ્થિતિ ખરાબ હોવાને કારણે તેઓ બચત કરી શકતા નથી. વાર્ષિક આવકમાંથી જીવનજરુરીયાતો પણ માંડ મેળવી શકતા હોવાને કારણે મૂડીરોકાણ કરવા માટે કોઇ વધારો રહેતો નથી. ધંધામાં જરુરી મૂડીરોકાણ કરવામાં ન આવે તો તેમાંથી યોગ્ય વળતર પણ મળી શકતું નથી. અને આને કારણે ઓછી આવકો મળે છે. આ વિષચક્ર આદિવાસીઓમાં ચાલ્યા જ કરે છે.

ટૂંકમાં ઓછી આવક, ઓછી બચત, ઓછું મુડીરોકાણ અને તેને પરિણામે ઓછી આવક. આ વિષચક્રને તોડવા માટે ખેતીમાં વધારે મૂડીરોકાણ કરવાની ખૂબ જ આવશ્યકતા રહેલી છે. જો આ શકય બને તો તેમની ખેતીને સુધારી શકાય અને તે દ્વારા તેમની આર્થિક સ્થિતિને પણ સુધારી શકાય.



તોરણીયાના આદિવાસીઓની ખેતી તપાસીશું તો તેમાં મહત્વનો ખર્ચ બિયારણનો ગણી શકાય. આ સિવાય ખાતર, મહેસૂલ વગેરે ખર્ચ ગણી શકાય. એકરદીઠ ખેતી ખર્ચનું પ્રમાણ પણ ખૂબ ઓછું હોય છે. આ ટૂંકા ગાળાની ધિરાણ જરુરીયાતોની રીતે વિચારીએ તો તેમની આ જરુરીયાત ખેતીમાં બિયારણની જરુરીયાત ગણી શકાય. પરંતુ આ જરુરીયાત પૂરતી નથી. તેમની ખેતીના ઝડપી વિકાસ માટે સારા બિયારણ, સારા ખાતર, જંતુનાશક દવાઓ, ખેતીના સારા સાધનો વગેરે વાપરતા થાય તે માટે તેમને વધુ ધિરાણ આપવાની જરુર છે. આ ધિરાણ રોકડ સ્વરુપમાં ન આપતા વસ્તુના સ્વરુપમાં આપવું જોઇએ. તેથી તેનો ઉપયોગ ખેતીના વિકાસ માટે જ થઇ શકે. રોકડ સ્વરુપમાં આપેલ ધિરાણ ઘરખર્ચમાં વપરાઇ જતું હોય છે. અને તેને કારણે ખેતીના વિકાસ માટેનું ઉત્પાદકીય ખર્ચ થતું નથી. અને બિનઉત્પાદકીય ખર્ચ કરી આદિવાસી ખેડૂતો વધારે દેવાદાર બને છે.

વસ્તુના સ્વરુપમાં આપેલ ખાતર, બિયારણ તથા અન્ય સાધનોનો યોગ્ય ઉપયોગ આદિવાસીઓ કરે તે માટે ગ્રામસેવકો દ્વારા સૂચનો તથા સલાહ અપાવી જોઇએ. આમ કરવામાં આવે તો જ આપેલ સાધનોનો યોગ્ય ઉપયોગ કરી ધારેલ ફાયદો મેળવી શકાશે. નહીં તો બિયારણ ખાવામાં અને ખાતરો ઉપયોગમાં લીધા વિના પડી રહેશે અને સમય આવ્યે ધિરાણ પરત કરવાની જવાબદારી તેમના શિરે આવી પડશે.

તેમની ખેતીમાં મજૂરી પાછળનું ખર્ચ ખાસ થતું નથી યા બિલકુલ નથી. તેમ કહીએ તોય ચાલે. વળી ઓછી જમીનને કારણે સઘન ખેતી આ વિસ્તારોમાં શરુ

થશે તો પણ મજૂરી ખર્ચ ખાસ પ્રમાણમાં કરવાની જરુરીયાત રહેશે નહીં. સાથે સાથે ખેતીના ધંધામાં રોકાયેલ અર્ધ રોજગાર તથા બેકાર વ્યકિતઓને વધુ સમય કામ મળવાની તકો વધશે.

સરકાર યા સહકારી સંસ્થાઓ દ્વારા આપવામં આવેલ વસ્તુઓથી સારો ફાયદો થશે અને તેમની આવકો અને ખેત ઉત્પાદન વધશે તે જાતનો દ્રઢ વિશ્વાસ તેમનામાં વાવવાની જરુર રહેશે. નહી તો આ રીતે કરેલી મદદ ગમે તેટલી સારી હશે તો પણ ખેડૂતને વિશ્વાસ નહીં આવે તો વધુ ઉપજ આપતા બિયારણો શાહુકારોને વેચીને તેના બદલામાં દેશી બિયારણો લાવી તેનું વાવેતર કરશે.

આ ખેતીના વિકાસ માટેની ટૂંકા ગાળાની ધિરાણ અંગેની જરુરીયાતોનો વિચાર કર્યા બાદ મધ્યમ અને લાંબા ગાળાની ધિરાણ જરુરીયાતોનો વિચાર કરીએ.

ખેતીના નાનાં મોટા ઓજારો, પશુ વગેરેની ખરીદી માટે આવા ધિરાણની જરુરીયાત રહે છે. ખાસ કરીને પશુઓનો તેમની પાસે પૂરતા પ્રમાણમાં હોય છે. પરંતુ ખેતીના ઓજારો પૂરતા પ્રમાણમાં હોતા નથી. વળી જે કંઇ ઓજારો તે વાપરે છે પણ ખૂબ જ હલકી કક્ષાના હોય છે. આને કારણે જમીનની ખેડ તથા વાવેતરની અન્ય પ્રક્રિયા સારી રીતે થઇ શકતી નથી. મુખ્ય મુખ્ય સુધારેલાં ઓજારો આ ખેડૂતો વાપરતા થાય તે માટે તેમને સબસીડી તથા લોન આપી આવા સાધનો વસાવવાના પ્રયત્નો કરવા જોઇએ. વળી જુદા જુદા વિસ્તારોને અનુરુપ હોય તેવા સાધનો જે તે વિસ્તારમાં અજમાવવા જોઇએ.



લાંબા ગાળાના ધિરાણની તેમને ખૂબ જ આવશ્યકતા હોય છે. ખાસ કરીને સિંચાઇ માટે કૂવા ખોદવા માટે આવા ધિરાણની જરુર પડે છે. આદિવાસી વિસ્તારમાં સિંચાઇનું મહત્વ ઘણું જ વધારે છે અને તેમાં પણ જે વિસ્તારોમાં જમીનનું પ્રમાણ ઘણું જ ઓછું હોય ત્યાં તથા ખેતી સિવાય અન્ય કોઇ રોજગારીનું મહત્વનું સાધન ન હોય ત્યાં સિંચાઇનું મહત્વ અનેકગણું વધી જાય છે. કૂવા માટે બેન્ક તરફથી લોન તથા સબસીડી આપવામાં આવે છે. પરંતુ આ લોન અને સબસીડી મેળવવાની વિધિ ખૂબ જ કંટાળાજનક હોવાને કારણે અજ્ઞાન આદિવાસીઓનું શોષણ થતું હોય છે. વિધિની શરુઆતથી પૂર્ણાહુતિ સુધી દરેક તબકકે વધતું ઓછું શોષણ થતું હોય છે જ. વળી આ રકમનો ઉપયોગ કૂવો બાંધવાને બદલે અન્ય રીતે થતો હોય છે. આને કારણે તે સબસીડી મેળવી શકતો નથી અને સિંચાઇનું સાધન પણ ઉભું કરી શકતો નથી. અને વધારામાં સરકારી દેવાદાર બને છે.

ટૂંકમાં ટૂંકાગાળાની, મધ્યમગાળાની અને લાંબાગાળાની ધિરાણ જરુરીયાતો યોગ્ય રીતે પૂરી પાડીને તેમના વિષચક્રને કંઇક અંશે તોડી શકાય તે માટે પ્રયત્નો કરવા રહ્યા: જો કે માત્ર ધિરાણ એ જ આ ચક્રને તોડવાનો રામબાણ ઇલાજ નથી. ધિરાણ કરતા પણ મહત્વની વસ્તુ તો એ છે કે ધિરાણનો ખેતીમાં વિકાસ માટે ઉપયોગ કરવો. આ વસ્તુ સિધ્ધ થઇ શકશે તો તોરણીયા જેવા અનેક ગામોમાં ખેતીનો ઝડપી વિકાસ શકય બનશે.

ખેતીના વિકાસ માટે ખેડૂતોમાં જાગૃતિ લાવવાની પણ ખૂબ જરુર છે. તોરણીયાના મોટા ભાગના ખેડૂતો બહારના સમાજના સંપર્કમાં આવેલા છે. વાહન-વ્યવહારોની સગવડને કારણે આ સંપર્કમાં વધારો થતો જાય છે, પણ ખેતીની નવી ક્રાંતિ અંગેની તેમની ભૂખ હજુ જાગી નથી. અજ્ઞાનતાને કારણે તથા વહેમોને કારણે આ બધી વાતોમાં તેમને કંઇ વિશ્વાસ બેસતો નથી. આ માટે ગુજરાતના જુદા જુદા વિસ્તારો કે જ્યાં ખેતીનો ખૂબ સારો વિકાસ થયો હોય ત્યાં ગામડાના અગેવાન ખેડૂતોને લઇ જવા જોઇએ અને ત્યાં થઇ રહેલ ખેતક્રાન્તિના દર્શન નજરોનજર કરાવવા જોઇએ. આમ કરવામાં આવે તો પણ ખેતીની નવી પધ્ધતિઓ અપનાવવા માટેની શ્રધ્ધા દ્દઢ બને. પોશીના પટ્ટામાં ખેડૂતોમાં ખેતી અંગેની જાગૃતિ લાવવા માટે બેન્ક તરફથી જે પ્રયત્નો થયા તેને લીધે ત્યાં સારાં પરિણામો મેળવી શકાયા છે. એવા પ્રયત્નો જો બીજે પણ થાય તો જરુરથી તેના લાભ ખૂબ ટૂંકા ગાળામાં મેળવી શકાય.

## કોઠો-૬
## ખેતીના સાધનો

| સાધનનું નામ | કુલ સાધન | કુટુંબદીઠ સરેરાશ |
| --- | --- | --- |
| હળ | ૬૭ | ૧.૧૪ |
| કરળ | ૫૬ | ૦.૯૫ |
| સમાર | ૪૮ | ૦.૮૦ |
| વાવણીઆ | ૪૪ | ૦.૭૫ |
| ગાડુ | - | - |
| કોસ | | |



ખેતી માટેના મહત્વના સાધનોમાં હળ, કોસ, ગાડુ તથા બળદ ગણી શકાય. આ સિવાય પણ જુદી જુદી વાવણી માટે કરળ, સમાર અને વાવણીયાની જરુર રહે છે. ઘણા ખેડૂતો તો હળ કરતા કરળને ખેતીમાં વધારે મહત્વ આપે છે. કારણ કરળથી ખેડ ખૂબ સરળ રીતે થઇ શકે છે. કરળમાં રાખવામાં આવતા લોખંડના પાખીયાને દર વર્ષે ટીપાવતા નહીં હોવાને કારણે તે વારા ઉંડાઇ સુધી ખેડ થઇ શકતી નથી. તેનું કારણ કે હળ ખૂબ જ હલકા હોય છે અને તેમાં વાપરવામાં આવતી કોશ પણ ખૂબ જ નાની તથા ઓછી ધારદાર હોય છે. તેના ઉપર વધારે વજન આપીને ઉંડી ખેડ કરવામાં આવે તો પણ બળદની નબળી જાતને કારણે તે શકય બનતું નથી.

મકાઇ, ઘઉં તથા ચણા વાવવા માટે વાવણીયાનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ બધા જ ખેડૂતો એ સાધનોનો ઉપયોગ કરતા નથી. વળી ઉપરના ધાન્યના વાવેતર કેટલીક વાર વાવણીયાથી કરે છે, જ્યારે કેટલીક વખત હળની ખેડ થતી હોય તેની પાછળ દાણા નાખીને પણવાવેતર કરે છે. ખેતીના સાધનોમાં કુટુંબદીઠ સરેરાશની રીતે જોઇએ તો હળની સંખ્યા ૧.૧૪ ની છે. જ્યારે અન્ય બધા સાધનોની સંખ્યા કુટુંબોની સંખ્યા કરતા ઓછી છે. આનો અર્થ એ કે પાયાના ખેતીના સાધનો પણ બધા જ ખેડૂતો રાખી શકતા નથી. ગાડા જેવું મહત્વનું ખેતીનું સાધન એક પણ કુટુંબ પાસે નથી. ગાડુ નહીં રાખવાનું કારણ ઘર અને જમીન વચ્ચે વધારે અંતર હોતું નથી. આને કારણે ઉત્પાદન લાવવા માટે તથા અન્ય ખેતીની જરુરીયાતો માટે ગાડાની આવશ્યકતા રહેતી નથી. વળી ખાતર ભરવા માટે પણ ગાડાની

આવશ્યકતા રહેતી નથી. કારણ રોજિંદુ ખાતર નજીકના ખેતરમાં જ નાખી દેતા હોય છે. આને કારણે તેઓ માને છે કે, અમારે ગાડાની આવશ્યકતા રહેતી નથી. જોડે હડાડમાં ગાડા રાખતા કુટુંબો વધારે છે અને પાસે મીરાંવાવ ગામમાં પણ કેટલાંક ખેડૂતો ગાડુ રાખે છે.

તોરણીયામાં સિંચાઇ માટેનો કોસ અને સિંચાઇ માટેના અન્ય સાધનો (વરત, રાશ, ગરગડી વગેરે) મહત્વના ગણી શકાય. કૂવા દ્વારા સિંચાઇ કરતા બધા જ ખેડૂતો આ સાધનો વાપરે છે.

ખેતીના સુધારેલ સાધનો ગામમાં ફેલાવો પામ્યા નથી. ખેતીના સાધનોની કિંમત કુટુંબદીઠ રુ.૯૧.૩ ની છે.

## ખેતી-ખેતી ખર્ચ અને એકરદીઠ ઉત્પાદન

૧૯૬૭-૬૮ (તપાસના વર્ષમાં) તોરણીયામાં કુલ વાવેતર હેઠળનો વિસ્તાર ૩૯૧ એકર હતો. જ્યારે વાવેતર હેઠળનો ચોખ્ખો વિસ્તાર ૩૧૫ એકર હતો.

કુલ વાવેતર નીચેના ૩૯૧ એકરના વિસ્તારમાં ૪૭૪૯૧ રુ.નું ઉત્પાદન થયું હતું. અને આ ઉત્પાદન મેળવવા માટે રુ. ૬૯૯૪ નું ખર્ચ કરવામાં આવ્યું હતું. એટલે કે ખેતીના ધંધામાંથી રુ.૪૦૪૯૭ રુપિયાનું ચોખ્ખુ ઉત્પાદન થયું હતું.

તોરણીયામાં એકરદીઠ ઉત્પાદન ૨૧૨.૪ રુ.નું હતું, જ્યારે એકરદીઠ ખેતીખર્ચ રુ. ૧૭.૯ હતો. આથી એકરદીઠ ચોખ્ખું ઉત્પાદન રુ. ૧૦૩.૫ નું હતું.



ખેતી ખર્ચમાં મહત્વનું ખર્ચ બિયારણનું હતું. કુલ ખેતી ખર્ચના ૬૧.૭ ટકા બિયારણનું હતું જ્યારે ૧૫.૭ ટકા ખેતી ખર્ચ ખાતર પાછળ કરવામાં આવ્યું હતું. જમીન મહેસૂલ કુલ ખર્ચના ૫ ટકા હતું, જ્યારે અન્ય ખેતી ખર્ચ ૬.૬ ટકાનું હતું. અન્ય ખેતી ખર્ચમાં જમીન ખેડાણ ભાડું મહત્વનું હતું. ખાતર પાછળ કરવામાં આવેલ ખર્ચ, રુ.માં જોઇએ તો એકરદીઠ રુ. ૪.૭ નું હતું. આ બધું જ ખર્ચ છાણીયા ખાતરનું હતું. ખાતર પાછળ રોકડ ખર્ચ બિલકુલ નહોતું થયું. એટલે કે રાસાયણિક ખાતર, ખોળ યા છાણીયા ખાતર પણ ખરીદીને વાપર્યું હોય તેવું કોઇ કુટુંબ નહોતું. ઢોરઢાંખરમાંથી જે છાણ થાય તે જ ખેતરમાં વપરાય છે.

બિયારણમાં રોકડ ખર્ચ વધારે હતું. બિયારણ પાછળનું ખર્ચ ૬૫.૭ ટકા હતું. જેમાંથી ૪૫.૭ ટકા ખર્ચ રોકડ હતું. જ્યારે ૨૦ ટકા ખર્ચ ઘરમાંથી કરેલ. બિયારણ જેવી મહત્વની વસ્તુ પાછળ રોકડ ખર્ચ વધારે પ્રમાણમાં કરવાનું કારણ વાવણી વખતે બિયારણ નહીં હોવાને કારણે ખરીદીને લાવવાની ફરજ પડતી હોય છે. વળી દાળ, ચણા તથા કપાસ જેવું બિયારણ તો મોટા ભાગના કુટુંબોને ખરીદીને યા તો શાખ પર લાવવું પડે છે.

એકંદરે તપાસીએ તો ખ્યાલ આવશે કે સપાટ વિસ્તારોની સરખામણીમાં આદિવાસી વિસ્તારોની ખેતીમાં એકરદીઠ ઉત્પાદન તથા ખેતી ખર્ચનું પ્રમાણ ખૂબ જ નીચું છે. નીચા ખેતી ખર્ચના કારણે ઉત્પાદન પણ નીચું જ રહે છે. તેમની ખેતીમાં નિવારી ન શકાય તેવા જ ખર્ચ તેઓ કરે છે. જેમકે બિયારણ તથા મહેસૂલનો ખર્ચ કર્યા સિવાય છૂટકો નથી. તેવી જ રીતે છાણીયુ ખાતર તો ઘરનું જ હોય, જ્યારે

ખેતીના સાધનો ન હોય તેવા ખેડૂતો જમીનનું ખેડાણનું ભાડુ પણ ખર્ચવું જ પડે. આ સિવાયના બીજા કોઇ મહત્વના કહી શકાએ તેવા ખર્ચ તેમની ખેતીમાં જોવા મળતા નથી.

જુદા જુદા પાકોનું એકરદીઠ ઉત્પાદન પાન નં. ૪૭ ઉપરના કોઠામાં આપેલ છે. મકાઇનું એકરદીઠ ઉત્પાદન ૧૩૦.૮ કિલોનું છે. જ્યારે ૦. થી ૨.૫ એકર જમીન ધરાવતા વિભાગમાં આ ઉત્પાદન ૧૮૪ કિલોનું છે. મકાઇનું એકરદીઠ ઉત્પાદન (સૌથી વધારે) આ વિભાગમાં થાય છે. જ્યારે ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા વર્ગમાં મકાઇનું એકરદીઠ ઉત્પાદન સૌથી ઓછું છે. ૦ થી ૨.૫ એકર જમીન ધરાવતા વિભાગમાં અન્ય પાકો જેવા કે મકાઇ, ઘઉં, કપાસ, અને ચણાના પાકોનું એકરદીઠ ઉત્પાદન અન્ય વધુ જમીન ધરાવતા વિભાગના ઉત્પાદન કરતા વધારે આવે છે. સમગ્ર રીતે જોઇએ તો એકરદીઠ ઉત્પાદનનું પ્રમાણ ખૂબ નીચું ગણાય. ઘઉં અને ચણા કે જે પિતથી કરવામાં આવે છે તેનું ઉત્પાદન તો વધારે હોવું જોઇએ. પણ ઉપરના કોઠામાં જોઇશું તો જણાશે કે આ બે પાકોનું એકરદીઠ ઉત્પાદન અનુક્રમે ૧૬૯ કિલો અને ૧૨૯ કિલોનું છે. જુદા જુદા પાકોનું એકરદીઠ ઉત્પાદનને જિલ્લા તથા રાજ્યના એકરદીઠ ઉત્પાદન સાથે સરખાવીએ તો આ વસ્તુનો વધુ સ્પષ્ટ ખ્યાલ આવશે. (જુઓ પાન નં. ૪૮)



કોઠો-૯

જમીનના કદ પ્રમાણે જુદાં જુદાં પાકોનું એકરદીઠ ઉત્પાદન (૧૯૬૭-૬૮)

| પાકનું નામ | જમીનનું કદ (એકરમાં) ૦ થી ૨.૫ | ૨.૫ થી ૫.૦ | ૫.૦ થી ૭.૫ | ૭.૫ થી ૧૦.૦ | ૧૦ થી ૧૫ | કુલ |
|---|---|---|---|---|---|---|
| મકાઇ | ૧૮૪.૦ | ૧૫૫.૬ | ૯૬.૬ | ૧૪૯.૪ | ૮૮.૬ | ૧૩૦.૮ |
| ઘઉં | ૩૨૦.૦ | ૧૫૦.૦ | ૧૩૪.૨ | ૧૯૮.૦ | ૧૭૭.૭ | ૧૬૯.૧ |
| કપાસ | ૧૯૫.૦ | ૧૧૧.૬ | ૨૦૦.૦ | ૧૨૩.૪ | ૫૦.૦ | ૧૨૪.૭ |
| ચણાં | ૨૬૭.૭ | ૧૨૦.૦ | ૧૦૬.૬ | ૧૩૭.૧ | ૧૧૬.૬ | ૧૨૯.૧ |
| તલ | - | ૮૦.૯ | ૨૫૫.૦ | ૧૨૦.૦ | ૧૨૮.૯ | ૧૧૨.૩ |
| હલકું ધાન્ય | - | ૧૫૨.૧ | ૧૮૦.૦ | ૯૭.૦ | ૧.૫ | ૯૮.૦ |
| કઠોળ | - | ૧૮૮.૫ | ૨૪૦.૦ | - | ૭૬.૦ | ૧૧૬.૦ |
| ડાંગર | - | - | ૮૦.૦ | ૮૦.૦ | ૪૦૦.૦ | ૨૨૮.૦ |

કપાસ અને કઠોળના પાક સિવાયના તમામ પાકમાં તોરણીયાનું એકરદીઠ ઉત્પાદન રાજ્ય અને જિલ્લાના એકરદીઠ ઉત્પાદન કરતા નીચું છે. મહત્વનો પાક મકાઇ કે જેનું ઉત્પાદન જિલ્લા અને રાજ્યના ઉત્પાદનના ત્રીજા ભાગનું પણ નથી. તેવી જ રીતે ઘઉંનું એકરદીઠ ઉત્પાદન પણ ઘણું નીચુ છે. એકર દીઠ ઉત્પાદન નીચું હોવા માટેના કારણો તો આગળ ઉપર તપાસી ગયા છીએ. કપાસનું ઉત્પાદન તોરણીયામાં વધારે હોવાનું મુખ્ય કારણ ગામમાં કપાસનું મોટા ભાગનું વાવેતર પિત

કોઠો-૮

ગામ જિલ્લા અને રાજ્યનું એકરદીઠ ઉત્પાદન (કિલોમાં) ૧૯૬૭-૬૮

| પાકનું નામ | તોરણીયા | બનાસકાંઠા | ગુજરાત |
|---|---|---|---|
| મકાઇ | ૧૩૦.૮ | ૩૬૨.૮ | ૪૭૨.૧ |
| ઘઉ | ૧૯૯.૧ | ૬૨૭.૭ | ૫૧૨.૫ |
| અન્ય હલકું ધાન્ય | ૯૮.૦ | ૧૩૯.૭ | ૩૦૬.૬ |
| ચણા | ૧૨૯.૧ | ૨૧૮.૬ | ૨૧૮.૬ |
| તલ | ૧૧૨.૩ | ૧૪૭.૮ | ૧૯૨.૭ |
| અન્ય કઠોળ | ૧૧૬.૦ | ૯૧.૦ | ૧૨૨.૧ |
| કપાસ | ૧૨૪.૭ | ૩૯.૪ | ૬૭.૧ |
| ડાંગર | ૨૨૮.૦ | ૨૭૨.૬ | ૩૬૫.૧ |

નોંધ:- તોરણીયાના એકરદીઠ ઉત્પાદનના આંકડાઓ ગામની તપાસ પરથી લીધા છે. જ્યારે રાજ્ય અને જિલ્લાના એકરદીઠ ઉત્પાદનના આંકડા ગુજરાત રાજ્ય ખેતીવાડી ખાતાના નિયામકની કચેરી પરથી મેળવેલ છે. આ આંકડા એકરદીઠ પાઉન્ડમાં હતા તેને (કિલો બરાબર ૨.૨૦ પાઉન્ડ) કિલોમાં ફેરવીને એકરદીઠ આપ્યા છે.

પિત: હોય છે, તથા તેમાંથી સારી આવકો મળતી હોવાથી તેની માવજત પણ સારી કરે છે.



## તોરણીયાના મુખ્ય અને ગૌણ ધંધા અને તેમાંથી થતી આવકો

જીવન ધોરણનો આધાર આવક ઉપર રહેલો છે. જેમ આવક વધુ તેમાં જીવન ધોરણ ઉચું, જેમ આવક ઓછી તેમ જીવનધોરણ નીચું. એમ અર્થશાસ્ત્રની પરિભાષામાં કહી શકાય. તોરણીયાના આદિવાસીઓનું જીવન ધોરણ તપાસવા માટે તેમની આવકો કેટલી છે અને તે આવકો કયા ધંધામાંથી મળે છે તે તપાસીએ. માથાદીઠ આવક એ જીવનધોરણ મેળવવા માટેનો મહત્વનો માપદંડ છે. આથી તોરણીયાની માથાદીઠ આવક કેટલી છે તે પણ આપણે તપાસીએ.

જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ ધંધાવાર તથા માથાદીઠ આવક (રૂ.માં)

કોઠો-૯

| જમીનનું કદ (એકરમાં) | કુટુંબદીઠ આવક | ખેતીની આવક | પશુ આવક | મજૂરી | જંગલ | અન્ય | માથાદીઠ આવક |
|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૮૦૮.૩ | ૫૩૦.૩ | ૭૨.૧ | ૧૮૯.૨ | ૧૬.૭ | - | ૧૦૭.૮ |
| ૨.૫ થી ૫ | ૭૧૬.૨ | ૫૪૧.૭ | ૪૨.૪ | ૧૨૫.૬ | ૨.૩ | ૪.૨ | ૧૦૩.૭ |
| ૫.૦ થી૭.૫ | ૯૩૮.૮ | ૭૦૨.૨ | ૨.૮ | ૧૬૭.૨ | - | ૬૬.૬ | ૧૬૯.૦ |
| ૭.૫ થી ૧૦ | ૧૪૩૦.૦ | ૧૦૮૩.૬ | ૭૦.૮ | ૨૬૬.૯ | ૮.૭ | - | ૧૪૬.૭ |
| ૧૦ થી ૧૫ | ૧૬૩૩.૨ | ૧૧૦૬.૪ | ૭૬.૮ | ૪૫૦.૦ | - | - | ૧૩૧.૭ |
| ૧૫ થી વધારે | - | - | - | - | - | - | - |
| કુલ.... | ૯૩૪.૧ | ૬૮૬.૪ | ૪૬.૧ | ૧૮૫.૧ | ૪.૧ | ૧૨.૪ | ૧૨૨.૭ |

સામાન્ય રીતે તોરણીયામાં જમીનનું કદ વધતું જાય છે તેમ તેમ આવક વધતી જાય છે. માત્ર ૦ થી ૨.૫ ના ગ્રૂપ કરતા ૨.૫ થી ૫ એકરના ગ્રૂપમાં આવક ઘટે છે. આ સિવાયના બધા ૪ ગ્રુપમાં આવકનો વધતો જતો ક્રમ જોવા મળે છે. ૦ થી ૨.૫ એકર જમીન ધરાવતા કુટુંબોની કુટુંબદીઠ આવક બમણા કરતા વધુ છે. આમ કુટુંબદીઠ આવક બમણી હોવા છતાં માથાદીઠ આવક જોઇશું તો મોટો તફાવત પડતો નથી. જેમકે ૧૦૭.૮ થી વધીને ૧૩૧.૭ રુ. નો થાય છે જ્યારે કુટુંબદીઠ આવક ૮૦૮.૩ ની વધીને તે ૧૬૩૩.૨ રુ. થાય છે.

જ    જમીનનું કદ વધતાની સાથે ખેતીની આવકો વધતી જાય છે અને ૧૦થી ૧૫ એકર જમીન ધરાવતા ગ્રુપમાં આ આવકોનું પ્રમાણ વધીને ૧૧૦૬.૪ રુ.ની થાય છે. જ્યારે ૦ થી ૨.૫ એકર જમીન ધરાવતા ગ્રુપમાં આ આવક ૫૩૦.૩ રુ.ની છે. સમસ્ત રીતે જોતાં ખેતીની કુટુંબદીઠ સરેરાશ આવક ૬૮૬.૪ રુ.ની છે. ૫ થી ૧૦ એકરથી વધુ જમીન ધરાવતા ગ્રૂપમાં ખેતીની સરેરાશ આવકો કુલ સરેરાશ આવકો કરતા વધુ છે જ્યારે નીચેના બે ગ્રુપમાં તે આવક ઓછી છે.

ખેતી સિવાયના ધંધામાંથી થતી આવકોમાં જમીન વધવાથી સાથે આવકો વધવાનું વલણ નથી. પણ આ આવકો જુદા જુદા ગ્રુપમાં અનિયમિત પણે જોવા મળે છે. જેમકે પશુના ધંધામાંથી થતી આવક ૦.૨.૫ એકર જમીન ધરાવતા કુટુંબોમાં ૭૨.૧ રુ.ની છે જ્યારે તે પછીના ત્રણ ગ્રુપોમાં તે આવકો નીચે છે. ૧૦-૧૫ એકર જમીન ધરાવતા ગ્રુપમાં તે આવકો પ્રથમ ગ્રુપ કરતા સાધારણ વધારે છે. બીજી રીતે કહીએ તો વધુ જમીન હોય તો પશુની આવકો વધારે હોય અને ઓછી જમીન



હોય તો પશુની આવકો નીચે તે જાતનો ક્રમ અહીં જોવા મળતો નથી. ૫ થી ૭.૫ એકર જમીન ધરાવતા ગ્રુપમાં પશુના ધંધામાંથી થતી આવક માત્ર રુ.૨૯.૮ ની છે. જુદા જુદા ધંધા દ્વારા મળતી આવકોમાં પશુપાલનના ધંધાની આવકનો ત્રીજો નંબર ગણી શકાય. કારણ ખેતી પછીની મહત્વની આવકો મજુરીના ધંધામાંથી મળે છે.

મજુરીના ધંધામાંથી થતી આવક ૧૮૫.૧ રુ.ની છે. પરંતુ ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા ગ્રુપમાં કુટુંબદીઠ રુ.૪૫૦ ની આવક મજુરીની છે. જમીન વધુ હોવાને કારણે આ વર્ગમાં મજુરીના ધંધામાંથી થતી આવકોનું પ્રમાણ ઓછું હોય જ્યારે ઓછીજમીન ધરાવતા વર્ગમાં મજુરીના ધંધામાંથી થતી આવકનું પ્રમાણ વધારે હોય પરંતુ તોરણિયામાં કુટુંબનું કદ તપાસતા ખ્યાલ આવશે કે ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા ગ્રુપનું કુટુંબનું કદ ૧૨.૪ નું છે જ્યારે ૦.૨.૫ એકર જમીન ધરાવતા ગ્રુપનું કુટુંબનું કદ ૭.૫ નું છે. વધુ જમીન ધરાવતા ગ્રુપમાં કુટુંબનું કદ વધારે હોવાથી માથાદીઠ જમીનનું પ્રમાણ ઘણું ઓછું છે. આથી ખેતીના ધંધામાં બધા માણસોને રોજગારી અપાતી નથી અને ફરજિયાત રીતે મજુરીના કામો કરવા પડે છે. વળી કુટુંબમાં મજુરી કરતા સભ્યોની સંખ્યા પણ વધારે હોવાને કારણે એ ગ્રુપમાં મજુરીના ધંધામાંથી મળતી આવકનું પ્રમાણ ઉંચું છે.

આ ગામમાં જંગલ વિસ્તાર નથી એટલે આ ધંધામાંથી મળતી આવકનું પ્રમાણ નહિવત્ છે. તેવી જ રીતે અન્ય ધંધામાંથી મળતી આવકોનું પ્રમાણ પણ સાધારણ જ છે.

માથાદીઠ આવકની રીતે તપાસીએ તો જણાશે કે ૫ થી ૭.૫ એકર જમીન ધરાવતા ગ્રુપના કુટુંબોની માથાદીઠ આવક રુ. ૧૬ ની છે જે સૌથી વધારે છે. આ ગ્રુપની માથાદીઠ આવક સૌથી ઉંચી હોવાનું કારણ અન્ય ગ્રુપ કરતા આ ગ્રુપના કુટુંબનું કદ સૌથી નાનું છે. ગામની સરેરાશ માથાદીઠ આવક રુ. ૧૨૨.૭ છે. આ સરેરાશ આવક કરતા ૧ થી ૫ એકર જમીન ધરાવતા કુટુંબોની આવકનું પ્રમાણ નીચું છે. જ્યારે બાકીના ત્રણ ગ્રુપમાં માથાદીઠ આવકનું પ્રમાણ ગામની સરેરાશ માથાદીઠ આવકના પ્રમાણ કરતા વધારે છે.

માથાદીઠ વાર્ષિક આવક રુ. ૧૨૨.૭ છે. આથી દૈનિક માથાદીઠ આવક માત્ર ૩૩.૬ ને.પૈ.ની થાય. ગુજરાત અને ભારતની માથાદીઠ આવક કરતા તોરણીયાની માથાદીઠ આવક ઘણી જ નીચી છે. ૧૯૬૩ થી ૬૬ ના વર્ષની સરેરાશ પરથી કાઢેલી ગુજરાતની માથાદીઠ આવક રુ. ૪૬૨ અને ભારતની માથાદીઠ આવક રુ.૩૭૨ની છે. તોરણીયાની માથાદીઠ આવક કરતા ગુજરાતની માથાદીઠ આવક ચાર ગણી છે. તોરણીયાની માથાદીઠ આવક ઓછી હોવાનું મુખ્ય કારણ કુટુંબનું કદ ખૂબ મોટું છે. જ્યારે ખેતી સિવાય આવક મેળવવાની કોઇ મહત્વનો ધંધો નથી. કુલ આવકમાંથી ખેતીના ધંધામાંથી થતી આવક ૭૩.૬ ટકા છે જ્યારે તેને સહાયક એવા પશુપાલનના ધંધામાંથી થતી આવક માત્ર ૪.૯ ટકા છે. મજુરીમાંથી ૧૯.૮ ટકા આવક મળે છે. જ્યારે જંગલમાંથી ૦.૪ ટકા અને અન્ય આવકોનું પ્રમાણ ૧.૩૪ નું છે. ખેતીના ધંધા વિશે તો આગળ ઉપર ચર્ચા કરી. આ સિવાયના બીજા ધંધા વિષે આપણે તપાસીએ.



મજૂરી:-

આદિવાસી વિસ્તારોમાં મજુરી એ મહત્વનું આવક મેળવવાનું સાધન ગણી શકાય. દરેક આદિવાસી વિસ્તારોમાં જુદા જુદા પ્રકારની મજુરીમાંથી સહાયક આવકો મેળવવામાં આવે છે. કારણ તેમનો મહત્વનો ધંધો ખેતી છે. અને આ ધંધામાંથી મળતી આવક ઘણી જ ઓછી છે. તેથી પ્રાથમિક જરુરીયાતો જેટલું કમાવા માટે અનેક ધંધા કરવા પડે છે. મજુરીમાં ખેતમજુરી, જંગલમજુરી, બાંધકામના ધંધામાં મળતી મજુરી વગેરે ગણાવી શકાય. ખાસ કરીને જંગલ મજુરી એ આદિવાસી વિસ્તારોમાં આવક મેળવવા માટે બહુ મહત્વની ગણાય છે. ત્યાર બાદ બાંધકામના ધંધામાં મળતી મજુરી અને છેવટે ખેતીના ધંધામાં મળતી મજુરી ગણી શકાય. જોકે બધા આદિવાસી વિસ્તારો માટે આ જાતનો ક્રમ સર્વસામાન્ય નથી.

તપાસ માટે પસંદ કરાયેલ ગામ તોરણીયા કે જેનો મહત્વનો ધંધો ખેતી છે ત્યાં પણ મજુરીના ધંધાનું મહત્વ ઘણું જ વધારે છે. કારણકે ત્યાં બિલકુલ જંગલ વિસ્તાર નથી. અને તેને કારણે જંગલ પેદાશોના વેચાણથી મળતી આવકનું પ્રમાણ નહિવત્ છે. વળી જંગલ વિસ્તાર નહિ હોવાને કારણે તે દ્વારા મળતી મજુરીની આવક પણ તોરણીયામાં ઉપલબ્ધ નથી. ખેતીમાં તો જમીનનું પ્રમાણ વ્યકિતદીઠ એટલું બધું નીચું છે કે તેમાં મજુરી મળવાની કોઇ સંભાવના જ હાલમાં નથી. બાંધકામના ધંધામાં જેવા કે રસ્તા, રેલવે લાઇન, વગેરેમાં મજુરીનો અવકાશ રહે છે. તેવી જ રીતે કુવા યા તળાવના બાંધકામમાં પણ મજુરીનું કામ મળી આવે છે. આ રીતે મળતા કામ અનિયમિત હોય છે. વળી ઘણીવાર આ કામો કરવા માટે ગામથી દૂર પણ રહેવું પડે છે. વર્ષમાં ખૂબ ઓછો સમય આવા કામ મળી રહે છે. બધાને મજુરી પુરી

પાડી શકે તેવા પ્રકારના આ કામ હોતા નથી. મોટે ભાગે તો આવા કામો અછત રાહતના કામો તરીકે શરુ કરવામાં આવે છે અને આ રીતના કામોમાં મળતી મજુરીનું પ્રમાણ ઘણું જ નીચું હોય છે. તપાસના વર્ષમાં મીરાંવાસના તળાવનું ખોદકામ ચાલેલું અને તેને કારણે તે ધંધા દ્વારા કુલ આવકના ૧૮ ટકા જેટલી આવક મેળવી શકાઇ છે. દર વર્ષે આટલી સારી આવક મેળવી શકાયતેવા કામો તો નીકળતા હોતા નથી જ. જેમકે તપાસના સમયે ગામના લોકો આવા કામો નીકળવાની રાહ જોઇને બેઠેલા. તેઓ કયારે કામ નીકળે અને કામે જઇ આવક કમાઇએ તે માટે ખૂબ જ ચિંતાતુર હતા. આ રીતે જે પ્રકારની મજુરી તોરણીયામાં મળે છે તે ખુબ જ અનિયમિત પ્રકારની અને તે દ્વારા થતી આવક પણ દર વર્ષે એકરસરખી હોતી નથી.

પશુપાલનઃ-

તોરણીયામાં આદિવાસી કુટુંબોમાં ઢોરની સંખ્યા ઘણી વધારે હોય છે. પરંતુ ઢોરનો શારિરીક બાંધો ખૂબ નબળો હોય છે. પશુઓનો મુખ્ય ખોરાક મકાઇ તથા અન્ય પાકોમાંથી મળતું ઘાસ, ઝાડના પાન વગેરે ગણી શકાય. આ ઘાસ પણ પૂરતા પ્રમાણમાં મળતું હોતું નથી. આખો દિવસ ડુંગરોમાં ઢોરોને ચરવા લઇ જાય. પરંતુ ચોમાસા સિવાય ડુંગરો ઉપર કંઇ ચરવાનું ઘાસ હોતું નથી. આમ ઢોરોને પૂરતું ઘાસ નહિ આપવાને કારણે તેમના ઢોરો ખૂબ જ નબળા હોય છે. અને આવા તેમના નબળા ઢોર દ્વારા થતું ઉત્પાદન પણ નહિવત્ છે.



ઢોર નબળા હોવાનું બીજું કારણ જમીનનું પ્રમાણ ઓછું હોવાને લીધે ઘાસ પણ ખૂબ ઓછું થતું હોય છે જ્યારે તેના પ્રમાણમાં ઢોરની સંખ્યા ખૂબ વધારે હોય છે. આ બધા જ ઢોરને પૂરું પાડી શકાય તેટલું ઘાસ તો તેઓ તેમની ખેતીમાંથી મેળવી શકતા નથી. સામાન્ય રીતે કુટુંબદીઠ એકાદ બળદ નથી. એકાદ ભેંસ કે ગાય હોય તો તેને સામાન્ય રીતે તેઓ સાચવી શકે પરંતુ કુટુંબદીઠ ઢોરનું પ્રમાણ તોરણીયામાં ૧૪.૪ નું છે. જેમાંથી બળદ, ગાય અને ભેંસ પણ અનુક્રમે કુટુંબદીઠ સરેરાશ ૨.૩ અને ૨.૭ ટકા છે.

કોઠો-૧૦

તોરણીયાનું પશુધન

| પશુની જાત | પશુની સંખ્યા | કુટુંબદીઠ સરેરાશ |
|---|---|---|
| બળદ | ૧૩૬ | ૨.૩૦ |
| ગાય તથા ભેંસ | ૧૫૭ | ૨.૭૦ |
| વાછરડા, પાડી, પાડા | ૬૦ | ૧.૦૧ |
| ઘેટા બકરા | ૩૫૩ | ૫.૯૦ |
| મરઘા | ૧૩૫ | ૨.૩૦ |
| અન્ય | ૩ | ૦.૦૫ |
| કુલ | ૮૪૪ | ૧૪.૨૬ |

બળદ તો માત્ર ખેતીના ઉપયોગમાં આવે છે. ગાય, ભેંસ, તથા મરઘા દ્વારા તેઓ થોડી ઘણી કમાણી કરી શકે છે. જોકે તોરણીયામાં પશુના ધંધામાંથી થતી આવકનું પ્રમાણ કુટુંબદીઠ ૪૬.૧ રુ.નું છે. જો પશુદીઠ આ ઉત્પાદન તપાસીએ તો ખૂબ જ ઓછું આવે

પશુ ઉત્પાદન ઓછું હોવાનું કારણ ઢોરની અયોગ્ય તથા અપૂરતી માવજત, પશુ એ ઉત્પાદનનું સાધન નથી પણ મિલ્કતનું સાધન છે એવી માન્યતા, ખરાબ આર્થિક સ્થિતિને કારણે પશુને યોગ્ય પોષણ આપવાની અશક્તિ, દૂધ તથા ઘીના બજારથી અજ્ઞાન વગેરે કારણો ગણાવી શકાય.

તોરણીયામાં ભેંસ શરુઆતમાં જો બશેર દૂધ આપતી હોય યા ગાય ૧ શેર દૂધ આપતી હોય તો ખૂબ સારું ગણાય. વળી દૂધ આપવાનો ગાળો પણ ટુંકો હોય છે. દૂધનું તો બજાર હોતું નથી આથી ઘી બનાવીને વેચવામાં આવે છે. રોજ થોડું થોડું દૂધ ભેગું કરી અઠવાડિયામાં એકાદ દિવસ ઘી બનાવે છે. આ ઘી ગામમાં આવેલ વેપારીને ત્યાં આપી તેના બદલામાં જરુરી વસ્તુ ખરીદી લે છે. ઘીનું વેચાણ માપથી કરે છે. તેનું વજન થતું નથી. ઘીનો બજારભાવ ૧૪ થી ૧૫ રુ. કિલોના હોય તો ૧૧ થી ૧૨. રુ. ના ભાવે વેપારી ખરીદે છે. આમ જે કંઇ ઉત્પાદન કરે છે તેના પૂરા ભાવ પણ તેમને મળતા નથી.

<u>નિર્વાહખર્ચ:</u>

ઓછી આવકને કારણે જીવન ખૂબ જ સાદુ હોય છે. જે જરુરીયાતો વિના જીવન ટકી શકવું શકય ન હોય તેવી જરુરીયાતો પણ માંડ પૂરી પડે તેટલી ઓછી



તેમની આવક છે. આને કારણે ખોરાક તથા જરુરી કપડાં પાછળનું ખર્ચ કરવું પડે છે. તે સિવાયનું બીજું કોઇ મહત્વનું ખર્ચ તેઓ કરી શકતા નથી.

કુલ ખર્ચમાં ખોરાકી ચીજ વસ્તુઓ પાછળ થતું ખર્ચ નીચે પ્રમાણે છે:

| | |
|---|---|
| અનાજ | ૫૮.૩ ટકા |
| શાકભાજી | ૧.૫ ટકા |
| દૂધ-ઘી | ૫.૨ ટકા |
| માંસ, માછલી, ઈંડા | ૧.૪ ટકા |
| ખાંડ | ૦.૬ ટકા |
| ગોળ | ૨.૬ ટકા |
| તેલ | ૨.૨ ટકા |
| મસાલા | ૨.૯ ટકા |
| ચા-કોફી | ૦.૫ ટકા |
| કુલ | ૭૫.૨ ટકા |

કુલ ખર્ચના ૭૫.૨ ટકા ખોરાક પાછળની ચીજવસ્તુઓ માટે ખર્ચ કરે છે. કુલ ખર્ચમાં પણ અનાજ પાછળના ખર્ચની ટકાવારી ખૂબ ઓછી હોય તો તે આર્થિક સ્થિતિ સારી હોવાનું લક્ષણ છે. તોરણીયામાં કુલ ખર્ચના ૫૮.૩ ટકા જેટલું ખર્ચ તો માત્ર અનાજનું છે અને મકાઇ એ મહત્વનો ખોરાક છે. દૂધ-ઘી પાછળના ખર્ચનું પ્રમાણ ૫.૬ ટકા છે. જે કુટુંબોમાં ભેંસ યા કોઇ દૂઝણું ઢોર હોય તો તેવા કુટુંબોમાં

વધતા ઓછા પ્રમાણમાં દૂધનો વપરાશ કરવામાં આવે છે. ઘીનો વપરાશ તો ભાગ્યે જ કરવામાં આવે છે. ચામાં દૂધનો ઉપયોગ થોડા પ્રમાણમાં થાય છે, અને તેને કારણે પણ દૂધ પાછળનું ખર્ચ કરવું પડે છે. ઘણાં જ કુટુંબો ચા પીવા માટે દૂધનો વપરાશ કરતા નથી. વળી ચા પાછળનો ખર્ચ પણ ખૂબ નજીવો છે. તેઓ માંસાહારી ખરા પણ આર્થિકરીતેમાંસ ખાવું તેમને પોસાતું નથી. વારે-તહેવારે ખોરાકમાં તેનો ઉપયોગ કરે છે. કોઇ ધાર્મિક તહેવાર હોય તો પણ ખોરાકમાં માંસનો ઉપયોગ કરે છે. બાકી તો શાકાહારી ખોરાક જ લેતા હોય છે. શાકભાજી પણ ઘર આંગણે ઉગાડવામાં આવે છે અને તે શાકભાજીનો વપરાશ કરે છે. ખાસ કરીને વાલોળ, બટાટા, ડુંગરી, રીંગણા, દૂધી વગેરેનો શાકભાજી તરીકે ઉપયોગ કરે છે, બટાટા ડુંગળી જેવા શાકભાજી હાટડથી ખરીદીને લાવે છે. ખોરાકમાં રોજ શાકભાજીનો વપરાશ કરતા નથી.

ખાંડ કરતા ગોળનો વપરાશ વધારે છે. ભાવોની રીતે તપાસીએ તો તેમને ખાંડ સસ્તી પડે પરંતુ રેશનકાર્ડ ઉપર મળતી ખાંડ એકી સાથે ખરીદવી પડે છે અને તે ખરીદવા માટે તેમની પાસે પૈસા હોતા નથી ત્યારે ગોળ તો ગામના વેપારી પાસેથી આના-બે આનાનો છૂટક ખરીદી શકાય છે અને કારણે ગોળના વપરાશનું પ્રમાણ વધુ છે. કોઇ વાર હાથ ઉપર પૈસા હોય તો ખાંડનો પણ વપરાશ પણ કરે છે. ખાસ કરીને તહેવારને સમયે તેઓ ખાંડ ખરીદતા હોય છે. બાકીના સમયે કાર્ડની ખાંડ લાવતા હોતા નથી.



શાકભાજીનો ઓછો વપરાશ અને ઘઉંનો ખોરાક પણ ઓછો હોવાને કારણે તેલ પાછળ થતું ખર્ચ પણ ખૂબ જ ઓછું હોય છે. જ્યારે શાકભાજી કરવું હોય ત્યારે આના બે આનાનું તેલ લાવતા હોય છે. જો રોકડા પૈસા ન હોય તો મકાઇ, તુવેર યા કપાસના સાટામાં પણ આવી વસ્તુ ખરીદે છે.

મસાલા એ તેમનો રોજિંદો ખોરાક ગણાય. શાકભાજી, ગોળ ખાંડ અને ઘી વિના તેઓ ચલાવી શકે છે પરંતુ દરેકકુટુંબમાં રોજિંદા વપરાશમાં મરચુ, યા તીખી ચટણી તો અવશ્ય હોય છે જ. ખાસ કરીને મરચા, કોથમીર તેમજ લસણ ઘર આંગણે જ વાવે છે યા જરુર પડે ત્યારે ખરીદીને લાવે છે.

કોઠો-૧૨

ખોરાક પાછળનો કુટુંબદીઠ સરેરાશ ખર્ચ નીચે પ્રમાણે છે:

| | સરેરાશ ખર્ચ |
|---|---|
| અનાજ | ૫૭૧.૨ |
| શાકભાજી | ૧૫.૧ |
| માંસ, માછલી, ઈંડા | ૧૩.૧ |
| દૂધ-ઘી | ૫૦.૮ |
| ખાંડ | ૫.૬ |
| ગોળ | ૨૫.૨ |
| તેલ | ૨૨.૦ |
| ચા-કોફી | ૫.૪ |
| મસાલા | ૨૮.૧ |
| કુલ | ૭૩૬.૫ |

કુટુંબદીઠ ખોરાક પાછળનો ખર્ચ રુ. ૭૩૬.૫ નો છે. પરંતુ માથાદીઠ આ ખર્ચ રુ. ૯૭ નો છે. આમ એક વ્યકિતને ખોરાકની તમામ ચીજવસ્તુઓની જરુરીયાત માત્ર રુ. ૯૭ માં પૂરી કરવાની હોય છે. જેમાં પણ દૂધ-ઘી, તેલ, શાકભાજી વગેરે પાછળનું વ્યકિતદીઠ ખર્ચ તો ખૂબ જ ઓછું હોય છે. આને કારણે પેટ ભરવા માટે માત્ર અનાજ સિવાયની બીજી કોઇ ખોરાકી વસ્તુઓનો તેઓ પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરી શકતા નથી.

મુખ્ય ખોરાક મકાઇનો છે. મકાઇ સિવાય અન્ય હલકાં ધાન્યોમાં સામલી, બાવટો, જુવાર, વગેરે પણ વાપરે છે. કઠોળમાં અડદ, ચણા, તથા તુવેરની દાળનો ઉપયોગ કરે છે. ચોમાસામાં વાલોળ તથા રિંગણા વાવી તેનો શાકભાજી તરીકે ઉપયોગ કરે છે. શાક અને દાળ એ કોઇક વાર જ બનાવે છે. જયારે છાશ મળી હોય ત્યારે ખાટીયું બનાવે છે. બે સમય ખોરાક મળે એટલે સંતોષ અનુભવે છે. મકાઇના રોટલા બનાવે છે, તથા મકાઇને ઘરડી તેમાં છાશ અને મીઠું નાખી ભૈડકું તૈયાર કરીને પણ ખાય છે. ચણાની ભાજી પણ બનાવે છે. ચણાના છોડ નાના હોય ત્યારે તેના પાન ચુટીને સૂકવી રાખી તેને સાચવી રાખે છે. જયારે ચણાની ભાજી બનાવવી હોય ત્યારે ભાજીને પાણીમાં નાખી ખૂબ ઉકાળી તેમાં મસાલા નાખે છે. એને ચણાની ભાજી કહે છે. આ રીતે તૈયાર કરેલી ચણાની ભાજી તથા મકાઇનો રોટલો ભેગો કરીને ખાય છે. તેઓ ખાટીયામાં મકાઇનો લોટ ખૂબ જ નાખીને જાડુ બનાવે છે. આપણા ત્યાં હોટલમાં મળતી ચટણીની જેમ તેમનું ખાટીયુ તૈયાર કરે છે. કેટલીક વાર તેઓ કપાસ તાંદરજો, અને ચીલી વગેરેના પાનાનું હાથુ (શાક) પણ બનાવે છે. સૌ પ્રથમ પાનને બાફી નાખે છે. અને તેમાં મકાઇનો લોટ, મસાલા તથા પાણી નાખે છે અને બરોબર શેકે છે.



ચાર બાદ તૈયાર થયેલ હાજુ મકઇ યા સામલીના રોટલા સાથે ખાય છે. જુવાર પકવતા નથી પરંતુ સસ્તા અનાજની દુકાનેથી ખરીદે છે. ઘઉં પકવતા ખેડુતો ખોરાકમાં ઘઉંનો ઉપયોગ પણ કરે છે.

અમુક તહેવારોમાં મીઠું ખાવાનો રિવાજ છે. આથી જે તહેવારોમાં આ રીવાજ હોય તે દિવસે ચુરમું કરીને ખાય છે. ચુરમામાં મકાઇનો લોટ ગોળ તથા તેલનો ઉપયોગ કરે છે.

## ખોરાક પાછળની વસ્તુઓમાં થતો ખર્ચ:

ખોરાક પછીનું મહત્વનું ખર્ચ કપડા તથા જોડાનું છે. કુલ ખર્ચના ૧૦.૭ટકા ખર્ચ કપડા પાછળ થાય છે. જયારે કુટુંબદીઠ સરેરાશ ખર્ચ ૧૦૪.૭ રુ.નું છે. પોશાકની સાદગીને કારણે તેઓનું કપડા પાછળનું ખર્ચ ખૂબ ઓછું છે. પોશાકની સાદગીનું કારણ તેમની આર્થિક સ્થિતિ છે. જોકે તોરણીયામાં સ્ત્રીઓના પોશાક પાછળ પુરુષોના પોશાક કરતા વધુ ખર્ચ થાય છે. પુરુષો સામાન્ય રીતે ટૂંકી પોતડી તથા ટૂંકી બાયનું ખમીશ પહેરે છે. માથે રુમાલનો ટૂકડો બાંધે છે. નાના છોકરાઓને ખાસ પોશાકની જરુર રહેતી નથી. સ્ત્રીઓના ચણિયામાં કાપડ વધારે વપરાય છે. આથી તેનું ખર્ચ વધુ થાય છે. શાળામાં જતા બાળકો ચડ્ડી અને પહેરણ પહેરે છે. સ્ત્રીઓનો પહેરવેશ રંગીન અને ડિઝાઇનવાળો હોય છે. તોરણીયાના આદિવાસીઓમાં પહેરવેશમાં સારા પ્રમાણમાં ફેરફારો થયા છે. કપડાને ધોઇને ઉજળા પણ બનાવે છે. બહારના સમાજના રોજના સંપર્કને કારણે તેમના પહેરવેશ ઉપર અસર પડી છે.

વ્યસનોના ખર્ચમાં ચા, બીડી, તમાકુ, દારુ વગેરે ગણાવી શકાય. ચા પાછળના ખર્ચનો અગાઉ આપણે ખોરાકમાં સમાવેશ કર્યો છે. એટલે બીડી, તમાકુ અને દારુ પાછળનું ખર્ચ તપાસીએ. આદિવાસી સમાજમાં ધાર્મિક તહેવારોમાં દારુ પીવાતો હોય છે. તથા વારે તહેવારે પણ દારુ પીવામાં આવે છે. પરંતુ તે અંગેની ચોક્કસ માહિતી મળતી નથી તેનું કારણ સરકારી ડરને કારણે આ અંગેની સત્ય માહિતી આપતા તેઓ ગભરાય છે. છતાં પણ આ વ્યસન પાછળનું કુટુંબદીઠ સરેરાશ ૨૬.૩ રુ.નું છે. શાકભાજી, માંસ માછલી, ખાંડ, ગોળ, તેલ વગેરે વસ્તુઓ પાછળ જે ખર્ચ કરે છે તેના કરતા બીડી તમાકુ અને દારું પાછળનું થતું ખર્ચ વધારે છે.

બળતણ-દિવાસળી પાછળ કુટુંબદીઠ ૬.૬ રુ.નો ખર્ચ થાય છે. ખાસ કરીને બળતણનો ખર્ચ જંગલમાંથી મેળવી લેતા હોય છે આથી તે પાછળ કંઇ ખર્ચ કરવું પડતું નથી. પરંતુ દિવા માટે કેરોસીનનું ખર્ચ દરેક કુટુંબમાં વધતા ઓછા પ્રમાણમાં કરવું પડે છે. જોકે સવારમાં વહેલા યા ત્યાંથી સાંજના થોડો સમય જ દીવો બાળે છે. કુટલાક કુટુંબો તો ભાગ્યે જ દિવો સળગાવે છે. કારણ તેની પાછળનું ખર્ચ કરવું પોસાતું નથી.

શિક્ષણ અંગેની પરિસ્થિતિ અગાઉ તપાસી ગયા. હાલમાં શિક્ષણની શું પરિસ્થિતિ છે તે અંગેનો ખ્યાલ શિક્ષણ પાછળ થતા ખર્ચ પરથી જાણી શકાય. તોરણીયામાં શિક્ષણ પાછળ થતું ખર્ચ કુટુંબદીઠ રુ.૧.૫ નું છે. જ્યારે કુલ ખર્ચના માત્ર ૧.૧ ટકા ખર્ચ જ શિક્ષણ પાછળ કરવામાં આવે છે. (કુટુંબદીઠ ૯૭૬.૬ રુ.) શિક્ષણ પાછળનું ઓછુ ખર્ચ હોવાનું મુખ્ય કારણ ગામમાં શિક્ષણ લેતા બાળકોની સંખ્યા વસ્તીમાં પ્રમાણમાં ખૂબ ઓછી છે. બીજું ચાર ધોરણથી વધુ અભ્યાસ કરતા વિધાર્થીઓનું પ્રમાણ તો ખૂબ અલ્પ છે.



આને કારણે શિક્ષણ પાછળ ખાસ ખર્ચ થતું નથી.

સામાજિક અને ધાર્મિક હેતુઓ માટે કુટુંબદીઠ ખર્ચ રુ.૮૦.૫ નું છે. અનાજ અને કપડાં પાછળના ખર્ચ પછીનું મહત્વનું ખર્ચ સામાજિક અને ધાર્મિક હેતુઓ માટેનું છે.

દવા, તેલ, સાબુ જેવી પરચુરણ વસ્તુઓ પાછળ કુટુંબદીઠ ૨૩.૩ રુ.નો ખર્ચ થાય છે.

કુટુંબદીઠ કુલ નિર્વાહખર્ચ તથા સામાજિક, ધાર્મિક ખર્ચ રુ.૯૭૯.૬ રુ.નો છે. માથાદીઠ આ ખર્ચનું પ્રમાણ ૧૨૮.૭ રુ. છે. કુલ ૯૭૯.૬ રુ.ના ખર્ચમાંથી ૫૧૧.૪ રુ.નું ખર્ચ ઘેર પેદા થતી અને ૮.૮ રુ.નું ખર્ચ શાખ ઉપરની ખરીદી દ્વારા કરે છે. ટકાની રીતે તપાસીએ તો કુલ ખર્ચના ૫૨.૨ ટકા, ઘેર પેદા થતી વસ્તુમાંથી, ૪૫.૫ ટકા રોકડ ખરીદી દ્વારા, ૧.૪ રુ. ખર્ચ સાટા દ્વારા અને ૦.૯ ટકાની ખરીદી શાખ દ્વારા કરે છે.

<u>આવક પ્રમાણે ખર્ચનું પ્રમાણ:</u>

અગાઉ જોયું તેમ સરેરાશ કુટુંબદીઠ ખર્ચ ૯૭૯.૬ રુ.નું છે. પરંતુ ૨૫૦ થી ૫૦૦ ની આવક ધરાવતા કુટુંબોનું કુટુંબદીઠ ખર્ચ ૬૫૩.૭ રુ.નો છે. જ્યારે ૧૫૦૦ ઉપર આવક ધરાવતા કુટુંબોનું આ ખર્ચ ૧૮૫૦.૨ નું છે. એટલે કે, તોરણીયા ગામના ૨૫૦ થી ૫૦૦ ની આવક ધરાવતા કુટુંબો કરતા રુ.૧૫૦૦ થી વધુ આવક ધરાવતા કુટુંબો ચાર ગણું ખર્ચ કરે છે.

આવક અને ખર્ચ:

કુટુંબદીઠ આવકનું પ્રમાણ ૯૩૪.૧ રુ.નું છે જ્યારે કુટુંબદીઠ ખર્ચનું પ્રમાણ ૯૭૯.૬ નું છે. આમ આવક કરતા ખર્ચનું પ્રમાણ ૪૫.૫ રુ. નું વધારે છે. માથાદીઠ આવકનું પ્રમાણ ૧૨૨.૭ નું છે જ્યારે માથાદીઠ ખર્ચનું પ્રમાણ ૧૨૮.૭ રુ.નું છે. આથી માથાદીઠ આવક કરતા ખર્ચ રુ.૬ વધારે છે.

કોઠો-૧૩

| કુટુંબ સંખ્યા | કૌટુંબિક ખર્ચ | આવક રુ. | વર્ષને અંતે કૌટુંબિક ખર્ચમાં ખોટ |
|---|---|---|---|
| ૫૯ કુટુંબોનું | ૫૭૭૯૭ | ૫૫૧૦૮ | ૨૬૮.૯ |
| કુટુંબદીઠ | ૯૭૯.૬ | ૯૩૪.૧ | ૪૫.૫ |
| માથાદીઠ | ૧૨૮.૭ | ૧૨૨.૭ | ૬.૦ |
| (૪૪૯ વસતિ) | | | |

૧૯૬૮ ના વર્ષમાં તોરણીયા ગામના કુટુંબોમાં કુલ આવક કરતા કુલ કૌટુંબિક ખર્ચ રુ. ૨૬૮૯ વધારે હતું. વ્યક્તિદીઠ આવક કરતા ખર્ચનું પ્રમાણ રુ. ૬ વધારે હતું.

(આવક કરતા વધુ ખર્ચ વાળા કુટુંબો— કોઠા માટે જુઓ

પાન નં. ૬૫)



કોઠો-૧૪

આવક કરતાં વધુ ખર્ચવાળા કુટુંબો

| જમીનનું કદ | કુલ કુટુંબ | ખાધવાળા કુટુંબો | કુલ કુટુંબોમાંથી ખાધવાળા કુટુંબનાં ટકા | કુલ ખાધવાળા કુટુંબમાંથી જુદા જુદા ખાધવાળા કુટુંબ ટકામાં |
|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૬ | ૨ | ૩.૪ | ૭.૪ |
| ૨.૫ થી ૫.૦ | ૩૧ | ૨૦ | ૩૩.૯ | ૭૪.૧ |
| ૫.૦ થી ૭.૫ | ૯ | ૨ | ૩.૪ | ૭.૪ |
| ૭.૫ થી ૧૦.૦ | ૮ | ૧ | ૧.૨ | ૩.૪ |
| ૧૦ થી ૧૫ | ૫ | ૨ | ૩.૪ | ૭.૪ |
| કુલ | ૫૯ | ૨૭ | ૫૪.૭ | ૧૦૦.૦ |

ગામમાંથી કુલ ૫૯ જુથોમાંથી ૨૭ કુટુંબો એવા હતા કે જેમની આવક કરતાં ખર્ચ વધારે હોય. એટલે કે કુલ કુટુંબોના ૪૫.૩ ટકા કુટુંબો ખાધવાળા અને ૫૪.૭ ટકા કુટુંબો પુરાંતવાળા હતા. ૨.૫ થી ૫ એકર જમીન ધરાવતા ગ્રુપમાં ખાધવાળા કુટુંબોની સંખ્યા તથા ટકાવારી વધારે હતી. કુલ ખાધવાળા કુટુંબોના ૭૪.૧ ટકા કુટુંબો ૨.૫ થી ૫ એકર જમીન ધરાવતા વર્ગમાં હતા. જ્યારે સૌથી ઓછી ખાધવાળા કુટુંબો ૭.૫ થી ૧૦ એકર જમીન ધરાવતા વર્ગમાં હતા. ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા ગ્રુપમાં કુટુંબનું કદ મોટું હોવાને કારણે ૫ માંથી ૨ કુટુંબો ખાધવાળા હતા.

આવકના જૂથ પ્રમાણે કુટુંબસંખ્યા:

ગામમાં ૨૫૦ થી ઓછી આવક ધરાવતું એક પણ કુટુંબ નથી. કુલ કુટુંબો-માંથી ૩૦.૫ ટકા કુટુંબો ૫૦૦ થી ૭૦૦ ના આવકજૂથમાં આવે છે. આ આવકજૂથમાં આવતા કુટુંબોની સંખ્યા વધારે છે. આ આવક જૂથમાં આવતા ૧૮ કુટુંબોમાંથી ૧૨ કુટુંબો ૨.૫ થી ૫ એકર જમીન ધરાવે છે જ્યારે ૩ કુટુંબો ૫ એકર કરતા વધારે જમીન ધરાવે છે અને ૩ કુટુંબો ૫ એકર કરતા ઓછી જમીન ધરાવે છે. ૨૫૦ થી ૫૦૦ ની આવક ધરાવતા કુટુંબોની સંખ્યા ૧૦ ની છે. જ્યારે ૭૫૦ થી ૧૦૦૦ અને ૧૦૦૦ થી ૧૫૦૦ ની આવક ધરાવતા કુટુંબોની સંખ્યા અનુક્રમે ૧૧ ૧૧ ની છે. ૧૫૦૦ થી વધારે આવક ધરાવતા કુટુંબોની સંખ્યા ૯ ની છે. જેમાંથી ૭ કુટુંબો ૭.૫ એકર જમીન ધરાવે છે.

કોઠો-૧૫

| આવકજૂથ | કુટુંબસંખ્યા | કુલ કુટુંબના ટકા |
|---|---|---|
| ૦ થી ૨૫૦ | - | - |
| ૨૫૦ થી ૫૦૦ | ૧૦ | ૧૬.૯ |
| ૫૦૦ થી ૭૫૦ | ૧૮ | ૩૦.૫ |
| ૭૫૦ થી ૧૦૦૦ | ૧૧ | ૧૮.૭ |
| ૧૦૦૦ થી ૧૫૦૦ | ૧૧ | ૧૮.૭ |
| ૧૫૦૦ થી વધુ | ૯ | ૧૫.૨ |
| કુલ | ૫૯ | ૧૦૦.૦ |



ઘરવખરીના અને શિકારનાં સાધનો:

તોરણીયાના ગરાસિયા કુટુંબો પાસે મુખ્ય ઘરવપરાશની ચીજોમાં રાંધવા માટે-ના ધાતુ તથા માટીનાં વાસણ, ખાટલા, ગોદડા, ઘંટી, અનાજ ભરવા માટેની માટી યા વાસની કોઠીઓ, ચટણી વાટવાનો પથ્થર, પિત્તળના થોડા વાસણો, પેટી, છત્રી ફાનસ યા ચિમનીનો સમાવેશ કરી શકાય.

વાસણોમાં ખાસ કરીને આદિવાસીઓમાં એલ્યુમીનીઅમ, પિત્તળ વગેરે ધાતુના વપરાશ થાય છે. એલ્યુમીનીઅમના વાસણો ધરાવતા કુટુંબો ૧૦૦ ટકા હતા. જ્યારે પિત્તળના વાસણો ૫૯ માંથી ૫૭ કુટુંબો પાસે હતા. એક કુટુંબ પાસે તાંબાના વાસણો પણ હતા. જ્યારે બે કુટુંબ પાસે કાંસાના વાસણો હતા. બધા જ કુટુંબ માટીના વાસણો ધરાવતા હતા.

જોકે ધાતુમાં પિત્તળના વાસણો બધા જ કુટુંબો પાસે હોવા છતાં તેની સંખ્યા ખૂબ જ ઓછી હોય છે. ખાસ કરીને એકાદ લોટો, એક બે પવાલા, યા પીવાના પ્યાલા, અને એકાદ તપેલી જેવા વાસણો તેમના ઘરમાં હોય છે. વધુમાં પિત્તળની દેરડી પણ કેટલાક કુટુંબોમાં હોય છે.

ખાટલા લગભગ દરેક આદિવાસી કુટુંબમાં વધતા ઓછા પ્રમાણમાં હોય છે. પરંતુ ખાટલાની પરિસ્થિતિ સારી નથી હોતી. વળી પાટીના ખાટલા ધરાવતું એક પણ કુટુંબ તોરણીયામાં નથી. બધા જ કુટુંબો પાસે કાથી ભરેલા ખાટલા છે. ખાટલા ખાસ કરીને જાતે બનાવે છે અને કાથી ખરીદી લાવી જાતે જ ખાટલો ભરે છે.

લાકડાનું યા લોખંડનું ફર્નીચર ધરાવતું એક પણ કુટુંબ ગામમાં નથી. ઘડિયાળ રેડિયો, સાયકલ જેવી વસ્તુઓ પણ કોઇ કુટુંબમાં નથી. ૪ કુટુંબો પાસે બેટરી, ૯ કુટુંબો પાસે લોખંડની પેટી, અને ૪૬ કુટુંબો પાસે છત્રી છે. ત્રણ કુટુંબો પાસે વાજિંત્રો પણ છે. ત્યારે ફાનસ ધરાવતા કુટુંબોની સંખ્યા ૧૭ ની છે અને ચિમની ધરાવતા ૫૪ કુટુંબો છે. એટલે કે દરેક પાસે દિવા માટેનું સાધન છે.

૫૯ કુટુંબોમાંથી ૫૭ કુટુંબો પાસે લોટ દળવાની ઘંટી છે. જ્યારે શિકારના સાધનોમાં તલવાર, બંદુક અને તીરકામઠા પણ કેટલાક કુટુંબોમાં રાખવામાં આવે છે. ૧૫ કુટુંબો પાસે તો બંદુક પણ છે જ્યારે ૨૧ કુટુંબો પાસે તલવાર છે. તીરકામઠું તો દરેક કુટુંબ પાસે મળી આવે છે. કુવામાંથી પાણી ખેંચવા માટેની ડોલ તથા દોરડું પણ દરેક કુટુંબમાં હોય છે.

મિલ્કત:
-----

માણસની સામાજિક મહત્તા નક્કી કરવા માટે મિલ્કત ખૂબ જ અગત્યનું સાધન છે. દરેક સમાજમાં મિલ્કતનું વધારે ઓછા પ્રમાણમાં મહત્વ હોય છે જ. આર્યોના સમયમાં જેની પાસે વધુ પશુ હોય તે વધુ પૈસાદાર ગણાતો તેવી જ રીતે આજના સમયમાં પણ જેની પાસે વધુ જમીન, સોનું, ચાંદી શૈર તથા અન્ય સ્થાવર મિલ્કત જેવી મિલ્કતો તથા જંગમ મિલ્કતો જેની પાસે વધારે હોય તેની સમાજમાં વધારે પ્રતિભા હોય છે. બીજી રીતે મિલ્કત આવક કમાવાનું સાધન પણ ગણી શકાય. જમીન યા શૈર જેવી મિલ્કતમાંથી આવક પણ મળતી હોય છે.



તોરણીયાના સમાજમાં પણ અન્ય સમાજોની જેમ જ મિલ્કતનું ઘણું જ મહત્વ છે. તેમની મહત્વની મિલ્કત જમીન છે કે જે મિલ્કત દ્વારા તેઓ પોતાની આજિવિકા પ્રાપ્ત કરે છે. કુલ મિલ્કતના ૫૫ ટકા મિલ્કત તો જમીનની જ થાય છે. જે કુટુંબો વધારે જમીન ધરાવતા હોય તેવા કુટુંબો પાસે જમીનરૂપી મિલ્કતનું પ્રમાણ વધારે હોય છે તેનાથી વિરુદ્ધ ઓછી જમીન ધરાવતા કુટુંબો પાસે જમીન રૂપી મિલ્કતનું પ્રમાણ ઓછું હોય છે.

કુટુંબદીઠ જમીનરૂપી મિલ્કતનું પ્રમાણ ૪૪૮૩.૮ રુ.નું છે. પરંતુ ૦ થી ૨.૫ એકર જમીન ધરાવતા કુટુંબોમાં આ પ્રમાણ માત્ર ૧૧૩૩.૪ રુ. છે. જ્યારે ૧૦ થી ૧૫ એકર જમીન ધરાવતા કુટુંબોમાં આ પ્રમાણ ૧૨૬૭.૦ રુ. છે. જમીન સપાટ હોવાને કારણે અને તેમાં સિંચાઇની સગવડો ઉપલબ્ધ હોવાને કારણે જમીનની એકરદીઠ કિંમત સામાન્ય રીતે ૮૦૦ થી ૧૦૦૦ ની હોય છે. જમીનની અછતને કારણે પણ જમીનના ભાવ સારા મળી શકે તેમ છે.

જમીન સિવાયની અન્ય મિલ્કતોમાં ઘર, ઘરવખરીના ચીજો, ઘરેણાં, પશુ, વૃક્ષ, ખેતીના સાધનો, કુવા વગેરે ગણાવી શકાય. આ મિલ્કતની માહિતી નીચેના કોઠા (જુઓ પાન નં. ૭૦) પરથી મળી શકશે.

કુલ મિલ્કતમાં જમીનની મિલ્કત ૫૫.૮ ટકા છે. જ્યારે તે જમીનમાં ખેતી કરવા માટેના સાધનો છે તેની મિલ્કત માત્ર ૧.૧ ટકા છે. જુદી જુદી મિલ્કતોમાં સૌથી ઓછી મિલ્કતનું પ્રમાણ ખેતીનાં સાધનોનું છે. વળી ૦ થી ૨.૫ એકર જમીન ધરાવતા ખેડુતોમાં તો ખેતીના સાધનો કુટુંબદીઠ માત્ર ૫૨.૦ રુ. નાં જ છે.

કોઠો-૧૬

જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ મિલ્કતનું વર્ગીકરણ

| જમીનનું કદ | જમીન | ઘર | પશુ | ઘરવખરીની ચીજો | ઘરેણાં | ખેતીના સાધનો | વૃક્ષો | કુવા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૦ થી ૨.૫ | ૧૧૩૩.૪ | ૫૯૧.૬ | ૮૧૦.૦ | ૧૭૫.૩ | ૧૫૮.૩ | ૫૨.૦ | ૯૧.૭ | ૧૬૬.૭ | ૩૧૭૯.૦ |
| ૨.૫ થી ૫.૦ | ૩૦૩૭.૧ | ૯૨૨.૬ | ૧૦૪૪.૫ | ૧૫૫.૭ | ૨૫૫.૬ | ૭૨.૯ | ૬૪.૫ | ૫૬૪.૫ | ૬૧૧૭.૪ |
| ૫.૦ થી ૭.૫ | ૫૨૧૬.૭ | ૯૨૨.૩ | ૭૬૭.૨ | ૧૮૮.૫ | ૨૨૩.૪ | ૮૩.૫ | ૧૬૭.૮ | ૭૦૦.૦ | ૮૨૬૯.૪ |
| ૭.૫ થી ૧૦ | ૬૬૬૨.૫ | ૧૪૨૫.૦ | ૨૨૦૧.૪ | ૨૬૪.૭ | ૫૧૬.૯ | ૧૭૮.૫ | ૨૮૫.૦ | ૧૪૩૭.૫ | ૧૨૯૭૧.૫ |
| ૧૦ થી ૧૫ | ૧૨૬૭૦.૦ | ૧૫૪૦.૦ | ૧૬૦૮.૦ | ૪૦૬.૨ | ૨૮૫.૦ | ૧૨૯.૮ | ૧૦૬.૦ | ૮૦૦.૦ | ૧૭૩૪૫.૫ |
| કુલ | ૪૪૮૩.૮ | ૯૯૨.૫ | ૧૧૮૨૦.૯ | ૧૯૮.૭ | ૨૭૮૦.૭ | ૯૧.૩ | ૧૧૬.૪ | ૬૮૩.૨ | ૮૦૨૭.૫ |
| ટકા | ૫૫.૮ | ૧૨.૫ | ૧૪.૭ | ૨.૫ | ૩.૫ | ૧.૧ | ૧.૪ | ૮.૫ | ૧૦૦ |



૭.૫ એકરથી વધારે જમીન ધરાવતા કુટુંબોમાં મકાનરૂપી મિલ્કત સરેરાશ રુ. ૧૦૦૦ કરતા વધારે છે જ્યારે તેનાથી ઓછી જમીન ધરાવતા કુટુંબોમાં મકાન રુપી મિલ્કતની સરેરાશ રુ. ૧૦૦૦ કરતા ઓછી છે. ઘરેણામાં ખાસ કરીને ચાંદી અને કથીરનું પ્રમાણ વધારે છે. સોનાના ઘરેણા બહુ જ ઓછા કુટુંબો ધરાવે છે.

તોરણીયાના આદિવાસીઓની મિલ્કતમાં જમીન, કુવા, ખેતીના સાધનો, ઘરવખરી-ની ચીજો, પશુ વગેરે ઓની ચર્ચા આપણે આગળ કરી ગયા. તેમની મહત્વની મિલ્કત અને મહત્વની પ્રાથમિક જરુરીયાત એવા રહેઠાણ (મકાન)ની સ્થિતિનો ખ્યાલ મેળવીએ.

રહેઠાણ:

તોરણીયામાં કુટુંબદીઠ સરેરાશ મકાનની કિંમત રુ.૯૯૨ની છે. પરંતુ ૨૫૦ થી ૨૦૦૦ રુ. ની કિંમત સુધીના મકાનો ગામમાં છે. ખાસ કરીને આદિવાસીઓ સમુહ-માં ન રહેતા છુટાંછવાયા મકાનો બાંધીને રહે છે. ખાસ કરીને તો તેમની જમીનો જે વિસ્તારમાં હોય ત્યાં તેઓ પોતાનું રહેઠાણ બનાવે છે. તોરણીયામાં એક સાથે વધુ મકાનો બાંધી લોકો સમુહમાં રહે છે. તેમાં પણ ગામના બેગડીયા કુટુંબો તો એક સાથે જ રહે છે. બુંબડીયા કુટુંબો એક સાથે સમુહમાં ન રહેતા પાંચ છ મકાનના ઝુંડ બાંધી રહે છે. બેગડીયાના મકાનો કરતા બુંબડીયાના મકાનો વધારે ઊંચાઇએ હતા. કુટુંબનું કદ જે કુટુંબોમાં મોટું હોય છે તેવા કુટુંબોમાં ઘરની સાઇઝ પણ મોટી હોય છે તથા ઓઠાની સંખ્યા પણ વધારે હોય છે. મકાનો ખાસ કરીને માટીના યા માટી અને પથ્થરના બનાવે છે. મકાન તૈયાર થયા પછી મકાન ઉપર સફેદ માટીનું પ્લાસ્ટર કરે છે. જેને કારણે દિવાલો સારી લાગે છે.

મકાનો ખાસ કરીને જાતમહેનતથી બનાવે છે, મકાનમાં સુથારી કામની જરુર હોય તો તે સુથાર પાસે બનાવડાવે છે. જોકે સમસ્ત મકાનમાં સુથારીકામ ખૂબ જ ઓછું હોય છે. મકાનમાં પ્રકાશ તથા હવા મેળવવા માટે બારી-બારણાની કોઇ વ્યવસ્થા હોતી નથી.

મકાનનું છાપરું નળીયાનું બનાવેલ હોય છે. નળિયા નળિયાના ખાસ કડાદમાંથી ખરીદે છે. નળિયા માટેનું ખર્ચ રોકડ સ્વરૂપમાં કરવું પડે છે.

મકાનના અંદરના ભાગમાં વાંસનું માળીયું બનાવે છે. જેમાં કેટલોક સામાન રાખી મૂકે છે. પાણીયારું બહારના ખંડમાં એક ખુણામાં યા મકાનની બહાર પણ હોય છે. મકાન નીચા હોવાને કારણે પ્રવેશ કરતી વખતે નીચા નમવુ પડે છે. કોઇ પણ મકાનને બંધ કરવા માટેના બારણા હોતા નથી.

દેવુ:
---

આવક કરતા વધુ ખર્ચને કારણે દેવુ કરવું પડે છે. સામાન્ય રીતે ખેતી કરતી પ્રજાની આવક નિશ્ચિત હોતી નથી. જ્યારે જીવન જરુરીયાતની મુળભુત ખર્ચ તો કરવા જ પડતા હોય છે. આને કારણે ખેતીની આવકમાં ઘટાડો થાય તો પણ તેટલા પ્રમાણ-માં ખર્ચમાં ઘટાડો કરી શકાતો નથી. અને જેને કારણે દેવુ કરવાની જરુરીયાત ઉભી થાય છે. આદિવાસીઓનું જીવન ખૂબ જ સાદુ હોય છે. આથી ઓછી આવકથી પણ તેમનું જીવન નભે છે. પરંતુ તેમને જે આવક મળે છે તે પણ ખેતી તથા મજૂરીના ધંધામાંથી મળે છે અને આ બંને આવકોમાં અનિશ્ચિતતાનું પ્રમાણ ખૂબ જ રહેલું છે. જેને કારણે તેમને પણ દેવુ કરવાની જરુરીયાત ઉભી થાય છે.



આ સિવાય ખેતી ખર્ચ, સામાજિક તથા ધાર્મિક ખર્ચ તથા માંદગી જેવા આકસ્મિક ખર્ચના સંજોગોમાં દેવુ કરવાની સ્થિતિ પેદા થાય છે. બીજું એક વાર શાહુકારના પંજા-માં પડ્યા પછી તેની શોષણની નીતિ દેવાદારને લાગુ પડે છે અને તેમાંથી પછી તે ભાગ્યે જ છૂટી શકે છે.

આદિવાસીઓમાં રોકડ અને શાખમાં વસ્તુઓ લાવીને એમ બે રીતે દેવુ કરે છે. ખાસ કરીને ખેતીની જરુરીયાત માટે યા જે ચીજ વસ્તુઓ રોકડેથી ખરીદવી પડતી હોય તેને માટે રોકડ દેવું કરે છે. બાકી તો પોતાના કાયમીવેપારીને ત્યાંથી જરુરી ચીજવસ્તુઓ ઉધાર ખરીદે છે. તોરણીયાના આદિવાસીઓનું દેવુ જોઇએ તો ત્યાં પણ આ વસ્તુ સત્ય છે તેનો ખ્યાલ આવશે. કુલ દેવાના ૬૦.૧ ટકા દેવુ વસ્તુના રુપમાં કરેલ છે જ્યારે ૩૯.૯ ટકા દેવુ રોકડ નાણાના સ્વરૂપમાં કરેલું છે. રોકડ સ્વરૂપમાં કરેલ દેવુ ખાસ કરીને સરકારનું, સહકારી મંડળીનું યા તો સંબંધીઓનું હોય છે. જયારે વસ્તુના સ્વરૂપમાં કરેલ દેવુ વેપારી-શાહુકારનું હોય છે.

તપાસના વર્ષમાં ગામમાં કુલ ૫૯ કુટુંબોમાંથી ૫૪ કુટુંબો દેવાદાર હતા, એટલે કે ગામના કુલ કુટુંબોના ૯૧.૫ ટકા કુટુંબો દેવાદાર છે.

(બે કોઠા માટે જુઓ પાના નં.      અને      )

દેવા અંગેની વધુ માહિતી આગળના પાન નં.      અને      પરના કોઠામાં આપવામાં આવેલ છે. તેમાં જમીનના કદ પ્રમાણે તથા આવકગ્રુપ પ્રમાણે કુલ દેવુ, દેવાદાર કુટુંબો, દેવા કયાથી કર્યું. તે દેવુ કયા કયા હેતુ માટે કર્યું તે બતાવ્યું છે.

કુલ દેવાના ૭૬.૯ ટકા દેવુ વેપારી-શાહુકારનું હોય છે જ્યારે ૧૩.૮ ટકા દેવુ સરકારનું છે. સરકારી દેવુ કૂવા માટેઆપવામાં આવેલ છે. ધિરાણમંડળીનું ધિરાણ બિલકુલ નથી જ્યારે સંબંધીઓ પાસેથી લીધેલ ધિરાણ ૯.૩ ટકાનું છે. હજુ પણ આદિવાસીઓને ધિરાણ કરનાર મુખ્ય એજન્સી વેપારીની જ છે. સરકાર દ્વારા કરવામાં આવેલ ધિરાણ લાંબા ગાળાનું છે અને તે પણ કૂવા માટે જ આપવામાં આવે છે. સહકારી ધિરાણ મંડળીની શરુઆત થયેલ પરંતુ તે અનુકૂળ ન આવવાને કારણે લોકો તેના સભ્યપદમાંથી છૂટી ગયા.

કુટુંબદીઠ સરેરાશ દેવુ ૨૯૪.૩ રુ.નું છે. આ દેવામાંથી કુટુંબદીઠ સરેરાશ ૧૪૬.૧ રુ. ઘરખર્ચમાં, ૧૦૦.૫ રુ. સામાજિક ખર્ચમાં, ૧.૪ રુ. ખેતી ખર્ચમાં, ૪૦.૭ રુ. મૂડી રોકાણ (કુવામાં) અને ૫.૬. રુ. અન્ય ખર્ચમાં વાપરેલ છે. કુલ દેવામાંથી ૧૪.૩ ટકા દેવું જ ઉત્પાદકીય હેતુ માટે વાપરેલ છે. જ્યારે ૮૫.૭ ટકા દેવુ બિનઉત્પાદકીય હેતુ માટે વાપરવામાં આવેલ છે.

ખરીદ-વેચાણ બજાર:
---------------

તોરણીયા ગામની નજિકમાં હડાદ ગામ આવેલ છે અને ગામની મોટા ભાગની વસતિ બિનઆદિવાસીની છે. આજુબાજુના વિસ્તારના ગામોના લોકો જીવન જરુરીયાતની ચીજવસ્તુઓની હડાદમાંથી ખરીદી કરે છે. તોરણીયામાં પણ હડાદના બ્રાહ્મણની દુકાન છે, તથા મોડાસાના વોરાની દુકાન છે. આ બંને દુકાનો ઉપર ગામના તથા નજીકમાં આવેલ ગામના લોકો ખરીદ-વેચાણ કરવા આવે છે. આ બેય વેપારીઓ ઉધાર ચીજવસ્તુઓ આપતા હોવાથી ગામના લોકો પણ મોટેભાગે અહીંથી જ ખરીદી કરે છે.



ખરીદીમાં રોજના મસાલા, તેલ, કેરોસીન, કપડાં તથા અનાજ મુખ્ય હોય છે. જ્યારે રોકડ પૈસા હોય ત્યારે આ બધી વસ્તુઓ રોકડેથી ખરીદે છે અને રોકડ રકમ ન હોય ત્યારે ઉધાર ખરીદે છે.

ચીજવસ્તુના ભાવો અંગેની જાણકારી તેઓએ મેળવી છે પરંતુ તે ભાવો તેમને મળતા નથી. વળી ભાવ જાણવા છતાં પોતે વેચેલ વસ્તુની કેટલી કિંમત થઇ તે તેઓ સહેલાઇથી ગણી શકતા નથી. તેવી જ સ્થિતિ ખરીદીમાં છે.

ખાસ કરીને કપાસ, તુવેર અને તલનું વેચાણ એ રોકડ આવક મેળવવાનું મહત્વનું સાધન છે. કપાસનું વેચાણ જથ્થાબંધ ન કરતા રોજબરોજ થોડું થોડું વીણી વીણેને કરતા હોય છે. જેને કારણે છૂટક વેચાણની રીતે તેમને આ ભાવ મળે છે. અને આને કારણે એકી સાથે રકમ મેળવી તેનો વ્યવસ્થિત ઉપયોગ કરી શકતા નથી. તુવેરમાં પણ એકી સાથે તુવેર કાપી થયેલ ઉત્પાદનને વેચવાને બદલે રોજરોજ થોડી થોડી શિંગો વીણી વેપારીને વેચતા હોય છે અને આને કારણે ઉત્પાદન ભળે પણ ચોકકસ ખ્યાલ મેળવી શકાતો નથી અને બીજુ તેના યોગ્યભાવો મળતા નથી.

વેપારી જે વસ્તુઓનું વેચાણ કરે છે તેના ભાવો સામાન્ય ભાવો કરતા ખૂબ જ વધારે હોય છે. બે થી અઢી ગણા ભાવો તો સામાન્ય રીતે લેવાય છે. બધી જ ખરીદી છૂટક કરવાને કારણે જથ્થાબંધ ખરીદીનો લાભ તેઓ બિલકુલ મેળવી શકતા નથી અને તેવી જ રીતે જથ્થાબંધ વેચાણના લાભ પણ તેઓ મેળવી શકતા નથી.

કાપડની ખરીદી પણ તેઓ ગામના વેપારી પાસેથી કરે છે અને રોકડીયા પાકોની ખરીદી કરીને યા લઉ કે પાનની ખરીદી કરીને વેપારી કાપડના પૈસા યા બીજું દેવુ વસૂલ કરે છે. વેપારનું દેવુ હોવાથી તે પોતાનું ઉત્પાદન બીજે વેચીને વધુ ભાવનો લાભ પણ મેળવી શકતો નથી અને જો તે આમ કરતો ફરાથી તેને વેપારી પાસેથી ઉધાર માલ મળતો નથી.

વાસણો જેવી ખરીદી અંબાજીથી કરે છે. જ્યારે મેળામાં જાય ત્યારે આવી વસ્તુઓ ખરીદતા આવે છે. તોરણીયાની નજીકમાં કયાંય હાટ ભરાતું નથી જેથી ખરીદ-વેચાણ માટે આ લોકોને હડાદ ઉપર જ આધાર રાખવો પડે છે.



## તોરણીયા ગામના ગરાસિયા

તોરણીયા ગામ બનાસકાંઠાના દાંતા તાલુકામાં આવેલ છે. ઇડરથી અંબાજી જતા મુખ્ય રોડ ઉપર આવેલ હડાદથી ૨ માઇલ દૂર છે. હડાદથી દાંતા જતા રોડ ઉપર તોરણીયા આવે છે. અંબાજીથી સવારે એક એસટી હડાદ થઇ તોરણીયા ઉપર થી દાંતા જાય છે. અને સાંજે આ જ રસ્તે પાછી દાંતાથી અંબાજી જાય છે.

તોરણીયા વિશે એવી દંતકથા છે કે પ્રથમ 'તોરણીયા' ગામનું નામ નહોતું. પણ અટપટું નામ હતું. એક વખતે ત્યાં જાગીરદાર આવેલ અને તેમનાથી આ અટપટું નામ ન બોલી શકાતા તેનું નામ તોરણીયા રાખવામાં આવેલ. તોરણીયા એટલા માટે આપેલ કે જાગીરદારના માનમાં પાડાને મારી તેનું તોરણ બાંધેલ (કેટલાક કહે છે કે નાળિયેરનું તોરણ બાંધેલ) આથી તેનું તોરણીયા આપ્યું છે. તોરણીયા આજે છે તેના કરતા ઘણું મોટું હતું. જેના ૬ ફળિયા હતા. એ છ ફળિયાના નામ જે હતા તે નામ ઉપરથી મુલકી વ્યવસ્થા કરેલ. અત્યારે પણ ગામના કેટલાક લોકો આજુબાજુના ગામોને અમુક ફળાયુ તરીકે જ ઓળખાવે છે. આ ૬, આ પ્રમાણે છે. તોરણીયા, રાબઘર, સેતલપુર, આમલોઇ, મીરાંવાસ, નવાવાસ(ડોઢ) આ ૬ ફળિયાની વચ્ચે તોરણીયા છે અને આજુબાજુ પાંચ ફળિયા છે. જે અત્યારે અલગ ગામ તરીકે ઓળખાય છે.

ગામની જમીન ડુંગરાળ છે, ચારે બાજુ ડુંગરાળ જમીન અને વચ્ચે ખેતી માટેની જમીન છે. જેનો વિસ્તાર ૭૧૫ એકર ૧૦ ગુંઠા છે. મીરાવાસમાં તળાવ બાંધેલ હોવાથી તોરણીયા ગામની જમીનમાં પીત થાય છે. ગામમાં લગભગ દરેક ઘેર કૂવા છે. ગામની પોસ્ટ હડાદ છે. ગામમાં એક નિશાળ છે જે કાચા ખાનગી મકાનમાં બેસે

છે. નિશાળનું પાકું મકાન બાંધેલ છે. ગામમાં બે દુકાનો છે. એક વ્હોરાની અને એક હડાદના બજારની. નજીકનું મોટું બજાર હડાદનું છે. ત્યાંથી વસ્તુઓ લાવે છે. ગામમાંથી પણ જરુરીયાતની ચીજવસ્તુઓ લાવે છે. ગામ નદિને કિનારે આવેલ છે.

ઘરની રચના:
---------

માટીની ભીંતો બનાવી તેના ઉપર વળીઓ અને દોરીયા નાખી, તેના ઉપર નળીયા કે થેપલા ઢાંકે છે. ઘરની બનાવટ ગામમાં બે ઘર સિવાય સમાન છે. દરેક ઘર ડુંગર પર આવેલ છે. જે ખેતીની જમીનથી ઉંચાઇ ઉપર હોય છે. અહીં રીંછડી આભાપુર, મધાનીસર જેમ દરેક ઘર પોતાના ખેતરમાં હોય છે તેવું નથી, પણ ચારે બાજુ જે ડુંગરની ધાર છે, તેના ઉપર ઘર બાંધેલ હોય છે અને વચ્ચે સપાટ જમીનમાં ખેતી કરવામાં આવે છે. એટલે પોતાના ખેતરમાં ઘર નહીં પણ ઉંચી ટેકરી ઉપર છે. ટેકરીઓની માલિકી સરકારી ગણાય છે. પોતાની ખેતી લાયક જમીન ન બગડે તે હેતુને લીધે ટેકરો ઉંચો હોય તો પણ તેના ઉપર ઘર બાંધે છે.

ઘર બનાવવા માટે ગામમાંથી મજૂર લાવે છે. જેને વળતર તરીકે દરરોજના બે રુપીયા આપવામાં આવે છે. કોકવાર અનાજ પણ આપે છે. પણ ઘર બાંધવામાં જો પોતાનો અલગ રહેતો ભાઇ કે બનેવી કે ભત્રીજો કે સગો આવે તો તેને વળતર ન આપતા ખવડાવવામાં આવે છે. જે કરેલ મદદના બદલામાં ભવિષ્યમાં તેને મદદની જરુર પડે ત્યારે જવું પડે તેવી ફરજ તઇ પડે છે. અને નળિયા પાડનાર કુંભાર બે મહિના ગામમાં રહીને નળિયા પાડી આપે છે. તેને નળિયા પાડવામાં મદદ કરવી પડે અને નળિયા પકવવા લાકડા પણ આપવાના. અને કુંભાર તે સમય દરમિયાન જેનું ઘર થતું હોય તેના ઘેર ખાય છે. નળીયાના પૈસા કુંભારને રોકડા આપવાના હોય છે. આખા



ઘરના નળિયા ૧૫૦ થી ૨૦૦ માં તૈયાર થાય છે. (૧૫૦ થી ૨૦૦ રોકડા કુંભારને આપવાના તે ખર્ચ) તે સિવાય સુથારને બોલાવામાં આવે છે. આ સુથાર કેટલીક વખત ગામમાંથી સુથારી કામ શીખેલ પોતાની જાતિનો જ માણસ આવે છે, તો કેટલાક હડાદથી પણ બોલાવે છે. જેને મજૂરી રોકડામાં આપવામાં આવે છે.

વાંસની વાડ

કેટલાક ઘરોમાં પશુની છાપરી ઓસરીની સામેની બાજુએ હોય છે. કેટલાકને બાજુમાં. દરેક ઘરની ઓસરી આગળ ચાર લાકડા ખોસી એક માંડવો બનાવેલ હોય છે. જેના ઉપર ઘાસ નાખી રાખે છે. આ સિવાય વધારાનું ઘાસ બાજુના ઝાડ ઉપર લાકડા નાખી માંડવી જેવું બનાવી તેના ઉપર નાખે છે. આમ ઘાસ નાખવાનું કારણ ઉધઇ ન ચડે. અને ખાસ કરીને ઢોર બગાડે નહિ. દરેક ઘરમાં રસોડું અંદરના ખંડમાં હોય છે. ઘરને બારી હોતી નથી તેમજ આખા ગામમાં કોઇ પણ ઘરને બારણું નથી. (માત્ર બે દુકાનો અને નિશાળના મકાન સિવાય)

ઘર છુંટાછવાયા છે. પણ રીંછડી, આભાપુર કે મધાનીસર ગામની સરખામણીએ ઘરોની વચ્ચે અંતરનું પ્રમાણ ઓછું છે.

ઘરવખરીની ચીજોમાં પીત્તળના ચારપાંચ વાસણો, માટીના ત્રણ ચાર ખાટલા ગોદડા વગેરે પોતાની જરુરીયાત પ્રમાણે રાખે છે. રાંધવાનો ચુલો અંદરના ખંડમાં રાખે છે. તેની સામેની બાજુએ અનાજ ભરવાની માટીની કોઠી મૂકે છે. ચુલાની ડાબી

બાજુએ સામે અંદરના જ ખંડમાં લોટ દળવાની ઘંટી મુકેલી હોય છે. જે ઘંટી ઉપર સવારે ૫ વાગે વહેલા ઉઠી ઘરની સ્ત્રી મકાઇ કે બંટી દળે છે. તે દળામણ એક દિવસ પૂરતું જ બનાવે છે. કોઇક વાર બપોરે પણ દળે છે. તે સિવાય અંદરના ખંડમાં માળીયા જેવું બનાવી સકાય તેવું હોય તો તે બનાવી તેના ઉપર ખાલી ખાટલા કે બીજી ચીજવસ્તુઓ મુકે છે. ઓસરીમાં ખાટલા પાથરે છે. ઓસરીમાં એક ખુણામાં પાણીના માટલા મુકી રાખે છે. જમીનથી અધ્ધર લાકડાની ઉંચી ઘોડી બનાવીને દરરોજ મરચુ, મીઠું અને હળદર વાટે છે. તેના પથ્થર (ખલ) ઓસરીમાં બહાર મુકેલ હોય છે. ઘરમાં આડા નાખેલ દોરીયાં ઉપર કપડા તેમજ ગોદડા રાખે છે. ખેતીના સાધનો કેટલાક અંદરના ખંડમાં તો કેટલાક બહારના વાસના વરંડામાં રાખી મૂકે છે.

હથિયારોની બાબતમાં તોરણીયા ગામમમાં બંદુર રાખવી એ પ્રતિષ્ઠા ગણાય છે. અને બંદુક લગભગ ૫૦ ટકા કુટુંબો પાસે છે. તીરકામઠા દરેક ઘરમાં છે. તે સિવાય તલવાર, ભાલા, ધારીયુ, જેવા હથિયારો પણ કેટલાક ઘરોમાં રાખે છે. જ્યારે બહાર જાય ત્યારે બંદુક હોય તો બંદુક સાથે લઇ જાય છે, અથવા તરવાર કે તીરકમઠું કે કેડમાં મોટી છરી ખોસેલી રાખે છે.

પહેરવેશ:
------

પુરુષો ધોતીયુ, પહેરણ અને માથા ઉપર ચાર હાથનો કકડો બાંધે છે, પગમાં જોડા પહેરે છે.

સ્ત્રીઓ કબજો, સાડલો, અને ઘાઘરો પહેરે છે. જેમાં ૧૦ હાથથી માંડી ૩૦ હાથ સુધીનું કાપડ ઘણી વખત વપરાય છે. સ્ત્રીઓ મારવાડી જેવા ચાચવાળા જોડા પહેરે છે.



દાગીનામાં પુરુષો બટન (ચાંદીના) કાનમાં પીનર કે સોનાની મરકી, હાથમાં કડા, (ચાંદીના) પગમાં બેડી પહેરે છે. (આ દાગીના દરેક પુરુષ પહેરે છે એવું નથી) પણ પુરુષો આટલા દાગીના પહેરે છે. કોઇની પાસે બેડી હોય તો કોઇની પાસે બટન. આમ શકિત પ્રમાણે દાગીના પહેરે છે.

સ્ત્રીઓ ગળામાં હાંસડી( ચાંદીની) સાંકળી, તે સિવાય રંગરંગી મોતી (ખોટા) ની માળાઓ પહેરે છે. કબજાને બટન પણ કેટલીક સ્ત્રીઓ ચાંદીના ભરાવે છે. નાકમાં કાંટો (સોનાનો), કાનમાં સાત વેડલા (ચાંદીના) દોરણા (ચાંદીના)માથા ઉપર બેરજુ, (ચાંદીની સાકળી બોરજા સાથે હોય છે) જે કાન સુધી આવે છે. કેટલીક સ્ત્રીઓ માથા-માં ચાંદીની પીનો ભરાવે છે. પ્લાસ્ટીકની ચાપો પણ ભીડાવે છે. જુવાન છોકરીઓ બોપટ્ટી બાંધે છે. દામણી પણ પહેરે છે. કેટલીક સ્ત્રી સુંદર દેખાય તે માટે મો પર લાલ રંગના ટપકા કરે છે. (ગાલ ઉપર, ભમ્મરના ઉપર હોઠ નીચે) આ સિવાય સ્ત્રીઓ માદળા (છુંદણા) હાથ, પગ, છાતીમાં ગોદાવે છે. સ્ત્રીઓ પગમાં કડલા, સાંકળા, અને પગની આંગળીએ ગોળ ચાંદીની કડીઓ બીડાવે છે. (લગ્ન સમયે) જે પુરુષનું લગ્ન થતું હોય તે એક પગે સાંકળુ પહેરે છે) કેડે કંદોરો પણ બાંધે છે. હાથમાં ચાંદીની બંગડીઓ તથા તે બંગડીઓની વચ્ચે હાથીદાંત જેવી ધાતુના સફેદ બલોયા પહેરે છે. કાચની બંગડીઓ પણ પહેરે છે. કેટલીક સ્ત્રીઓ હાથની કોણીથી ઉપરના ભાગમાં પણ (મારવાડી સ્ત્રીની માફક) સફેદ ધાતુની બંગડીઓ પહેરે છે.

અહીંના ગરાસિયા જાતિના પુરુષો શરીરમાં સપ્રમાણ, ઉંચાઇમાં પણ સપ્રમાણ હોય છે. અને ઘઉવર્ણા હોય છે. અહીંની સ્ત્રીઓ ઝાલોદ, આભાપુર(ભીલોડા), આભાપુર (વીજયનગર) તેમજ કોંકણા વારલી, ચૌધરી દૂબળા નાયકવગેરે જાતિની સ્ત્રીઓ કરતાં

વધુ સુંદર અને દેખાવડી તેમજ સપ્રમાણ બાંધાની છે, રંગે ગોરી છે.

## ખોરાક અને પીણાં:

ખોરાકમાં મુખ્ય મકાઇ, ઘઉ અને જુવાર તેમજ બંટી છે. કઠોળમાં તુવેર, ચણા અને ચોખા છે. મકાઇ, ઘઉ કે બંટીના રોટલા બનાવી, ચણાની કે તુવેરની દાળ બનાવે છે. અથવા શાક બનાવી તેની સાથે ખાય છે. મકાઇનું જોડકું પણ બનાવીને ખાય છે.

આ સિવાય બકરા, મરઘા, તેતર, સસલા તેમજ પાડાનું માંસ પણ ખાય છે. (પાડાનું માંસ ખાવાથી પોતે નીચા છે એવું બીજાને ન લાગે તે માટે છૂપાવે છે, પણ રોંછડી ગામના ગરાસિયાઓ કરતા આ હડાદપટાના ગરાસિયા નીચા છે, અને રોટી-બેટીનો વ્યવહાર નથી, તે પાડાના માંસને કારણે છે)

પીણામાં દરેક ઘરમાં ચા પીવાય છે. પુરુષો બીડી, કે ચલમ પણ પીવે છે. (ચા માત્ર પુરુષો, મોટી ઉંમરની સ્ત્રી તેમજ બાળકો પીવે છે.) ઘરની સ્ત્રી જુવાન હોય તો તેને અથવા જુવાન છોકરાઓને ચા પીવા અપાતી નથી. તેની પાછળ એવું કારણ બતાવે છે કે ચા પીવાથી છોકરા ન થાય માટે ચા ન પીવી જોઇએ.)

દારુબંધી હોવા છતાંય દરેક ઘરમાં દારુ પીવાય છે. કેટલાક તો દરરોજ દારુ પીવે છે. તો કેટલાક વારે-તહેવારે કે ઘેર મહેમાન આવે ત્યારે જ પીવે છે. (દિવસે ઘેર ઘેર ફરતા તો બપોરે ૧૨ વાગ્યા પછી કેટલાક કુટુંબોમાં દારુ પીને સૂઇ ગયેલા પુરુષો મળ્યા હતા) કોઇ પણ મહેમાન આવે તો તેને અવશ્ય દારુ અને માંસ આપવું પડે છે. દારુ એ સામાજિક પ્રતિષ્ઠા ગણાય છે.



## ભાષા:

ગામના લોકો અંદરોઅંદર વાત કરે ત્યારે પોતાની આગવી 'બોલી'માં વાત કરે છે, જે બોલીને 'ગરાસિયા બોલી' કહે છે.

દરેક વ્યકિત ગુજરાતી ભાષા બોલી શકે છે. જોકે તેમાં પોતાની બોલીના શબ્દો તેમજ હલક આવી જાય છે. જ્યારે બહારની વ્યકિત સાથે વાતચીતમાં ગુજરાતી જ બોલે છે. તે સિવાય અંદર અંદરના વ્યવહાર માટે પોતાની બોલીનો જ ઉપયોગ કરે છે. જેમકે કોઇ સ્ત્રીનો સંબંધ ભાઇ આવે તો તેને કહે છે કે—

'આજ્યા ભાઇ', ત્યારે ભાઇ કહે છે 'જવારા'

'હાન્નુ કરવુ' (શાક કરવું)

'દોરો કાઠવો' (કુવામાંથી કોસ વડે પાણી કાડવુ)

'ભોટો' (વડીલ માટે વપરાતો શબ્દ)

'બા' (પિતા)

'આઇ' (મા)

## મહેમાનગતિ:

મહેમાનગતિ કરવામાં ઘણા ઉત્સાહી અને ઉદાર દેખાય છે. તેમને ત્યાં ગમે તે મહેમાન આવે તો તેને રોટલા ખવરાવે છે. બહારના કોઇ જાય તો પણ પાણી પાય, ચ્હા પીવડાવે, આવો, બેસો કહી ખાટલો નાખી બેસાડે છે.

તેમનો કોઇ સંબંધી આવે ત્યારે પ્રથમ ચ્હા પાય છે. પછી ખાવામાં મરઘુ કે બકરાનું માંસ આપે અને દારું પાય. કોઇ મહેમાન બહારના આવે તો તેને સારું ગોદડું પાથરી આપે, સામેબીડી ધરે, આમ મહેમાનગતિ સારી કરે છે.

કલા:

જ્યારે લગ્ન હોય ત્યારે ઘરની ભીંતો ઉપર ચિતરામણ કરે છે. તેમજ એક મોટો ગોત્રજ બનાવી ચિત્રો દોરે છે. ચિત્રો સફેદ માટીથીદોરે છે. તેમાં ઘોડા, ઘોડા પર બેઠેલો માણસ, તીર ચલાવતો માણસ, તે સિવાય મોરસ, વગેરે ચિત્રો ભીંત ઉપર દોરે છે.

કેટલાક સુથારી કામ હાથે કરે છે. લુહારી કામ પણ ગામમાં કેટલાક ભાઇઓ કરે છે. તે સિવાય ખેતીના સાધનો દરેક પોતાના હાથે બનાવી લે છે. મકાનો પણ હાથે માટીના બનાવે છે. કેટલીક વાર ઉપર ઢાંકવાના થેપલા પણ હાથે બનાવીલે છે. તીર અને ભાલોડા પણ પોતાના હાથે બનાવે છે. તીર અને ભાલોડા પણ બનાવે છે. સ્ત્રીઓ ઘરના ભોંયતળિયે અને ભીંત ઉપર કલામય રીતે લીંપે છે.

કુટુંબ વ્યવસ્થા:

તોરણીયા ગામના ગરાસિયાઓમાં 'પિતૃવંશીય' કુટુંબવ્યવસ્થા છે. જેમાં પિતાના વંશથી કુટુંબ ઓળખાય છે. 'પિતા'નું કહ્યું ઘરમાં છોકરા-છોકરીઓ વગેરે માને છે. કોઇ કામ કરવું હોય તો તેમાં પિતાની રજા સિવાય કરવામાં આવતું નથી. (છોકરો મોટો થઇ જુદો રહેતો હોય તો તેની બાબતમાં નહીં) છતાં પણ અગત્યની બાબતમાં



બધાય પુત્રો પિતાની સલાહ લે છે. કોઇ અગત્યની બાબતમાં નિર્ણય કરવામાં કે લગ્ન જેવી બાબતોમાં પિતાના નિર્ણયને મહત્વ અપાય છે.

ગામની ૧૯૬૧ની વસતિ ગણતરી પ્રમાણે ૫૬ કુટુંબો હતા. તેની જગ્યાએ અત્યારે ૫૯ કુટુંબો ગરાસિયાના અને બે દુકાનદારો મળી કુલ ૬૧ કુટુંબો છે. ૧૯૬૧માં કુલ વસતિ ૩૩૭ ની હતી અને એમાં ૧૮૧ પુરુષો અને ૧૫૬ સ્ત્રીઓ હતી હાલમાં (તપાસ દરમિયાન) ૫૯ કુટુંબોની કુલ વસતિ ૪૫૨ છે અને તેમાં ૨૨૭ પુરુષો અને ૨૨૫ સ્ત્રીઓ હતી.

કોઠો-૧૬

૫૯ કુટુંબોની કુટુંબના કદ પ્રમાણેની સ્થિતિ નીચે મુજબ છે.

| સભ્ય સંખ્યા પ્રમાણે | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુલ | ૨ | ૩ | ૫ | ૯ | ૮ | ૭ | ૫ | ૫ | ૪ | ૩ | ૧ |

| સભ્ય સંખ્યા પ્રમાણે | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૮ | ૧૯ | કુલ |
|---|---|---|---|---|---|---|
| કુલ | ૨ | ૧ | ૨ | ૧ | ૧ | ૫૯ |

૫૯ કુટુંબો નીચે પ્રમાણે જુદા જુદા છ ગોત્રોમાં વહેંચાયેલા છે, જેમકે—

| | |
|---|---|
| (૧) બુબડીયા ૨૭ | (૪) તરાળ ૨ |
| (૨) બેગડિયા ૧૪ | (૫) ડામોર ૨ |
| (૩) ગમાર ૧૨ | (૬) પારગી ૨ |

ક જુદા જુદા ગોત્રો હોવા છતાં સ્તરીકરણ જોવા મળતું નથી. તેમાં કોઇ ગોત્ર ઉચું અને કોઇ ગોત્ર નીચું એવો ભેદભાવ નથી. કોઇપણ પ્રસંગ ઉપર ગામના બધા કુટુંબો એકત્ર થઇને કરે છે. કોઇ વ્યક્તિના ઘેર લગ્ન હોય તો પ્રત્યેકને ઘેર આમંત્રણ અપાય છે.

અત્યારે હાલની ચાલુ પેઢીમાં ગામમાં લગ્નો થતા નથી. કારણકે એક જ ગામમાં રહેવાથી એ ભાઇ-બહેન કહેવાય માટે લગ્ન થતા નથી, એવું કારણ જાણવા મળ્યું છે. અને ખરેખર ૩૦ વર્ષમાં કોઇનું ગામમાં લગ્ન થયું નથી.( બે કેઇસ ગામમાં લગ્ન થયાના મળ્યા છે, તે પહેલાના છે. તેમાં એમ પણ બનેલ હોય કે વર્ષોથી તે લગ્ન બાદ તુરત ઘરજમાઇ તરીકે આવ્યા હોય અને અહીંના વસવાટને કારણે ગામમાં લગ્ન થાય છે એમ લાગતું હોય અથવા પહેલા ગામમાં લગ્નો થતા હશે અને અત્યારે નથી થતા એમ માની શકાય.

ગામમાં સંયુક્ત અને વિભક્ત એમ બન્ને પ્રકારના કુટુંબો છે. આ ઉપરાંત જે કુટુંબો છે તેમાં વિભક્ત કુટુંબો સંખ્યામાં વધારે છે. આ સિવાય કુટુંબોને આ પ્રમાણેની સ્થિતિમાં વહેંચી શકાય.

(૧) પતિ-પત્નિ: પરણિત બાળકો, પૌત્ર, પૌત્રીઓ, પુત્ર, અપરણિત પુત્રીઓ.

(૨) પતિ-પત્ની: અપરણિત બાળકો.

(૩) પિતા, પરણિત પુત્ર, પુત્રવધુ, પૌત્ર, પૌત્રીઓ.

(૪) માતા પરણિત પુત્ર, પુત્રવધુ, પૌત્ર, પૌત્રીઓ.

(૫) પતિ- બે પત્નીઓ, અને બંને પત્નીઓના બાળકો.



(૬) વિધવા સ્ત્રી અને પુત્ર (જેની પત્ની મરી ગઇ છે) પુત્રના બાળકો

(૭) પતિ-પત્ની

(૮) ૧૦ વર્ષનો ભાઇ ( પિતા મરી ગયા છે, માતા નાતરે ગઇ છે) બહેન-બનેવી (ઘરજમાઇ) અપરણિત બેન

(૯) પતિ-પત્ની માતા-પિતા

(૧૦) પતિ-પત્ની, પુત્ર બેન ભાણેજ.

(૧૧) પતિ-પત્ની, બાળકો ભાઇ.

## રીતરિવાજો : જન્મ બાલ્યાવસ્થા:

### રજસ્વલા સ્ત્રી:

રજસ્વલા સ્ત્રી ૪ ચાર દિવસે સ્નાન કરે છે. તેને 'ઝીલવું' કહે છે. ઝીલવું એટલે નહાવું એમ અર્થ થાય છે. તેના માટેનો ચોક્કસ શબ્દ મળતો નથી. આ સ્ત્રી એમ.સી. ના ચોથા દિવસે નહાય છે. પણ એમસી દરમિયાન ઘરનું બધું જ કામ કરે છે. હિન્દુઓની માફક કોઇ જાતના આચાર-વિચાર પાળતી નથી. અને તેની સાથે જાતીયસંબંધ રાખતા નથી. તે જાતીયસંબંધ પણ અણગમાને કારણે આ દિવસો દરમ્યાન રાખતા નથી. તે સિવાય આ બાબતમાં એમસી બંધ થયાથી ગર્ભ રહ્યો છે તેવી બાબતની અજ્ઞાનતા પુરુષોમાં હશે એમ કહી શકાય, કારણકે 'ગર્ભ કઇ રીતે ઓળખાય' એમ પૂછતા 'પેટ ઉચું આવવાથી' એ જ જવાબ મળે છે. અથવા સ્ત્રી કહે ત્યારે ખબર પડે' એવો જવાબ મળે છે.

ગર્ભ રહે ત્યારથી માંડી બાળક આવે ત્યાં સુધી કોઇ પણ જાતના ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી. કે નથી સામાજિક વિધિ કરવામાં આવતી. (છોકરું ન થતું હોય તો, ગર્ભ ન રહેતો હોય તો) ભૂવા પાસે મંત્રઅને દોરાધાગા કરાવે છે. તેમજ માનતાઓ રાખે છે) ઉચ્ચ વર્ણના હિન્દુઓની જેમ સાત મહિને ખોળો ભરી કન્યા પોતાના પિતાને ત્યાં જઇ પ્રથમ સુવાવડ કરે છે તેવું નથી. પ્રથમ કે પછી ગમે તેટલી સુવાવડો અહીં પોતાના પતિના ઘેર જ થાય છે. આ પ્રથમ સુવાવડના સમય દરમિયાન પિતા પક્ષેથી પુત્રીને સુવાવડમાં જોવા અને 'સુવાવડ' માટે ખાવાનું આપવા માટે છોકરીની માતા આવે છે. જે ઘી, ગોળ અને ઘઉ લેતી આવે છે., તે સુવાવડના ખર્ચ તરીકે આપે છે. (માત્ર પ્રથમ સુવાવડમાં જ)

પ્રસૂતિ:
-----

પ્રસૂતિ સમયે ગામમાંથી જાણકાર દાયણને બોલાવવામાં આવે છે. તેમજ વડીલ સ્ત્રીઓ પણ આજુબાજુના ઘેરથી આવે છે. અને છૂટકારો થાય (પ્રસવ થાય) ત્યાં સુધી રહે છે. બાદમાં સ્ત્રીના શરીરે દારુ ચોળવામાં આવે છે. દાયી ઇચ્છાનુસાર લે છે. તો કેટ-લાક ૧ માણી (અનાજનું માપ) મકાઇ આપે છે. અથવા ખોળો ભરીને અનાજ આપે છે. તેમજે તેને ખવરાવે છે.

સુવાવડના સમય દરમિયાન સ્ત્રીને ખોરાકમાં ઘી, ગોળ, ઘઉ આપે છે. આવો ખોરાક લગભગ ૧૦ દિવસ સુધી અપાય છે. એ ખોરાક આપવા પાછળનું કારણ સ્ત્રીને શકિત મળે અને બાળકને દૂધ મળે. ૧૦ દિવસ પછી સ્ત્રી ઘરનું કામ કરવા લાગી જાય છે.



બાળક ઘોડિયામાં સુવાડવા જેવું થાય ત્યારે તેને ઘોડિયામાં સુવાડે છે. અહીં ઘોડિયા બનાવેલા વપરાતા નથી. પણ ઓસરીમાં એક દોરીયાને ત્રણ દોરીથી બાંધી તેના વડે એક સુંડલો બાંધી રાખે છે. આ સુંડલામાં કપડું પાથરી બાળકને સુવાડવામાં આવે છે.

નાના બાળકોને રમાડવા માટે તેનાથી મોટું બાળક ઘેર રહે છે. બાળક મોટું થાય તેમ તેમ તેને ઘરના કામકાજમાં ઉપયોગમાં લેવામાં આવે છે. ઘરમાંના છોકરા રમાડવા કે પછી ઘરના ઢોરોને ચરાવવા ગોવાળ તરીકે કામ કરે છે. તો કેટલાક ઘરોમાં બાળક નિશાળે જાય છે પણ તેની સંખ્યા ખૂબ ઓછી છે.

બાળક જ્યારે ખેતીનું કામ કરવા જેવડું થાય ત્યારે તેને લાયક કામમાં ઉપયોગમાં લેવામાં આવે છે. છોકરો કે છોકરી જ્યારે ઉંમરલાયક થાય ત્યારે તેના લગ્નની બાબતમાં પૂછપરછ કરવામાં આવે છે. આ માટે મેળાઓમાં કે સગાસંબંધીઓ દ્વારા જાણી લે છે કે અમુક વ્યકિતનો છોકરો યા છોકરી અપરણિત છે. અથવા ત્રીજો માણસ જેને 'પંચાતીયા' તરીકે ઓળખે છે તે વાત જાણીને છોકરાના બાપને કે છોકરી-ના બાપને કહે છે.

લગ્ન:-
-----

લગ્નની ઉંમર ૧૬ થી ૨૦ વર્ષની ગણવામાં આવે છે. આ ઉંમરનું બાળક થાય ત્યારે તેની સગાઇ કરવામાં આવે છે.

સગાઇ કરવી:
----------

સગાઇ કરતા પહેલા જ્યા લાડો અથવા લાડી હોય તે ઘર કેવું છે, કુટુંબની ખાનદાની વગેરે માહિતી મેળવવામાં આવે છે. તે ઉપરાંત લગ્ન કરતા પહેલા તે ગામ પોતાના લગ્નગોળમાં છે કે નહિ તે જાણી લે છે. જ્યાંથી કન્યા લાવવાની હોય ત્યાંથી અને જેને કન્યા આપી શકાતી હોય ત્યાં જ લગ્ન કરવામાં આવે છે.

જ્યારે પચાતીયો કહે કે અમુક ઘેર લાડી છે તો વરપક્ષવાળા બે માણસો ત્યાં સગાઇ કરવા જાય પણ ઘેરથી નીકળતા પહેલા જો દેવલી (દેવચકલી) અથવા કેંકરો (પીળા રંગનું પક્ષી આવે છે) આડું ઉતરે તો સારા શુકન માનીને જાય છે. જો સારા શુકન ન થાય તો સગાઇ કરવા જાતા નથી. આ વખતે કન્યાના બાપને ઘેર જઇને વાત કરે કે અમે લાડી જોવા આવ્યા છીએ. ત્યારે કન્યાનો બાપ આનાકાની કરે છે, કે કન્યા નાની છે, કામ કરી શકે તેવી નથી. ત્યારે વરપક્ષવાળા સમજાવે છે કે અમારે કયા લાડી પાસે કામ કરાવવું છે. આવું સગુ નહીં મળે. આમ જેમજેમ સમજાવી કહે કે ત્યારે 'ચા' મૂકો (જો લાડીવાળા ચા મૂકવાની હા પાડે તો બન્નેના સંબંધો પાકા થઇ ગયા મનાય છે, ચા મૂકવી એટલે સગાઇ થઇ એમ માનવામાં આવે છે) ત્યારે લાડીનો બાપ કહે કે લાડો જોઇને પછી વાત. તો ૧૦ દિવસ પછી લાડો જોઇને જાય છે, અને હા પાડે તો પછી વરપક્ષ તરફથી પાંચ જણ સગાઇ કરવા જાય છે. આ વખતે ચા મૂકવાનું કહેવામાં આવે પછી જ્યારે સમય નક્કી કર્યો હોય ત્યારે ગામના ૧૫ માણસો ભેગા મળી ચા મૂકે છે. દારુ પાય તથા નજિકના સંબંધીઓને મરઘુ ખવરાવે છે. આ વિધિ કરવાનો અર્થ કે બન્નેના સંબંધો પાકા થયા. ચા અને દારુનો ખર્ચ વરપક્ષવાળા આપે છે. આ વખતે દારુ એકબીજાને પ્રેમપૂર્વક બરજોરથી પાય છે. 'લો આટલો પીવો'



'અરે લો' એમ કહીને દારુ એકબીજાને પાય છે. આ વખતે દાપાની રકમ નક્કી થાય છે. જે રકમ 'જમણ' વખતે પૂરેપૂરી આપવાની હોય છે.

આ વિધિ પૂરી થયા પછી 'સગાઇ પાકી થઇ' ગઇ હોવાથી કોઇ પણ સંજોગોમાં કન્યાપક્ષવાળા ફરી શકતા નથી, અથવા આ સગાઇને નકારી શકતા નથી. એમ થાય તો લાડાપક્ષવાળા તેની પાસેથી 'ચા' અને 'દારુ' નો ખર્ચ પેટે રુ. ૫૦૦ વસૂલ કરે છે. અથવા એમની બનેવી કન્યા બીજે જાય તો પ્રશ્ન એમની આબરુનો હોવાથી તેને બીજે જવા દેવામાં આવતી નથી.

સગાઇ બાદ:
--------

લાડીવાળા ૫-૧૦ માણસો લાડાવાળાને ઘેર જાય છે. તેમની જમીન, ઢોર, મકાન, મિલકત વગેરે જુએ છે. આ વખતે લાડાવાળા તેમની સારી મહેમાનગતી કરે છે. તેમને દારુ પાય, મરઘુ કે બકરુ ખવરાવે છે. એક રાત રહીને બીજે દિવસે તે લોકો પાછા જાય છે. પછી લાડો લાડીને જોવા જાય છે. તે એકબીજાને પસંદ કરે છે(પણ લાડીને આ વખતે પસંદ કરવાનો કોઇ અર્થ નથી કારણકે તેમનાથી ના કહી શકાતી નથી, ના પાડે તો અથવા લાડાને વખોડે તો ચા-દારુનુ ખર્ચ આપવું પડે) એટલે બધા વિચારો સગાઇ પહેલા કરી લે છે.

જમણા જમવા જવું (અથવા લાડીનો ગોળ ખાવા જવું):
------------------------------------------

લાડાવાળા પોતાના ગામમાંથી ૫૦-૬૦ માણસોને લઇને લાડીવાળાને ઘેર જાય છે. આ લોકો પોતાની સાથે ૧ મણ ગોળ અને દાપાના પૈસા લઇ જાય છે. લાડીવાળા તેમને ઘેંસ, રોટલા, ઘી, ગોળ વગેરે ખવરાવે છે. પછી લાડીવાળા પાંચ જણ એક થાળીમાં

દીવો કરીને આવે તેમાં લાડીનો કાકો વરપક્ષવાળા પાંચ વડીલોને ચાંલ્લા કરે પછી વડીલો બધો થાળીમાં દાપાના રુપીયા મૂકે. પછી ભેગા થયેલ ગામના લોકોને લાડ-વાળા ગોળ વહેંચે છે. આ વિધિ પૂરી થયા બાદ એક દિવસમાં લાડાવાળા ઘેર પાછા આવી જાય છે. રાત રહેતા નથી. (જો ગામ દૂર હોય તો રાતવાસો બીજા ગામમાં કરે) જતી વખતે વરપક્ષવાળા કન્યાપક્ષવાળાને કહેતા જાય છે કે તમે અમુક દિવસે અમુક વારે આવજો.

જમણ જાય (લાડીવાળા):
------------------

જે દિવસ નકકી થયો હોય તે દિવસે કન્યાપક્ષવાળા ૫૦-૬૦ માણસો જમવા માટે જાય છે.

જે મહેમાનો આવે તેમને અને ગામને વરનો બાપ જમાડે છે, જ્યારે મહેમાનો આવે ત્યારે બધા તેમને મળે, રામરામ કરે. ડોશીઓઆવકાર આપે. પછી દરેક હાથ પગ ધોયા પછી પાણી પીવે. પછી બીડી-સીગરેટ આપે. પછી ખાવાનું કાઢીને દરેકને ખવરાવે. રોટલા ખવરાવ્યા બાદ લાડીવાળા લાડાને લાલ પાઘડી બાંધે. લાડો દરેકને રામરામ કરે. આ વખતે જાન લઈને આવવાનું નકકી થાય. સાંજના ખીચડી, ઘી અને ખાટું (કઢી) ખવરાવે છે. પછી તેઓ પોતાના ગામ તરફ પાછા જાય છે.

લગ્ન:-
-----

તેમના ગયા બાદ બીજે દિવસે ગોત્રેજ કાઢવામાં આવે છે. (આ ગોત્રેજ ભીંત ઉપર સફેદ માટીથી હાથે દોરે છે, તેમાં ચિત્રો પાડે છે. ગોત્ર માંડતી વેળા ગામના



લોકો ભેગા થાય છે. દરેકને ઘેર આમંત્રણ આપવા માટે દરેકના ઘેર ચોખા હળદરવાળા કરીને નાખવામાં આવે છે. (આ રીતે કન્યાના ઘેર પણ ગોત્રેજ કાઢવામાં આવે છે.)

પીઠી ચોળવાની વિધિ:
-----------------

જે દિવસે જાન જવાની હોય તે દિવસ સુધી લાડાને ગોત્રજ આગળ જ બેસી રહેવાનું ત્યાંથી બીજે કયાય ફરવા જવાનું નહીં. સુવાનું પણ ગોત્રજ પાસે. (લાડીને ઘેર પણ લાડીએ પણ ગોત્રજ આગળ સૂવાનુ અને ત્યાં જ બેસી રહેવાનું) ખાવાનું પણ ગોત્રજ આગળ. દરરોજ આ ગોત્રજ આગળ બેઠેલ લાડા (લાડીને) ને પીઠી ચોળે છે. ગામની સ્ત્રીઓ દરરોજ સાંજે હુકરીયું (ગીત) ગાય છે.

જે દિવસે જાન જવાની હોય (લાડીને ત્યાં આવવાની હોય ત્યારે) તેના આગલા દિવસે માંડવો ઘાલવામાં આવે છે. આ માંડવામાં વાંસ અને હાલળીને પાંચ જણા રોપે છે. આ દિવસે ૧૦ મણ ઘઉ, કાઢી ગામમાં વહેંચી આપે છે. દરેકને માણુ માણુ(અનાજ નું માપ) અનાજ આપે છે.

માંડવો નચાવવો:
------------

માંડવો નાખ્યા બાદ ઢોલ અને વાજા વગાડે છે. પછી માંડવા નીચે લાડાને બેસાડવામાં આવે તેની પાસે બે જણ બેસે છે. આ વખતે ગામવાળા રુપીયો અને નાળિયેર આપી જાય. (દરેક ઘરની ખબર રાખવામાં આવે છે કે અમુક ઘેરથી રુપીયો અને નાળિયેર આવેલ છે) પછી કુંવાસીઓ ધોતીયું અને સાડલા લઈને આવે તે લાડાને ભાઈ અને બાપને ધોતીયું ઓઢાડે.

જાન:

બીજે દિવસે સવારે જાન જાય તેમાં ગામના સ્ત્રી પુરુષો જાય. લગભગ ૧૦૦ માણસો અને તેની વધારે માણસો પણ જાય. જાનની સાથે ગાડામાં ૧૦ મણ ઘઉંના રોટલા, અને ૪ મણ ઘઉંની ઘુઘરી (સુખડી) કરીને સાથે લઇ જાય છે.

લાડો હાથમાં તલવાર રાખે અને બધા દાગીના પહેરે છે. (પગમાં સાકળુ, બેડી, ગળામાં હાસડી, હાથમાં કડાં, કંદોરો બટન વિગેરે.)

જાન લાડીવાળાને ગામ જઇને સિમાડે એક ઝાડ નીચે બેસે છે. ત્યારે ગામના વડીલો (સગા) ઢોલ વગાડતા વગાડતા સામા આવે. પાંચ-દસ માણસો તે ગાદલું અને ગોળી ભરીને પાણી લેતા આવે. દરેકને રામ રામ કરે, મળ્યા બાદ જતા રહે.

સુપડું નચાવવું:

સુપડું 'નચાવવા' માટે લાડાપક્ષેથી નાળિયેર લઇને પાંચ માણસો (લાડા સિવાય) જાય અને તોરણની બહાર લાડીના ઘર આગળ ઉભા રહે તે વખતે કન્યાની કાકી હાથમાં થાળી લઇને આવી પાંચ જણને ચાલ્લા કરે. તે થાળીમાં એક નાળિયેર અને રુપીયો નાખે. પછી તે થાળી મુકી આવીને એક હાથમાં સુપડું અને બીજા હાથમાં લાકડું લઇને આવે અને તોરણની બહાર આવી સુપડા સાથે નાચે. અને તે સમયે જે પાંચ જણા વરપક્ષના આવ્યા હોય હોય તેમાંથી જે હાથમાં આવે તેને હાથમાં રાખેલ લાકડા વડે મારે અને નાચે જાય, પાંચ જણા પછી પાછા જાય.



તોરણ સળના:

આખી જાન લાડાને લઇને ગીત ગાતી ગાતી આવે (સ્ત્રીઓ જ ગાય) તે આવીને કન્યાને માંડવે બાંધેલ તોરણ નીચે ઉભી રહે. અને લાડાવાળા લાડીવાળાને નાળિયેર આપે. તે નાળિયેર તોરણ નીચે ફોડવામાં આવે. તે વખતે લાડો તલવાર ઉભી કરી તોરણે અડકાડે. એક પોતીયુ (કિનારી વગરનું) લાડાવાળા તોરણ ઉપર નાખે. આ પોતીયુ માંડવો બાંધવા માટે જે વાંસડો લાવ્યો હોય તે લઇ જાય. (લાડીનો ભાઇ અથવા કાકો) અહીંથી વરપક્ષવાળા પાછા ઉતારે જાય ત્યારે લાડીવાળા બોલાવે 'પરણવા આવો.'

ત્યારે પ્રથમ વરપક્ષેથી બે જણા કપડા લઇને લાડીને ઘેર જાય અને તે કપડાં જયા લાડી બેઠી હોય ત્યાં ગોત્રજ આગળ મૂકે. આ કપડામાં એક ઘાઘરો, એક ચોળી, કોચળી, એક પાળીયુ (કન્યા માટે) માહારો (સાસુ સાડલો) અને એક સાડલો સાસુની બા માટે. આ મુકેલ કપડા લઇ કન્યાની કાકી કન્યાને આપેલ કપડા પહેરાવે. કપડાં પહેરાવ્યાના બદલામાં કાકીને એક રુપીયો આપવો પડે. લાડીની મા પણ આવેલ સાડલો પહેરીને આવે. પછી જે બે જણ વરપક્ષેથી આવ્યા હોય તેમના ઉપર લાડીપક્ષની સ્ત્રીઓ રાખ નાખે અને વધારે પ્રમાણમાં રાખ નાખવાના પ્રયત્નો કરે એ વખતે આવેલ બેય જણા ચાલાકીથી સરકી જાય.

કુલ્લી કરવા (દાંતણ કરવા જવું):

સાસુ લાડાપક્ષેથી આવેલ સાડલો પહેરીને હાથમાં બે પાટીની નાની લોટીઓમાં પાણી ભરીને આવે તે લાડાને હાથમાં પાણી આપી કોગળા કરાવે પછી પાછી જાય.

ફરીથી સાસુ હાથમાં સાડલો પહેરીને હાથમાં બે માટીની નાની લોટીઓમાં પાણી ભરીને આવે તે લાડાને હાથમાં પાણી આપી કોગળા કરાવે પછી પાછી જાય.

ફરીથી સાસુ હાથમાં થાળી, કંકુ, અને તીદળા લઇને આવે તે લાડાને ચાંલ્લા કરે. અને કપાળમાં નાક સુધી ઉભું ટીલુ કરી તેના ઉપર તીદળા ચોટાડે. આ સમયે લાડાનો ભાઇ લાડીની સાસુની થાળીમાં ૨૫ રુ. નાખે. સાસુ આ સમયે લાડાના વાઘા (શીરે લગ્નમાં પહેરાતું પહેરણ) ના છેડાને ખેંચી મૂકીને ચાલવા માંડે. (છેડો ખેંચીને મૂકી દઇ ચાલે એટલે લગ્ન કરવા લાડાને બોલાવે છે કે મારી પાછળ આવો) આ વખતે લાડો સાસુની પાછળ અને જાન લાડાની સાથે સાથે લગ્ન કરવા જાય. આ સમયે વરપક્ષના તરફથી નાળિયેર ને ફોડી કકડા કરી માંડવામાં જઇને ઉછાળે છે, જેને છોકરા વીણીને ખાય છે.

માંડવામાં ગાદલુ નાખીને તેના ઉપર લાડાને બેસાડે છે. પછી લોટથી ચોરી ચીતરે છે (કન્યાપક્ષવાળા) ચાર બાજુ ચાર માટીની નાની નાની લોટીઓ મૂકે. અને દરેક લોટીમાં પાંચ પાંચ પૈસા નાખે. પછી લાડીનો ભાઇ અથવા કાકો લાડાને લાવીને ચોરીમાં લાડાની સાથે ગોદડા ઉપર બેસાડે. પછી લોકો લાડીને મીંઢળ બાંધે. પછી બન્નેને ઉભા કરે લાડાને આગળ અને લાડીને પાછળ રાખીને ચોરીમાં ત્રણ ફેરા ફેરવે. (ફેરા ફેરવવા માટે લાડાનો કાકો અને ભાઇ અને લાડીનો કાકાનો કાકો કે ભાઇ ફેરવે છે) ત્રણ ફેરા પુરા થયા બાદ લાડી રીસાઇને ઉભી રહે છે ત્યારે લાડીનો બાપ દહેજમાં આપવાની વસ્તુઓ લાવીને આપે છે. લોટીઓ, થાળીઓ અથવા જે કોઇ દહેજમાં આપવાનું હોય તે અને કહે છે કે 'દિકરા' ફેર ફર અમે તને ગાય



આપીશું. (ગાય, ભેંસ, બકરું ગમે તે) પછી બે ફેરા કન્યા આગળ રહે અને લાડો પાછળ રહે. આમ પાંચ ફેરા ફરી રહ્યા બાદ બેસાડે છે.

કંસાર લાડીના ઘરમાંથી લાવી, લાડા અને લાડી ઉપર પછેડી ઓઢાડી અંદર એકબીજાના હાથમાં કંસાર મૂકી પછેડી બરાબર ઓઢાડી દે છે. અંદર લાડી લાડાને અને લાડો લાડીને કંસાર ખવરાવે છે. પછી પછેડી લઇ લે અને બે થાળીઓ પાણીથી ભરીને એક થાળી લાડા આગળ અને એક થાળી લાડી આગળમૂકે છે. તેમાં લાડાના સંબંધી (જાનવાળા) પાંચ કે દસ પૈસા થાળીમાં નાખે. લાડી આગળથી થાળી લાડી પક્ષના પાંચ કે દસ પૈસા નાખે. આ પૈસા ભેગા થયા હોય તે લાડાના પૈસા તેનો બાપ અને લાડીના પૈસા તેનો ભાઇ લઇ લે છે. પછી બન્નેને ઉભા કરી ગોત્રજ આગળ લઇ જાય. ત્યાં લાડી બેસી રહે અને લાડો પોતાના ઉતારે જાય.

જ્યારે ચોરીમાં લગ્ન થયું હોય ત્યારે વરપક્ષવાળા અને કન્યાપક્ષવાળા સ્ત્રીપુરુષો ગીતો ગાય છે. અને નાચ કરે. ઢોલ વાગતો હોય, વેવણ-વેવાઇઓ એક બીજાની મશ્કરીઓ કરે. એકબીજાને ચુટલીઓ ખણે અને નાચે જાય. લગ્ન પુરા થયા બાદ ઉતારે જઇને વરપક્ષના ઘેરથી આવેલ રોટલા જાનવાળા ખાય છે.

રોટલા ખાધા પછી જાનવાળા પાંચ નાળિયેર લઇને લાડીને લેવા જાય છે. લાડીના ઘર આગળ જઇને ઘરના ઝાંપા આગળ ઉભા રહે તે વખતે લાડીનો ભાઇ વાટકીમાં કંસાર લાવે, તેમાંથી બે કોળિયા કંસારના લાડો ભરે ને વાટકામાં ૧ રુપીયો મૂકે. (તે રુપીયો કંસાર લાવનાર લઇલે ) પછી લાડાવાળાને અંદર બોલાવે. ત્યારે લાડો ગોત્રજ આગળ જાય. અને મકાઇ ગોત્રજ આગળ નાખે. લાડો-લાડી બન્ને ગોત્રજને

પગે લાગે. અને દ્વાર બહાર ઉભા રહી ગામના દેવોને ત્યાં ઉભા ઉભા પગે લાગે. અને લાડી રોવાનું શરુ કરે છે. ત્યાંથી બધા ગીત ગાતા ગાતા ગામના ઝાંપા સુધી આવે છે. અને ઝાંપા આગળ ગીત ગાય છે કે 'રોકીઓ જમાઇ રોકીઓ' કરી તેમને રોકે છે. તે વખતે વરપક્ષવાળા નારિયેર આપીને આગળ ચાલતા થાય છે. અને લાડાના ઘર તરફ જાન રવાના થાય છે. (લાડીની સાથે એક છોકરી અનવર તરીકે લાડીની સાથે તેના સાસરે જાય છે)

લાડાને ગામ જાન પહોંચે એટલે બંદુકોથી ભડાકા કરે છે. અને ઝાંપામાં એક નાળિયેર વધેરે છે. પછી બન્ને ઘરમાં જઇને ગોત્રજ આગળ પગે લાગે ત્યાર બાદ લાડીને ઘરમાં રહેલ અનાજની કોઠીઓમાં હાથ નખાવે છે. અને લાડી કોઠીમાં હાથ નાખી અનાજ જોવે છે. પછી લાડો મા-બાપ વડીલોને રામ રામ કરે છે. અને લાડી વડીલોને પગે પડે છે. ત્યારે લાડીને વડીલો અને સંબંધીઓ આઠ-આના રુપીયો આપે છે.. આ પૈસા લાડી પોતાની પાસે રાખે છે.

પાંચ દિવસ સુધી લાડો અને લાડી બન્ને ગોત્રજ આગળ સૂઇ રહે છે. લાડીની સાથે જ અનવર તરીકે આવેલ છોકરી સુવે છે. (વર કન્યા જાતિય સંબંધ બાંધે ત્યારે અનવર સૂઇ જાય અથવા પાસું બદલીને ઉંઘી જાય)

આણુ લેવા લાડી પક્ષેથી પાંચ માણસો આવે તે એક રાત રહી બીજા દિવસે જાય ત્યારે તેમને 'ગન્નુ' બંધાવવું પડે. (ગન્નુ એટલે ભાતુ) ગન્નામાં ૧૨૦ રોટલા થાળી ભરીને સુખડી, અને અનવરને એક સાડલો આપે છે) આ લોકો રોટલા અને માતર સાથે લઇ જાય છે અને પોતાના ગામમાં જઇને દરેક ઘેર રોટલા અને માતર



આપી આવે છે.

પાંચ દિવસ પછી લાડાવાળા તેડવા જાય. ચાર પાંચ જણા (લાડો સાથે ન જાય) તે વખતે બીજા દિવસે તેડીને આવે ત્યાર લાડીનો બાપ પણ આ લોકોને ૧૨૦ રોટલા અને માતર બંધાવે છે. જે લાડાને ગામમાં દરેક ઘેર આપવામાં આવે છે.

ઉપર બતાવેલ એ લગ્નનો માતા-પિતા દ્વારા કરેલ લગ્નનો પ્રકાર છે. (ગોઠવેલ) આ સિવાય પણ લગ્નો થાય છે. જેમાં નાસીજઇને, જેને પ્રેમ લગ્ન કહે છે. મેળાઓમાં અથવા આજુબાજુના ગામમાંથી છોકરા છોકરીને સંબંધ થતા નાસી જઇને લગ્ન કરે છે. આવ લગ્નમાં વિધિ કરવામાં આવે છે પણ તુરત જ વિધિ કરવી પડે એવું નથી. બાદમાં પણ વિધિ કરે છે. તે સિવાય 'ખેંચી લાવીને' પણ લગ્નો કરે છે. જેમાં છોકરો છોકરીને પ્રેમ હોય તો છોકરીનો હાથ પકડી છોકરો પોતાને ઘેર લઇ જાય પછી વિધિ થાય છે. આમાં જ્યારે દાપુ આપી શકે તેવી સ્થિતિ ન હોય તો ખેંચી લાવે, બાદમાં દાપુ આપવામાં આવે.

લગ્નોમાં એક સાથી વધારે છે. એટલે કે માત્ર એક પતિ અને એક પત્ની, તે સિવાય, બહુપત્નીત્વ પણ જોવા મળે છે. જેમાં એક કરતા વધારે પત્નીઓ જોવા મળે છે. બેથી વધારે વાર લગ્ન કરીને લાવ્યા હોય તો બીજી પત્ની જતી રહી હોય અથવા કાઢી મૂકી હોય છતાં કેટલાક ઘરોમાં અત્યારે બે પત્નીઓ છે. બે પત્નીઓ કરવી એ સામાજિક દરરજો ગણાય છે. કારણકે અહીંના ગરાસિયાઓમાં દાણાની રકમ મોટી હોવાથી એક પત્ની કરતા મુશ્કેલી પડે છે, માટે જેમ પત્નીઓ વધારે તેમ સામાજિક દરજ્જો ઉંચો ગણાય.

લગ્નક્ષેત્રની મર્યાદાઓ: (નિષેધ)

(૧) લગ્નો પોતાના ગોત્રોમાં થતાં નથી.

(૨) ગામમાં લગ્નોથતા નથી (પહેલા થતા હતા એવા દાખલા મળ્યા છે પણ હવે નથી થતાં)

(૩) પોતાના ગોત્ર સિવાય ગમે તે ગોત્ર સાથે લગ્ન વ્યવહાર રાખી શકે (આભાપુર (વિજયનગર) ગામના ડુંગરી ગરાસિયાઓ 'મામા-ફોઇના ગોત્રમાં લગ્ન કરતા નથી એવું અહીં નથી. મામા-ફોઇના છોકરા સાથે લગ્ન ન કરી શકે પણ મામા-ફોઇના ગોત્રમાં તો લગ્ન કરી શકે છે) એટલે નજીકના સગામાં લગ્ન કરી શકાય નહીં, જેવા કે કાકા, મામા, ફોઇના વગેરેના છોકરા-છોકરીઓ સાથે)

(૪) સાળી અને ભાભી સાથે લગ્ન થઇ શકતા નથી. સાળીવટુ, દિયરવટુ નિષેધ ગણવામાં આવે છે.

લગ્નની વિધિ હીન્દુઓની માફક નથી. પણ હિન્દુઓ જેમ લગ્ન વખતે કન્યાદાન, વિવાહહોમ, અગ્નિ-પરિનયન, સપ્તપદી વગેરે કરે છે, તેવું નથી. તેમ બ્રાહ્મણ પાસે લગ્ન કરાવતા પોતાની જાતિના કોઇ અનુભવી પાસે લગ્ન કરાવે છે.

અહીંના આદિવાસીઓમાં લગ્ન જાતિયસંબંધને નિયંત્રિત કરે છે, કારણકે લગ્ન પહેલા સ્ત્રી-પુરુષોમાં જે જાતિયસંબંધની છૂટછાટ હોય છે તે સ્ત્રી-પુરુષ ભોગવી શકતા નથી. કોઇ પરણિત સ્ત્રી બીજા પુરુષ સાથે સંબંધ બાંધી શકતી નથી. બાંધે તો તેને કાઢી મૂકવામાં આવે છે. અથવા મારવામાં આવે છે. અને તેવા જાતિય સંબંધ



છાના-છપના થતા હોય તો ભય કાયમ રહેતો હોય છે, કોઇ જોઇ જાય તો.

લગ્ન વ્યક્તિને દેવાદાર બનાવે છે:- અહીંના ગરાસિયાઓમાં લગ્ન વખતે દાપાની રકમ મોટી ચૂકવવી પડે છે. કેટલીક વાર ૨૦૦ થી માંડી ૬૦૦ રુપીયા સુધી. આ સિવાય ખવડાવવા વગેરેનો ખર્ચ થાય. તે ખર્ચનો આંકડો ૧૦૦૦ રુપીયા સુધી પહોંચી જાય, આથી લગ્ન માટે દેવું કરવું પડે છે.

છૂટાછેડા:

અહીંના ગરાસિયાઓમાં છૂટાછેડા બહુ જલદીથી મળી જાય છે. તેમાં પંચના માણસો ભેગા થઇને ન્યાય કરે એટલે છૂટાછેડા. જોકે પંચની પાસે તો મોટું સ્વરુપ પકડે તો જ જવાય છે. નહીંતર વડીલો અથવા બન્ને વેવાઇઓ પતાવી નાખે છે. દાપાની રકમ પાછી આપે એટલે છૂટાછેડા. છૂટાછેડા નીચેના કારણોસર લે છે.

(૧) પતિ-પત્નીમાંથી એકબીજાને પસંદ ન હોય તો કાઢી મૂકે. અને બીજી સ્ત્રી લાવે. આવી કાઢી મૂકેલી સ્ત્રીનું જ્યારે બીજું લગ્ન થાય ત્યારે દાપુ પાછુ મળે છે. અને સ્ત્રીને પોતાનો પતિ ગમતો ન હોય તો બીજા સાથે ચાલી જાય અથવા પોતાના પિતાને ઘેર જતી રહે તેનું ભરેલુ દાપુ પાછુ આપે એટલે છૂટાછેડા.

(૨) સ્ત્રી બીજા પુરુષ સાથે જાતિયસંબંધ બાંધે તો,

(૩) સ્ત્રી પોતાના પતિને મૂકીને બીજાને લઇને નાસી જાય તો,

(૪) સ્ત્રીને છોકરા ન થતાં હોય તો પતિ તેને કાઢી મૂકે છે. અને બીજી લાવે છે.

(૫) ઘરનું કામકાજ બરાબર ન કરતી હોય તો કાઢી મૂકે છે.

(૬) પુરુષ પોતાની સ્ત્રીને બરાબર ખવડાવી ન શકેપ તો સ્ત્રી ચાલી જાય. (એટલે પુરુષમાં મહેનત કરી ખવડાવવાની શકિત ન હોય તો કેટલીક વખત સ્ત્રી બીજે ચાલી જાય છે)

આમ છૂટાછેડા મનકાવે તે બાબતથી એકબીજાથી લઇ શકાય છે.

પુર્નલગ્નઃ

છૂટાછેડા લીધેલ સ્ત્રી-પુરુષ બીજા લગ્ન કરી શકે છે. છૂટાછેડા લીધેલ પુરુષને છોકરા ન હોય અને ઉંમર બહુ મોટી ન હોય તો કુવારી કન્યા લગ્ન માટે મળી શકે છે. પણ છૂટાછેડા લીધેલ હોય તેવી સ્ત્રીને કુવારો પુરુષ ભાગ્યે જ પતિ તરીકે મળી શકે છે. તે તો તેના જેવા પુરુષ સાથે જાય અથવા બીજાના ઘરમાં બેસે.

વિધવા કે વિધૂર પણ બીજા લગ્નો કરી શકે છે. પણ વિધવાનું લગ્ન વિધિસર કરવામાં આવતું નથી. તેનો માત્ર વિધુરના ઘરમાં કે પછી બીજા કોઇ પરણિત વ્યકિતના ઘરમાં બેસે છે. વિધુર પણ વિધવાને પોતાના ઘરમાં રાખી શકે છે. વિધુરની ઉંમર મોટી ન હોય તો તેનું લગ્ન કુવારી છોકરી સાથે થઇ શકે છે.

મૃત્યુઃ

મૃત્યુ થયા બાદ તેના શરીરને બાળવામાં આવે છે. નાનુ છોકરુ મરી જાય તો તેને દાટવામાં આવે છે. જો કોઇ પુરુષનું મોત અકસ્માત, ખૂન કે આપઘાતથી થયું હોય તો તે પુરુષને દાટવામાં આવે છે. અને જે જગ્યાએ દાટયો હોય તે જગ્યાએ ઓટલોબનાવી તેના ઉપર પથ્થરનો પાળિયો મૂકે છે.



મૃત્યુનો શોક આઠ દિવસ પાળે છે. બારમુ આઠમા દિવસે કરવામાં આવે છે. અને બારમાના દિવસે નજિકના કુટુંબી પુરુષો માથુ મુંડાવે છે. અને મૂછ ઉતરાવે છે. જેને 'કાતરીયા' કરવા કહે છે. બારમામાં ખીચડો કે ચુરમું કરે છે. બારમા વખતે સંબંધીઓને અને ગામના લોકોને જમાડે છે.

નાનુ છોકરું મરી જાય તો બે-ત્રણ દિવસ શોક રાખે છે. અને નાના છોકરાઓને ગોળ વહેચેં છે. મોટી વ્યકિતના મૃત્યુ બાદ નજીકમાં તહેવાર આવનો હોય તો તહેવાર ઉજવતા નથી.

અહીંના ગરાસિયાઓમાં પિતૃઓની તૃપ્તિ માટે શ્રાધ્ધ કરવામાં આવે છે જે શ્રાધ્ધ દર વર્ષે નહીં પણ ૨૫ કે ૫૦ વર્ષે કરવામાં આવે છે. અથવા સારું વર્ષ આવે ત્યારે કરવામાં આવે છે. અથવા જેમાં પોતાના કુટુંબમાં કોઇ મરી ગયું હોય , તો તેનું પણ શ્રાધ્ધ કરવામાં આવે છે. આશ્રાધ્ધ એક જ દિવસે એકી સાથે નકકી કરીને બે ત્રણ ગામમાં લોકો કરે છે. જેમાં મોટી સંખ્યા લોકો એકત્ર મળી ઉજવે છે. જેમાં ગરોડા પાસે વિધિ કરાવી પિતૃઓનો પિંડ મૂકી પિતૃઓના આત્માને તૃપ્તિ કરાવવામાં આવે છે. જેમાં ખર્ચ જેટલા કુટુંબો એ ભાગ લીધો હોય તે દરેક કુટુંબનો ગણાય છે. જ્યાં સુધી શ્રાધ્ધ કોઇ પોતાના પિતૃઓનું ન કરે ત્યા સુધી માથે લાલ પાઘડી બાંધતા નથી. શ્રાધ્ધ બાદ સગા-સંબંધીઓ પાઘડી બંધાવે છે.

મૃત્યુ બાદની શું સ્થિતિ થાય છે તે અંગેની તેમને ખબર નથી. એટલે હિન્દુ ધર્મમાં જે તત્ત્વજ્ઞાન છે તે દેખાતું નથી. હિન્દુઓ જેમ મૃત્યુ બાદ સ્વર્ગ, નર્ક, વિધાતાના લેખ પુર્નઃજન્મ, આત્માની અમરતા, વગેરેમાંથી કોઇ પણ તેમને ખબર નથી કે મૃત્યુ બાદ શું સ્થિતિ થાય છે.

સગાઇસંબંધ:

સગાઇ સંબંધ મુખ્ય બે રીતના છે:

(૧) લોહી પર આધારિત સંબંધ:

જેમાં એક પિતાનો છોકરો પેઢીઓથી અલગ થતો આવે પણ તેમાં લોહી છે. તે આધારે તેઓ નજીકના સંબંધીઓ છે. લોહી સંબંધમાં કાકા, ભાઇ, બેન, ફોઇ, વગેરે છે. જેમની કે જેમના પુત્ર-પુત્રીઓમાં લગ્ન વ્યવહાર થઇ શકતો નથી.

(૨) લગ્નો પર આધારિત સંબંધ:

લગ્ન કરવાથી થતો સંબંધો જેવા કે એક સ્ત્રીનું લગ્ન થવાથી સ્ત્રીનીસાસુ, સસરા, પતિ, નણંદ દિયર, જેઠ, કાકાજી, વડસાસુ, જેઠાણી, વગેરે અનેક સંબંધો થાય છે. વેવાઇઓ, આ સંબંધો લગ્ન કરવાથી થઇ શકે છે.

આ સિવાય એક સંબંધ એ ગણાવી શકાય કે જે ગામમાં રહેવાથી સંબંધી બન્યા હોય. ભલે તે બીજા ગોત્રનો હોય છતાં તેને સંબંધી ગણી તેને અનેક પ્રસંગોએ આમંત્રણ અપાય છે. પોતે તેના ઘેર જાય છે. જે ગામના સહનિવાસને લીધે ભા-કાકા વગેરે સંબંધી ગણાય છે. અહીં તો અત્યારે આ ગામના સંબંધીને આધારે ભાઇ-બહેન ગણતા હોવાથી લગ્ન પણ થતા નથી.

સગાઇસૂચક શબ્દો:

એક જ શબ્દનો ઉપયોગ કરતા વધારે દરજ્જો ધરાવતી વ્યકિતઓને લાગુ પડે છે. જેમકે—



(બુન) 'બેન' પોતાની સગી બેન આને કાકાની દિકરી કે, ગામની છોકરીને પણ કહે છે.

(ભાઇ) માં પણ ગામની કોઇ છોકરી કે કાકાની છોકરી પણ ભાઇ કહી શકે છે. અને તે જ વ્યકિત બીજી વ્યકિતને 'ભાઇ' કહીને સંબોધે છે.

(ભોટા) માનવાચક શબ્દ છે. કોઇ પણ વડીલ હોય તો તેને 'ભોટો' કહીને બોલાવે છે. 'ભોટા' આગળ તે વ્યકિતનું નામ મૂકે છે. જેમકે અર્જુનભોટા, થાવરાભોટા.

(ભોટી) વડીલ સ્ત્રીને ભોટી કહેવામાં આવે છે.

(દિકરા) સાસુ પોતાની જેટલી વહુઓ હોય તેટલી વહુને દિકરા કહી શકે છે. પોતાની દિકરીને પણ કહી શકે છે.

(૨) વિશિષ્ટ સગાઇસૂચક શબ્દો:

(બા) (પિતા) શબ્દ માત્ર પિતાના બાળકો જ વાપરી શકે છે.

આઇ (માતા) માત્ર પોતાના છોકરાઓ જ 'આઇ' કહે છે.

(૩) માધ્યમિક સગાઇસૂચક શબ્દો:

જેમાં એક બીજાને બોલાવવા માટે ત્રીજી વ્યકિતનો ઉપયોગ કરવો પડે છે. એટલે કે જેમાં માધ્યમની જરુર પડે છે.

દા.ત. પત્નીને બોલાવવા માટે છોકરાનું નામ દઇને બોલાવે છે.

સગાઇસંબંધની મર્યાદાઓ:

માતા-પિતા આગળ પુત્ર માન રાખે છે. જેમાં કંઇ વધારે પડતો બોલતો નથી. કે જેમતેમ વ્યવહાર કરી શકતો નથી. પોતાની પત્ની સાથે વાતો કરી શકતો નથી.

કે કોઇ પણ જાતની વર્ણતુંક કરી શકે નહીં.

માતા-પિતા બાળકોની હાજરીમાં મર્યાદાથી વર્તતા જોવા મળે છે. પુત્રવધુ લાજ કાઢે છે. ને વડીલોની હાજરીમાં મોટા સાદે બોલી શકતી નથી. અને મોં પર ઘુંઘટ રાખીને બોલે છે. કોઇ નાની સ્ત્રી જતી હોય અથવા કોઇ સ્ત્રીના ઘેર કોઇ વડીલ હોય જેમ, કાકાજી, મામાજી આવે તો ઘરની સ્ત્રી તેની આગળ ખોળો પાથરી રામરામ કરે છે. જમાઇ આવે તો સાસુ-સસરા પોતાના દરજ્જા પ્રમાણે મર્યાદાઓ રાખે છે.

મશ્કરીના સંબંધો:

દા.ત. કોઇ ગામની વ્યકિત બીજાની પત્ની સાથે જાતીય સંબંધ બાંધે. બીજાની પત્નીને લઇને તે નાસી જાય, મારજૂડ થાય, દાપા બાબતનો પ્રશ્ન હોય તો પંચોના માણસો નિયમો પ્રમાણે દંડ કરીને કે યોગ્ય શિક્ષા કરીને ન્યાય કરે છે. પંચનો ન્યાય દરેકને માન્ય રાખવો પડે છે.

શિક્ષણ:

શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. ગામમાં ત્રણ ધોરણ સુધીની શાળા છે જે કાચા મકાનમાં બેસે છે. પણ તેમાં માંડ ૫-૧૦ વિદ્યાર્થીઓની હાજરી રહેતી હોય છે. શિક્ષક પણ અનિયમિત આવે, મનફાવે ત્યારે જાય. એટલે શિક્ષણમાં એ લોકો ખૂબ જ પાછળ છે. ગામના છોકરા પણ ગોવાળમાં જાય, પોતાના ઘેર નાના ભાઇ-ભાન્ડુને રમાડવા રહે. અથવા પોતાની મરજીથી નિશાળે આવે નહિ. ગામમાં નિશાળનું નવું મકાન બંધાય છે.



જાતિય સંબંધ:

કુંવારા છોકરા-છોકરીઓ જાતિય સંબંધ રાખે તો તે તરફ આંખ આડા કાન કરવામાં આવે છે. માત્ર ગર્ભ રહી જાય તો તે છોકરીનું લગ્ન કરાવી દેવામાં આવે છે. પણ તેવું ભાગ્યે જ બને છે.

પરણિત સ્ત્રીઓ બીજા પુરુષ સાથે જાતિય સંબંધ રાખી શકતી નથી. અને રાખે અને પકડાઇ જાય તો તેને કાઢી મૂકવામાં આવે છે. આવા જાતિય સંબંધો છાના-છપના થાય છે. 'જાતિય સંબંધ' બાંધતી વખતે પુરુષ સ્ત્રીના કોઇ બીજા ભાગને હાથ અડાડતો નથી. (માત્ર ખભા સિવાય) બચીઓ પણ કરતો નથી. સ્ત્રીના સ્તન પકડવા તેને અણગમાની દૃષ્ટિએ જોવે છે.

સ્ત્રીઓ જાતિય સંબંધ બાંધી કમાણી કરે તો તેને ઉતરતી કક્ષાની ગણવામાં આવે છે. ગામમાંથી કેટલાક કહેતા કે રીંછડીવાળા તો 'બૈરાની કમાણી' ખાય છે, એ અમારાથી કંઇ રીતે ઉચા ?

ધાર્મિક જીવન:

તોરણીયા ગામના ગરાસિયાઓના ધર્મમાં 'આત્મવાદ' દેખાઇ આવે છે. એટલે કોઇ પણ જડ કે ચેતનમાં દૈવી શકિતની કલ્પના કરી તેની પૂજા કરવી, જેમાં પિતૃ, પુજા, ભૂતપ્રેતમાં માન્યતા, જાદુ-મંત્ર, ડાકણ વગેરેમાં માને છે. એટલેહિન્દુ ધર્મની જેમ ઉચ્ચ પ્રકારનું દર્શન ન દેખાતા માત્ર તેમના ધાર્મિક રીતરિવાજો 'ભયપ્રેરિત' અને વર્ષોથી રૂઢિગતબનેલા દેખાઇ આવે છે. જેમાં બૌધિકતાનો બિલકુલ અભાવ છે. માત્ર અંધશ્રધ્ધા કે જેમાં ભુવાના કહેવા પ્રમાણે કરવું. આ બધી બાબતો હિન્દુ ધર્મના દર્શનથી

આદિવાસી ધર્મને તરત જ અલગ તારદી દે છે. જોડે વર્ષાના સહેવાસથી હિન્દુઓની થોડી અસર સ્પષ્ટ દેખાઇ આવે છે. પણ તે માત્ર આદિવાસી ધર્મમાં બેચાર હિન્દુઓના દેવતાઓનો વધારો થયો તે સિવાય અત્યારે હાલ એમની પુજાવિધિ, બલિદાનો, દારુની ધાર દેવી, એ જ મસ્તીથી દેવીને રિઝવવા જવું, નાચવું, ધુણવું, વગેરે ઓછું થયેલ દેખાતું નથી. આ ગામ રાજસ્થાનની સરહદથી નજિક આવેલ હોઇ અહીંના દેવીની જે મૂર્તિઓ મુકે છે. ઘોડા ઉપર બેઠેલો માણસ તે અને તેના 'સોગ' જેવા માતા આગળ વગાડવાના સાધનો, માતા આગળ 'સોગ' વાગાડી નાચવાની રીત ઘણખરી મારવાડના ઢાળની છે.

તહેવારોમાં દિવાળી, હોળી, ઉત્તરાયણ કરે છે. પણ તેમનો મુખ્ય તહેવાર તો હોળીનો છે.

દિવાળી:
------

દિવાળીના દિવસે ચુરમુ બનાવીને ખાય છે. આ માત્ર તહેવાર છે. એ તે રીતે તેનેઉજવે છે. તેમાં બાજી કોઇ વિશેષતા નથી હોતી.

ઉત્તરાયણ:
--------

ઉત્તરાયણના દિવસે કોઇક કોઇક ઘેરથી જુવાન છોકરાઓ બેત્રણ દેવચકલી પકડી લાવી તેને ઘી તલ ખવડાવી ઉઠાડે છે. જો તે લીલા ઝાડ પર બેસે તો વર્ષ સારુ આવે છે. અને સૂકા ઝાડ ઉપર બેસે તો વર્ષ ખરાબ આવેછે, એમ માને છે. અહીં ઉત્તરાણનો તહેવાર સાબરકાંઠાના ભીલોડા તાલુકા અને વિજયનગર મહાલ જેટલો ધામધૂમથી ઉજવાતો નથી.



હોળી:
----

હોળીનો તહેવાર એમાના માટે ખૂબ જ આ
ઘઉં, કપાસ વગેરેના પૈસા આવ્યા હોય એટલે તે
હોળીના ૧૫ દિવસ પહેલા ઓળી એક જગ્યાએ
પુરુષો દરરોજ હોળી સુધી ગીત ગાય છે. અને
દારુ પી નાચવા જાય છે. તે દિવસે કુટુંબો ભેગ
ને ખાય છે.

નવરાત્રી:
-------

નવરાત્રીમાં 'માતા'ની પુજા કરે છે.
પોતપોતાની માતાઓની પુજા કરે છે, અને ધૂણે

દેવ-દેવીઓ:
---------

જે દેવ-દેવીઓ વધારે ભયપ્રેરિત અને નુ
દેવીઓને બકરું કે મરઘુ ચડાવે છે અને દારુની
નુકશાન કરનાર ન હોય તેવા દેવ-દેવીઓની
ચુરમુ, ઘી, ગોળ અને લોટનું વધામણું કરે છે.

કરકરી માતા: ભુવાઓને ઘેર જ એનું
----------
ઘરની અંદરના ખંડમાં ભીત ઉપર ચોલ્લા કરી
સોગ (વાજિંત્ર) મુકી રાખે છે. સોબ ગોળ હોય

સ વર્ષ બાદ

ામડાઓમાં ઠીક ઠીક પ્રમાણમાં નોંધી
બનાવવા માટે ઐતિહાસિક રીતે ગામોના
મને આ પ્રયત્ન પણ વ્યર્થ જેવો લાગે છે.
યો તરફથી પયત્ન થતા હોય અને
ો હોય ત્યારે કંઇક થોડું ઘણું પણ
યો છે. આ પ્રયત્ન પાછળનો ઉદ્દેશ્ય
ેટલું મેળવી શકાયું છે અને લોકો તેનો
પાછળનો મુખ્ય હેતુ એ જ છે કે છેલ્લા
કેટલું પ્રાપ્ત કરી શકાયું ?

==

ા માટેનું ખાસ પ્રકારનું રહ્યું છે.
કે જ્યાનજીકમાં આવેલા બીજા
ખાસિયત ભૌતિક રીતે જોવા મળતી
. ભૌતિક બાજુએ જોતા કહી શકાય
મને તે આજે જાય તો સ્પષ્ટપણે કહી
વેલું હોય તેવુ જોવા મળતું નથી.

ગામમાં પ્રવેશતા જોવા મળશકેપહેલા ફળિયામાં જે પ્રકારના ઘરો હતા તે જ પ્રકારની ઘરો આજે પણ જોવા મળે છે. કોઇ પણ નવું ઘર થયું નથી. એટલું જ નહિ ઘર બાંધવા માટે જ ચીજવસ્તુઓનો ઉપયોગ થતો હતો તેનો આજે પણ થાય છે. આમાં ફકત એક જ અપવાદ છે. તે કાળા પટેલના ઘરનો છે. એણે એનું નવું ઘર જુના ઘરની જગ્યાએ બાંધ્યુ છે. જુનું ઘર કાચુ હતું. જયારે નવું ઘર ઈંટ અને દિવાલોનું બનેલું છે. છાપરું તો એનું એ જ રહ્યું છે. ગરાસિયાઓ ઘર જાતે જ બનાવે છે. તો પછી કાળા પટેલ કેવી રીતે નવું ઘર મેળવી શકયા ? એ શું વધુ સાધન સંપન્ન બન્યા ? ના. શું બન્યું કે થોડા મહિના પહેલા કાળા પટેલે એની ખેતી લાયક જમીન ઈંટ બનાવનારને ભાડે પટ્ટે આપી દીધી છે. અલબત્ત એ વ્યકિત બહારની હતી. એણે કાળાને જમીનના પૈસા આપ્યા એટલું જ નહિ, બસો ઈંટવ મફતમાં ભેટ તરીકે આપી, કે જેનો ઉપયોગ એણે ઘર બાંધવામાં કર્યો. આ એક પરિવર્તન સિવાય ગામમાં બીજું કોઇ પરિવર્તન જોવા મળ્યું નહિ. એટલું જ નહીં ઘરની દિવાલો પણ તેની તે જ હતી. ગામના કૂવા પણ એના એ જ હતા. મુખ્ય ફળિયાની બાજુમાં બે કૂવાઓ હતા. સામુદાયિક કૂવો હતો તે તાલુકા વિકાસ ઘટક દ્વારા ખરાબ આકારથી બાંધવામાં આવ્યો હતો. તે જ કૂવો આજે પણ મુખ્ય ફળિયામાં રહેતા કુટુંબો દ્વારા પીવાના પાણીના ઉપયોગ માટે ઉપયોગમાં લેવાય છે.

તપાસ કરતા જાણવા મળ્યું કે, છેલ્લા દસકામાં કૂવાની સંખ્યામાં વધારો તો નોંધાયો છે પરંતુ હકીકતમાં એમાંના મોટા ભાગના કાચા છે અને ઉપયોગી નથી. કારણ કે પૂરાઇ જવા માગે છે.



મુખ્ય ફળિયાની બાજુમાંથી કોઇ પસાર થાય તો એક તળાવ આવે છે. એની પાસે એક નવું મંદિર છે. આ મંદિર બે વર્ષ પહેલા એક કોન્ટ્રાકટર દ્વારા બાંધવામાં આવ્યુ હતું. આ કોન્ટ્રાકટરને મંદિર બાંધવાનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો હતો. મંદિર ધાબાનું છે. એમાં રહેલ રામ, સીતા અને લક્ષ્મણની મૂર્તિઓ આરસપહાણની છે. કે જે અંદર મૂકવામાં આવી છે. મંદિરમાં નવી પણ વ્યવસ્થિત કુટિર આવેલી છે, જેની દિવાલ ઈંટોની બનેલી છે. આ દિવલ મંદિરના બ્રાહ્મણ પૂજારી દ્વારા બાંધવામાં આવી છે. કે જે કાયમ માટે અંદર રહે છે. આ પૂજારીને ગ્રામ પંચાયત તરફથી એના ભરણ-પોષણ માટે ખેતી લાયક જમીનનો ટુકડો આપવામાં આવ્યો છે. આમ આ જે બે નવા બાંધકામ થયા છે, ત્યાં તમને પરિવર્તન થયેલું જોવા મળશે. આ નવા મંદિરની પાછળ પીઠબળ તરીકે ખેતલ (ગરાસિયાની બહુ જાણીતી દેરી(સમાધિ)ને મૂકવામાં આવી છે. આ મંદિર નજિક પૂજારી દ્વારા ફૂલછોડ ઉગાડવામાં આવ્યા છે.

આમ આ છૂટાછવાયા જે ફેરફારો છે તે ગામ લોકો ઉપર કોઇપણ પ્રકારની સીધી અસર ઉભી કરી શકતા નથી. આમ ગામના ભૌતિક માળખામાં કોઇ નોંધી શકાય એવું પરિવર્તન જોવા મળતું નથી. દસ વર્ષ પહેલા જે સ્થિતિ હતી તે આજે પણ છે.

## વસ્તીવિષયક પરિવર્તન

વસ્તીને સંબંધ છે તે રીતે પરિવર્તનનો વિચાર કરીએ તો કોઇપણ પ્રકારનું પરિવર્તન નથી. ફકત એક જ કુટુંબ જે ડુંગાચા જાતિનું છે તેણે પોતાનું રહેઠાણ રોઈછડાથી બદલી પાડોશી ગામ જેતવાસમાં કર્યું છે. જે ગામ તેના ગોત્રના લોકોથી જ વસેલું છે. વસ્તીની દૃષ્ટિએ જોઇએ તો રાઠોડ કોમની વસ્તીનો ક્રમ પહેલો છે. ડાભી

હજુ પણ ગ્રામ વસ્તી ઉપર પ્રભુત્વ ધરાવે છે. જે કુટુંબ જેતવાસમાં ગયું છે, તેને અહીંયા તેમજ જેતવાસમાં બંને જગ્યાએ જમીન છે. મૂળભૂત રીતે આ કુટુંબનું ઘર જેતવાસમાં જ હતું પણ ખેતીલાયક જમીન [illegible] નજીક હોવાથી તેઓ રોંછડીમાં ઘર વસાવી રહેતાં હતા. પરંતુ હાલ [illegible] પોતાના વડિલોપાર્જિત ગામમાં રહેવાનું પસંદ કર્યું છે. હજી આજે પણ ગામનો પટેલ [illegible] કોમમાંથી આવે છે. કદાચ એ લોકો મૂળભૂત રીતે આ ગામના [illegible] હતી હશે ? ૧૯૬૯માં ૫૧ ટકા કુટુંબો સંયુકત હતા જયારે૩૫.૨ ટકા વિભકત હતા. અને ૧૩.૮ ટકા વિસ્તરિત કુટુંબો હતા. પણ ૧૯૭૯માં એ જોવા મળ્યુ છે કે ૬૮.૫૨ ટકા કુટુંબો સંયુકત અને ૩૧.૫૮ ટકા કુટુંબો વિકત કુટુંબો હતા. એ સ્પષ્ટ રીતે દેખાય છે કે, વધારે ને વધારે કુટુંબો સંયુકત રીતે રહેતા થયા છે. પરંતુ આ વલણ માટેનો કોઇ સ્પષ્ટ ખુલાસો આપી શકાય તેમ નથી. કોઇ એમ વિચારી શકે કે જીવન જીવવા માટે જે મુશ્કેલીઓનો સામનો ભેગા મળીને કરી શકાય એ નિર્ણયથી સાથે રહેવાનું ગોઠવવામાં આવ્યું હશે.

કોઠો– ૧

પ્રકારની દ્રષ્ટિએ કુટુંબોનું વર્ગીકરણ (ટકામાં)

| અ.નં. | પ્રકાર | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|---|
| ૧. | સંયુકત | ૫૧.૦ | ૬૮.૪૨ |
| ૨. | વિભકત | ૩૫.૨ | ૩૧.૫૮ |
| ૩. | વિસ્તરેલું | ૧૩.૮ | - |
| | કુલ.... | ૧૦૦ ટકા | ૧૦૦ ટકા |



૧૯૭૯માં જે સર્વે કરવામાં આવેલો ત્યારે તપાસ કરનારાઓ જે કુટુંબો વિસ્તૃત હતા તેમને સંયુકત કુટુંબમાં ભેળવી દેવામાં આવ્યા હોય તેવું લાગે છે. જો આંકડા સાચા હોય તો જોઇ શકાય છે કે, સંયુકત કુટુંબમાં સ્થાળાંતર ગરાસિયાઓનું થયેલું છે. રોંછડીમાં ૧૯૬૯માં ગરાસિયા કુટુંબનું સરેરાશ કદ ૪.૬ ટકાનું હતું. તે વધીને ૧૯૭૯માં ૫.૯ નું થયું છે. આ બતાવે છે કે કયા તો ગરાસિયા સ્ત્રીઓની પ્રજનન શકિતના દરમાં વધારો થયો હોય અથવા તો મૃત્યુદરમાં ઘટાડો થયો હોય. પાછળથી એમ જાણવા મળ્યું છે કે, અંબાજી કોટેજ હોસ્પિટલ તરફથી જે તબીબી સહાય પ્રાપ્ત થાય છે તે સહાય લેવામાં ગરાસિયાઓ વધુને વધુ ટેવાતા જાય છે.

૧૯૬૯માં હતું તે જ પ્રમાણે ૧૯૭૯માં પણ મોટા ભાગના કુટુંબો ૨ થી ૬ વ્યકિતના બનેલા છે. હવે પછીના કોઠામાં જે આંકડાઓ આપ્યા છે તેના પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે કુલ કુટુંબના ૮૬.૨ ટકા કુટુંબોની કુટુંબ સંખ્યા ૨ થી ૬ ની છે. જ્યારે ૧૯૭૯માં ૨ થી ૬ કુટુંબસંખ્યા ધરાવતા કુટુંબો ૭૧.૦૬ ટકા છે.

કોઠો– ૨

કુટુંબના સભ્યોની સંખ્યા (ટકાવારીમાં)

| ક્રમ | કુટુંબના સભ્યોની સંખ્યા | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|---|
| ૧. | ૨-૩ | ૩૧.૪ | ૧૦.૫૩ |
| ૨. | ૪-૬ | ૫૪.૮ | ૬૦.૫૩ |
| ૩. | ૭-૯ | ૯.૯ | ૨૧.૦૫ |
| ૪. | ૧૦ થી ઉપર | ૩.૯ | ૭.૮૯ |
| | | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

૭ થી ૯ વ્યક્તિ ધરાવતા કુટુંબોની સંખ્યા ૧૯૬૯માં ૯.૯ ની હતી. તે ૧૯૭૯માં વધીને ૨૦.૦૫ ટકા થઇ તેમજ ૧૦ થી વધુ સંખ્યા ધરાવતા કુટુંબોની સંખ્યા-માં પણ વધારો થયો છે. તે પણ ૩.૯ ટકા હતી તે વધીને ૭.૮૯ ટકા થઇ છે. ૧૯૭૯ના આંકડા સાથે સરખાવતા ખ્યાલ આવશે કે, વધુને વધુ કુટુંબો મોટા થતા જાય છે. આ વસ્તુ બતાવે છે કે મૃત્યુદર ઘટતો જાય છે. આથી કોઇને પણ માનવાને કારણ મળે કે, આ પ્રદેશના ગરાસિયાઓ રોગને નિવારવા માટે ભગત પર આધારિત રૂઢિગત પધ્ધતિને બદલે આધુનિક પધ્ધતિ અપનાવતા થયા છે.

લગ્નવિષયક પરિસ્થિતિ જોઇએ તો છેલ્લા દસ વર્ષમાં ઘણી વ્યક્તિઓએ લગ્ન કર્યાં છે. અને વિધવા અને વિધુરની સંખ્યામાં ઘટાડો થયેલો માલુમ પડ્યો છે. ૧૯૭૯ અને ૧૯૬૯ ના દશ વર્ષ દરમિયાન આ ગામના લગ્ન વિષયક માળખાની સરખામણી કરવા માટેનીચેનો કોઠો તપાસીશું, તો જાણી શકાશે કે અપરણિત વ્યક્તિઓની ટકાવારીમાં થોડોક વધારો થયેલો જોવા મળે છે. જ્યારે તકતામાં એક પણ વ્યક્તિ જોવા મળતી નથી. કે જે ૧૯૬૯માં જોવા મળ્યું હતું. આનો અર્થ એ છે કે, કદી તો પતિ સાથે સમાધાન થયું હોય અથવા છૂટાછેડા મેળવી બીજી વ્યક્તિ સાથે લગ્ન કર્યાં હોય. આમ છતાં આ ગામમાં દસ વર્ષના ગાળામાં લગ્નવિષયક કોઇ નોંધપાત્ર ફેરફાર નોંધાવા પામ્યા નથી. હકીકતમાં પણ દસ વર્ષના નાના ગાળામાં કોઇ ફેરફાર બને એવી કોઇએ આશા પણ ન રાખવી જોઇએ. (કોઠા નં. ૩ માટે જુઓ પાન નં.૧૧૯)

શૈક્ષણિક રીતે વિચારીએ તો અહીંયા એક અગત્યની હકીકત પ્રકટ થાય છે કે ૧૯૫૪માં અંબાજીમાં શરુ થયેલી પ્રાથમિક શાળા નજીક હોવા છતાં ૧૯૬૯માં કેળવણીનો દર ઘણો નીચો છે. એટલું જ નહીં એ પણ જાણવા મળ્યુ કે, ગરાસિયાઓ તેમના



કોઠો – ૩

લગ્નવિષયક વહેંચણી (આકડા ટકાવારીમાં)

| ક્રમ | લગ્નવિષયક સ્થિતિ | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|---|
| ૧. | પરણિત | ૫૭.૭ | ૬૦.૧૮ |
| ૨. | અપરણિત | ૩૪.૯ | ૩૮.૯૪ |
| ૩. | વિધુર યા વિધવા | ૫.૩ | ૦.૮૮ |
| ૪. | ત્યકતા | ૨.૧ | - |
| | કુલ | ૧૦૦.૦ | ૧૦૦.૦ |

બાળકોને આ શાળામાં મૂકવા માટે આકર્ષિત પણ થયા નથી. આ બતાવે છે કે નિયમિત રીતે અપાતી કેળવણીપ્રત્યે તેમની બેદરકારી છે. ૧૯૬૯ના સર્વે પ્રમાણે ૯૫.૬૦ ટકા જેટલી વ્યક્તિઓ (૬ વર્ષથી નીચેની ઉંમર સિવાય) અશિક્ષિત જોવા મળી છે. કોઠા નં.૪ માં આંકડા જોઇશું તો માલુમ પડશે કે આ પરિસ્થિતિમાં થોડો વધારો થયો છે, જે ઘણી ખરાબ પરિસ્થિતિ કહી શકાય.

(કોઠા નં. ૪ચાર માટે જુઓ પાન નં. ૧૨૦)

કોઠો—૪

શિક્ષણ પ્રમાણે વસ્તીની વહેંચણી (જેની ઉંમર ૬ વર્ષથી નીચે હોય તેમને આમાંથી બાકાત રાખવામાં આવ્યા છે)

| શિક્ષણનું સ્તર | ૧૯૬૯ ટકાવારી | ૧૯૭૯ ટકાવારી |
|---|---|---|
| શિક્ષિત | ૪.૪૦ | ૧.૩૩ |
| અશિક્ષિત | ૯૫.૬૦ | ૯૮.૬૭ |
| કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

૧૯૬૯માં અશિક્ષિતોની ટકાવારી ૯૫.૬૦ ની હતી તે ૧૯૭૯માં વધીને ૯૮.૬૭ થાય છે. આ માટેનો યોગ્ય ખુલાસો એ હોઇ શકે કે ૧૯૬૯માં જેની ગણત્રી શિક્ષિતમાં કરવામાં આવી હોય તેની ગણતરી અશિક્ષિતમાં થવા માંડી હોય. આનું કારણ એ છે કે જે સમાજમાં કેળવણીનો ઉપયોગ ન થતો હોય તે સમાજમાં એ સ્વાભાવિક બનતું હોય છે કે વ્યક્તિ કયાં તો નિશાળમાં જઇને અથવા તો નિશાળમાં ગયા વગર શિક્ષિત બનતી હોય છે. ત્યારે એવું બનવા સંભવ છે કે થોડું ઘણું વાચતા લખેલ વ્યક્તિને તેના જીવનમાં કોઇ પણ સમયે જ્ઞાનનો ઉપયોગ કરવાનો અવકાશ રહેતો નથી, ત્યારે તેની ગણત્રી અશિક્ષિતમાં આવી જાય છે. અને આ પરિસ્થિતિ ઉભી થઇ તેના કારણે જે વ્યક્તિની ગણતરી ૧૯૬૯માં શિક્ષિતમાં થયેલી હોય તેની ગણત્રી ૧૯૭૯માં અશિક્ષિતમાં થઇ હશે. નિશાળની સ્થિતિ જે પ્રમાણે ૧૯૭૯માં જોવા મળી કે વિદ્યાર્થીઓની સંખ્યા પણ થોડી રહેતી અને શિક્ષકો પણ નિયમિત નહોતા. અલબત



૧૯૭૯ દરમિયાન ગામની મુલાકાત દરમિયાન એ જોવા મળ્યું કે, શિક્ષક આખા ગામમાંથી નિયમિત નિશાળે આવતા ત્રણથી ચાર વિદ્યાર્થીઓને ભેગા કરી શકે છે. જ્યારે રજિસ્ટરમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી જોવા મળી હતી. એ ઘણું આશ્ચર્યજનક છે કે દસ વર્ષના વહાણા વાયા છતાં શૈક્ષણિક વિકાસમાં કંઇ જ વધારો થવા પામ્યો નથી. અહીં પ્રશ્ન એ ઉભો થાય છે કે, શા માટે ગરાસિયા પછાતપણામાં રહેવાનું સ્વીકારે છે. આનો સાચો જવાબ મેળવવામાં નિષ્ફળતા સાંપડશે. કેટલાક ગરાસિયાઓને દોષ દેશે કે તેમને શૈક્ષણિક વિકાસ પરત્વે અવિશ્વાસ છે. આ ઉદાસીન દશા અમે ૧૯૬૯માં નોંધી હતી અને અમે માન્યું હતું કે આ સંદર્ભમાં કંઇક પગલાં લેવાશે. પણ ૧૯૭૯માં આંકડા જોયા પછી એ સ્પષ્ટ દેખાય છે કે આ દિશા તરફ કોઇએ ધ્યાન આપ્યું નથી. ૧૯૬૯માં જે આશ્રમશાળા હતી તે જ પરિસ્થિતિ ૧૯૭૯માં છે.

ભૌતિક સંસ્કૃતિમાં પરિવર્તન

જો કોઇ ઉપરછલ્લી રીતે તપાસ કરે તો કહી શકાય કે, આ ગામમાં ગરાસિયાઓના ઘરમાં ધ્યાનમાં લઇ શકાય તેવું કોઇ પરિવર્તન આવ્યું નથી. ૧૯૭૯માં અમે ગામની મુલાકાત લીધી ત્યારે જોયું કે પહેલા જે રીતે હતું તે જ રીતે આજે પણ ચારે બાજુ વાંસની વાડ છે. ઘરની દિવાલો પણ હજુ દસ વર્ષમાં હતી તેમજ કાદવથી લીંપાયેલી છે. અને છાપરુ પણ ગામઠી નળિયાથી બનેલું છે. ગરાસિયાઓ સ્થાનિક રીતે પોતાની જાતે તડકામાં સૂકવેલી ઇંટો બનાવે છે. અને તેનો ઉપયોગ કરે છે. ગામમાં મોટાભાગના ઘરો જે ૧૯૬૯માં હતા તે જ પ્રમાણે એક જ ઓરડાના બનેલા છે. જેનો ઉપયોગ દરેક કાર્ય, જેવા કે સૂવા માટે, કોઠાર માટે, રસોઇ માટે વગેરે માટે કરવામાં આવે છે. આ પરિસ્થિતિ જેમ ઘર માટે સાચી છે તેમ ઘરવખરી અને ફર્નીચર

માટે પણ સાચી છે. વ્યવહારિક રીતે કોઇપણ ફેરફાર નોંધી શકાય તેમ નથી. ૧૯૬૯માં સામાન્ય ગરાસિયાઓના ઘરોમાં જે સ્થિતિ હતી તે જ પ્રમાણે આજે પણ તેમની સ્થિતિ છે. તેમના ઘરમાં બે દોરડાના ખાટલા, થોડીક પાતળી ગોદડીઓ, માટીના હાંડલા, માટીના તવા અને એક બે રાંધી શકાય તેવા પિત્તળના વાસણો, પિતળ-ની બેત્રણ થાળીઓ અને જુદા જુદા કદની ટોપલીઓ જોવા મળશે. ૧૯૬૯માં કોઇ કુટુંબમાં રેડિયો નહોતો. પણ ૧૯૭૯માં એક કુટુંબે રેડિયો વસાવ્યો છે. પરંતુ કુટુંબના કોઇ પણ સભ્યને રેડિયો ઉપર આકાશવાણીનું કેન્દ્ર ચાલુ કરવાનું આવડતું નથી. આ વ્યકિત, જેની પાસે રેડિયો હતો તેણે પોતાની જમીન ઈંટો બનાવનાર કારખાનેદારને આપી હતી. આ રેડિયો થોડા સમય પછી એક હાથમાંથી બીજા હાથમાં ગયો. આ માણસનો પુત્ર ગુન્હાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલો હતો, તેને પુત્રને છોડાવવા માટે પોલીસ અધિકારીને લાંચ આપવા માટે પૈસાની જરુર પડવાથી રેડિયો ગામના એક માણસને વેચી દીધો. ખેતીવાડીના સાધનો, મત્સ્ય ઉપયોગના સાધનો, સંગીતની સુવિધાના સાધનો, જે ૧૯૬૯માં હતા તે જ સ્થિતિમાં ૧૯૭૯માં રહેવા પામ્યા હતા. દસ વર્ષ પછી પણ તેમના પહેરવેશમાં નોંધપાત્ર સુધારા-વધારા લાયક પરિવર્તન આવેલું જોવા મળતું નથી. દસ વર્ષ પહેલા જે પ્રકારનો પહેરવેશ પુરુષો અને સ્ત્રીઓ પહેરતા હતા તે આજે પણ પહેરે છે. અલબત બે ત્રણ યુવતીઓ વધુ સ્વચ્છ કપડા પહેરે છે. પરંતુ રંગમાં કોઇ પણ જાતનોસુધારો થયેલો જોવા મળતો નથી. ગરાસિયા કોમનો રંગબેરંગી કપડાનો મોહ હજુ પણ ઘટો નથી. હજુ પણ તેઓ પાની જાતને રંગબેરંગી વસ્ત્રોમાં શણગારીને સંતોષે છે. સ્ત્રીઓ આજે પણ પોતાના શરીર પર પુષ્કળ ઘરેણા પહેરે છે. સામાન્ય રીતે એવું મનાતું હોય છે કે ભૌતિક સંસ્કૃતિમાં આવતું પરિવર્તન જોઇ શકાતું હોય છે. પરંતુ બીજા સાંસ્કૃતિક



પરિવર્તનો થાય છે કે જે ગોકળ ગાયની ગતિએ થતા હોય છે જે અનુભવી શકાતા નથી. પરંતુ આ ગામમાં તો ભૌતિક સંસ્કૃતિમાં જ કંઇ પરિવર્તન આવ્યું નથી. જે પરીસ્થિતિ ૧૯૬૯માં હતી તે જ પરિસ્થિતિ ૧૯૭૯માં અનુભવવા મળી. આમ ગરાસિયાઓની રહેણીકરણી, જીવન પધ્ધતિ આપણે જોઇ, અને એ પરથી આપણે એ તારણ પર આવીએ કે ગરાસિયાઓમાં સ્થગિતતા છે. પરંતુ છેલ્લો કોઇ નિર્ણયઆપણે લઇએ તે પહેલા એમની આર્થિક બાજુ તપાસીએ કે છેલ્લા દસ વર્ષમાં તેમાં કંઇ પરિવર્તન આવેલું જોવા મળે છે ખરું ?

## આર્થિક પરિવર્તન

દસ વર્ષ પહેલા આપણને જાણવા મળ્યું હતું કે, તેમનો મુખ્ય ધંધો ખેતી છે અને આર્થિક દ્રષ્ટિએ જમીન તેઓના જીવનનિર્વાહનું સાધન છે. ૧૯૬૯માં જે કુટુંબ પાસે પોતાની જમીન હતી તે જ કુટુંબો પાસે ૧૯૭૯માં પોતાની જમીન છે. છેલ્લા દસ વર્ષમાં કોઇ ફેરફાર થયો હોય તો એ જમીનના કદમાં થયેલો ફેરફારછે.

કોઠો-૫

જમીન ધારણ પ્રમાણે કુટુંબોની વહેંચણી (આંકડા ટકાવારીમાં)

| ક્રમ | જમીન ધારણનું કદ | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧. | ૦.૦ થી ૨.૫. | ૨૦ | ૧૦.૫૩ |
| ૨. | ૨.૫ થી ૫.૦ | ૩૮ | ૪૪.૭૪ |
| ૩. | ૫.૦ થી ૭.૫ | ૧૬ | ૧૫.૭૮ |

| ૧ | ૨ | ૩ | ૪ |
|---|---|---|---|
| ૪. | ૭.૫ થી ૧૦.૦ | ૧૨ | ૧૩.૫૬ |
| ૫. | ૧૦.૦ થી ૧૫.૦ | ૮ | ૧૦.૫૩ |
| ૬. | ૧૫ થી ઉપર | ૬ | ૫.૨૬ |
| | કુલ | ૧૦૦ ટકા | ૧૦૦ ટકા |

ઉપરનો કોઠો જોતા માલુમ પડે છે કે, ટકાવારીની દ્રષ્ટિએ જોવા મળે છે કે ૦ થી ૨. ૫ એકર જમીન ધરાવતા કુટુંબોની સંખ્યામાં સારો એવો ઘટાડો નોંધાવા પામ્યો છે. જ્યારે ૫.૦ થી ૭.૫ એકર જમીન ધરાવતા કુટુંબો અને ૧૫ થી વધુ એકર જમીન ધરાવનાર કુટુંબોની સંખ્યામાં વધારો થયો છે. આ દર્શાવે છે કે ગામમાં વધુ ને વધુ લોકો જમીન ધારણની દ્રષ્ટિએ ઉંચા ગયા છે. આ માટેનું એક વ્યવહારિક કારણ એ છે કે જે લોકો જંગલ ખાતામાં એકસાલી (વર્ષો વર્ષ મળતો પરવાનો) જમીન ખરીદી ખેતીવાડી કરતા હતા તેમને કાયમ માટેની માલીકી કરીઆપવામાં આવી આ કારણને લીધે ખેતીવાડી માટેના જમીન કદમાં વધારો નોંધાવા પામ્યો હશે.

૧૯૬૯ સાથે ૧૯૭૯ના આંકડા સરખાવવામાં આવે તો એ બહાર આવે છે કે લગભગ ૮૫ ટકા (૧૯૬૯ માં ૮૬ ટકા અને ૧૯૭૯ માં ૮૪.૨૧ ટકા હતું) કુટુંબો પાસે ૧૦ એકરથી ઓછી જમીનની માલીકી હતી. ૧૯૬૯માં ૫૮ ટકા લોકો પાસે ૫ એકરથી ઓછી જમીન હતી કે જે ટકાવારીમાં ૧૯૭૯માં ૫૫.૫૭ ટકા જેટલી થાય છે. સરેરાશ કદની દ્રષ્ટિએ ગણીએ તો ૧૯૬૯માં ૬.૦૩ એકર જમીન હતી



તે વધીને ૧૯૭૯માં ૬.૨૯ એકર થઇ આ માટેનું કારણ ઉપર જણાવ્યુ તે મુજબનું છે. (એક સાલી જમીન કાયમી રીતે આપવામાં આવી)

કોઠો-૬

દરેક કુટુંબદીઠ સરેરાશ જમીન

| | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| ૧. કુટુંબદીઠ જમીનનું કદ | ૬.૦૩ | ૬.૨૯ |
| ૨. વ્યકિતદીઠ જમીનનું કદ | ૧.૨૮ | ૧.૧૦ |

આમ આ ગામમાં કુટુંબદીઠ જમીનના કદમાં થોડોક વધારો નોંધાયો છે, પરંતુ વ્યકિતદીઠ જોવા જઇએ તો થોડોક ઘટાડો થવા પામ્યો છે. ૧૯૬૯માં વ્યકિત-દીઠ જમીનનું કદ ૧.૨૮ એકર હતું તે ૧૯૭૯માં ૧.૧૦ એકર થાય છે. આ બતાવે છે કે, એક બાજુ ગામની વસ્તીમાં વધારો નોંધાવા પામ્યો છે. જ્યારે જમીનની પરિસ્થિતિની દ્રષ્ટિએ વધુ એ ઓછા પ્રમાણમાં એની એ જ રહી છે. પરિણામે આવતા વર્ષોમાં જમીન પરનું ભારણ વધી જશે.

હવે પછીનો કોઠો બતાવે છે કે, ૮૬ ટકા કુટુંબો ૧૦ એકરથી ઓછી જમીનની માલિકી ધરાવે છે. તેમની કુલ જમીન ૧૯૪.૨૭ એકર જેટલી થાય છે. એટલે સરેરાશ એ લોકોની કુટુંબદીઠ જમીન ૪.૨૫ એકર આવે છે. જ્યારે ૧૯૭૯માં ૮૪.૨૧ ટકા કુટુંબો ૧૦ એકરથી ઓછી જમીન ધરાવે છે તે કુટુંબોની કુલ જમીન

૧૫૨.૫૦ એકર થાય છે. તેમની સરેરાશ જમીન ૧૪.૮ એકર આવે છે. આમ થોડોક તફાવત ૧૯૬૯ અને ૧૯૭૯ વચ્ચે જોવા મળે છે. આ પ્રદેશની ખેતીલાયક જમીન ગુણવત્તાની દૃષ્ટિએ તદ્દન નીચલી પાયરીની છે કે દરેક કુટુંબપાસે ૨૦ એકર જેટલી જમીન હોય તો પણ તેમના જીવનનિર્વાહ માટે પૂરતી નથી.

કોઠો-૭

જમીનધારણ અને જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ વહેંચણી

| ક્રમ જમીન ધારણ કદ | ૧૯૬૯ | | ૧૯૭૯ | |
|---|---|---|---|---|
| | કુટુંબની ટકાવારી | કુલ જમીન | કુટુંબની ટકાવારી | કુલ જમીન |
| ૧. ૦ થી ૨.૫ | ૨૦ | ૧૮.૩૧ | ૧૦.૫૩ | ૭.૨૦ |
| ૨. ૨.૫ થી ૫.૦ | ૩૮ | ૭૩.૦૩ | ૪૪.૭૪ | ૬૩.૩૧ |
| ૩. ૫.૦ થી ૭.૫ | ૧૬ | ૫૦.૨૪ | ૧૫.૭૮ | ૩૮.૨૯ |
| ૪. ૭.૫ થી ૧૦.૦ | ૧૨ | ૫૨.૦૯ | ૧૩.૧૬ | ૪૪.૦૦ |
| ૫. ૧૦.૦ થી ૧૫.૦ | ૮ | ૪૮.૩૫ | ૧૦.૫૩ | ૪૮.૩૫ |
| ૬. ૧૫ થી વધુ | ૬ | ૫૬.૩૬ | ૫.૨૬ | ૩૬.૨૧ |
| કુલ | ૧૦૦ | ૩૦૦.૧૮ | ૧૦૦.૦ | ૨૩૭.૩૬ |

જે કુટુંબો ૧૦ એકરથી વધારે જમીન ધરાવે છે, તેવા સાત કુટુંબો એટલે કે ૧૪ ટકા ૧૯૬૯માં હતા તે ટકાવારી ૧૯૭૯માં ૧૫.૭૯ થાય છે. આ બહુ સારી સ્થિતિ કહી ન શકાય. આ ગામના મોટા ભાગના ધાર ક્ષેત્રમાં આવેલા છે.



— જ્યાંની જમીન ઉત્પાદક નથી પણ મોટે ભાગે રેતીની અને ખડકોની બનેલી છે.

ગામ દ્વારા જમીનના બે પ્રકાર પાડવામાં આવ્યા છે. પિયત જમીન (સિંચાઇ વાળી) અને બિનપિયત જમીન. ૧૯૬૯માં મોટા ભાગની જમીન સિંચાઇ વગરની હતી. ૧૯૭૯માં સિંચાઇનું એક માત્ર સાધન કૂવો હતો. તેમાં ૧૯૭૯માં સુધારો નોંધાયો છે. ગામના સપાટ પ્રદેશમાં જ્યા ખેતીલાયક જમીન છે ત્યાં ગામમાંથી પાણી મેળવવાની સગવડ ઉભી થાય છે. આ તળાવ ૧૯૬૯માં બાંધવામાં આવ્યું હતું. પરંતુ સિંચાઇ માટેની નહેરો બાંધવામાં આવી ન હતી. તેથી ઉપયોગ થયો ન હતો. પણ ૧૯૭૯માં એ જોવા મળ્યું કે ત્યાં કાચી કેનાલ બાંધવામાં આવી છે. અને કેટલાક ખેતરોને પાણી પૂરું પાડવામાં આવે છે. છતાં પણ એ પૂરતો નથી. કારણ કે ગામની જમીનનો મોટો ભાગ ધાર ક્ષેત્રમાં આવેલો છે તે જેઓ તળાવમાંથી પાણી મેળવી શકતા નથી.

પાક, કાપણી, ખાતર, બીયારણ વાપરવાની પધ્ધતિમાં પણ ફેરફાર નોંધાયો નથી. ખેતપેદાશના ઉત્પાદનમાં ૧૯૬૯ અને ૧૯૭૯માં ખાસ દેખીતો તફાવત જોવા મળતો નથી.

સલામત અને સ્થિર આવક આપવા માટેનો ફાળો ૧૯૬૯માં હતો તેનો તે જ ૧૯૭૯માં જોવા મળે છે. બળતણના લાકડામાંથી પ્રાપ્ત થતી આવક સ્પષ્ટ રીતે વધેલી જોવા મળે છે. ઘણી સ્ત્રીઓ જંગલમાંથી બળતણના લાકડાના ભારા લાવીને અંબાજીમાં વેચતી જોવા મળી છે. અંબાજીનો પ્રદેશ જે રીતે વધતો ગયો છે તે રીતે ત્યાં લાકડા વેચવાનું બજાર પણ મોટું થયું છે. લાકડાનો ભારો જે ૭૫ પૈસામાં વેચાતો હતો તે વધીને ૧૯૭૯માં ૧ાા થી ૨ રુપીયા સુધી પહોંચ્યો છે.

તે પ્રદેશમાં ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશનની ખાણ અને આરસપહાણની ખાણોમાં મજૂરી કરવાનું બીજું સાધન ઉભું થયું છે, જે ૧૯૬૯માં નહોતું. આ ઉપરાંત કેટલીક ગેરકાયદેસરની આર્થિક પ્રવૃત્તિઓ ઉભી થઇ છે. જેવી કે દારુ ગાળવો, વેશ્યાવૃત્તિ વગેરે. પણ આ પ્રવૃત્તિઓ ૧૯૬૯ના પ્રમાણમાં કેટલા ટકા વધી છે તેનું તારણ કાઢવું મુશ્કેલ છે. વાસ્તવિક રીતે ૧૯૬૯માં જે પરિસ્થિતિ હતી તેના કરતા ૧૯૭૯માં આવકમાં ઘટાડો થયેલ માલુમ પડે છે. તે હવે પછીના દેવાવિષયક કોઠામાંથી માલુમ પડશે. જે લોકોની પાસે જમીનધારણનું કદ ઉચું હતું તે લોકો ૧૯૭૯માં વધુ દેવાદાર બન્યા હતા. દા.ત. ૫.૦ થી ૭.૫ એકર જમીન ધરાવતા અને ૭.૫ થી ૧૦.૦ એકર જમીન ધરાવતા લોકોનું કુલ દેવુ અનુક્રમે ૩,૫૦૦ અને ૧૪૦૦ હતું કે જે ૧૯૬૯માં અનુક્રમે ૧૦૬૦ અને ૧૦૨૦ હતું. તે ૨.૫ થી ૫ એકર જમીન ધરાવનાર કુટુંબોનું કુલ દેવુ ૧૯૬૯માં ૧૮૫૫ રુ. હતું. જ્યારે ૧૯૭૯માં તે વધીને ૧૦,૯૦૦ થયું.

કોઠો-૮

જુદા જુદા કદ ધારણ પ્રમાણે કુટુંબની દેવાવિષયક પરિસ્થિતિ

| ક્રમ જમીનધારણ કદ (એકરમાં) | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| ૧ ૨ ૩ | ૪ | ૫ |
| ૧. ૦.૦ થી ૨.૫ | ૧૯૫ | ૧૦૦૦ |
| ૨. ૨.૫ થી ૫.૦ | ૧૮૫૫ | ૧૦૯૦૦ |
| ૩. ૫.૦ થી ૭.૫ | ૧૦૬૦ | ૩૫૦૦ |
| ૪. ૭.૫ થી ૧૦.૦ | ૧૦૨૦ | ૧૪૦૦ |



| ૧ ૨ | ૩ | ૪ |
|---|---|---|
| ૫. ૧૦.૦ થી ૧૫.૦ | ૯૧૦ | ૧૦૦૦ |
| ૬. ૧૫ થી વધુ | ૧૨૦ | -- |
| કુલ | ૫૫૬૦ | ૧૭૮૦૦ |

આમ કુલ દેવાનું પ્રમાણ ૧૯૬૯ કરતા ૧૯૭૯માં ત્રણ ગણું વધવા પામ્યું છે. આ સૂચન કરે છે કે આવકની દ્રષ્ટિએ વધારો જ થતો રહ્યો છે. તે જ રીતે દેવાના પ્રમાણમાં પણ વધારો નોંધાયો છે. એ બતાવે છે કે, રોંછડી ગામના લોકોની સ્થિતિ ગરીબ બની છે.

## પ્ર ક ર ણ - ૪

### પરિવર્તી તોરણીયા - દસ વર્ષ બાદ

તોરણીયા ગામ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં અંબાજીની ઉત્તરે આવેલું છે. અંબાજીથી તેનું અંતર લગભગ ૨૦ કી.મી જેટલું છે. અંબાજી અમદાવાદ રસ્તા ઉપર હડાદ ગામ આવે છે, આ ગામ અંબાજીથી ૧૬ કીમી છે. અને હડાદથી તોરણીયા ગામ ૫ કી.મી. ઉપર આવેલું છે. તોરણીયા ગામ માટે નજીકનું એસ.ટી. સ્ટેન્ડ બામોદરા છે. જે હડાદ દાંતા અને આજુબાજુના આદિવાસી ગામોની જોડતો આખો રસ્તો કાચો હતો હવે આ રસ્તો ડામરનો બન્યો છે. આ રસ્તા ઉપર ઘણા એસ.ટી. સ્ટેન્ડો આવેલા છે. આ રસ્તો એકબાજુથી તોરણીયા ગામને પાલનપુર સાથે સાંકળે છે તો બીજી બાજુથી ખેડબ્રહ્માના તાલીમ કેન્દ્રને પણ સાંકળે છે. તોરણીયા જેવા માટે હડાદ ઉતરતા જ જિલ્લા કક્ષાને થયેલા પરિવર્તનોનો ખ્યાલ આવી જાય છે. પહેલા કરતા અત્યારે દાંતા હડાદ રસ્તા ઉપર ઘણી મોટરો દોડે છે. આ જોઇને તરત જ વિચાર આવે કે વાહન-વ્યવહારની સગવડમાં વિશાળ પાયા પર પરિવર્તન આવ્યુ છે. પરિણામે તોરણીયા ગામ માટે નોંધમાં લઇ શકાય તે રીતે સારા જગતનો રસ્તો ખુલ્લો છે. હડાદ પટ્ટાનું નામ આ તાલુકામાં જાણીતું છે. આ પટ્ટા ઉપર જ તોરણીયા ગામ આવેલું છે. અહિં ૧૯૭૯ માં પણ આ નામ જ ઓળખાય છે. કોઇના માનસ પર આ પરિવર્તનની છાપ ઉભી થાય છે. વાહનવ્યવહારની આ સગવડ ઉભી થવાને પરિણામે તોરણીયા તેમજ નજીકના ગામોના લોકો બહારના સાથેના વ્યવહારમાં સારી પરિસ્થિતિમાં મૂકાયા છે. એટલુંજ નહીં વિકાસના ક્ષેત્રે કામ કરતા કર્મચારીઓ પણ હવે સહેલાઇથી આ ગામમાં આવી શકે છે.



પણ જ્યારે તમે પાકો રસ્તો છોડી ગામ જવાની કેડી પકડશો તો તમે નરત જ નોંધી શકશો કે આ ગામ અને તેની આજુબાજુના પ્રદેશોની ભૌતિક પરિસ્થિતિ-માં કોઇ પણ પ્રકારનો ફેરફાર થયો નથી. ૧૯૬૯માં ડુંગરાળ વિસ્તારમાં જે પ્રકારનો ઘરો પથરાયેલા હતા તે જ પ્રકારના ઘરો ૧૯૭૯માં પણ પથરાયેલા છે. કોઇ પણ નજીકના ટેકરાની ઉપરની બાજુથી જોઇએ તો વિશાળ પેઠી શકાય તેવી જમીનવાળું આ ગામ અસરકારક છાપ ઉભી કરે છે. કે આ ગામમાં સારી એવી ખેતીની શક્યતા રહેલી છે. આ સંદર્ભમાં રસ્તાની પશ્ચીમ બાજુએ આવેલું ગામ મીરાવડ છે. (તોરણીયા ગામથી પશ્ચિમે આવેલું છે) ગામમાં અરજણ બગડિયા અને તેના ભાઇ ધૂળાના ઘરો આવેલા હતા. અને આ ડુંગરાળ પ્રદેશની પશ્ચિમે બાજુએ લાંબે સુધી તેમના ખેતરો પથરાયેલા હતા. કે જે પશ્ચિમે અને દક્ષિણ સુધી ગયેલા હતા કે જે આ ડુંગરાળ પ્રદેશની પૂર્વ બાજુએ ખેતરની એક નાનો પ્લોટ આવેલો હતો તેની આગળ ડુંગરાળ પ્રદેશના બીજા ખેતરો આવેલા હતા જ્યાં બે ત્રણ ઘરો પણ આવેલા હતા. ૧૯૬૯માં આ જ્યામાં કુલ ૧૭ ઘરો હતા તેમાં ૧૯૭૯ માં બે ઘરો પાર્ધી જાતિના અને એક ઘર ડામોર જાતિનુ હતું તે સિવાયના બધા જ ઘરો બગડિયા જાતિના હતા. જો કોઇ ખેતર વટાવી દક્ષિણ બાજુએ જાય તો તેને જાણવા મળશે કે ઘણી ટેકરીઓ આજુબાજુ પથરાયેલી હતી અને ત્યાં ગામના બાકીના ઘરો આવેલા હતા. ૧૯૬૯માં આ પ્રદેશોમાં ચાર ઘરો હતા તેમાં ૧૯૭૯માં બે ઘરોનો વધારો થયો આ બધા ઘરો ભાભરિયા જાતિના હતા. કોઇના ઉપર એવી છાપ ન પડવી જોઇએ કે ઘરો એકબીજા સાથે બાંધેલા હતા. આ ઘરો વચ્ચે ખેતર તો હતું પણ તે વધુ ન હોતું. આ પ્રદેશના બીજા ગામોમાં આદિવાસીના ઘરો છૂટાછવાયા હતા પણ તોરણીયામાં તો છૂટા હતા

એટલું નહીં પણ ઘર એવી રીતે બાંધવામાં આવ્યા હતા કે જેને કારણે દરેક ઘરની આજુબાજુ ખેતીલાયક જમીન રહેવા પામતી હતી. જ્યાં ડુંગરાળ પ્રદેશ ઓછા હતા ત્યાં ઘરો નજીક નજીક આવેલા હતા. આ બંને પ્રદેશો બમાનિયા અને બ્રાહ્મણિયા નામથી ઓળખાતા હતા. આ બન્ને પ્રદેશ વચ્ચે સપાટ પ્રદેશ આવેલો હતો. ૧૯૬૯માં દક્ષિણ પૂર્વમાં ગામને છેડે એક ઘર આવેલું હતું. અને તે એક દૂકાન હતી અને એક મુસલમાન તેની માલિકી ધરાવતો હતો. આ દુકાનની સાથે બીજી પણ એક દુકાન હતી. આ દુકાન અર્જુન બગડિયા અને તેના ઘરની બાજુએ આવેલી હતી. આ દુકાનનો માલિક હડાદનો વતની એક બ્રાહ્મણ હતો. આ દસ વર્ષના ગાળામાં આની માલિકી તેની તે જ રહેવા પામી હતી.

૧૯૬૯માં જે આદિવાસીઓ હતા તે પોતાની જાતને જેઠવા રોછડી અને ડુંગારિયા-ના ગરાસિયાની જાતમાં ઓળખાવતા ન હતા છતાં પણ પોતાને ગરાસિયા તો માનતા જ ન હતા. તેઓ કહેતા હતા કે તે ઉપરોકત ગામના ગરાસિયાઓ ચોખ્ખા ગરાસિયા હતા જ્યારે તેઓ તેવા નહોતા. આ બન્ને વચ્ચે જે તફાવત છે, તેનું કારણ એઓ એમ આપતા હતા કે તેઓ ઘણા સમયથી ભેંસનું કે મરેલા પ્રાણીનું માંસ ખાતા નહોતા. જ્યારે તેઓએ ભેંસનું માસ ખાવાનું ચાલુ રાખ્યું હતું. ૧૯૭૯માં તેમણે તેમની રીત-રસમોમાં ફેરફાર કર્યા છે. અને ગરાસિયાનું કોઇપણ નાનુ નામનો નિર્દેશ થાય તે ઇચ્છતા નથી ભેંસનું માસ લેવા બાબતની સત્યતાની બાબતમાં સાચુ હોવા છતાં તેઓ ના પાડશે હકીકતમાં ૧૯૬૯માં ઘણા કુટુંબો શાકાહારી બની ગયા છે.



ટૂંકમાં એ જોવા મળ્યું કે તોરણીયા ગામના લોકોએ પોતાની રીતભાતમાં ફેર-ફાર કર્યા છે. અને પોતાની ઓળખાણ શુધ્ધ ગરાસિયા તરીકે ગણતરી લેવાય તે ઇચ્છે છે. ૧૯૭૯માં પણ એ જોવા મળ્યું કે તેઓને શુદ્ધ ગરાસિયા સાથેનો સમાન દરજ્જો પ્રાપ્ત થાય તે માટે તેઓ ઘણા આતુર હતા. ૧૯૭૯માં એ પણ જોવા મળ્યું કે તોરણીયાના આદિવાસીઓ અંબાજીની આસપાસના ગરાસિયાઓની ખૂબ જ ટીકા કરતા હતા અને તેમને નીચા ગણતા કારણકે તેઓ સ્ત્રીઓની કમાણી ઉપર જીવતા હતા. એ લોકોનો એવો પણ દાવો છે કે તેઓએ ગરાસિયા કરતા ખેતીમાં સારો વિકાસ કર્યો છે. કારણકે ગરાસિયાઓ એ આ માટે કોઇ ગંભીર પ્રયત્નો કર્યા નથી.

તોરણીયા ગામમાં ૧૯૬૯ અને ૧૯૭૯ એમ બન્ને સમયદરમ્યાન 'ભાભરિયા જાતિના લોકોનું પ્રભુત્વ રહ્યું છે. ગામમાં તેમના કુટુંબની સંખ્યા ૧૯૭૯માં ૪૪ થઇ છે જે ૧૯૬૯માં ૪૦ ની હતી. બીજા નંબરની અગત્યની જાતિ બગડિયા જાતિ કે જે કદાચ આ ગામને વસાવવામાં મૂળભૂત હશે. પટેલ આ જાતિના ૧૯૬૯માં હતા અને ૧૯૭૯માં પણ એ ચાલુ રહે છે.

૧૯૬૯ કરતા ૧૯૭૯ માં સંયુકત કુટુંબની સંખ્યા વધવા પામે છે. નીચેના કોઠામાં તે અંગેના આંકડાઓ આપ્યા છે. તે જોતા માલુમ પડે છે કે ૧૯૬૯માં સંયુકત કુટુંબની ટકાવારી ૪૬.૫૧ ની હતી તે વધીને ૧૯૭૯ માં ૬૯.૭૭ ની થઇ છે. જ્યારે વિભકત કુટુંબ ધરાવતા કુટુંબોની ટકાવારી ઘટવા પામે છે. ૧૯૬૯માં તે ૫૩.૪૯ ટકા હતી.

## કોઠો- ૧

કુટુંબના પ્રકાર પ્રમાણે વહેંચણી (ટકામાં)

| ક્રમ | પ્રકાર | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|---|
| ૧ | સંયુકત | ૪૬.૫૧ | ૬૯.૬૭ |
| ૨ | વિભકત | ૫૩.૪૯ | ૩૦.૩૩ |
| | કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

તે ૧૯૭૯માં ૩૦.૨૩ ટકા બને છે. આ ફેરફાર થયો કે તે માટેનું કોઇ ચોકકસ કારણ પ્રાપ્ત થતું નથી. પણ આંકડા ઉપરથી એ તો સ્પષ્ટ બને છે કે મોટા ભાગના કુટુંબો પોતાની જાતને સંયુકત કુટુંબમાં રાખવાનું પસંદ કરે છે, કારણ કે તેમની જે જમીનની મિલ્કત છે તેઓ ભેગા રાખી શકે.

૧૯૬૯ અને ૧૯૭૯ બંને વરસના આંકડા જોતા માલુમ પડે છે કે કુટુંબના કદમાં કોઇ ખાસ મોટો ફેરફાર થયો નથી. કોઠા-૨ માં કુટુંબના કદની માહિતી છે. તોરણીયા ગામમાં નાના કુટુંબોની સંખ્યા ઘણી ઓછી છે ૧થી ૩ અને ૪ થી ૬ સંખ્યા ધરાવતા કુટુંબો કરતા ૭ થી ૯ સંખ્યા ધરાવતા કુટુંબોની સંખ્યા ૧૯૭૯માં વધવા પામી છે. આથી એ ફલિત થાય છે કે નાના કુટુંબો મોટા બનવા લાગ્યા છે આનું કારણ જન્મદર ઉંચો ગયો હશે અથવા લગ્ન વધુ થયા હશે અથવા મોટા કુટુંબોમાં મૃત્યુદર ઓછો થયો હશે.



## કોઠો- ૨

કદ પ્રમાણે કુટુંબોની વહેંચણી (આંકડા ટકાવારીમા)

| ક્રમ | કદ | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૩ | ૬.૯૮ | ૨.૩૩ |
| ૨ | ૪ થી ૬ | ૩૯.૫૩ | ૩૭.૨૧ |
| ૩ | ૭ થી ૯ | ૩૦.૨૩ | ૩૪.૮૮ |
| ૪ | ૧૦ થી ઉપર | ૨૩.૨૬ | ૨૫.૫૮ |
| | કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

૧ થી૩ સભ્યસંખ્યા ધરાવતા કુટુંબોમાં સારો એવો ઘટાડો થયો છે. ૧૯૬૯માં આ ટકાવારી ૨.૩૩ ની હતી તે ૧૯૭૯ માં ૬.૯૮ થાય છે. એથી ઉલટું ૭ થી ૯ સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબોમાં વધારો થયેલો માલુમ પડે છે. ૧૯૬૯માં આ ટકાવારી ૩૦.૨૩ ટકા હતી તે ૧૯૭૯માં ૩૪.૮૮ ની થાય છે. વધુ સંખ્યા ધરાવતા કુટુંબોમાં સંખ્યામાં જે વધારો નોંધાયો છે તે બતાવે છે કે આ ગામમાં મૃત્યુદરમાં ઘટાડો થયો છે આ બનવું સંભવિત પણ લાગે છે, કારણ કે આ ગામને વાહનવ્યવહારની સગવડો પ્રાપ્ત થઇ પરિણામે આ ગામના લોકો અંબાજી અને દાંતામાં જે તબીબી સારવાર પ્રાપ્ત થાય છે તેનો લાભ સહેલાઇથી મેળવી શકે છે. બીજું કે હડાદમાં પણ સરકારી અને ખાનગી એમ

બન્ને પ્રકારની તબીબી સારવાર પ્રાપ્ત થાય છે. તેમાં પણ સુધારો થવા પામ્યો છે. ૧૯૬૯માં ખાનગી ડોકટરોની જે સેવા પ્રાપ્ત થતી હતી તેના કરતા ૧૯૭૯માં વધવા પામી છે.

તોરણીયા ગામની વૈવાહિક દરજ્જાની પરિસ્થિતિ અંગેનો કોઠો નીચે આપ્યો છે. તે જોતા માલુમ પડશે કે ૧૯૬૯માં કેટલીક સ્ત્રી-પુરુષોની ગણતરી અપરણિતમાં હતી તે દસ વર્ષના ગાળામાં પરણિતમાં થઇ ગઇ છે. ૧૯૬૯માં અપરણિત પુરુષો -૫૬.૬૮ ટકા હતા અને સ્ત્રીઓ ૫૬.૮૮ હતી તે ૧૯૭૯માં ઘટવા પામ્યા છે. ૧૯૭૯માં અપરણિત પુરુષો ૫૨.૯૮ અને સ્ત્રીઓ ૫૦ ટકા થાય છે.

કોઠો- ૩

વૈવાહિક દરજ્જા પ્રમાણે પુરુષો અને સ્ત્રીઓની વહેંચણી
(આંકડા ટકામાં)

| ક્રમ | વૈવાહિક દરજ્જો | ૧૯૬૯ | | ૧૯૭૯ | |
|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | પરણિત | ૪૨.૭૬ | ૪૦.૬૨ | ૪૪.૬૪ | ૪૮.૭૨ |
| ૨. | અપરણિત | ૫૬.૫૮ | ૫૬.૮૮ | ૫૨.૯૮ | ૫૦.૦૦ |
| ૩. | વિધવા | - | ૨.૫૦ | - | ૧.૨૮ |
| ૪. | વિધુર | ૦.૬૬ | - | ૨.૩૮ | - |
| | કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |



છેલ્લા દશ વર્ષમાં પુરુષોના પ્રમાણમાં સ્ત્રીઓના લગ્નનું પ્રમાણ વધ્યુ છે. ૧૯૬૯ માં પરણિત પુરુષોના અને સ્ત્રીઓની ટકાવારી અનુક્રમે ૪૨.૭૬ અને ૪૦.૬૨ હતી કે જે વધીને ૧૯૭૯માં અનુક્રમે ૪૪.૬૪ અને ૪૮.૧૨ થાય છે. બીજી ચકાસણી કરતા એ પણ માલુમ પડે છે કે વિધવાની સંખ્યામાં ઘટાડો નોંધાવા પામ્યો છે. કેટલીક સ્ત્રીઓ ૧૯૬૯માં વિધવાની ગણત્રીમાં આવતી હતી તે ૧૯૭૯માં આવતી નથી આ માટેની શકયતા બે હોઇ શકે કયા તો તે મરીગઇ હોય અથવા તો તેણે પુર્નઃલગ્ન કર્યાં હોય. જ્યારે પુરુષોમાં આથી ઉલટું જોવા મળે છે. ૧૯૬૯ કરતા ૧૯૭૯માં વિધુરોની સંખ્યા-માં વધારો થયેલો માલુમ પડે છે. ૧૯૬૯માં આ ટકાવારી ૦.૬૬ ની હતી તે ૧૯૭૯માં વધીને ૨.૩૮ થાય છે. આમ અવિધવા અને વિધુરની સંખ્યામાં અનુક્રમે ઘટાડો અને વધારો નોંધાયો છે. આથી એમ માની શકાય કે પુરુષો કરતા સ્ત્રીઓના મૃત્યુ પ્રમાણમાં જલદી થાય છે.

ભૌતિક સંપત્તિની દ્રષ્ટિએ જોઇએ તો ૧૯૬૯ અને ૧૯૭૯ દરમ્યાન કોઇ નોંધ-પાત્ર તફાવત જોઇ શકાતો નથી. ૧૯૬૯માં જે પ્રકારના ઘરો હતા તે જ પ્રકારના ૧૯૭૯માં જોવા મળ્યા. મોટાભાગના ઘરો રીછડીમા અને બીજા ગરાસિયા ગામોમાં હતા તે જ પ્રકારના ઘરો તોરણીયાના ગરાસિયાઓના જોવા મળ્યા. અલબત્ત કેટલાક ઘરોમાં હવા ઉજાસ જોવા માટેની કેટલીક વધુસગવડો ઉભી થવા પામી હતી. અને વિશાળ જગા ધરાવતા ઘણા વધુને વધુ ઘરોને જુદા અલગ ઢોર રાખવાની વ્યવસ્થા પ્રાપ્ત થઇ હતી. મોટે ભાગે પુરુષો ધોતી અને કોલરવાળુ ખમીસ પહેરતા હતા. ગામની કોઇ પણ વ્યકિત યોગ્ય કપડા વગર બહાર ફરતી દેખાતી નહોતી. ૧૯૬૯ કરતા ૧૯૭૯માં યુવાન વર્ગમાં ઘણા પાયજામા, ટુંકા પાટલુન,ટીશર્ટ, બુશશર્ટ જેવા પોશાકપહેરતા

માલુમ પડયા હતા. અલબત્ત મોટે ભાગે ધોતી એ સામાન્ય પોશાક હતો. સ્ત્રીઓના પોશાકમાં ખાસ કોઇ પ્રકારનો તફાવત જોવા મળતો ન હતો. ઘણાખરું સ્ત્રીઓ ૧૯૬૯ ની જેમ ૧૯૭૯માં પણ પોલકું, ઘાઘરો, અને સાડી પહેરતી હતી. વૃધ્ધ સ્ત્રીઓ ૧૯૬૯ ની જેમ ૧૯૭૯માં રુઢિગત પોશાક પહેરતી જ માલુમ પડી છે. અલબત્ત ૧૯૬૯માં પરણિત સ્ત્રીઓ પોલકા નીચે બોડીસ નહોતી પહેરતી તે ૧૯૭૯માં વધુ પહેરતી થઇ છે. ૧૯૬૯ કરતા ૧૯૭૯ માં વધુ સ્ત્રી-પુરુષો પગરખાનો ઉપયોગ કરતા થયા છે. પહેલા તેઓ સ્થાનિક બનાવટના જોડા-ચંપલનો ઉપયોગ કરતા હતા હવે તેઓ નજીકના સ્થળો જેવા કે ખેડબ્રહ્મા, અંબાજી કે દાંતા મેળામાંથી જોડા ચંપલ ખરીદી તેનો ઉપયોગ કરતા થયા છે. ૧૯૬૯માં પુરુષો કાનમાં વાળી પહેરતા તે ૧૯૭૯ માં અદ્રશ્ય થવા પામી છે. યુવાન વર્ગમાં કેટલુંક નવું પરિવર્તન આવ્યું તે એ છે કે કાંડા ઘડિયાળ, હાથમા સ્ટીલ-નું કડું અને નકલી ચેઇન પહેરતા થયા છે. આ બતાવે છે કે યુવાનોમાં રુઢિગત રીતે ઘરેણા પહેરવાની રીત અદ્રશ્ય થઇ નથી પણ જુદી રીતે ચાલુ રહી છે. જ્યારે સ્ત્રીઓમા હાંસડી અને બેલડા જેવા રુઢિગત ઘરેણાનો વપરાશ ૧૯૬૯ની જેમ ૧૯૭૯મા ચાલુ રહ્યો છે. જ્યારે સ્ત્રીઓમાં હાંસડી ઉપરાંત કેટલાક નવા પ્રકારના ગળાના દાગીનાનો ઉપયોગ થવા માંડયો છે.

૧૯૬૯માં પરણિત સ્ત્રીના ઘરેણા જે ઘરેણા માબાપ તરફથી મળ્યા હોય તેના ઉપર સ્ત્રીનો અધિકાર રહેતો પણ તેના પતિ તરફથી જે ઘરેણા મળ્યા હોય તેના ઉપર તેના સસરાના કુટુંબનો અધિકાર રહેતો, એટલું જ નહીં એ ઘરેણા પોતાની ઇચ્છા મુજબ વેચી ન શકે અને જો વેચે તો તેને ચોરીના ગુના તરીકે ખપાવી છૂટાછેડા પણ આપી શકાય. આ માન્યતામાં છેલ્લા દસ વર્ષમા કોઇ પરિવર્તન આવેલુ જોવા મળતુ નથી.



૧૯૭૯માં જુવાન સ્ત્રીઓમાં ટેલ્કમ પાવડર અને લીપસ્ટીકને પાવડરનો વપરાશ જોવા મળ્યો કે જે ૧૯૬૯માં નહોતો. પરિણામે ૧૯૭૯માં આ ગામની ગણતરી ફેશનેબલ ગામ તરીકે થવા માંડી.

એમની રોજિંદી પ્રવૃત્તિમાં કોઇ ખાસ નોંધપાત્ર પરિવર્તન જોવા મળતુ નથી. સ્ત્રીઓ સવારે ૬ વાગે તે પહેલા ઉઠી પથ્થરની ઘંટીમાં દળવાનું કામ પૂરું કરી ઘરના ઢોરને સંભાળે અને પછી એને ચરવા માટે છૂટા મુકી છાણા ભેગા કરવાનુ કામ કરે છે. પછી ઘરના વાસીદા વાળે. આ બધી પ્રવૃત્તિ નવા વાગ્યા પહેલા પતાવી દે ત્યાર-પછી એ દાતણ પાણી કરે અને એ સમય દરમ્યાન પોતાના છોકરાને નાસ્તો કરાવે જે મોટેભાગે આગલા દિવસના રોટલા હોય ત્યાર પછી તે કૂવે પાણી ભરવા જાય અને પછી રસોઇ બનાવે. જો એ નજીકના જંગલમાં લાકડા વીણવાનું કામ કરતી હોય તો રસોઇ છોડીને લાકડા વીણવા જાય એ પછી આવીને રસોઇ કરે. આ કામ માટે આસપાસ રહેતી ત્રણચાર સ્ત્રીઓ ભેગી થાય છે. રસોઇ તૈયાર થાય પછી પતિ અને બાળકોને સાથે જમાડે અને પોતાના પતિના જમ્યા બાદ તે ત્યાં જ બેસી પોતાનું ખાણું ખાઇ લે. ત્યાર પછી નજીકના કૂવા ઉપર જઇ કપડાં ધૂએ, અને સાથે તે સમયે પોતાનું સ્નાન પણ કરી લે. જો કપડા ધોવાનું કામ ન હોય તો તે ખેતરમાં જાય છે. અને વાઢવા-કાપવાનું કામ કરે છે. ત્રણ વાગે પાછી તે દળવા બેસે છે. અને ત્યાર પછી ઢોરને ચરીને આવે તેની રાહ જુવે છે. તે દરમ્યાન કૂવેથી પાણી ભરી લાવે છે. જ્યારે ઢોર પાછા ફરે ત્યારે તેમની જગ્યાએ બાંધી દે છે ત્યાર પછી તે સાંજનું વાળુ બનાવે છે. કુટુંબના બધા સભ્યો ભઠ્ઠાની આસપાસ બેસી જાય છે ત્યારે જ્યા તે તેના બાળકો પતિ અને કુટુંબના બીજા વડિલોને પીરસે છે. સૂતા પહેલા શકય હોય તો

તે ઘરના સ્ત્રી સભ્યો અથવા પતિ સાથે વાતચીત કરે છે. સ્ત્રીની રોજિંદી પ્રવૃત્તિ આ છે, જે ૧૯૭૯ માં તેની તે જ રહેવા પામી છે. ૧૯૬૯ની જેમ ૧૯૭૯માં લોકોનો મુખ્ય ધંધો ખેતીનો જ રહયો છે. ખેતીવાડીને લાગેવળગે છે ત્યાં સુધી આ ગામ ૧૯૬૯માં વિકસિત હતું ૧૯૭૯માં પણ ખેતીવાડીના વિકાસની દૃષ્ટિએ આ ગામ સારી સ્થિતિમાં છે. બીજા કોઇ પણ આધાર કરતા ખેતીવાડીના આધારથી જોતા એ વધારે પ્રભાવિત કરતું હતું. હવે આ સંબંધિ છેલ્લા દસ વર્ષમાં જે પરિવર્તન આવ્યું છે તે વિષે તપાસીએ. કુટુંબદીઠ જમીનના કદમાં ખાસ કંઇ પરિવર્તન આવેલુ જાણવા મળ્યું નથી. નીચેના કોઠામાં જે વિગતો આપી છે તેના ઉપરથી તે સ્પષ્ટ થાય છે.

કોઠો– ૪

જમીન ધારણના કદ પ્રમાણે કુટુંબની વહેંચણી (આંકડા ટકાવારીમાં)

| ક્રમ | જમીન ધારણનું કદ(એકરમાં) | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|---|
| ૧ | ૦ થી ૨.૫ | ૧૬.૨૭ | ૧૬.૨૭ |
| ૨ | ૨.૫ થી ૫.૦ | ૧૮.૬૬ | ૧૮.૬૬ |
| ૩ | ૫.૦ થી ૭.૫ | ૨૩.૨૫ | ૨૩.૨૫ |
| ૪ | ૭.૫ થી ૧૦ | ૧૧.૬૨ | ૧૧.૬૨ |
| ૫ | ૧૦ થી ૧૫.૦ | ૬.૯૬ | ૬.૯૬ |
| ૬ | ૧૫ થી વધારે | ૨.૩૨ | ૨.૩૨ |
| ૭ | જમીન વિહોણા | ૨૦.૯૨ | ૨૦.૯૨ |
| | | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |



પરંતુ તેમ છતાં પણ ૧૯૬૯ કરતા ૧૯૭૯માં વ્યકિતગત ધોરણે જમીનની માલિકીના કદમાં તફાવત માલુમ પડતો હતો. આ રીતે જોતા વ્યકિતગત ધોરણે કેટલાકે જમીન ગુમાવી છે તો કેટલાકે વધુ મેળવી છે એનું કારણ વારસાગત રીતે મળેલી જમીન અથવા તો ખરીદેલી જમીન છે. આ પછીના કોઠામાં આપેલા આંકડાથી સ્પષ્ટ બને છે કે ૦ થી ૨.૫ અને ૨.૫ થી ૫.૦ એકર જમીન ધરાવતા કુટુંબોમાં કેટલાકે તેમની જમીન ગુમાવી છે આ જમીનનો કયાં તો થોડો ભાગ અથવા બધો ભાગ બીજી કક્ષા ધરાવતા માલિકો દ્વારા ખરીદાયો છે. પરંતુ ૧૫ એકરથી વધુ જમીન ધરાવતાએ એમની જમીનમાં વધારો કર્યો નથી.

એ સ્વાભાવિક હતું કે જે ગરીબ હતા એટલે કે જેનું જમીન ધારણ કદ ઓછું હતું તેમણે તેમની જમીન ગુમાવી છે. આ સિવાય ૧૫ એકરથી વધુ જમીન હતી તેમની જમીનમાં ૧૯૬૯ના પ્રમાણમાં ૧૯૭૯માં ઘટાડો થયેલો માલુમ પડયો હતો.

કોઠો–૫

જુદા જુદા કદ પ્રમાણે કુટુંબોની કુલ જમીન

| ક્રમ | જમીન ધારણનું કદ (એકરમાં) | કુટુંબની સંખ્યા (૧૯૬૯-૧૯૭૯ બંનેમાં) | કુલ જમીન એકરમાં ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ૦ થી ૨.૫ | ૧૬.૨૭ | ૨૫.૩૧ | ૧૦.૩૯ |
| ૨. | ૨.૫ થી ૫.૦ | ૧૮.૬૬ | ૩૦.૧૬ | ૨૯.૧૬ |
| ૩. | ૫.૦ થી ૭.૫ | ૨૩.૨૫ | ૫૫.૦૭ | ૬૦.૨૫ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૪. | ૭.૫ થી ૧૦.૦ | ૧૧.૬૨ | ૩૭.૧૪ | ૩૯.૨૮ |
| ૫. | ૧૦.૦ થી ૧૫.૦ | ૬.૯૬ | ૩૦.૩૬ | ૩૮.૧૫ |
| ૬. | ૧૫ થી ઉપર | ૨.૩૨ | ૩૫.૧૦ | ૧૬.૧૫ |
| ૭. | જમીન વિહોણા | ૨૦.૯૨ | ૩.૩૯ | - |
| | કુલ | ૧૦૦.૦૦ | ૨૧૮.૩૩ | ૧૯૫.૧૨ |

તપાસ કરતા માલુમ પડ્યું છે કે આમ થવાનું કારણ સંયુકત કુટુંબનું વિભાજન થયું છે. ૧૯૬૯માં જમીનવિહોણા પાસે જે થોડી જમીન હતી તે ૧૯૭૯માં ગુમાવી છે. તેનું કારણ એ છે કે ૧૯૬૯માં તેઓ એક સાલી પધ્ધતિથી જંગલની ખેતી કરતા હતા તે ૧૯૭૯માં જંગલખાતાએ તેમની પાસેથી લઇલીધી છે.

પાકની દ્દષ્ટિએ પણ ૧૯૬૯માં મકાઇનો પાક મુખ્ય પાક હતો. તે જરહ્યો છે. આ ઉપરાંત ખરીફ સીઝનમાં તેઓ ચોખા જુદા જુદા કઠોળ, સીંગ, વગેરે પાકો પકવે છે. શિયાળુ પાકમાં તેઓ ઘઉ, ચણા, કપાસ, તુવેર વગેરે પાક મેળવે છે. આ સિવાય પાક લેવાની પધ્ધતિમાં ૧૯૬૯ (શ્રત) ૧૯૭૯ માં ખાસ કંઇ પરિવર્તન આવેલું માલુમ પડયું નથી. ફકત કેટલાક ખેડૂતોએ શેરડી વાવવાનું શરુ કર્યું છે. પણ તેઓ નિયમિત ધોરણે તેમ કરતા નથી. ૧૯૬૯ની સરખામણીમાં ૧૯૭૯ માં કપાસનો પાક વધુ નજરે જોવા મળ્યો. સિંચાઇને લાગે વળગે છે ત્યા સુધી આ ગામ વધુ સમૃધ્ધ છે. લગભગ ગામના બધા જ ખેડૂતો પાસે તેમના ખેતરમાં કૂવાની સગવડ છે. પરિણામે તેઓ રવિ પાક લેતા



પણ જોવા મળ્યા. થોડા વખત પહેલા આ ગામના લોકો મીરાંવાસ તળાવમાંથી સિંચાઇને જરુરી પાણી પ્રાપ્ત કરતા હતા. પરંતુ ૧૯૬૯માં આ તળાવનું પાણી પ્રમાણમાં ઘણું ઉંડુ થવાથી બહુ થોડા ખેડૂતોને આનો લાભ મળી શકે છે. શરુમાં જે લોકોએ આ તળાવમાંથી પાણી લેવા માટે જરુરી કર ભરવાની અરજી કરી હતી પરંતુ પાછળથી તે લોકોએ તાલુકા વિકાસ અધિકારીને એ માટે ફરીથી અરજી કરી આનું કારણ એટલું કે ગામના લોકોને ડર હતો કે કર ભરવા છતા પાણી પ્રાપ્ત થઇ શકે નથી અને કર ભરવાનું ચાલુ રહે છે. એક વર્ષ પહેલા આ લોકો કૂવામાંથી સસ્તા દરે સિંચાઇ કરી શકતા હતા. ઘણું ખરું એ લોકો રેંટ અથવા નીક ખોદીને પાણીને ખેતરોમાં વાળતા. પરંતુ અત્યારે માલુમ પડયું છે કે મોટા ભાગના ખેડૂતોએ પોતાના ખેતર ઉપર ઓઇલ એન્જીન મુકાવ્યા છે. અને તેના દ્વારા કુવામાંથી ખેતરમાં પાણી પહોંચાડવામાં આવે છે. એને કારણે પાણીનો પૂરતો જથ્થો પ્રાપ્ત કરી રવિ પાક નિયમિત રીતે મેળવવામાં શકિતમાન બન્યા છે. બીજુ એ જોવા મળ્યુ છે કે ૧૯૬૯માં ખાતરનો જે ઉપયોગ નાના પાયા પર થતો હતો તેનો ઉપયોગ વધુ પ્રમાણમાં થવા લાગ્યો છે. સિંચાઇનું પાણી મેળવવાને કારણે કાયમી રીતે ખાતરનો ઉપયોગ કરવાનું તેમને અનુકૂળ પડયું છે.

તેમને ખેતીવાડી સારી હોવા છતા તેઓની આર્થિક પરિસ્થિતિ જોઇએ તેવી સારી નથી. આ સ્થિતિ માટેનું મુખ્ય કારણ યોગ્ય આયોજન વિનાના તેમના બિનજરુરી ખર્ચા છે. જેમકે તેઓ મરી-મસાલા જેવી રોજવપરાશની વસ્તુઓની ખરીદી રોજરોજ કરવાનું વલણ ધરાવે છે. ગામમાં બે દુકાન હોવાથી આવું વલણ તેમને પરવડી શકે

છે. પરંતુ તે રીતે તેમની સંપૂર્ણ કમાણીને તેઓ વેડફી દે છે. જો તેઓ આવી વસ્તુની ખરીદી જથ્થામાં કરે તો કેટલોક ખર્ચ બચાવી શકે. જ્યારે કેટલીક વાર તેમની પાસે રોકડા પૈસા નથી હોતા ત્યારે અનાજના સાટામાં વસ્તુની ખરીદી કરે છે. આવા વખતે દુકાનદાર એ અનાજના પૈસા ઓછા આંકી માલના પૈસા પ્રમાણમાં વધુ પડાવી લે છે. આમ તેઓ બે રીતે આર્થિક પાયમાલી ભોગવે છે. પોતે પકવેલું અનાજ ઓછી કિંમત આપે છે. અને વધારે કિંમતે માલ ખરીદે છે. આ રીતે તેઓ લૂંટાય છે. ૧૯૬૯માં એ પણ જોવા મળ્યું કે કેટલાક વેપારીઓ એમના માલની ઓછી કિંમત અગાઉથી આંકી લે છે. પરિણામે બજારમાં પાકના ભાવ વધુ ઉપજે તો પણ વેપારીએ જે કિંમત આંકેલી હોય તે કિંમતે માલ વેપારીને આપી દેવો પડે છે.

ખેડૂતો નૈતિક ઋણ હેઠળ વેપારીને આપેલા વચનનો ભંગ કરતા નથી. આ સિવાય તેઓ લગ્ન જેવા સામાજિક અને બીજા ધાર્મિક પ્રસંગોપાત કરવામાં આવેલા ખર્ચાઓ માટે પણ વેપારી પાસેથી અવારનવાર પૈસા લેતા હોય છે. કન્યાવિક્રયની કિંમત ૧૯૬૯ માં ૨૦૦ થી ૩૦૦ હતી તે ૧૯૭૯ માં વધીને ૧૦૦૦ જેટલી થઇ છે. આ કન્યાવિક્રય ઉપરાંત છોકરાપક્ષે છોકરીને ઘરેણા આપવાના હોય છે. તેની કિંમત પણ દસ વર્ષમાં ઘણી વધવા પામી છે. એ લોકોની ખરાબ આર્થિક પરિસ્થિતિનું બીજું કારણ અધિકારીઓનું શોષણ છે. એનું એક ઉદાહરણ લઇએ. મીરાવાસમાં એક માણસ એક ભેંસ પોતાના ગામ લઇ જતો હતો. વચ્ચે તોરણીયા ગામ આવેલું હતું. ગામના કેટલાક લોકો ઉભા હતા. તેમને અંધારામાં એ ચોરીને લઇ જાય છે એવું ખ્યાલમાં ન આવ્યું એથી જવા દીધો. એ માણસ જ્યારે અંબાજી પોલીસ સ્ટેશન પાસેથી પસાર થતો હતો ત્યાં તેને પકડવામાં આવ્યો



એટલું જ નહિ પણ તોરણીયાના જે લોકોએ આને જોયો હતો તે લોકોને પણ આ ચોરીના બનાવમાં સાંકળી લેવામાં આવ્યા અને હેરાન કરવામાં આવ્યા. એમાંની કોઇ એક મહત્વની વ્યક્તિને અંબાજી પોલીસ સ્ટેશન પર લઇ જઇ ભેંસની કિંમતના પૈસા તોરણીયા ગામના લોકો પાસેથી ભેગા કરી ચૂકવવાનું કહેવામાં આવ્યું. આ રીતે ભેગા થયેલ પૈસા ભેંસના માલિકને આપવાના હતા. આ રીતે જે લોકો આમાં સામેલ ન હતા તેમની પાસે પૈસા પડાવી પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા પડયા. પાછળથી આ ચોરાયેલ ભેંસ તેના માલિકને સોંપવામાં આવી અને તોરણીયા ગામના લોકો જે આમાં સંડોવાયેલા હતા તે નિર્દોષ જાહેર થયા છતા તેમના પૈસા તેમને પાછા મળ્યા નહીં. એટલું જ નહિ પણ આ પૈસા ભેંસના માલિકને પણ પહોંચાડવામાં આવ્યા નહોતા અને પોલીસ અધિકારીઓએ પડાવી લીધા હતા.

આ બધા કારણોસર ખેતીની પેદાશ, સિંચાઇની સગવડ વગેરે સુધર્યું હોવા છતાં દસ વર્ષનો ગાળો પસાર થયો હોવા છતાં ય તોરણીયા ગામના લોકોને આર્થિક પરિસ્થિતિમાં ૧૯૭૯માં કંઇ સુધારો કે વિકાસ થયેલો જોવા મળતો નથી. જો કોઇ તેમની ૧૯૬૯ના પ્રમાણમાં ૧૯૭૯ના દેવાની પરિસ્થિતિ જોીના આંકડા તપાસે તો માલુમ પડશે કે તોરણીયા ગામમાં લોકોનું કુલ દેવું ૧૯૬૯માં ૧૧૮૬૦ હતું તે વધીને ૧૯૭૯માં ૩૭૦૫૦ થયું, જે ત્રણ ગણા કરતા વધુ છે. એમાં પણ જમીન વિહોણા અને સિમાંત ખેડૂતો (૦ થી ૨.૫ એકરવાળા) નું દેવું ઘણું વધ્યું છે.